A HAPPY NEW YEAR

THE ZOROASTRIAN CALENDAR

FOR THE YEAR OF YEZDIJIRD 1292

10th September 1922 to 9th September 1923



મુંબઇ વર્તમાન પ્રેસમાંથી મલશે.

યઝદેજરદી સને ૧૨૪૦ થી નીકલે છે.

ઝોરાસ્ટ્રીયન કેલેંડર

યાને

પારસી પંચાંગ.

યઝદેજરદી ૧૨૯૨ નાં વરસનું

તારીખ ૧૦ મી સપટેમ્બર ૧૯૨૨ થી તે
તારીખ ૯ મી સપટેમ્બર ૧૯૨૩ સુધીનું.

ચાલુ રેહેચ વરસપર વરસો સદા, ભલો તેજ જે કરે નેક કામો અદા.

કીંમત રૂ. ૧॥.

જાહેર ખબર.

લીલા મેવાથી ઝુમાઇ પડતાં ઝાડો

ખુશબોદાર ફુલોથી લચી પડતા દરખતો.

સોરાબજી ઇરાની ૩૭ વરસના અનુભવી ફ્લોરીસ્ટ.

રાજા રજવાડા, અમીર, ઉમરાવો તથા એકઝીબીશનોમાંથી સંખ્યાબંધ સરટીફીકેટો તથા માનચાંદ
પામેલા બાગબાન પાંચ વરસો સુધી નામદાર નીઝામના બગીચાઓમાં કામ કરયા પછી
એકવાર ફરી પોતાનાં અસલ મેહેરબાન ઘરાકો તથા જાહેર પ્રજાની સેવા
કરવામાં હાજર થાય છે.

ઈરાની અને અંગ્રેજી બાગબાનીની તારીફ લાયક હુન્નરમંદી માટે ફેબરવારી ૧૯૦૬ ના પ્રદર્શનમાં ચાર, તથા ૧૯૦૭ માં આઠ ઈનામો મલ્યાં છે અને તારીફ થઈ છે.

સુકાઈ ગયલા વેરાન, તથા તદન નવા બગીચાઓને તાઝાતર–લીલોતરીથી ભરપુર–અને ફુલ ફલોથી ખેંચાણકારક બનાવી આપવાનું માથે લઈએ છીએ.

કેટલાક મોટા હીંદી રાજવંશીઓનાં તથા સદગ્રહસ્થોનાં બગીચાઓ અમારી જાતી દેખરેખ હેઠળ તઈયાર થાય છે, જે માટેની ઉંચી સરટીફીકીટો મોજુદ છે. ફુલ ફળના ઝાડોને લગતી સમજણ હમેશાં ખરેખરી સેહેલાઈથી સમજ પડે તેમ જણાવવામાં આવશે.

જાત જાતની આંબાની કલમો, મોશંબી, સંતરા, પયેનસ, ચીકુ, લાચી, ગોલાબી અને સફેદ જાંબુર, સફરચંદ, નાસપતી, પીચ, શેતુર મીઠી, દાદમ, નારંગી, મોસુંબા, ખાટા લીંબુ, આરંજ ને મીઠી કમરખની કલમો, ગામથી મલબારી ને શીંગાપુરી નાળીએરી, (Lili put, સોપારી,) બદામ, આલુ, દરાખ, અખરોડ, જાયફળ, હીંગ, તજ, લવંગ, પેર, શીતાફળ ને રામ ને ગાયફળ, વગેરે સરવે જાતનાં ફળ, ઝાડો, રંગ રંગના સ્ટેનડરડ ગોલાબો, મેગનોલીઆ સફેદ ને પીલા, જાત મોગરા, ગારડેનીઆ સાએલી, ચંપેલી, જાઈજુઇ, ફીપરસ, ચાંપા ને સરવે જાતનાં ફુલ ઝાડો ને સરસ (rare) પામસ, દરેશીનાં કરોટનસ, મેડેનહેર, ને સોનેરી રૂપેરી ફરનસ, એ વગેરે બીજા તરેહવાર રોપાઓ ને જુદા જુદા રંગની દબલ શેવંતીઓ ને વેલાઓ તથા રસતા સાઈડના ઝાડો ઘણી કીફાયતે પુરા પાડીએ છીએ. બહારગામના આરડરપર તરત ધીઆન આપવામાં આવશે.

તાજા ફુલના તુરા–હાર–બાસકીટ–બટનસ, ફુલપાનનું દેકોરેશન વરદી પરમાણે મનપસંદ કારીગરીથી અંગ્રેજી ધરપર બનાવી આપવામાં આવશે.

યુરોપીયનો સારૂ લગન વગેરે શાવર વગેરે તુરાઓ ને બટનો અને મરણ સારૂ શુધ સફેદ રીથસ ને કરોસીસ પણ બનાવીએ છીએ.

તબ અને કુંડામાંના ઝાડો લગન મેળાવડા વગેરે વાંકના સારૂ ભાડે આપવામાં આવશે.

ફ્લેર રોડ ભાયખલાના બાગમાં હંમેશાં મનપશંદ ફુલ ને ફલના ઝાડના કુંડાનો જથો રહે છે.

સોરાબજી આ૦ મે૦ ઇરાની—ફ્લોરીસ્ટ,

ઠે૦ ફ્લેરરોડ, એડલજી ચેમબરસ,

રોજસ કં, સોડા ફેકટરી તથા કોનવેંટ સ્કુલ પાસે, ભાયખલા,

મુંબઇ.

તમે પોતેજ ડાકટર થાવો.

ઉડતા રોગના ફેલાવા વખતે ઘરના માણસોનો તેમજ પડોસીઓનો બચાવ કરો **તેથી કરી ડાકટરના પૈસા બચી જશે.**

ગરીબ અને લાચાર ભાઈબંધુઓના દુખ નીવારણ કરવાની આ સારી તક છે અને તે એક સારો ઉપાય છે તથા થોડા પૈસા ખરચવાથી મલી શકે છે.

ડા૦ બરમનની જાણીતી સ્પેશીફીકનો દાબડો ખરીદી વાપરીને ખાતરી કરો. આ દવાઓ ઘણી કીમતી છે અને ૩૮ વરસો થયાં ઘણા રોગો ઉપર એનો છુટથી ઉપયોગ કરવામાં આવ્યાથી ફાયદો માલમ પડયો છે.

વધુ માહીતી માટે કેટલોગ મંગાવો.

ડા૦ એસ. કે. બરમનની જાણીતી ૭ જાતની નીચલી દવાઓ શીશીઓમાં ભરેલી દાબડામાં મલી શકશે અને તે ઘણા કેસોમાં વાપરી શકશો.

(૧) **કેમફર**—આ દવા કોલેરા અને કોલેરીક ડાયરીયા ઉપર અકસીર ઈલાજ છે અને તે લીધાથી ઘણી જીંદગી બચી ગઇ છે.

(૨) **હાફ્ણનો અકસીર ઇલાજ**—હાફ્ણના પીડાતાઓ માટે આ દવા ઉતમ માલમ પડી છે અને લીધા પછી તરત આરામ થશે.

(૩) **કોલા ટોનીક**—જેઓ મગજ તેમજ શરીરનું કામ કરતાં હોય તેઓને આ પુસ્ટીક આપનાર ટોનીક છે અને પીવાથી પીક-મી-અપ-જેવો સ્વાદીસ્ટ લાગે છે.

(૪) **નરવ ટોનીક પીલ્સ**—કોઇભી જાતની નબલાઈ તેમજ અશકતી માટે આ જાણીતી દવા છે.

(૫) **જોલાબની ગોળીઓ**—આ ગોળીઓનો ઉપયોગ કરવાથી પેટ સાફ આવે છે.

(૬) **ગ્રીન એસેનસ આફ ફુદીના (મીંટ)** Green Essence of Pudina (mint)—હોજરીમાં બીગાડો, બદહજમી તેમજ બરાબર ભુખ નહી લાગતી હોય વગેરે સારૂ આ દવા લીધાથી તરત ફાયદો થાય છે.

ઉપલી સઘળી જાતની દવાના બાકસના રૂ. ૨, પોસ્ટેજ ૭ આના પડશે.

ડા. એસ. કે. બરમન—કલકતા.

DR. S. K. BURMAN,

5 Tara Chand Dutt Street, Calcutta.


Post Box No. 554. Tele. Address:—"Camphor." Phone No. 1862.

Sole AGENT—A. M. THAKKAR.

Fida Building, 122, Princess Street, BOMBAY.



"MALTINE" WITH COD LIVER OIL.



The healing and special dietetic values of cod liver oil are too well known to need recapitulation. Suffice it to say that it has a peculiar and effectual action on nutrition and is particularly valuable in consumption and other wasting conditions of the body.

There are, however, many objections to plain cod liver oil. It is very indigestible, and its characteristic odour and flavour render it unpalatable to a large number of people.

In **"Maltine"** however, these difficulties are overcome by a scientific and high grade combination of the oil with **"Maltine"**.

The objectionable taste is quite masked by the pleasant nutty flavour of **"Maltine"** and the oil is so broken up in the process of amalgamation that it at once becomes easily digestible, and readily assimilable, so that it is completely absorbed by the system.

This preparation gives all the advantages of malt with the additional benefits of the oil, and is of untold, utility in all cases of malnutrition and incipient rickets.

"The Oil is intimately blended with the Malt and fulfil all the conditions of perfect digestion. 'Maltine' is an excellent Medium for the Oil, besides aiding materially in its digestion. It has the additional merit of converting it into an elegant and palatable preparation."—*Medical Press and Circular.*

LADY ANNE MURRAY, Loch Carron, Ross-shire Writes; "I have found it so wonderfully effective amongst the poor up here, and have three or four bad cases who are simply kept alive on it.

Influence of Fat in Rickets. Rickets is a disease mainly produced by the deficiency of fat (with phosphates) in the diet.

Weakly, rickety children are cured by the use of foods suitable to the condition and **"Maltine"** with Cod Liver Oil is a thoroughly reliable preparation and its use will be attended with the happiest results.

"Maltine" and **"Maltines"** with **Cod Liver Oil** are prepared only by

THE MALTINE MANUFACTURING CO., LTD.

183 ACTON VALE, LONDON, W.

કોડલીવર ઓઇલ સાથનું મોલટાઇન.

કોડલીવર ઓઇલ ખોરાક તરીકે લીધાથી તેના ફાયદા અને ગુણો એટલા બધા જાણીતા છે કે તેનું વરણન કરવાની કાંઇ જરૂર નથી. એને માટે એટલુંજ કહેવું બસ થશે, કે તે નબળાં બાંધા ઉપર ચમતકારીક રીતે ગુણ કરી શરીરમાં લોહી તથા માંસ વધારે છે તેમજ શરીરની લકડી જતી હાલત અને ખહીના રોગ ઉપર વીશેસ કરીને ઘણુંજ કીમતી છે. સાદું કોડલીવર ઓઇલ એમનુંજ લેવાથી જલદીથી પાચન થઇ શકતું નથી તેમજ તેનો વાસ અને સવાદ ઘણા લોકોને નથી ખમાતું તેવા છે. મોલટાઇન સાથે કોડલીવર ઓઇલને રસાયણ શાસ્ત્રીની રીત પરમાણે ઘણી સરસ રીતે ભેલી દેવાથી ઉપર કહેલી ખામીઓ દુર થઇ શકે છે. મોલટાઇનમાં કોડલીવર ઓઇલ ભેલવાથી તેનો અણગમતો સ્વાદ બદલાઇ જઇ તે સ્વાદીસ્ટ બને છે તેમજ તે એટલું બધું મલી જાય છે કે તે લીધાથી તરતજ પાચન થઇ શકે છે. આ બનાવટથી [illegible] મોલટાઇનના ફાયદા મલે છે. તેમજ તેની સાથે વળી કોડલીવરના ફાયદા પણ માલમ પડે છે. જ્યારે બદહજમી અને શરૂઆતની વ્યાધિઓમાં ઘણુંજ ઉપયોગી છે.

"કોડલીવરને મોલટાઇન સાથે ઘણી સરસ રીતે ભેલી દીધેલું છે જેથી તે સંપુરણ રીતે પાચન થઇ શકે છે. વળી કોડલીવરને માટે મોલટાઇન એક સઉથી સરસ સાધન છે અને તે પાચન કરાવવામાં મદદ કરે છે તેમજ તેનામાં [illegible] ગુણ એ છે કે તે કોડલીવરને સ્વાદીસ્ટ બનાવે છે." મેડીકલ પરેસ અને સરક્યુલર.

"[illegible] લખે છે કે, "તે ગરીબ વરગમાં, ઘણું વીચીત્ર રીતે અસરકારક મને માલમ પડ્યું છે અને ત્રણ ચાર ખરાબ દરદીઓને તો તેના ઉપરજ પ્રાણ ટકાડવામાં આવ્યા છે."

રીકેટમાં ચીકાસની અસર—રીકેટ એક જાતનો વ્યાધી છે કે જે મુખ્યત્વ કરીને ખોરાકની અંદર ચીકાસના [illegible] ઉતપન થાય છે. નબળા અને ગેગરેટ છોકરાઓની તંદુરોસ્તીને અનુસરતો ખોરાક આપવાથી તેઓ તદન સારા થયા છે, અને કોડલીવર ઓઇલ સાથનું મેલવેલું મોલટાઇન આપવાથી તેનું પીરણામ ઘણુંજ સાર આવે છે.

મોલટાઇન અને કોડલીવર ઓઇલ સાથનું મોલટાઇન ફકત લંડનની

ધી મોલટાઇન મેન્યુફેક્ચરીંગ કુંપની લીમીટેડ બનાવે છે.

૧૮૩, એકટન વેલી,—લંડન, ડબલ્યુ.

HONGKONG & SHANGHAI BANKING CORPORATION.

હોંગકોંગ એન્ડ શેંગાહી બેંકીંગ કોરપોરેશન.

હોંગકોંગમાં સ્થાપેલી.

ભરાયલી થાપણ	....	ડાલર	૨૦,૦૦૦,૦૦૦
માલેકોની જોખમદારી....	....	,,	૨૦,૦૦૦,૦૦૦
સીલવર રીઝરવ ફંડ....	....	,,	૨૫,૫૦૦,૦૦૦
ગોલ્ડ રીઝરવ ફંડ	....	પાઉંડ	૪,૫૦૦,૦૦૦

ડાયરેકટરોની કોરટ અને હેડ ઓફીસ—હોંગકોંગ.

શાખાઓ અને આડતો.

એમોય	હેનકાઉ	લાયનસ	સાન ફ્રાનસીસ્કો
બેંગકોક	હારબીન	મલાકા	શાંગાઇ
બટેવયા	હોંગકોંગ	મનીલા	સીંગાપોર
મુંબઇ	હિકોંગ	નાગાસાકી	સુરબાયા
કલકતા	હેમબરગ	ન્યુ યોરક	ટીનટસીન
કંતાન	ઇપોહ	પેકીંગ	સીંગટાઉ
એકુ	જોહોર	પીનાંગ	વલાદી વોસતોક
કોલંબો	કોબે	રંગુન	યોકોહામા
ડેરીન	કુઆલા લમપુર	શેઇગાન	ઇલોઇલો
કુચાઉ	લંડન		

ચાલુ હીસાબપર દરરોજની બાકી દર વરસે જો રૂ. ૧૦૦૦ ની અંદર ન હોય અને રૂ. ૧,૦૦,૦૦૦ થી વધારે નહીં હોય તો સેંકડે બે ટકાનું વ્યાજ આપવામાં આવે છે, પણ દર છ માસે વ્યાજ રૂ. ૫) જેટલું નહીં હોય ત્યારે તે અપાતું નથી.

બાંધી ડીપાઝીટો—બાર માસ સુધીની જુદી જુદી મુદત માટે લેવાય છે જે વીષેની શરતો અરજ કીધાથી જણાવવામાં આવશે.

સધર જામીનગીરીપર નાણાં ધીરવામાં આવે છે અને બીલો ખરીદવામાં આવે છે તથા દરેક જાતનું સરાફી તેમજ વટાવને લગતું કામકાજ થાય છે.

યુરોપ, હીંદુસતાન, આસ્ટ્રેલીઆ, અમેરીકા, ચીન અને જાપાનના મુખ્ય વેપારનાં મથકો ઉપર તથા લંડનના દરાફતો આપવામાં આવે છે.

આર. આર. હાઇન્ડ,
એજંટ.
૪૦, ચરચગેટ સ્ટ્રીટ—મુંબઇ.

International Banking Corporation.

ઇનટરનૅશનલ બૅંકીંગ કૉરપોરેશન.

વડી ઑફીસ—નાં૦ ૬૦ વૉલ સ્ટ્રીટ, ન્યુયોરક.

ભરાયલી થાપણ અને રીઝર્વ ફંડ	સોનાના ડાલર ૧,૦૦,૦૦,૦૦૦ રૂ. ૩,૫૦,૦૦,૦૦૦
વગર વહેંચાયલો નફો	સોનાના ડાલર ૫૪,૦૦,૦૦૦ રૂ. ૧,૭૦,૦૦,૦૦૦

લંડન ઑફીસ—નાં૦ ૩૬, બીશપસગેટ (ઈ. સી.)

શાખાઓ.

બારાહોના	હેનકોઉ	પેકીન	સાનટો ડામીગો
બારસીલોના	હારબીન	પોઆરતો પ્લેતા	શંહેગાઈ
બટાવીયા	હોંગકોંગ	રંગુન	સીંગાપોર
બોમ્બે	કોબી	સાંનસીઝ	સુરાબીઆ
કલકતા	લાયનસ	સેન ફ્રાનસીસ્કો	તીપેનસીન
કેનટોન	મેડરીડ	સેન પેડરોડી મેકોરીસ	યોકોહામા
સીબુ	મનીલા	સેન શીયાગો	
કોલોન	પનામા		

આ બેંક ન્યુયોરકની નેશનલ સીટી બેંક સાથ નીકટ સંબંધ ધરાવતી હોવાથી તે ઈનસ્ટીટયુશનની કયુબા અને દક્ષીણ આફ્રીકામાં આવેલી નીચલી જુદી જુદી શાખાઓની ખાસ સરવીસ આપવાને શકનીવાન છેઃ—

શાખાઓ.

બાહીયા, બ્યુનો આયરસ, કેરોકાસ, જીનોવા, હવાના, મોંટીવીડીઓ રાયોડી જેનીરો સાન સીયાગો, ડી. કયુબા, સાનતોસ, સાનતોસ સાઓ પોલો, વાલપેરેઝો, એંટવરપ, બ્રસેલસ, જીનોવા, કેપ-ટાઉન, કયુબા.

આ કોરપોરેશન યુરોપ, અમેરીકા, ઓસ્ટ્રેલીઆ, ચીન મુખ્ય અને જાપાનના શેહેરોમાં ડરાફટો તેમજ તારની હુંડીઓ વેચે છે તથા બીલ્સ ઓફ એક્ષચેંજ ખરીદે છે. લેટરસ ઓફ ક્રેડીટ ઈસ્યુ કરે છે અને બેંકીંગનું તેમજ હુંડીયામણને લગતું દરેક પ્રકારનું કામકાજ બજાવે છે.

ચાલુ ડીપાઝીટનાં ખાતાંઓ ખોલવામાં આવે છે અને તેની ઉપર વ્યાજ દર વરસે દર સેંકડે બે ટકા લેખેનું દરરોજની રોકડ બાકી ઉપર રૂ. ૧૦૦૦ થી રૂ. ૧૦૦૦૦૦ સુધીની રકમ સુધીને માટે આપવામાં આવે છે.

ફીક્ષડ ડીપોઝીટ—૧૨ મહીનાની બાંધી મુદતની ડીપાઝીટ અને ટુંકી મુદતની ડીપાઝીટ લેવામાં આવે છે, જે માટેનું વ્યાજ જાતે મળવાથી અથવા અરજ કરવાથી જાણી શકાશે.

મુસાફરોને ચેકો પુરા પાડવામાં આવે છે.

અમેરીકા સાથ ધંધો ચલાવવાની ખાસ સગવડો છે.

મુંબઈની ઑફીસ,
૪૨-૪૩, ચર્ચગેટ સ્ટ્રીટ.

H. A. W. Brent,
Manager.

THE BANK OF TAIWAN, LD.

ધી બેંક ઓફ ટાઇવાન, લીમીટેડ.

બાદસાહી જાપાનીસ સરકારના ખાસ ફરમાનથી સ્થાપન થયલી ૧૮૯૯.

દરેક જાતનું બેંકીંગ અને એક્ષચેંજનું કામકાજ કરવામાં આવે છે.

ભરાયલી થાપણ	યન	૬૦,૦૦૦,૦૦૦
પગાર થયલી	યન	૫૨,૫૦૦,૦૦૦
રીઝરવ ફંડ અને સરપલસ	યન	૧૩,૨૬૦,૦૦૦

વડી ઓફીસ:—

ટાઇપેહ, ટાઇવાન.

શાખાઓ

જાપાન ટોકીઓ, યાકોહામા, ઓસાકા, કોબી, મોજી વગેરે.
તાઇવાન કીલુંગ, ટાઇચુ, ટેઈનાન, ટકાવ વગેરે.
ચાયના શેંગાહી, હેનકાવ, કેનટન, એમોય, કુચાવ, કીયુકીયાંવ સ્વેટાવ.
જાવા બતેવીઆ, સેમારંગ સોરાબઈઆ.
બીજાં લંડન, ન્યુ યોરક, હોંગકોંગ, સીંગાપોર, મુંબઇ, બેંગકોક.

કોરેસપોનડન્ટસ.

આખી દુનીયામાં વેપારી મુખ્ય મથકો ઉપર ચલાવવામાં આવે છે.

લંડનનાં બેંકરો.

લંડન કાઉનતી વેસ્તમીનીસતર એંડ પારસ બેંક લીમીટેડ,
લોઇડસ બેંક લીમીટેડ, બારકલેસ બેંક લીમીટેડ.

KENJI OKU,
મેનેજર.

મુંબઇની હાફીશ.

સ્ટેનડરડ બીલડીંગ, હોરનબી રોડ—કોટ.
ટેલીગ્રાફીક એડ્રેસ—"Taiwangink."
પોસ્ટ હાફીસ બોકસ—નં. ૪૭૭
તેલીફોન નં.—૪૬૯
તેલીફોન નં.—૪૨૦૪ (મેનેજરના ઓરડામાં)
કલકત્તામાં રેપ્રીઝેનતેતીવ—૨૯, સ્ટ્રેનડ રોડ—કલકત્તા

ALLAHABAD BANK LIMITED.

અલાહબાદ બેંક લીમીટેડ.

સ્થાપન સને ૧૮૬૫.

સત્તાધારી થાપણ	રૂા.	૪૦,૦૦,૦૦૦
થાપણ (શેરો ભરાયલી અને પુરે પુરી ભરાયલી)	રૂા.	૩૫,૫૦,૦૦૦
રીઝરવ ફંડ સરકારી કાગળીયામાં રોકેલી	રૂા.	૩૫,૫૦,૦૦૦
ડીવીડંડની વહેંચણી ખરાબ અને શકમંદ લેણા માટે સંગ્રહ અને મીલકતો વીગેરેની કીમતમાં થતા ફેરફારને માટે રાખેલું કનટીજનસી ફંડ ...	રૂા.	૬,૦૦,૦૦૦

વડી ઓફીસ—અલાહબાદ.

શાખાઓ.

મુંબઈ, કલકતા, કાનપોર, દીહલી, દેહરાદુન, લખનો, બરેલી, ઝાંસી, જબલપોર, નાઇનીતાલ, રંગુન, મીરત, મસુરી, નાગપોર, ગોરખપુર, બાંકીપોર, (પટના) લાહોર.

સબ—એજનશીઓ.

અલાહબાદ સીટી ઓફીસ, અમરીતસર, અમીનાબાદ, પારક, (લખનો), બનારસ, કાનપોર સીટી ઓફીસ, ચાંદોસી, હાથરસ, લખનો સીટી ઓફીસ, લયલાપુર, મોરાદાબાદ, મથુરા રાયબરેલી સીતાપુર, અને ફઇઝાબાદ.

આડત્યાઓ.

હીંદુસ્તાનમાં સઘળા મુખ્ય શહેરોમાં.

લંડનના બેંકરો.

ધી નેશનલ પ્રોવીનશીયલ એંડ યુનીયન બેંક ઓફ ઇંગલંડ લીમીટેડ.

ધી પી૦ એન્ડ ઓ૦ બેંકીંગ કોરપોરેશન લીમીટેડ.

ચાલુ ખાતાંઓ—રૂપ્યા પાંચસોથી એક લાખ સુધીના બેલેનસ ઉપર સેંકડે બે ટકા વ્યાજ આપવામાં આવશે, જો અરધાં વરસનું વ્યાજ રૂ. ૫ થશે તોજ આપવામાં આવશે.

બાંધી મુદતની ડીપાઝીટો—લાંબી અથવા ટુંકી મુદતો માટે આપવામાં આવે છે જેની શરતો અરજ કીધાથી જણાવવામાં આવશે.

સેવીંગ બેંક ડીપાઝીટ—નાની રકમો લેવામાં આવે છે, કાનુનોની નકલ અરજ કરવાથી મળી શકશે.

સરકારી કાગળીયા અને બીજી જામીનગીરીઓ ખરીદવા તથા વેચવામાં આવે છે, અને તે બેંકમાં રાખી તેનું વીયાજ તથા વહેંચણીઓ વસુલ કરવામાં આવે છે.

લોન અને કેશ કરેડીટ આપવામાં આવે છે. કોઇબી સરકારની કરનસી નોટો, ચેકો અને હુંડીઓ બાંધી મુદતના ખાતામાં કાંઇબી લવાજમ વગર લઇ જઇ શકાય છે.

દરેક જાતનું બેંકને લગતું સઘળું કામકાજ કરવામાં આવે છે. કાયદા કાનુનોની નકલ ફી આફીસમાંથી અને કોઇબી શાખા અથવા સબ એજનસીઓમાંથી મળી શકશે.

મુંબઇની શાખા,
અલાહબાદ બેંક બીલડીંગ,
એપોલો સ્ટ્રીટ, કોટ, મુંબઈ.

ટી. એલ. ફોરમેન,
એજન્ટ.

સાંકલયું.

ગયા વરસનો ઇનતેખાબ

યાને

યઝદેજરદી સને ૧૨૯૧ ના સાલમાં બનેલા જરથોસ્તીઓને લગતા જાણવાજોગ બનાવો.

સખાવત.

આ વરસે સામાન્ય સખાવતનો આંકડો લગભગ સાડી બત્રીસ લાખનો, ઉઠમણાની છપાયલી રકમ પાંચ લાખ ઓગણ સાહઠ હજારની, ધરમનાં મકાનો માટે અપાયલી રકમના સુમારે ગણતાં લગભગ સાત લાખ રૂપીઆ મલી આ વરસની કુલે સખાવત પીસતાલીસ લાખ રૂપીઆના થવા ગઇ છે.

ઉપર જણાવેલી રકમ આ વરસની છપાયલી સખાવતની છે પણ તેમાં એક સખાવત થવામાંથી તથા ઉઠમણામાં જણાવેલી રકમોમાંથી બીજા ફંડોનાં અપાયલી, ધરમના મકાનોવાલી રકમ જે આગલાં વરસોમાં સખાવતોમાં ગણાઇ ચુકેલી, વીગેરેની રકમ સુમારે દશ લાખની બાદ થવા જેવી છે, તે બાદ કરીએ તો રૂપીઆ પાંતરીસ લાખ જેટલો આંકડો આ વરસની સખાવતનો થવા જાય છે, તેમાં શેઠ મેરવાનજી કામાજીની પચીસ લાખ રૂપ્યાની સખાવત ઉમેરતાં કુલ સખાવત સાહઠ લાખ રૂપ્યાની થશે. એ ઉપરાંત આ વરસે સર ધનજીભાઇ બમનજીનો વીચાર એક કરોડ રૂપ્યો સખાવતમાં આપવાનો છે એમ જાહેર કરવામાં આવ્યું હતું અને બાઇ જરબાઇ વાહાડયાએ પંદર લાખ રૂપ્યાને ખરચે ચેહેલીઓ બંધાવી આપવા જણાવ્યું છે.

અતરેના જાણીતા શેહેરી અને સખાવતી શેઠયા શેઠ મેરવાનજી મનચેરજી કામાએ પોતાના મરહુમ બાવાજી શેઠ મનચેરજી ફરામજી કામાને નામે અથોરનાન ઇનસ્ટીટયુટ સ્થાપી છે તે માટે ત્રસ્ટ કરી પચીસ લાખ રૂપ્યાની બાદશાહી રકમ સખાવતમાં આપી છે. એની લંબાન વીગત આ કેલેન્ડરમાં એવણ શેઠના જનમ ચરીત્રમાં જોવામાં આવશે. એવો શેઠ દર વરસે ધરમખાતાઓ ફંડો વગેરેમાં નાણાની મોટી રકમ હમેશા આપે છે.

સખી વજુદ બાઇ જરબાઇ નવરોજજી વહાડીયાએ ભાયખલા તરફની ડા૦ માસીનાવાળી હાસ્પીટલને લગતી ૧૪૦૦૦ વાર જેટલી જમીનનો વીસ્તાર દર ચોરસ વાર દીઠ ૩૫ લેખે ખરીદયો છે અને આ કુશાદે જગયા ઉપર એવણ તરફથી લગભગ રૂપ્યા દશ લાખના ખરચે હદસરની ગુન્જાસ ધરાવતા ગરીબ વરગના જરથોસ્તીઓના વસવાટ માટે ચાલીઓ બાંધવામાં આવનાર છે. જમીનની કીંમતના લગભગ રૂપ્યા પાંચ લાખ અને ચાલીઓના બાંધકામ પાછળના રૂપ્યા દશ લાખ મલી કુલ્લે રૂપ્યા પંદર લાખની બાદશાહી રકમની આ એક વધુ સખાવત કરી છે. પારસીઓના વસવાટ માટે પરેલ, હ્યુઝ રોડ તેમજ બીજા ભાગોમાં ચાલીઓ બંધાવવા પાછલ એવણે અતયાર સુધીમાં રૂપ્યા સાહઠ થી સીત્તેર લાખ કહાડી આપયા છે. બાઇ જરબાઇએ પંચગનીના ખહીના સેનેટરીયમના નીભાવ માટે ૨૫૦૦૦ આપ્યા છે.

અતરેના જાણીતા સખી શેઠયા શેઠ જાંહગીર બમનજી પીટીટ આ વરસે સખાવતમા ૨૨૨૫૫૦૦ની નાદરુ રકમ આપી છે તેની વીગતઃ—મુંબાઇની ધી ફીમેલ

ફ્લેચર સ્કુલ તેના આગલા ટ્રસ્ટીઓ પાસેથી ખરીદી લઇ સુધારેલી ઢબ ઉપર એક છોકરીઓની સ્કુલ તરીકે ચલાવવા માટે આપયા તેના રૂ૧૫૦૦૦૦, ધી બોમ્બે સીમ્ફની ઓરકેસ્ત્રાના ફંડમાં રૂ૨૫૦૦૦, મુંબઇના પારસી સુવાવડખાનાના ફંડમાં રૂ૫૦૦૦, પંચગનીની બેલ એર સેનીટોરીયમના નીભાવ ફંડમાં રૂ૧૦૫૦, મુંબાઇમાં થયેલા હુલ્લડ વખતે પારસી પંચાયત હસતક ખોલવામાં આવેલા જરથોસતીઓને મદદ કરવાના ફંડમાં રૂ૧૦૦૦, વડોદરાની ગુજરાત કેળવણી મંડલના નીભાવ ફંડમાં રૂ૧૦૦૦, નામદાર પ્રીન્સ ઓફ વેલ્સને મુંબઈ તરફથી આવકાર આપવાના ફંડમાં રૂ૧૦૦૦, રાજદવારી બાબતોનું દેશમાં જ્ઞાન ફેલાવવાના જુદાં જુદાં ફંડોમાં રૂ૫૦૦, દાદરની જેનરલ એજ્યુકેશન સોસાયટીના ફંડમાં રૂ૫૦૦, ધી રેડક્રોસ વીકના જુદાં જુદાં ફંડોમાં રૂ૫૦૦, રોયલ એસીયાટીક સોસાયટીની મુંબઇની શાખાના ફંડમાં રૂ૫૦૦, વિશ્વભારતી પરિષદના ફંડમાં રૂ૫૦૦, ખુલનાના દુકાળ ફંડમાં (બીજી વારના) રૂ૫૦૦, મલબાર રીલીફ ફંડમાં રૂ૩૦૦, મુકિતફોજના જેનરલ ફંડમાં (બીજી વારના) રૂ૩૦૦, બોમ્બે પ્રેસીડંસી એસોસીએશનમાં સુધારા કરવા તથા સામગ્રીઓ મુકવાના ફંડમાં રૂ૨૫૦, કલકત્તાની "વીકટોરીયા ઇન્સ્ટીટયુશન" નામની સ્કુલના ફંડમાં રૂ૨૦૦, ગુજરાત સાહિત્ય પરિષદ ભંડોળ કમીટીના ફંડમાં રૂ૨૦૦, લાહોરની વીધવા સભાના ફંડમાં રૂ૨૦૦, પુનાની સર દીનશા માણેકજી પીટીટ સ્કુલના બીલ્ડીંગ ફંડમાં રૂ૨૦૦, પારસી કોમ તરફથી નામદાર પ્રીન્સ ઓફ વેલ્સને માનપત્ર આપવાના ફંડમાં રૂ૧૫૦, ઓલપાડ તાલુકાની અગીયારીના નીભાવ ફંડમાં રૂ૧૦૦, ઓરીસાની સત્યાબાદી સ્કુલના ફંડમાં રૂ૧૦૦, રાજકોટની અગીયારીના નીભાવ ફંડમાં રૂ૧૦૦, અહમદનગરની મીસનરી હોસ્પીટલમાં સુધારા કરવાના ફંડમાં રૂ૧૦૦, પુના ગાયન સમાજના બીલ્ડીંગ ફંડમાં રૂ૧૦૦, પારસી લેખક મંડલના ફંડમાં રૂ૧૦૦, બોમ્બે ટેકસ્ટાઇલ એન્ડ એનજીનીયરીંગ એસોસીએશનના ફંડમાં રૂ૧૦૦, ગોખલે એજ્યુકેશન સોસાયટીના બીલ્ડીંગ ફંડમાં રૂ૧૦૦, જેલમાંથી છુટેલા કેદીઓને મદદ કરવાના ફંડમાં રૂ૧૦૦, બીજાપુરના આંધળાઓને મદદ કરવાના મંડળના ફંડમાં રૂ૫૦, સેન્ટ ઝેવીયરસ કોલેજના પારસી છોકરાઓના સોસીયલ ગેધરીંગના ફંડમાં રૂ૫૦, વડોદરા રાજયના લાવન નામના ગામડાના "નાગર યુવક મંડલ"ના ફંડમાં રૂ૫૦, મુંબઇના આરટ એકઝીબીશનના વરસ ૧૯૨૨ ના ફંડમાં રૂ૫૦, બહેરામજી જીજીભાઇ કોલેજ યુનીયનના ફંડમાં રૂ૫૦, પંજાબની દેવસમાજના ફંડમાં રૂ૫૦, ગરીબાઈ, બીમારી, નવજોત, લગન, મરણ વગેરે માટે મદદ તરીકે આપેલા રૂ૧૦૯૫૦, કેલવણી, હુન્નર, ઉદયોગ, વેપાર, વગેરે માટે મદદ તરીકે આપેલા રૂ૧૧૫૫૦ અને પરચુટણ ફંડોમાં રૂ૧૨૯૫૦.

લેડી રતન જમશેદજી તાતાએ એક લાખ રૂપ્યાની નાદર રકમ નાગપોરની જમશેદજી તાતા ગરલસ હાઇ સ્કુલ માટે બીલડીંગ બાંધવામાં આવનાર છે તેના ફંડમા આપી છે અને આ ફંડમાં લગભગ ત્રણ લાખ રૂપ્યા ભરાયા છે. એવણે ઝાનસી જરથોસ્તી બાળકોની સ્કુલના બીલડીંગ ફંડમાં રૂ૭૫૦ આપ્યા છે.

હીંદના જાણીતા પરમારથી શેહેરી મરહુમ સર રતન જમશેદજી તાતાના તા૦ ૪ ઠી સપટેમબરે પડેલા મરણના ચોઠા વારસીક દીવસે જાહેર કરવામાં આવ્યું હતું કે સર રતન તાતા ચેરીટીઝ ફંડમાંથી એ ફંડના ટ્રસ્તીઓએ આખેર થતાં વરસ માટે, એટલે તા૦ ૫ મી સપટેમબર ૧૯૨૧ થી તા૦ ૪ થી સપટેમબર ૧૯૨૨ સુધી નીચલાં જુદાં જુદાં સખાવતી ખાતાંઓ માટે રૂ૩૩૦૩૪૭ આપ્યા છે તેની વીગતઃ—નાગપોરની ધી જે. એન. તાતા પારસી ગરલસ હાઇ સ્કુલનાં એનડાઉમેંટ ફંડ માટે રૂ૧૦૦૦૦૦, પંચગનીનાં ખઈનાં દરદીઓ માટેનાં બેલ–એર સેનેટોરીઅમ અને પંચગની સેનેટોરીઅમના સંબંધમાં સથાપવામાં આવનારાં વાઇ ખાતેનાં ઇનડસ્ટ્રીયલ હોમ એંડ કોલોનીનાં સેંટ્રલ મેન બીલડીંગનાં મકાન માટે રૂ૩૦૦૦૦,

(આ સેનેટરીયમને લગતું ઇંડસ્ત્રીયલ હોમ અને એનેક્ષી જે પંચગનીથી આઠ માઇલ દુર વાઇ ગામમાં સ્થાપવામાં આવનાર છે ત્યાનો મુખ્ય બ્લોક ઉપલી રકમમાંથી બાંધી તેને મરહુમ સર રતન તાતાનું નામ આપવામાં આવશે. ખડીના દરદમાંથી સાજા થવા પછી પાછા શહેરોમાં જઈ વસ્વાત કરવાથી ઘણાકો ટુંક વખતમાં ફરી તબીયતથી લથડી જાય છે તેથી એ ખડીના સેનેટરીયમ સાથે ઇંડસ્ત્રીયલ હોમ નીભાવવાની યોજના સેનેટરીયમના લગતા વલ્લભતાઓ તરફથી રચવામાં આવી છે જેથી એવા દરદીઓને ગુજરાનનું સાધન પુરૂ પાડી શકાશે.) સર કાવશજી જા. નવસારી મદરેસાના સંપુરણ સામગ્રી ધરાવનારી સાયનટીરીક લેબોરેટરી સાથનાં ખાસ મકાન માટે રૂ૨૫૦૦૦,લંડન સકુલ ઓફ ઇકોનોમીકસમાંનાં ધી રતન તાતા ફાઉનડેશન એંડ ધી ડીપાર-મેંટ ઓફ સોશીયલ સાયંસને નાચારી અને નીરધનતાના સબબોના સંબંધમાં શોધખોળ ચલાવવા માટે (૧૯૨૨–૨૩ ની સેશનસથી પાંચ વરસ માટે વારસીક ૧૪૦૦ પાઉંડ) રૂ૨૧૦૦૦, અહમદ-નગર ખાતેનાં લાચાર છોકરાંઓ માટેનાં ધી રતન તાતા ઇનસતીનયુશનને નવેમબર ૧૯૨૧ થી મે ૧૯૨૨ સુધી માસીક રૂ૧૫૦૦ લેખે રૂ૧૦૫૦૦ અને જુનથી સપટેમબર ૧૯૨૨ સુધી માસીક રૂ૨૫૦૦ લેખે રૂ૧૦૦૦૦ મલી રૂ૨૦૫૦૦, યઝદ (ઇરાન)માં સંપુરણ સામગ્રીવાળો મેડીકલ અને સરજીકલ હોલ સથાપવા માટે રૂ૨૦૦૦૦, યઝદના મેડીકલ એન્ડ સરજીકલ હોલના ડાકટરના પગાર અને બીજા ખરચો માટે (૩ વરસ માટે વારસીક ડોનેશન આપવાની કબુલાત આપવામાં આવી છે) ૧૫૦૦૦, નાશકમાંનાં સ્ત્રી છોકરાંઓ માટેના પેચી ફીપસન સેનેટોરીઅમને, પારસી કોમનાં ઉપયોગને માટેનાં ખાસ કોટેજ માટે, (જે આ વરસની આખેરી આગમચ તઇયાર થવાની વકી છે) રૂ૧૬૦૦૦, ધી પ્રીનસ ઓફ વેલ્સ મયુઝીયમ ઓફ વેસ્તરન ઇંડીયાને (ખાસ ડોનેશન) રૂ૧૫૦૦૦, મુંબઇની કીંગ જયોરજ ધી ફીફથ એંટી–તયુબરકયુલોસીસ લીગને (૧૯૨૦ અને ૧૯૨૧ માટે) રૂ૧૦૦૦૦, લાચાર ભીખારીઓનાં સંકટ નીવારણ ફંડમા બાર મહીનાનાં માસીક રૂ૫૦૦ લેખે રૂ૬૦૦૦, બીજાપુરની શાખાની બ્લાઇંડ રીલીફ એસોસીએશનને, આંધળા-ઓનાં સંકટ નીવારણ માટે ગામડાંઓમાં વાપરવા માટેની સંપુરણ સામગ્રીવાળી મોટર એમબયુ-લંસ માટે રૂ૬૦૦૦, ખંદાલાનાં જંગલી જાતોના લાભને માટેનાં એબોરીજીનલ ઈંડસ્ત્રીયલ ઇનસતીટયુટને રૂ૫૦૦૦, પારસી પંચાયતના ત્રસતીઓ હસતકના નવેમબર ૧૯૨૧ નાં હુલ્લડ દરમીયાન પારસી સંકટ નીવારણ માટે ખોલેલા ફંડમાં રૂ૫૦૦૦, મલબાર સંકટ નીવારણ ફંડમાં રૂ૫૦૦૦, મુકતીફોજનાં આખા હીંદ માટેનાં સામાનય ફંડમાં રૂ૫૦૦૦, ધી પુણા મેડીકલ સોસાયટીને લાઇબરેરી સથાપવા માટે રૂ૫૦૦૦, બનારસ હીંદુ યુનીવરસીટીને (સર રતન તાતાનાં નામની ચેરનાં એનડાઉમેંટ માટે ૫ વરસ માટે વારસીક રૂ૫૦૦૦ આપવા કબુલેલા રૂ૫૦૦૦, ગોખલે એજયુકેશન સોસાયટીને સ્કુલ બીલડીંગ ફંડ માટે રૂ૨૫૦૦, સ્ત્રી છોકરાંઓ માટેની અહમદનગર હાસપોટલને વીજળીક સાંચાકામ વગેરેની ખરીદી માટે રૂ૨૦૦૦, મુંબઇના સ્ત્રી જરથોશતી મંડળને રૂ૨૦૦૦, પુણાના સેવા સદનને ૨૦૦૦, કેમબ્રીજ યુનીવરસીટીના પ્રોફેસર બ્રાઉન મારફતે પઇકુલી લેખને લગતાં પ્રોફેસર હરઝફેલ્ડનાં કામ માટેનાં ખરચ માટે (૧૦૦ પાઉંડ) રૂ૧૫૮૩, પંચગની ધી બેલ–એર સેનેટોરીઅમ જેનરલ ફંડમાં રૂ૧૨૦૦, નીઝામ રાજયના નાલગોંદા જીલ્લાની આર. સી. બીમારામ ડીસપેનસરી માટે રૂ૧૦૫૦, મુંબઇના ઇરાનીયન એસોસીએશનને રૂ૧૦૦૦, મુંબઇના સેવાસદનને રૂ૧૦૦૦, પારસી પાયોનીઅર બટાલીયનને રૂ૧૦૦૦, મુંબઇની સોશીયલ સરવીસ લીગને રૂ૧૦૦૦, બી. એમ. મલબારીઝ કનઝમપટીવસ હોમને (ધરમપોર, સીમલા હીલ્સ) રૂ૧૦૦૦, વીદયારથીઓને સકાલરશીપો રૂ૫૭૧૪ અને રૂ૫૦૦ તથા તેની અંદરની રકમોનાં આપેલાં ડોનેશનો રૂ૨૪૦૦.

આપણી કોમના સખાવતી શેઠીઆ સર હોરમજી કાવસજી દીનશાહ એડનવાલા એમ બી. ઓ, એ. બી. ઇ. તરફથી આ વરસે જુદા જુદા ધરમખાતાઓ, ફંડો વગેરેમાં નાણાની સારી મદદ આપવામાં આવી છે, એવો સાહેબ તેમજ એવણની કાવસજી દીનશાહ અને ભાઇઓની જાણીતી પેઢી તરફથી રાએતા મુજબ લગભગ ચાલીસથી પચાસ હજાર રૂપયાની નાદર રકમ આખા વરસમાં સખાવતમાં આપવામાં આવે છે સર હોરમજીએ કરેલી સખાવતમાની નીચલી મુખ્ય છે:— ચંદા રામજી ગરલસ હાઇ સ્કુલને રૂ૨૫૦૦, પારસી કોઓપરેટીવ હાઉસીંગ સોસાયટીને ડોનેશન તરીકે રૂ૨૦૦૦, ઝોરાસ્ત્રીયન ફીઝીકલ કલચર એન્ડ હેલથ લીગને રૂ૧૦૦૦ અને પારસી પંચાયત હસ્તકના પારસીઓ માટેના હુલડ ફંડમાં રૂ૧૦૦૦.

અતરેના જાણીતા સખી શેઠીઆ અને વેપારી સર ધનજીભાઇ બમનજીએ આ વરસે ધરમ ખાતાઓ, ફંડો વગેરેમાં સારી રકમ આપી હતી. એવણનો વીચાર જો બની શકે તો એક કરોડ રૂપયાની બાદશાહી રકમ સખાવતમાં આપી, તેમાંથી મોટા પાયા ઉપર પારસીઓ માટે બોરડીંગ સ્કુલ સ્થાપવાનો છે. આ સખાવત કેવી રીતે અમલમાં મુકવી તે હજી નકકી થયું નથી. એવણે કરેલી સખાવતોમાં નીચલી મુખય છે:—પુણાની સરદાર દસ્તુર હોશંગ બોયઝ તથા ગરલસ સ્કુલોમાં રૂ૮૫૦૦૦, તથા પીટીટ પુણા જીમખાનાને રૂ૧૦૦૦૦, મુબઇની પારસી પંચાયત હસ્તકના હુલડ ફંડમાં રૂ૫૦૦૦૦, અને લેડી ફ્રેની ધનજીભાઇએ રૂ૨૦૦૦, વીંડસરની બ્રીટીશ લીજન કલબને ૧૦૦૦૦ પાઉંડ, તથા કીંગ એડવરડ હાસપીટલને ૫૦૦૦ પાઉંડ આપ્યા છે. એ ઉપરાંત નામદાર પ્રીનસ ઓફ વેલસને મુંબઇમાં આવકાર આપવાના ફંડમાં રૂ૩૫૦૦૦ આપયા હતા અને એ નામદારને હીંદ લાવેલી મનવારના આફીસરો તથા સોલજરોને હીંદમાં ફરવા મે કલાવ્યા હતા તે માટે લગભગ એક લાખ રૂપયાનો ખરચ કીધો હતો. એવણે માહાબલેસ્વરની ઇંગ્રેજી કલબનાં મકાનમાં લગભગ લાખ રૂપયાને ખરચે માલ વધારી સુધારો વધારો કરી આપવા જણાવ્યું છે.

કરાંચીના જાણીતા સખી વજુદ શેઠીઆ સર જાહાંગીર હોરમજી કોઠારીએ આ વરસે જુદા જુદા ધરમખાતાઓ, ફંડો વગેરેમા નાણાની સારી મદદ કરી હતી. એવો શેઠ તરફથી ગરીબ પારસી ત્રીશ કુટંબો રહી શકે એવું એક કુસાદે મકાન કરાંચીની પારસી પંચાયતની વાડીની બાજુમાં લગભગ દોઢ લાખની કીમતનું ભેટ મલનાર છે તેમજ એવણના માતાજીના નામથી સુખશાંતી મુજબ એક સેનેટરીયમ બાર કુટંબ રહે તેવું બંધાવી આપવામાં આવશે. નામદાર પ્રીન્સની યાદગારીમાં કરાંચીના જુદા જુદા કામો માટે એક લાખ રૂપયા કરતા વધુ રકમ એવણે આપી છે. એવણ શેઠે કરાંચી ખાતે વીકટોરીયા રોડ ઉપર રાજકોટવાળા ખાનદાનના જાહાંગીર બાગમાં રૂ૫૦૦૦૦ ને ખરચે બંધાવી આપેલો "સર જાહાંગીર એચ. કોઠારી વેડીંગ હોલ" રોજ ૧ લો માહ ૧ લો ય. સને ૧૨૯૧, તા૦ ૧૦ મી સપટેમબર ૧૯૨૧ ને દીને સીંધના કમીશનર મી૦ રીયુના હાથે ખોલ્લો મુકવામાં આવ્યો હતો. આ હોલ લગનની કીયા વગેરે માટે તેમજ ગરલસ ગાઇડ તથા બોયઝ સકાઉટના ઉપયોગ માટે વાપરવામાં આવશે. સર જાહાંગીરજીને મલેલા નાઇટ હુડના ખેતાબ માટે એવણના તથા લેડી જાહાંગીરના માનમાં ખોરદાદશાલ ને તા૦ ૧૫ મી સપટેમબરે રાતે એક મેલાવડો ઝોરાસ્ત્રીયન કલબના મેંબરોએ ખા૦ બા૦ કાવશજી હો. કાતરકના પ્રમુખપણા હેઠળ કરી ખાણુ આપ્યું હતું. ખા૦ બા૦ કાવશજીએ એવો બંનેની સલામતી લેતા સર જાહાંગીરજી અને એવણના ધણીયાણીના ભલા ગુણો તથા ઉમરાવ ખવાસની વખાણ કરી સુખ અને લાંબી જીંદગી ઇચ્છી હતી. કરાંચી સમસત પારસી અંજુમન તરફથી એવણને માન પત્રો આપવાનો એક મેલાવડો તા૦ ૮ મી અકટોબર ૧૯૨૧ ને સનવારે પારસી જીમખાનામાં સીંધના કમીશનર મી૦ રીયુના પ્રમુખપણા હેઠળ થયો હતો. ખા૦ બા૦ કાવશજી કાતરકે અંગ્રેજી તેમજ ગુજરાતીમાં માનપત્રો વાંચી સભળાવ્યાં હતાં, એમા એવો સાહેબે કરેલી નાદર સખાવતોની, સરકારને મદદ કરવા રૂપયા પચીસ લાખની ખરીદેલી હીંદી વોર લોનની તથા ધારા સભાના અને પોરટ ટ્રસ્ટ વગેરે મંડલીઓના સભાસદ તરીકે બજાવેલી જાહેર સેવાઓની લંબાનથી સ્તુતી કરી એવણને મલેલા નાઇટ હુડના ખેતાબ માટે મુબારકબાદી આપી હતી. મી૦ રીયુએ માનપત્રો સર જાહાંગીરને એનાયત કરતાં એવણની તારીફમાં લબાનથી વીવેચન કરી મુબારકબાદી આપી હતી. જેનો જવાબ વાલતા સર જાહાંગીરજીએ પોતાને આપેલા માન માટે સરવેનો ઉપકાર માન્યો હતો. સર જાહાંગીરજી ગયા એપ્રીલમાં દુનીયાની છ થી મુસાફરીએ જવાથી એવણે કરેલી સખાવતોની કદરસનાશીમાં તેમજ એવણને સફર સફળ ઇચ્છા માટે અનેક સંસ્થાઓ તરફથી તેમજ પારસી અંજુમન તરફથી માનપતરો તથા ખાણાઓના મેલાવડાઓ કરવામાં આવ્યા હતા

કરાંચીના જાણીતા સખી શેઠયા શેઠ અરદેશર હોરમજી મામાએ આ વરસમાં કરેલી ૧૮૭૬૯૫ ની સખાવતની વીગત:—કરાંચીમાં ગરીબ જરથોસ્તીના વસવાટ માટે બાર બાલાની આશી "મામા હોમ" બંધાવ્યું તેનો થયલો ખરચ ૧૭૫૦૦૦, ઇન્ડીઅન ગરલસ સ્કુલમાં ૧૧૦૦૦, કરાંચી પારસી ઇન્સ્ટીટયુટ જુબીલી ફંડમાં ૧૧૫૦૦, નામદાર પ્રીન્સ ઓફ વેલ્સ વેલકમ ફંડમાં ૧૧૦૦૦, અને જુદાં જુદાં ધરમ ખાતાઓ તથા ફંડો વગરેમાં આપેલા ૧૯૧૯૫. શેઠ અરદેશર મામાએ સને ૧૯૧૯ ના સપટેમબરમાં આંધળાઓ માટેની મુંબઇની વીકટોરીઆ મેમોરીઅલ સ્કુલમાં હીંદી લશકરના આધળાં થયલા સીપાઇઓના શીક્ષણ માટે ૨૧૦૦૦૦ ની રકમ આપી હની પણ ત્રણ વરસ થયા કોઇબી આંધલા સીપાઇઓએ ફંડનો લાભ નહી લેવાથી શેઠ અરદેશરની સુચના મુજબ મુંબઇ સરકારે હેઠલ જણાવેલા ફંડોમાં એ રૂપયા આપવા છે:—કરાંચીની ગરલઝ ગાઇડ એસોસીએશનને ૨૧૦૦૦. કરાંચીની બોય સકાઉટસ એસોસીએશનને ૨૧૦૦૦, કરાંચીની આઇડા રયુ પુઅર વેલફેર એસોસીએશનને ૨૨૦૦૦, કરાંચીની લેડી ડફરીન હાસપીટલને ૨૨૦૦૦, કરાંચીની બાઈ ગુલબાઇ મહેતા મેટરનીટી હોમને ૨૨૦૦૦, અને કરાંચીની રેડ ક્રોસ સોસાયટીને ૨૨૦૦૦. આ આખી રકમનું ભેગું થયલું વ્યાજ પણ ઉપલાંજ પ્રમાણમા વહેંચી આપયું છે.

સખી વજુદ બાઇ હમાબાઇ જે. કે. મહેતાએ આ વરસમાં કરેલી ૨૭૩૦૬૩ ની સખાવતની વીગત:-ગરીબ જરથોસ્તીઓનું પોષણ કરવા, લગ્ન ખરચ કરવા તથા મરણ ખરચ કરવા ૨૫૦૩૫૦, ગરીબ જરથોસ્તીઓને સ્કુલ ફી તથા ચોપડીઓ વીગેરેના આપ્યા ૨૯૯૬૮, ધરમપુર સેનેટેરીઅમમાં પારસી દરદીઓના નિભાવ માટે ૨૧૫૦, ઓરપાડની અગીઆરીના નિભાવ ફંડમાં ૨૧૦૧, મુંબઇનાં હુલ્લડ માટેના પારસી પંચાએત હસતકના સંકટ નિવારણ ફંડમાં ૨૩૦૦૦, કચ્છ ભુજની અગીઆરીના નિભાવ ફંડમાં ૨૧૦૦, બોકસીગ ટુરનામેન્ટમાં સારો દેખાવ કરનારાં પારસી જુવાનને ૨૧૦૦, પારસી ફીઝીકલ કલચર એન્ડ હેલ્થ લીંગના ઇનામના ફંડમાં ૨૧૩૨, મલબાર સંકટ નિવારણ ફંડમાં ૨૧૦૦, રેડક્રોસ સોસાયટીના એકઝીબીશન તથા ફેન્સી ફેર ફંડમાં ૨૨૦૦, ડો૦ માસીના હાસપીટાલને મદદના જુલાઈ તથા આગસ્ટના હપતાના ૨૧૦૦૦, યંગ મેન્સ પારસી એસોસીયેશનને ૨૩૦૦, સોસાયટી ફોર પ્રોટેકશન ઓફ ચીલ્ડરન ઇન વેસ્ટરન ઇન્ડીઆ ૨૫૦૦, સકકરની અગીઆરીના નિભાવ ફંડમાં ૨૧૫૧, સકકર પારસી સ્કુલને ૨૪૮૦, આંટરોડ પરના ધરમદા દવાખાના માટે થએલા ખરચના ૨૬૦૧૦, અને જુદા જુદા પરચુરણ ફંડોમાં આપેલા ૨૪૨૧.

બાઇ હમાબાઇ જે. કે. મહેતા (મીસ હમાબાઇ ફરામજી પીટીટ) અને સર દીનશાહ માણેકજી પીટીટ બારોનેટ તે બાઇજી આવાંબાઈ ફરામજી પીટીટના ટ્રસ્ટીઓએ આ વરસે સખાવતમાં ગરીબ જરથોસ્તીઓને સદરો પહેરાવવા તથા બીજી ધરમની ક્રીયાઓ કરાવવાના કામ માટે ૨૩૦૮ આપયા છે.

કરાંચીના જાણીતા શેહેરીઓ શેઠો સોપારીવાલા કુટંબ તરફથી ૨ના બે લાખની નાદર રકમ કરાંચી પારસી વીરબાઇજી સ્કુલને ડોનેશન તરીકે આપવાથી એ સ્કુલનું નામ "બાઇ વીરબાઇજી સોપારીવાલા પારસી હાઇ સ્કુલ" રાખવામાં આવ્યું છે.

વાંદરાની દરેહમેહરના પંથકી એરવદ ખરશેદજી બેરામજી સહીયારે સને ૧૯૧૩ માં ટ્રસ્ટ કરી ૨૩૦૦૦૦ નવસારીના આતશબેહરામ સાહેબનું નવુ મકાન બાંધવા એવી સરતે આપ્યા હતા કે ત્રણ વરસમાં નવું મકાન બંધાય તો તેના ઉપયોગમાં લેવું પણ નવું મકાન એ મુદતમાં નહી બંધાવાથી એવણે કોરટની પરવાનગી લઈ એ રકમ આતશબેહરામના નવા મકાન માટે આપી છે. એ ઉપરાંત એવણના મરહુમ દીકરી બાઇ મેહરબાઈ એદલજી કુતારના ગયે વરસે થયલા ઉઠમણામાં એવણે ભરેલા ૨૩૦૭૦૦ મકાનના બાંધકામ માટે આપયા છે એટલે એવણે આ કામ માટે ૨૬૦૦૦૦ ની રકમ આપી છે.

અતરેના જાણીતા શેહેરી શેઠ અરદેશર મેરવાનજી ભરૂચાએ આ વરસે પોતાના મરહુમ બેસી સર શાપુરજી બ. ભરૂચાની યાદમાં ઘણા સખાવતી ખાતાઓ, ફંડો વગેરેમાં નાણાની સારી મદદ કીધી હતી, તેમાં નીચલાં મુખ્ય છે:—નવસારીના આતશબેહરામનું નવું મકાન બાંધવાના ફંડમાં

રૂ૩૦૦૦૦, પંચગણીની ખ્હીની બેલ એર સેનેટરીયમને રૂ૧૦૦૦૦, સકરની સ્કુલની બીલ્ડીંગ બાંધવા રૂ૫૦૦૦ આપવાથી એ બીલ્ડીંગને સર શાપુરજી ભરૂચાનું નામ આપયું છે અને દર માસે એના નીભાવ માટે રૂ૧૦૦ આપે છે, રાજકોટની દરેહમેહરમાં રૂ૧૦૦૦, અને ઇંડોરની દરેહમેહરમાં દર વરસે રૂ૩૨૫ આપવા જણાવ્યું છે. શેઠ વાહાડયાજીના આતશબેહરામમાં ગલીચાઓ, રૂપાના તથા જરમન સીલવરના વાસણો અને એકસો ખુરસી તેમજ શેઠ દાદીશેઠના આતશબેહરામમાં ગલીચાઓ ભેટ આપ્યા છે. એવણે અંદેરી ખાતે મરોલ ગામમાં પોતાના બંગલાના કમપાઉડની વીસાલ જગામાં સર શાપુરજીના પુતલાં સાથનો એક પાણીનો હોઝ ગરીબ મુગાં જાનવરો માટે બાંધી ખુલ્લો મુકયો છે. શેઠ અરદેશરના અંદેરીનાં બંગલામાં તા૦ ૨૭ મી જુલાઇ ૧૯૨૨ ની મધરાતે નવ બદમાસ પડાણોએ શેઠ અરદેશર, એવણુના ધણીયાણી બાઇ પુતલામાય અને ભાઈ શેઠ દારાબશાહ ઉપર હુમલો કરવાથી આ બંને ભાઇઓએ હીમત ભરી લડત ચલાવી બદમાસો સામે ફાવી શકયા હતા. આ લડતમાં બંને ભાઇઓને ઇજા થયાથી ડા૦ માસીના હાસપીટલમાં રહેયા હતા ત્યાથી સાજા થઇ બહાર આવ્યા તેની શુકર ગુજારી કરવાને કોલાબેના વીકટોરીયા સ્વીમીંગ બાથના માલેકો શેઠો દાદી અને ફરામરોજ ખ. ગોલવાલાએ પોતાના આ પુરાણા ચેલાઓના માનમાં જશનનો એક મેલાવડો તા૦ ૩૦ મી જુલાઇએ સાંજે બાથના મકાનમાં કરી આ બંને બીરાદરોની હીમત ભરી લડત માટે સ્તુતી કરી હતી શેઠ વાહાડયાજીના આતશબેહરામમાં સમસુલ ઓલમાં દસ્તુરજી દારાબજી પે૦ સંજાણાની આગેવાની હેઠળ રોજ ૨૯ મો માહા ૧૧ માને દીને અંજુમનને નામે જશન કરવા પછી દસ્તુરજી દારાબજીએ શેઠ એન. ડી. પટેલ તરફથી ચાંદીનું કપ એઓને એનાયત કીધુ હતું. એજ મુજબ અંજુમનના આતશબેહરામમાં દસ્તુરજી મીનોચેરજી કેખશરૂ જામાસપ આશાનાની આગેવાની હેઠળ રોજ ૧ લો માહા ૧૨ માને દીને શુકર ગુજારીનું જશન કરી સરવ બેયવાળાઓ તરફથી એક ચાંદીનું વાઝ ભેટ આપયું હતું. એ ઉપરાંત આ બંને ભાઇઓની હીમત ભરેલી બહાદુરીની કદરશનાશી કરવા કોટના સર કાવસજી જહાંગીર હોલમાં સાંજે ૬ વાગે ઝોરાસ્ત્રીયન ફીઝીકલ કલચર હેલ્થ લીગ તથા જશન કમીટીના આશરા હેઠળ જસટીસ દીનશાહ ફ૦ મુલ્લાના પ્રમુખપણા હેઠળ એક મેળાવડો કરી ભરૂચા બીરાદરોને પેગંમબર જરથોસ્તની સબી તથા અવસ્તાના પુસ્તકો જશન કમીટી તરફથી, એક ચાંદીનું કપ ફીઝીકલ લીગ તરફથી અને સુનાનો ચાંદ એક જરથોસ્તી તરફથી ભેટ આપવામાં આવ્યાં હતાં. આ વખતે શેઠ ભરૂચા ભાઇઓની તારીફમાં શેઠ જાહાંગીર વીમાદલાલે, શેઠ રતનશાહ દાદાચાનજીએ તેમજ પ્રમુખે પ્રસંગને અનુસરતા વીવેચનો કીધાં હતાં. વળી અંદેરીની દરેહમહેરમાં તા૦ ૨૦ મી આગસ્ટે શેઠ કેખશરૂ બમનજી વોલેશની આગેવાની હેઠળ શુક્ર ગુજારીનું જાહેર જસન થયું હતું, અને સકર જરથોસ્તી અંજુમન તરફથી તંદરોસ્તી ઇચ્છનારો તારનો સંદેહશો મોકલવામાં આવ્યો હતો.

શેઠો પીરોજશાહ મેરવાનજી મરજબાન, જમશેદજી પીરોજશા મરજબાન અને જાલભાઇ પીરોજશાહ મરજબાન તરફથી પારસી પંચાયતના ત્રસ્ટીઓ હસ્તકની હયુઝ રોડની જગા ઉપર નં.-૧૮ વાલા એક પલોટ ઉપર બે ગાલાનું એક મકાન આશરે રૂ૭૦૦૦૦ સુધીમાં બંધાવી આપવામાં આવ્યું છે. એ મકાનમાંનો એક ગાલો મરહુમ બાઇ દોશીબાઈ પીરોજશા મરજબાનના પુણ માટે તેવણુને નામનો બાંધવામા આવયો છે અને બીજો ગાલો શેઠ પીરોજશા મેરવાનજી મરજબાનને પોતાને નામે બંધાવ્યો છે.

મુંબઇની પારસી પંચાયતના ત્રસ્ટી સાહેબો હસતક બાબુલનાથ મંદીર આગલની જગા ઉપર ત્રણ પલોટો કરવામાં આવ્યા છે તે ઉપર નીચલા ધણીઓ તરફથી મકાનો બંધાવી આપવા કબુલવામાં આવ્યું છેઃ—(૧) મરહુમ શેઠ દીનશાહ હીરજીભાઈ માલેગામવાલાનાં વીલનાં એકલા હઇયાત એકઝીકયુટર શેઠ હીરાજી દાવસજી કોલાહ આશરે રૂપ્યા એક લાખથી એક ઓરડો અને એક રાંધણીની સગવડ સાથની ગરીબો માટેની ચાલી બંધાવી આપશે. એ મકાનમાં ભોંયતળીયું અને બે ઉપલા માલ થશે તેમાં ૧૮ ભાડુતો રહી શકશે અને ભોંયભાડું વહીવટ ખરચ વગેરે ભાડાંમાંથી વસુલ કરી ખરચ પુરો થાય તેટલુંજ સરાસરી ભાડુ લેવામાં આવશે. (૨) શેઠ ફરાંમજી કાવસજી બેનેટ, બાઇઓ હીરાબાઈ

તથા આવાંબાઇ ફરામજી બેનેટ આશરે રૂ૩૨૦૦૦ના ખરચથી એક મકાનનો એક ગાળો બંધાવી આપશે. એ ગાળામાં ત્રણ ભાડુતો રહેશે અને તેનું ભોંયભાડુ, વહીવટ ખરચ વગેરે ભાડાંમાંથી વસુલ કરી ખરચ બાદ જે ભાડાં બાકી રહેશે તે ત્રસ્ટી સાહેબોને દરૂસત દીસે તેમાં વાપરશે. શેઠ બેનેટવાલા મકાનનો બીજો ગાળો શેઠો મનચેરશા, કાવસજી, શાપુરજી તથા પીરોજશાહ પાલનજી મીસ્ત્રી આશરે રૂ૩૨૦૦૦ નાં ખરચે બંધાવી આપશે, એ ગાલામાં ત્રણ ભાડુતો રહેશે અને ભોંય-ભાડું વહીવટ ખરચ વગેરે ભાડાંમાંથી વસુલ કરી ખરચ બાદ જે ભાડાં બાકી રહેશે તે અવલમંજલ ફંડમાં વાપરવામાં આવશે. (૩) શેઠ જમશેદજી કાવશજી દુબાશ તથા તેવણનાં બહેનો બાઇઓ નવાજબાઇ બેરામજી મેહતા, રતનબાઈ ફરામરોઝ વકીલ, જીઉંબાઇ જાંગીર વકીલ, હીરાંબાઇ જાલ મુગાશેઠ અને જરબાઇ હોરમસજી મોદી એક મકાન લગભગ રૂપ્યા પંચોતેર હજારના ખરચે બંધાવી આપશે. એ મકાન બે માલનું ને બે ગાળાનું થશે તેમાં ૬ ભાડુતો રહેશે અને ભોંયભાડું, વહીવટ ખરચ વીગેરે ભાડાંમાંથી વસુલ કરી બાકી નકકી ઉપજ વધશે તે જરથોસતીઓ માટે મકાનો પુરાં પાડવા તથા ભાડાંનો બોજો કમી કરવામાં વાપરવામાં આવશે.

મરહુમ શેઠ એદલજી જે. ખોરીબેરીસ્ટર થોડા વરસ ઉપર લંડન ખાતે મરણ પામ્યા હતા, તેવણ પોતાના વસીયતનામાંમાં પારસી સખાવત માટે પોતાની મીલકતનો ચોકસ ભાગ આપી ગયા છે. આ ઉપરાંત શેઠ ખોરીએ પોતાની હયાતીમાં પોતાના એક અંગત મીત્ર શેઠ આર. આર. દેશાઇને ચાર હજાર પાંઉડ આપ્યા હતા કે એવણના મરણ પછી સખાવતમાં આપવા તેથી શેઠ દેશાઇએ આ રકમમાંથી રૂ૧૪૦૦૦ મુંબઇના કે. આર. કામા ઓરીએનટલ ઇનસ્ટીટયુટને આપ્યા છે અને બાકીના લગભગ રૂ૪૦૦૦૦ બીજી સખાવતમાં આપવામાં આવશે.

મુંબઇના જાણીતા તબીબ ડાકટર એરચશા જમશેદજી હકીમે પોતાના ધણીયાણી મરહુમ બાઇ શીરીનબાઇના પુણ માટે સુરતની પારસી પંચાયતના ધરમ ખાતાના ત્રસ્ટીઓને રૂ૨૫૦૦૦ની જામીનગીરીઓ આપી છે, એમાંથી સુરત પારસી ઓરફનેજમા કાયમને માટે એક છોકરાને "હકીમ ઓરફન" તરીકે રાખવા રૂ૫૦૦૦, તથા પોતાના મરહુમ બાવાજી, માતાજી, ધણીયાણી તથા બેહેનની મલી ચાર બાજો કરવા માટે રૂ૬૦૦૦, શેઠ તારાચંદ પારસી જનરલ હાસપીટલને એક બીછાના માટે રૂ ૨૫૦૦, બાઇ ગુલબાઇ મહેતા પારસી સુવાવડખાતામા એક બીછાના માટે રૂ૨૫૦૦, સર જમશેદજી જીજીભાઇ ઈંગલીસ સ્કુલના છોકરાઓ માટે ભોજન ફંડમા રૂ૧૦૦૦ અને "જરથોસ્તી બહેનોના સેવા મંડળ"ના શીક્ષણ કલાસને સુરત પારસી પંચાયતના વહીવટ હેઠળ પોતાના મરહુમ ધણીઆણી બાઇ શીરીનબાઇનું નામ આપી "બાઇ શીરીનબાઇ એરચશાહ ડોકટર (હકીમ) સેવા મંડળ શીક્ષણ કલાસ" તરીકે ચાલુ રાખવા માટે રૂ૮૦૦૦ નીભાવ માટે વ્યાજ વાપરવાની શરતથી આપયા છે. વળી "સેવા મંડળ"ના વરગને મળવા માટે સગવડ પુરી પાડવાને ડા૦ એરચશા હકીમે પોતાનું સુરત સોદાગરવાડનું ઘર ચોક્કસ શરતોથી આપવાની ઉદારતા દેખાડી છે. એ ઉપરાંત પારસી પંચાયતના હસ્તકની સુરત શાહાપોરની સર જમશેદજી જીજીભાઇની પારસી છોકરીઓ માટેની ગુજરાતી સ્કુલના વપરાસ સારૂ હાલ તરત માત્ર નામના ભાડાથી પોતાનું સુરત સોદાગરવાડનું એક બીજુ ઘર ડા૦ એરચશાહે ચોકસ સરતોથી આપવું જણાવ્યું છે અને આ બંને મકાનોને પોતાના પદરથી રૂ૩૦૦૦ સુધી ખરચી જોઇતા રીપેર અને સગવડ કરી આપશે.

શેઠો જહાંગીર, પીરોજશાહ તથા ફરામરોજ રતનજી દુબાસે તથા બાઇઓ મહેરબાઇ હોરમજજી દુબાસે અને અરનવાઝ મીનોચહેર કોયાજીએ પોતાના મરહુમ બાવા બાઉ સા૦ રતનજી જમશેદજી દુબાસની સુરતની પારસી આરફનેજમા બાજ કરાવી જમાડ આપવાના ખરચમાં વાપરવા રૂ૧૫૦૦ તથા મરહુમના પુણમાં ૭ ગરીબ જરથોસ્તી છોકરાઓ

(બનતા સુધી સુવાળી ગામના અથવા સુરત જીલ્લાની આજુબાજુના ભાઠા, અડાજણ વીગેરે ગામોના) ને ખા૦ સા૦ રતનજી દુબાસ આરફન તરીકે કાયમના આરફનેજમા રાખી તેનો નીભાવ કરવા રૂ૪૫૦૦૦ મળી રૂ૪૬૫૦૦ના ચાર ટકાના બોંડ આપયા છે.

સખી વજુદ બાઇ રતનબાઇ એદલજી બામજીએ યુરોપના પારસી એસોસીએશનના નવા બંધાવલા ઝોરાસ્ત્રીયન હાઉસને લગતો રહાન રાખવા તેમજ કીવાકામો કરવા માટે એક ઓરડો અલાયડો રાખ્યો છે તેના સંબધમાં એક હજાર પાંઉડ ભેટ આપ્યાછે. એવણે વાંદરાની બાઇ આવાંબાઇ પીટીટ પારસી છોકરીઓની આરફનેજમાં આપેલા રૂ૧૦૦૦૦ માંથી આરોગય આશ્રમને લગતું એક મકાન બંધાઇ તઇયાર થવાથી એવણના મરહુમ બેટા કેખશરૂની બાજને દીને ખુલ્લું મુકવામાં આવ્યું છે. આ મકાન બાંધવા પાછળ લગભગ રૂ૨૩૦૦૦ જેટલો ખરચ થવા ગયો છે.

શેઠ નાનાભાઈ બેજનજી ચોકસીએ નવસારી ખાતે બોયસ સ્કાઉટસો માટે જાથુકની એક ઇમારત બાંધવા સારૂ રૂ૧૫૦૦૦ આપ્યા છે. એ મકાનનું નામ "નાનાભાઇ બેજનજી ચોકસી સકાઉટ હેડ કવાટરસ" રાખવામાં આવશે અને એટલીજ રકમ મકાન બાંધવા નામદાર ગાયકવાડ સરકાર પણ આપશે.

અતરેના જાણીતા શેહેરી શેઠ માણેકજી કાવશજી પીટીટે ય. સને ૧૨૯૧ ના નવા વરસના મુબારક દીવસે રૂ૧૦૦૦૦ ની રકમ ધી ઝોરાસ્ત્રીયન ફીઝીકલ કલચર એંડ હેલ્થ લીગને વ્યાજ વાપરવા આપી હતી કે એ રકમ ૭ થી ૮ ટકા ઉપજે એવી સરકારી જામીનગીરીમાં રોકવી. આ રકમમાંથી લગભગ રૂ૬૫૦૦૦ ની કીમતની સાડા ત્રણ ટકાની લોનો તથા ઝોરાસ્ત્રીયન બીલડીંગ સોસાયટીના શેરો લેવામાં આવ્યા છે. એવો શેઠે વાંદરાની બાઇ આવાબાઇ પીટીટ પારસી છોકરીઓની આરફનેજમાં એક કુવો બંધાવી આપવા કબુલ્યું છે.

ડાકટર એરચશાહ ફરામજી શેઠના જેવણ સોલાપુર ખાતે તા૦ ૫ મી અકટોબર ૧૯૨૧ ને દીને બેહેસતનશીન થયા હતા તેવણે પોતાના મરહુમ માતાજી તથા પીતાજીના પુણ માટે રૂ૧૦૦૦૦ આપવા ફરમાવ્યું હતું, તેમાં એવણના બેટા શેઠ બેજનજી એરચશા શેઠનાએ બીજા વધુ રૂ૨૫૦૦ પોતાના માતપીતાના પુણ માટે ઉમેરી કુલે રૂ૧૨૫૦૦ અહમદનગરની દરેહમેહ-રના સુધારા વધારા માટે આપવા જણાવ્યું છે.

સખી વજુદ બાઇ હીરાંબાઇ જમશેદજી પીટીટ તે મરહુમ સર દીનશાજી માણેકજી પીટીટ પહેલા બેરોનેટના બેટીએ રૂ૮૮૦૦ નીચલા ધરમ ખાતાઓમા આપ્યા છેઃ—પંચગણીના ડા૦ બીલીમોરીયાના બેલ એર સેનેટેરીઅમમાં મરહુમ બાવાજી સર દીનશાજીને નામે એક ફ્રી બેડ સ્થાપવા રૂ૩૦૦૦ ની નોટ ટકા ૩।। ની, સોનગઢ વયારાના મરહુમ શેઠ નશરવાનજી માણેકજી પીટીટની દરેમેહરના નીભાવ ફંડમાં મરહુમ ધણી શેઠ જમશેદજીની યાદમાં રૂ૧૦૦૦ નું પોરટ ત્રસ્ટ બોંડ ટકા ૪ નું, ઝોરાસ્ત્રીઅન ફીઝીકલ કલચર એંડ હેલ્થલીગના ફંડમાં મરહુમ ખેશી શેઠ એદલજી ફરામજી કામાની યાદમાં રૂ૫૦૦ નું પોરટ ત્રસટ બોંડ ટકા ૪ નું, સર જમશેદજી સ્કુલના ભોજન ફંડમાં મરહુમ બાઇ ધનબાઇજી દી. પારખ તે મરહુમ સર જમશેદજી જીજીભાઇ બીજા બારોનેટના દીકરીની યાદમાં રૂ૫૦૦ નું પોરટ ત્રસ્ટ બોંડ ટકા ૪ નું, રાજકોટની દરેમેહરના નીભાવ ફંડમાં વયાજ વાપરવા રૂ૫૦૦ ની નોટ ટકા ૩।। ની, મઉના બાઇ મીઠીબાઇ અશો ફરોહર ફંડમાં રૂ૫૦૦ ની નોટ, મુંબઇની ચંદા રામજી કન્યા હાઇ સ્કુલમાં પોતાના બંધેવી શેઠ દાદી નશરવાનજી દાદીશેઠની યાદમાં રૂ૫૦૦ તથા માતાજી લેડી સાકરબાઇ દીનશાહ પીટીટની યાદમાં રૂ૫૦૦, સકકર દરેમેહેરનું, સ્કુલનું તથા ધરમશાળાનું મકાન બાંધવાનાં ફંડમાં રૂ૫૦૦, દીવાના જરથોસ્તીઓને મદદ કરવાના ફંડમાં રૂ૩૦૦, શ્રી જરથોસ્તી મંડળને રૂ૩૦૦, જરથોસ્તીઓને

१०२५८

અનાજ આપવાના ફંડમાં રૂ૩૦૦, પારસી સ્ટુડંટસ હેલપીંગ એસોસીએશનના ફંડમાં રૂ૩૦૦ અને ગરીબ જરથોસ્તીઓનાં રહેઠાણ ફંડ હસ્તકની બાઇ રતનબાઇ પાંડેની સ્કુલના ભોજન ફંડમાં રૂ૧૦૦.

શેઠ મેરવાનજી દાદાભાઇ ચમારબાગવાળાએ ચોરાસી તાલુકાના ભાઠા ગામમાં છોકરાઓ તથા છોકરીઓની નીશાળો માટે જુદા જુદા મકાનો રૂ૧૫૦૦૦ ના ખરચે બંધાવી આપવા સુરત જીલ્લાની લોકલ બોરડને માગણી કરી છે. છોકરાઓની શાળાને એવણના બેટા શેઠ દાદાભાઇનું અને કન્યાશાળાને એવણના ધણીયાણી બાઇ આઇમાયનું નામ આપવા જણાવ્યું છે.

સુરત જીલ્લાના દારૂના કંત્રાકટરો મેસરસ બોઇસ ડી. કાવશજીની કંપનીના ભાગયા શેઠો નશરવાનજી બોઇસ અને દીનશાજી કાવશજી ખંડાલાવાળાએ રૂ૧૦૦૦૦ સુરતના નાનપરામાં જરથોસ્તી છોકરા છોકરીઓની ગુજરાતી શાળા માટે બાંધવામાં આવનારા નવા મકાનના ફંડમાં આપયા છે.

વલસાડના જાણીતા શેહેરી ખા૰ બા૰ કાવસજી ધનજીભાઇ ધનજીશાએ આ વરસે રૂ૫૦૪૬ની કરેલી સખાવતની વીગત:-નાના પારસી વાડની અગયારીમાં ભેટ આપેલું જરમનનું અફરગાન્યું તથા ખુમચાના રૂ૧૦૦૦, બલાઇન્ડ રીલીફ એસોસીએશનને રૂ૪૦૦, ખુલનાના દુકાળ ફંડમાં રૂ૧૦૦, મુંબઇમા સંકટમા આવી પડેલા જરથોસ્તીઓને મદદમાં રૂ૨૦૦, મલબારમા સંકટમા આવી પડેલા લોકને રૂ૧૦૦, સકકરની અગીયારીનું નવું મકાન બાંધવા રૂ૧૦૦, અજમેરની અગીયારીના ફંડમા રૂ૧૦૦, રૂસ્તમપરાના બહરાઓનો ગમ્મ્ભાર કરવા રૂ૧૦૦, સુરત ઇબાદખાના નીભાવ ફંડમાં રૂ૧૦૦, નવસારી કલબનો નવો રૂમ બાંધવા રૂ૧૦૧, ગરીબ જરથોસતીઓના રહેઠાણ માટે મકાનો બાંધવાના ફંડમા રૂ૧૦૦, ગરીબોને દવા તથા અનાજ આપયો તેના રૂ૨૦૧૨ અને પરચુરન ફંડો વગેરેમાં આપેલા રૂ૬૩૩.

મરહુમ શેઠ ફકીરજી નાનાભાઇ ચાઇના બીલીમોરાવાલાના પુણ્ય માટે મરહુમના વીધવા બાઇ પીરોજબાઇએ રૂ૬૦૦૦ ની સાડાત્રણ ટકાની લોન બીલીમોરાની જરથોસ્તી અંજુમનને આપી છે કે એના વ્યાજમાંથી દર વરસે શેહેરેવર મહીનાના આસમાન રોજે બીલીમોરામાં બપોરે જરથોસ્તી માટીડાંઓ માટે નેઆતનું જમન કરવું. એ ઉપરાંત બાઈ પીરોજબાઇ ફ. ચાઇનાએ પોતાના મરહુમ દીકરી બાઈ આઇમાય માણેકશા મુલાના પુણ્ય માટે રૂ૭૦૦૦ ની સાડા ત્રણ ટકાની લોન તથા રોકડા રૂ૮૪-૧૪-૪ બીલીમોરાની જરથોસ્તી અંજુમનને આપયા કે એના વ્યાજમાંથી દર વરસે તીર મહીનાના તીર રોજે બીલીમોરામા રાતે જરથોસ્તી બાનુઓ માટે નયાતનુ જમણ કરવું.

બાઇ જીવણબાઇ બમનજી શાપુરજી ચોક્સીએ વલસાડ ખાતેના બેરાગ ફંડમાં રૂ૨૮૦૦ના, રૂવાનોના ફંડમાં રૂ૨૮૦૦ ના અને ગરીબ પારસીઓની છોકરીઓના લગનમાં મદદ કરવા માટે ૧૪૯૦૦ ના મલી રૂ૧૦૫૦૦ ના સાડાપાંચ ટકાના વ્યાજના વોર બોંડો આપયા છે.

હાંગકાંગના જાણીતા શેહેરી શેઠ મનચેરજી જમશેદજી પટેલે સુરત ડીસ્ત્રીકટના ઓલપાડ તાલુકામાં એપ્રીલ ૧૯૨૨ માં ચાલુ થયલી ધરમાદા દવાખાના માટે ઓલપાડ ગામનું પોતાનું અઠાવીસ હજારની કીમતનું મકાન તથા રોકડા બીજા રૂ૨૦૦૦૦, વધુ આપ્યા છે. એવણે ચીન ખાતેના કેનટોનના લાચાર ચીનાઓના લાભ માટે જુદા જુદા ફંડોમાં રૂ૩૦૦૦, આપ્યા છે.

ઇરાનમાં આવેલા યઝદ શેહેરમાં એક દવાખાનું મુંબઇના ઇરાની જરથોસ્તી અંજુમનના કારોબાર હેઠલ ઉઘાડવામાં આવનાર છે, તે માટે સર રતન તાતાના ત્રસ્ટ ફંડમાંથી રૂ૩૫૦૦૦ આપવાથી એક મેડીકલ અને સરજીક હોલ સર રતન તાતાને નામે બાંધવામાં આવશે. નાતજાતનો તફાવત રાખવા વગર સરવે કોમના ગરીબ દરદીઓની સારવાર થશે. આ દવાખાના માટે નવસારીવાળા શેઠ કેખશરૂ કાવસજી દેશાઇ ગોંડલવાલાએ રૂ૨૦૦૦૦ ના બોંડ આપ્યા છે તેના વ્યાજ

માંથી ગરીબ જરથોસ્તીઓને મુફત દવાદારૂ આપવામાં આવશે. મેડીકલ હાફીસર તરીકે ડાᴐ જમશેદજી પેસતનજી પટેલને નેમવામાં આવ્યા છે જેવણુ તાᴐ ૨૬ મી મે ૧૯૨૨ ને દીને મુંબઇથી ઉપડી ગયા હતા. કેરમાન શેહેરમાં ત્યાના જરથોસ્તી વેપારીઓએ હાસપીટલ ચાલુ કીધી છે જેના તબીબ તરીકે ડાક્ટર શેહેરીયાર વાહાડયાને અતરેથી ગયે વરસે મોકલવામાં આવ્યા છે. આ હાસપીટલનો સરવે કોમ તરફથી લાભ લેવામાં આવે છે.

શેઠ તેહમુરસ આર. એન. કામાએ પોતાના બપાવાના તેમજ માત પીતાના પુણ્યુ માટે પુણાની સરદાર દસ્તુર હોશંગ હાઇ સ્કુલની લાઇબ્રેરીના ફંડમાં અને સ્કોલરશીપો સ્થાપવા માટે રૂ૧૫૦૦૦ આપ્યા છે.

સુરતવાલા શેઠ એદલજી ફરામજી દોતીવાલાએ સુરત નાનપરાની હીરામસીદાના મોહલ્લામા આવેલી પુરાણા આતશ દાદગાહની દરેહમેહરના નીભાવ માટે કાડી, દીવેલ, સુખડ વગરે માટે બ્યાજ વાપરવાની સરતે રૂ૮૦૦૦ ની રકમ સુરતની પારસી પંચાવતની બોરડને આપી છે.

મરહુમ શેઠ શાપુરજી એન. ચાંદાભાઇના એડમીનીસ્ત્રેટર શેઠ કે. એન. ચાંદાભાઇએ રૂ૬૦૦૦ની સાડા ત્રણ ટકાની લોન ચેરીટેબલ એંડાઉમેંટસના સરકારી ખજાનચીને સોંપી છે કે એના બ્યાજમાંથી સર જમશેદજી આરટસ સ્કુલમાં આરકીટેકચરનો વીષય ભણતા પારસી વીદયારથીને "શાપુરજી એનᴐ ચાદાભાઇ સ્કોલરશીપ" આપવી.

કવેટાના જાણીતા શેહેરી ખાᴐ બાᴐ બરજોરજી દોરાબજી પટેલ સી. આઇ. ઇ,એ સુરતની પાંજરાપોળને રૂ૫૦૦૦ ની સાડા ત્રણ ટકાની લોન એવી શરતે આપી છે કે તેનું વયાજ અશકત ખોડાં ઢોરોને ઘાસ દાણો ખવરાવવામાં વાપરયા કરવું.

શેઠ પીરોશાહ રૂશતમજી હોરમજી વખારીયાએ રૂ૫૦૦૦ની રકમ ભરૂચની કોટની જમશેદ બાગવાળી વખારીયા દરેહમેહરના નીભાવ ફંડમાં આપી છે.

શેઠ જમશેદજી અરદેશર વાડયાએ મરહુમ શેઠ હોરમજી બમનજી વાહાડયાની નઇયતે પુણાની સરદાર દસ્તુર હોશંગ હાઇ સ્કુલમાં લાયબ્રેરીની ચોપડીઓ ખરીદવા માટે રૂ૫૦૦૦ આપી દર વરસે રૂપ્યા પાંચ હજાર આપવા કબુલ્યા છે. એવણે મુકતી ફોજના ફંડમાં રૂ૧૦૦૦ આપ્યા છે.

શેઠ દારાશાજી મનચેરજી કાપડીયાએ પોતાના મરહુમ ધણીયાણી બાઇ પીરોજબાઇની નઇયતે રૂ૫૦૦૦ની સખાવત જાહેર કરી હતી તે રકમમાંથી ભરૂચના જમશેદ બાગના કમ્પાઉન્ડમાં એક મોહટું ટાંકુ બાંધવા માડયું છે અને તેની પાછળ રૂ૧૦૦૦૦ સુધીનો ખરચ થનાર છે.

મરહુમ શેઠ અરદેશર બેરામજી કુપરની નઇયતે એવણના બેટી બાઈ બાનુબાઇ તથા જમાઇ શેઠ દારાબશાહ બમનજી દુબાશે લાહોરની બાઈ આવાંબાઇ અરદેશર કુપરવાળી દરેહમેહરમાં નીરંગદીન ખલાસ થવાથી લગભગ રૂ૩૦૦૦ના ખરચે નીરંગદીનની કીયા કરાવી જરથોસ્તની સભી તથા દજન ખુરશીઓ તથા જરમન સીલવરના ૪૩ નાના વાસણો ભેટ આપ્યા છે. આ નીરંગદીનની કીયા પુરી થવાને દીવસે યાને તાᴐ ૧૪ મી નવેમબર ૧૯૨૧ને દીને શેઠ દારાબશાહ તરફથી જશન થવા બાદ અગીયારીના ત્રસ્ટીઓ તરફથી શેઠ જાહાંગીર રૂᴐ દાજીના પ્રમુખપણા હેઠળ એક મેલાવડો કરી શેઠ દારાબશાહને એનાયત કરવામાં આવનાર માનપત્ર વાંચવામાં આવ્યું હતું. આ માનપત્ર ચાંદીના કાસકેટ સાથે શેઠ દારાબશાહને મુંબઇમાં એનાયત કરવામાં આવ્યું છે, એવો સાહેબ આ દરેહમેહરને વરસો થયા દર વરસે ખરચ માટે રૂ૬૬૦ આપ્યા કરે છે.

ખા૦ બા૦ નશરવાનજી જાહાંગીર બેગા તે મરહુમ બાઇ પીરોજબાઇ રૂશતમજી મેરામજી બોગ્રાના વીલના એકઝીકયુટરે મરહુમ બાઈ પીરોજબાઇના બેહેસતનશીન બેટા શેઠ શાવકશાહના પુણ્ય માટે રૂ૨૫૦૦ ના ૪ ટકાના પોર્ટ ટ્રસ્ટ બોંડ લાહોરની શેઠ કુપરવાલી દરેહમેહરના નીભાવ ફંડમાં વ્યાજ વાપરવા અને રૂ૨૦૦૦ ની લોન તથા બોંડ લાહોરના આરામગાહ ફંડમા વ્યાજ વાપરવા આપયા છે.

એક જરથોસ્તી ગ્રહસ્થે પોતાને ત્યાં તા૦ ૩૦ મી એપ્રીલને રવીવારે થયલી નવજોતની ખુશાલીમાં રૂ૪૪૫૮ની વધુ રકમો નીચલાં ધરમખાતાંઓમાં આપી છેઃ—નાસીક ધરમશાલા ફંડમાં કેપીટલ ખાતે રૂ૧૫૦૧, ઝોરાસ્ત્રીયન બીલ્ડીંગ સોસાયટીને (ડોનેશન તથા કેપીટલ ખાતે) રૂ૧૧૦૧, ઝોરાસ્ત્રીયન ફીઝીકલ કલ્ચર એંડ હેલથ લીગને (ડોનેશન તથા ફીઝ) રૂ૫૫૧, જરથોસતી જશન કમીટીને રૂ૫૫૧, પારસી બોયસ સ્કાઉટ્સ ફંડને રૂ૧૫૧ અને બાકીના રૂપયા બીજા જુદા જુદા પરચુટણ ફંડોમાં આપયા છે.

કરાંચીના જાણીતા શેહેરી ખા૦ બા૦ નશરવાનજી રૂસતમજી મેહેતા તથા શેઠ જમશેદજી નશરવાનજી મેહેતાએ બાઇ ગુલબાઇ નશરવાનજી મેહેતા સુરત પારસી મેટરનીટી હાસપીટલના ઉપયોગને માટે અગાઉ મોટી કીંમતનાં ઈનસટરૂમેનટસ ભેટ કીધાં હતાં; તે ઉપરાંત આ વરસે આશરે રૂ૨૮૦૦ની કીમતનાં બીજા ઉપયોગી સરજીકલ ઇનસટરૂમેનટસ તથા એપેરેટસો વેલાયતથી મંગાવી ભેટ આપયાં છે.

શેઠ જાહાંગીર ફરામરોજ પંથકીએ પોતાના મરહુમ બેહન બાઇ આઇમાયના નામથી કરાંચીના બાઇ ગુલબાઇ મેહતા પારસી મેટરનીટી હોમમાં (સુવાવડખાનામા) એક સેપટીક વોરડ બાંધવા માટે રૂ૩૦૦૦ આપયા છે.

શેઠ ફીરોઝ સોરાબજી ગઝદરે પોતાની બે બેટીઓની નવજોતની ખુશાલીમાં રૂ૨૫૦૧ પારસી કોઓપરેટીવ હાઉસીંગ સોસાયટીને ડોનેશન તરીકે આપયા છે.

શેઠ નશરવાનજી સોરાબજી ગઝદરે પરેલ ખાતે શેઠ ન. મા. વાહાડયાના ટ્રસ્ટીઓ હસ્તકના જાહાંગીર બાગની જગામાં પારસી પંચાયતને ખરચે જે શેડો ઉભા કરવામાં આવયા છે, તે માટે મીલીટરી છાપરાઓ કોલાબેથી પરેલ ખાતે લઇ જવા સારૂ વગર દામે દીવસો સુધી મોટર લારીઓ વાપરવા આપી હતી અને એવોએ રૂ૧૦૦૦ હાઉસીંગ સોસાયટીને ભેટ આપયા છે.

શેઠ ફરામજી કુવરજી લીંબુવાલાએ રૂ૨૦૦૦ ની લોન પોતાના મરહુમ અશો વાહાલાઓની યાદમાં કરાંચીના બાઇ ગુલબાઇ મેહતા પારસી મેટરનીટી હોમમાં (સુવાવડખાનામા) આપી છે કે એના વ્યાજમાંથી દરદીઓની સારવાર કરવી.

મરહુમ બાઇ જરબાઇ બેહરામજી પટેલની નઇયતે મરહુમનાં બેટી બાઇ પીરોજબાઇ નોશરવાનજી ખરાડીએ મઉના આદરયાન મધ્યે ચાલુ દીન ને રાત કોપરેલનો ચેરાગ બાલવા માટે રૂ૧૦૦૦ની લોન વ્યાજ વાપરવા આપી "બાઇ જરબાઈ ચેરાગ ફંડ" સ્થાપ્યું છે તથા મજકુર બાઇનાં મરહુમ બેટી બાઈ મનીજેહ રતનશાહ ખેડાવાલાની નઇયતે રૂ૧૮૦૦ની લોન વ્યાજમાથી આદરયાનની સાંજે ચાલુ કેરોસીનનો ચેરાગ બાલવા આપી હતી.

શેઠ જમશેદજી દીનશાહ કરાકાએ અમદાવાદ ખાતે જરથોસ્તી રૂવાનોને દોખમે લઈ જવા સારૂ લગભગ રૂ૨૫૦૦ના ખરચે એક ગાડી બનાવી અમદાવાદની જરથોસ્તી અંજુમનને ભેટ આપી છે.

મરહુમ શેઠ હોરમશજી પેસ્તનજી બેંકરનાં પુણ્ય સારૂ મરહુમનાં બીધવા બાઇ સુનાબાઇએ તથા મરહુમનાં અતલગના સગાંઓએ મલીને રૂ૨૫૦૦ ની સાડાત્રણ ટકાની લોન બીલીમોરાની

જરથોસ્તી અંજુમનને આપી કે એના વ્યાજમાંથી બીલીમોરાની શેઠો મનચેરજી અને રતનજી શાપુરજી ટાટાની અંગ્રેજી હાઇ સ્કુલનો ગરીબ પારસી વીદ્યારથી મેટ્રીક્યુલેશનની પરીક્ષા પાસ કરી વધારે અભયાસ માટે કોલેજમાં જોડાય તેને, તથા હુનરશાળા અથવા ટેકનીકલ કોલેજમાં દાખલ થાય તેને, એક અથવા વધુ વીધારથીને સ્કોલરસીપ આપવી.

શેઠ પાલનજી એદલજી પલંબરે પોતાના દોસ્ત મરહુમ શેઠ હોરમજી પેસતનજી બેંકરના પુણ માટે રૂ૨૦૦૦ ની સાડાત્રણ ટકાની લોન બીલીમોરાની જરથોસ્તી અંજુમનને આપી કે એ રકમના વ્યાજમાંથી મરહુમ શેઠ હોરમજીની વરસ દીવસની બાજ રોજ ૨ જો માહા ૮ માને દીવસે પડે છે તે દીવસે બીલીમોરાનાં ગરીબ જરથોસ્તીઓને મુફ્ત અનાજ આપવો.

શેઠો પેસ્તનજી ધનજીભાઇની કોલાબાની લેન્ડીગ કંપની તરફથી આ વરસે વધુ રૂ૨૦૦૦ની ૭ ટકાના વીયાજની લોન વલસાડ જરથોસ્તી અંજુમનને આપી છે કે એનું વ્યાજ ગંભાર ખરચમા ઘટ લાગે છે તેમાં વાપરવું.

શેઠ માણેકજી પી૦ ભરૂચાએ ઝોરાસ્ત્રીયન ક્રીકેટ કલબને યંગ ઝોરાસ્ત્રીયન કપ માટે રૂ૧૫૦૦ આપ્યા હતા અને એવણે એ કલબના પ્રમુખ તરીકે તેમજ બીજી રીતે કરેલી મદદની હેશાનમાં એવણના માનમા ગયા મે મહીનામાં એક મેળાવડો કરી રાતે ખાણું આપ્યું હતું.

શેઠ માણેકશા મનચેરજી મોટાફરામે પોતાના મરહુમ માબાપની યાદમાં મનચેરજી હોરમસજી મોટાફરામ, કુંવરબાઈ મ. મોટાફરામ અને ભાઇ હોસંગજી મોટાફરામના નામની એકેક મળી દર રૂ૨ ની માસીક ત્રણ સકોલરશીપો સુરતની સરકારી મીડલ સકુલના પેહલા, બીજા અને ત્રીજા ધોરણમાં અભયાસ કરતા એકેક ગરીબ વીદયારથીને આપવા માટે રૂ૨૧૦૦ ની ૩॥ ટકાની લોનો મોટાફરામ-સકોલરશીપ ફંડ સથાપવા માટે મુંબઈ ઇલાકાના ધરમાદા ફંડોના સરકારી ખજાનચીને આપી છે.

લેડી આઇમાય હોરમજી અરદેશર વાહાડયાએ માહાબલેસ્વરના ઈંડસ્ત્રીયલ હોમને રૂ૧૦૦૦ આપ્યા છે.

બાઇઓ સુનાબાઈ નશરવાનજી મીનવાલા, પીરોજબાઇ પીરોશાહ સાગુ અને પીરોજબાઈ અરદેશર મીનવાલાએ પોતાના મરહુમ ભાઇ શેઠ શાપુરજી ફરામજી મોદીની યાદમાં રૂ૧૫૦૦ની સરકારી લોન, નોટો કરાંચીના બાઇ ગુલબાઇ મેહતા પારસી મેટરનીટી હોમ (સુવાવડખાનામાં) આપી છે કે એના વ્યાજમાંથી જરથોસતીઓની સારવાર કરવી.

બાઇ શીરીનબાઇ ફરામરોજ લામે પોતાના મરહુમ બાવા શેઠ સોરાબજી બમનજી કેખશરૂ મોદીની યાદમાં રૂ૧૦૦૦ સુરતની બાઇ ગુલબાઇ મેહેતા પારસી મેટરનીટી હોસપીટલમાં તથા શેઠ રૂસતમજી તારાચંદ પારસી જનરલ હોસપીટલમાં ઇલેકત્રીક ફીટીંગસ કરવા માટે આપયા છે.

અતરેના જાણીતા શેહેરી શેઠ કાવશજી જાહાંગીર રેડીમની ઓ. બી. ઇ., સી. આઈ. ઇ. તરફથી સુરત સારવજનીક એજયુકેશન સોસાયટીના ફંડમાં રૂ૧૦૦૦ આપવામાં આવ્યા છે.

સીગનપોર ગામના જાણીતા શેહેરી શેઠ એદલજી કુવરજી પટેલે રૂ૧૦૦૦ સુરત રૂશતમપરાના ગરીબ પારસી વીદયારથીઓને મુફ્ત ચોપડીઓ વગેરે અપાવવાના કેળવણી ફંડમાં આપ્યા છે.

મરહુમ શેઠ નવરોજી બેરામજી બારીઆના પુણ માટે મરહુમનાં છોકરા શેઠ હોરમશજીએ રૂ૫૦૦ની સાડાત્રણ ટકાની લોન બીલીમોરાની જરથોસતી અંજુમનને ચેરાગનાં ફંડમાં વ્યાજ વાપરવા આપી છે.

મરહુમ શેઠ બેરામજી ફરામજી બારીઆનાં પુણ માટે મરહુમનાં છોકરાઓ શેઠો અરદેશરજી તથા નવરોજીએ રૂ૫૦૦ ની સાડાત્રણ ટકાની લોન બીલીમોરાની જરથોસ્તી અંજુમનને ચેરાગનાં ફંડમાં વ્યાજ વાપરવા આપી છે.

મરહુમ શેઠ હોરમશજી રૂશતમજી મેંગુસીનાં પુણ્ય માટે મરહુમનાં વારસો શેઠ ડોશાભાઈ હીમજીભાઇ મેંગુસી વીગેરે તરફથી બીલીમોરાની જરથોસ્તી અંજુમનને રૂ૧૦૦૦ નો ૪ ટકાનો પોરટ ટ્રસ્ટ બોંડ આપયો કે એનુ વ્યાજ મરહુમનાં આગલાં ગહંબારનાં ખાતામાં વાપરવું.

શેઠ મેરવાનજી મોટાભાઇ મુનશીએ વલસાડની જરથોસ્તી અંજુમનને રૂ૯૦૦ આપયા કે એની પાંચ ટકાના વ્યાજની લોન ખરીદી તેના વ્યાજમાંથી એવણુના કુટંબીઓના બે જણાઓની બાજ વીગરેનો ખરચ કરવો.

બાઈ ધનબાઇજી ફરામજી હોરમજી અરજાનીએ નવસારીના કુતાર મોહલાના ગહમબાર ફંડમાં રૂ૫૦૦ અને નવસારીના કકલીઆવાડના બઇરાંઓનાં ગહમબાર ફંડમાં રૂ૫૦૦ આપ્યા છે.

કરાંચીવાલા બાઇ શીરીનબાઇ બેરામજી કાવસજીએ અંકલેસ્વર ખાતેના ગહમબાર ફંડમા વ્યાજ વાપરવાની સરતે ભરૂચની પારસી પંચાયતને રૂ૫૦૧ આપ્યા છે.

બાઇ સુનાબાઇ જમશેદજી દુબાશે રૂ૫૦૦ મઉના બાઇ મીઠીબાઈ અશો ફરોહર ફંડમા આપ્યા છે.

અતરેના જાણીતા શેહેરીઓ શેઠો બોઇસ ભાઈઓએ સુરતની તાપી નદી કીનારે મુલ્લા ખડકીના ઓવારા આગળના એબાદતખાનાના ફંડમાં રૂ૨૦૦ ની સાડા ત્રણ ટકાની લોન આપી છે.

શેઠ બેરામજી રૂસતમજી સુખેસવાલાએ વલસાડની જરથોસ્તી અંજુમનને એવણનાં કુટંબીઓનાં બે જણાની બાજ કરવા માટે વયાજ વાપરવા સારૂ રૂ૪૦૦ આપયા છે.

બાઇ મીઠીબાઇ જાહાંગીર મુગાશેઠે રૂ૫૦૦ની લોન, શેઠ દારા જા૦ મુગા શેઠે રૂ૨૦૦ની લોન અને શેઠ જાલ જા૦ મુગાશેઠે રૂ૧૦૦ ની લોન મલી રૂ૮૦૦ની લોન કલીકત પારસી અંજુમન હસ્તકના ચેરાગ તથા મોબેદોના નીભાવ ફંડમાં બ્યાજ વાપરવા આપી છે.

એક જરથોસ્તી ગ્રહસ્થે રૂ૪૦૦૦ ને ખરચે નવસારીના દોખમાં આગળ શહેર બહારના ગામોમાંથી આવતાં રૂવાનોને સચકવાને માટે એક બંગલી બંધાવી આપવા જણાવ્યું છે.

શેઠ હોશંગ નાદરશાહ એદલજી દીનશાહ તરફથી કરાંચી ખાતેની શેઠ એદલજી દીનશાહની સસ્તા ભાડાની ચાલીઓ જેનો લાભ ગરીબ જરથોસ્તીઓ લે છે તેમાં સુધારો વધારો કરી તે ઉપર માળ ચઢાવીને વધુ ગરીબ જરથોસ્તીઓને રાખવામાં આવશે.

શેઠ અરદેશર બરજોરજી ગોદરેજે મુંબઇના હાથ સાળોના વણકરોના સંઘના ઉપયોગ માટે ભાયખલામાં આવેલી પોતાની જમીન વપરાસ માટે મુફત આવી છે. આ જમીન ઉપર એક ઝુપડું બાંધી તેમાં હાથ સાળોપર કાપડ વણવા તથા રેંટીઆ ઉપર સુતર કાંતવા માટે ગોઠવણ કીધી છે. હાથ સાળો અને રેંટીયા ઉપર કામ કરીને પોતાનું ગુજરાન ચલાવવા ગરીબ સ્ત્રી પુરૂશોને મદદ આપવાનો [illegible] આ સંઘનો હેતુ છે. એવણે સ્ટેનડ સાથની તીજોરીઓ અને ઓફસે ધરમખાતાઓમાં ભેટ આપ્યા છે.

એક જરથોસતી ગ્રહસ્થે એક એલયુમીનમની ગાડી મુંબઇની પારસી પંચાયતને ભેટ આપી છે. આ ગાડી રૂવાનોને હાસપીટલોમાંથી અથવા ખાનગી ઘરોમાંથી ફકત ડુંગરવાડી ખાતેની રૂવાનની બંગલીમાં લાવવા સારૂ હાલમાં ઉપયોગમાં લેવામાં આવશે.

મુંબઇવાલા શેઠ ધનજીશા બરજોરજી પટેલે બદનેરાની જરથોસ્તી અંજુમનને રૂવાન લઇ જવા માટે હાથની એલ્યુમીનયમની ગાડી ભેટ આપી છે.

શેઠ રૂશતમજી જીવણજી જેવણ દક્ષીણ આફ્રીકાના ડરબાન શહેરમાં રહે છે તેવણે ડરબન શહેરમાં હીંદીઓ માટે એક ફ્રી લાયબરેરી સને ૧૯૨૧માં સ્થાપી તેમાં ફરનીચર ચોપડીઓ વગેરે મુકાવ્યું છે.

બીલીમોરાના રહીશ શેઠ જમશેદજી હોરમસજી મેંગુશી તા૦ ૧૨ મી સપટેમબર ૧૯૧૯ નો દીને મરણ પામયા હતા અને તેવણના ઉઠમણાની કીયા વેળા એવણની પુંજીમાંથી અને એવણના

અબુરોડ ખાતે ખુલ્લું મુકાયલું દરેહમેહરનું મકાન—અબુરોડ ખાતે દરેહમેહરનું બંધાયલું નવું મકાન ઇજી ખુલ્લું મુકવાની ક્રીયા રોજ ૩ જો માહા ૨ જો તા૦ ૧૨ મી અકટોબર ૧૯૨૧ ને બુધવારે શેઠ સોરાબજી મોટાભાઈ કંત્રાકટરના પ્રમુખપણા હેઠળ થઇ હતી. શેઠ હોરમશાહ સોરાબજી કંત્રાકટરે દરેહમેહરને લગતો રીપોરટ વાંચતાં જણાવ્યું કે મરહુમ શેઠ મોટાભાઇ ભીખાજી કંટરાકટરે આગેવાની લઇ એક મોબેદ બોલાવી અગયારી તેમજ મોબેદના રહેવાના મકાનની સગવડ કરી સને ૧૮૮૮ માં એક દખમું, સગ્રડી, કુવો મોટે ભાગે પોતાને ખરચે અને જાતી દેખરેખ હેઠળ બંધાવી આપયાં હતાં. દરેહમેહરના મકાનની જરૂર જણાવવાથી શેઠ મોટાભાઇના બેટા શેઠ સોરાબજીએ પોતાના માતપીતાની યાદમાં રૂ૬૦૦૦ ભરી લગભગ રૂ૧૯૩૨૦ ભરાવી આપયા હતા. આ દરેહમેહરનું મકાન, મોબેદોનું મકાન, અને કુવા પાછળ રૂ૧૭૩૬૦ નો ખરચ થયો છે અને નીભાવ માટે રૂ૨૦૦૦ ની સાડા ત્રણ ટકાની લોન ખરીદી છે. એ લોન તથા બાઇ ધનબાઇજી પે. હકીમે રૂ૫૦૦૦ ની ૩ાા ટકાની લોન તથા જરમન સીલવરના વાસણો, બાઇ મીઠીબાઇ જ. મુગાશેઠે રૂ૩૨૦૦ ની ૩ાા ટકાની લોન તથા જરમન સીલવરના વાસણો, બાઈ ધનબાઇજી પ. અરજાનીએ રૂ૫૦૦ ની ૬ાા ટકાની લોન, અને શેઠ મેરવાનજી એ. કાંદાવાળાએ રૂ૧૦૦ ની ૩ાા ટકાની લોન આપી છે તે મલી રૂ૧૦૮૦૦ ની લોન મુંબઇની પારસી પંચાયતને આપી છે અને તેના વ્યાજમાંથી સુખડ, કાહી, તેલ વગેરેનો ખરચ કરવામાં આવશે. શેઠ રૂશતમજી ડોસાભાઇ ઉમરીગરે પોતે રૂ૬૦૦ ભરી લગભગ રૂ૩૨૩૬ ઉગરાવ્યા હતા તથા શેઠ હોરમશાહ સો. કંત્રાકટરે કરાંચી જઇ રૂ૩૪૦૦ ઉગરાવ્યા હતા. માહારાજાએ મકાન માટે જમીન ભેટ આપી છે તે માટે એઓનો તેમજ નાણા ભરનારાઓનો અને મદદ કરનારાઓનો ઉપકાર માનયા પછી આ કામમાં મદદ કરનારાઓને શીયાલો એનાયત થઇ હતી.

મદરાસ ખાતે ખુલ્લો મુકાયલો હોલ—મદરાસ ખાતે મુંબઇવાલા શેઠ અરદેશર દીનશાજી માલજીએ પોતાના મરહુમ ધણીયાણી ખુરશેદબાઇની યાદમાં રૂપયા દશ હજારને ખરચે બંધાવી આપેલો "ખોરસેદ હોલ" રોજ ૧૦ મો માહા ૨ જો તા૦ ૧૯ મી અકટોબર ૧૯૨૧ ને બુધવારે સાંજે પાંચ વાગે અંજુમનના બાગમાં ખુલ્લો મુકવામાં આવ્યો હતો. મદરાસમાં રવાન થતું હતું. ત્યારે જુની ઇમારતના એક ઓરડામાં મુકવામાં આવતું હતું પણ ઘણી અડચન અને નાઘલો પડવાથી શેઠ અરદેશરે નવું મકાન બંધાવી આપયું છે અને એવી સરત કીધી છે કે રવાનોને સચકી ઘટતી ક્રીયા કામો તેમજ દીનાઇના સરવે કામો કરવા અને અંજુમનની મીટીંગો ભરવી તથા એ સીવાય બીજા ઉપયોગમાં લેવો નહી. એ મકાન માટે અંજુમનની બાગમાની ખાલી જગા વગર દામે આપી છે, અને શેઠ અરદેશરે ઘટતું ફરનીચર મુકી નીભાવ માટે સારી રકમ આપી છે. એવણે કરેલી સખાવતની પીછાનમાં મદરાસની અંજુમનના પ્રેસીડંટ શેઠ હોરમજી નવરોજી એનજીનીયરે માનપત્ર સાથે ચાંદીનું તાઝ શેઠ અરદેશરને એનાયત કરી યોગય શબ્દોમાં ઉપકાર માનયો હતો.

પુણા ખાતે ખુલ્લી મુકાયલી ધરમશાળા—પુણા કેનટોનમેનટમા સને ૧૮૨૫ માં મુંબઇવાલા શેઠ રૂસતમજી મેહરવાનજી સુબેદાર તથા શેઠ નવરોજજી નસરવાનજી ગીસ્તાએ જરથોસતીઓ માટે એક ધરમશાળા બંધાવી હતી, જે દખણના વડા દસતુરજી મરહુમ સરદાર ખા૦ બા૦ દસ્તુર નશરવાનજી જામાસપજીને હસ્તક હતી. એ મકાન ખાસ ધરમશાળા તરીકે વપરાતું નહી હતું પણ આગલા વખતમા તયા જરથોસ્તી નીશાળ હતી અને એક ડીસ્પેન્સરી

કહાડયો હતો, જયા કોઇ કોઇ વાર ધરમ કીયા થતી હતી અને બાહેરગામના રવાનો આવે તેઓનો સચકાર કરવામા આવતો હતો. એ ધરમશાળાનું મકાન બીસમાર થવાથી કરાંચીવાલા બાઇ શીરીનબાઇ રૂસતમજી ડોશાભાઇ મારકરે પોતાના મરહુમ પીતાજી શેઠ એદલજી દીનશાહ તથા મરહુમ માતાજી બાઇ બચુબાઇના પુણને માટે નવેસરથી અકટોબર ૧૯૨૧ માં બંધાવી આપયું છે. એ મકાન ખુલ્લું મેલવાની કીયા દખણના વડા દસ્તુરજી સરદાર કેકોબાદે કરી જણાવ્યું કે, બાહેર ગામથી અને ખાસ મીરજથી તેમજ યરોડાની "લ્યુનાટીક એસાઇલમ"માંથી જરથોસ્તીઓના રવાનોને પુણામાં લાવવામાં આવે છે તેઓના સચકારની જગા અત્રે તેવી ન હોવાથી આ ધરમશાલા એ કામ માટે વાપરવામાં આવશે.

શેઠ વાહાડયાજીના આતશબેહરામમાં કરવામાં આવેલો ફેરફાર—મરહુમ શેઠ હોરમજી બમનજી વાડયાજીના આતશ બેહરામનાં પુરાણા મકાનમાં ઘણો મોટો ફેરફાર કરી તેને વધારે કુસાદે બનાવી ઇલેકટ્રીક લાઇટ વગેરેથી સંગારી મકાનના સુધારા વધારા પાછળ મોટો ખરચ કરવામાં આવ્યો છે. આ આતશ બેહરામનો ઉપલા મજલાવાલો હોલ ટેબલ ખુરશીઓની કેટલીક સામગ્રીઓ સાથે જાહેર ભાષાણો, વાયજો, જશન માટે આ આતશ બેહરામની રોજ ૧૭ મો માહા ૨ જાને દીને પડેલી ૯૨ મી સાલગ્રહના મુબારક દીવસથી જાહેર પડવાસ માટે ખુલ્લો મુકવામાં આવ્યો છે. સર હોરમજી અરદેશર વાહાડયાના મરહુમ બેટી બાઈ રતનબાઈ બમનજી જમશેદજી અરદેશર વાહાડયાના થયલા ઉઠમણામાં ભરાયલી રકમમાંથી રૂ૩૦૦૦૦ આજે પાક આતશબેહરામના વધારા તથા સુધારા માટે આપવામાં આવ્યા છે અને મરહુમ બાઇ રતનબાઇની સબી હોલમાં ખુલી મુકવામાં આવી છે. મરહુમ સર શાપુરજી બ. ભરૂચાની નઇયતે શેઠ અરદેશર મેરવાનજી ભરૂચાએ આતસબહેરામ અને આદરાનના પવીત્ર કેબલાના બેઉ દીવાનખાનામાં સુંદર ગલીચાઓ તેમજ ચાંદી તથા જરમન સીલવરના વાસણો અને ૧૦૦ ખુરસીઓ ભેટ આપી છે.

નવસારીની તાતા સ્કુલનું ખુલ્લું મુકાયલું મકાન—નવસારી ખાતે દાદાભાઇ કાવશજી તાતા નવસારી એ. વ. સ્કુલને લગતું વધારાનું નવુ મકાન ખુલ્લું મુકવાની કીયા વડોદરા રાજયના કેલવણી ખાતાના કમીશનર ખા૦ બા૦ આદરજી મેહરનોશજી મશાણીએ રોજ ૨૨ મો માહા ૨ જો તા૦ ૩૧ મી અકટોબર ૧૯૨૧ ને વાર સોમને દીને સાંજે કરી હતી. સ્કુલની કારોબાર મંડલીના પ્રમુખ શેઠ પરદુનજી મા. કાંગાએ સ્કુલને લગતી વીગત કહેતાં જણાવ્યું કે આ નવા મકાનનો પાયો તા૦ ૩૧-૧૨-૧૯૨૦ ને દીને નખાયો હતો. સર કાવશજી જાહાંગીર જરથોસતી મદરેસા જે તે વેળા નવસારી જરથોસતી મદરેસા તરીકે ઓળખાતી હતી તેની સથાપના ૧૮૫૬ માં થઇ ત્યારથી સને ૧૮૯૮ સુધી જે વરસોની આ શાલા બનેલી છે અને તેને મદરેસાના અખંડ ભાગ તરીકે ચાલુ રાખી હતી. નામદાર સરકારે મદરેસાને ગ્રાંટ આપવાની ગોઠવણ કરવાથી ૧૮૭૮ માં આ તમામ વરગો મદરેસાથી છુટા પાડયા પછી એ ગ્રહસ્થોએ નવસારી એ. વ. સ્કુલ તરીકે ચલાવી અને ૧૮૮૦ ની આખરીએ શેઠ સોરાબજી કાવશજી તાતાએ પોતાના ભાઇ શેઠ દાદાભાઇ કા. તાતાની મીલકતમાંથી આપેલા રૂપયા દશ હજારના બ્યાજમાંથી સ્કુલ નીભાવવાની ગોઠવન થવાથી સ્કુલનું નામ "દા. કા. તાતા એ. વ. સ્કુલ" રાખયું હતું. એના મકાનનો પાયો તા૦ ૩૧ મી દીસેમબર ૧૮૯૪ ને દીને નાખગ્યો હતો અને તા૦ ૨ જી જાનેવારી ૧૮૯૬ ના દીવશે મકાન ખુલ્લું મુકાયુ હતું. મકાન માટે થયલા કુલ ખરચ રૂ૪૭૦૦૦માં રૂપયા વીશ હજાર તથા જમીન સરકારે આપી અને રૂ૨૭૦૦૦ શેઠ રતન તાતાએ આપયા હતા. નાના છોકરાઓ માટે ગામની મધ્ય સ્થળમાં એક ભાડેનું મકાન રાખી તે તા૦ ૩૧-૧૨-૧૯૨૦ સુધી ચાલુ રાખયું પણ જુનું મકાન નાખલું પડવાથી વધારાનું આ નવું મકાન આજે ખુલ્લું મુકવા તેમા મલા છાએ. આ મકાન માટે રૂ૨૬૦૦૦ નો ખરચ થયો તેમાં અરધી રકમ નામદાર સરકારે

તથા અરધી રકમ શેઠ રતનજી તાતાએ આપી છે. એ પછી સ્કુલના અવસતા શીક્ષક એરવદ નવરોજી રતનજી કાંગાએ મકાન ખુલ્લું મુકવાની અરજ કરવાથી પ્રમુખે મકાન ખુલ્લું મુકી પ્રસંગને અનુસરતું વીવેચન કરવા બાદ મેલાવડો વીસરજન થયો હતો.

મુંબઈની જુની સગડી ઉપર મારેલી નવી તખતી—મુંબઇના દોખમાઓની સામે શેઠો બમનજી હોરમસજી અને ખરશેદજી મા. શરાફે પોતાના બાવા મરહુમ શેઠ માણેકજી દો. શરાફની યાદમાં એક સગડી બંધાવી રોજ ૯–૧૦—૧૧૬૪ ને દીને ખુલ્લી મુકી હતી. એ સગડી ઉપર તખતી નહી હોવાથી શેઠ માણેકજી દો. શરાફના એક નબીરા શેઠ ખરશેદજી ધ શરાફે પોતાના ખરચે નીચલી તખતી મુંબઇની પારસી પંચાયતની પરવાનગીથી મારી છેઃ– આ સગડી મરહુમ શેઠ માણેકજી દોરાબજી શરાફની નઇયતે તેવણના બેટાઓ બહમનજી હોરમસજી અને ખરશેદજીએ મરનારની પુંજીમાંથી બંધાવી મરનારની વરસીને દહાડે રોજ ૯ મો આદર યજદ માહ ૧૦ મો દેહ દાદાર હોરમજદ શેહેનશાહી સને ૧૧૬૪ યજદેજરદી તથા તા૦ ૧૫ મી જુલાઇ ૧૭૯૫ ને દીને ઇજાવી અંજુમનના વપરાસ માટે ખુલ્લી મુકી હતી. એ ઉપર તખતી નહી હતી તે આજ રોજે મરનારના બેટાના નબીરા શેઠ ખરશેદજી ધનજીભાઇ ખરશેદજી સરાફે પોતાને ખરચે પારસી પંચાયતના ત્રસ્ટી સાહેબોની પરવાનગીથી મુકાવી છે. રોજ ૨૬ મો આસતાદ ઇઝદ માહ ૨ જો અરદીબેહેશત અમેશાસપંદ શેહેનશાહી સને ૧૨૯૧ યઝદેઝરદી, તા૦ ૪ થી નવેમબર ૧૯૨૧.

સુરતની ગોટીના દરેહમેહરનું બંધાયલું મકાન—સુરત ખાતે ઘાસતીપુરા મધે આવેલ. ગોટીના આતશ આદરીયાનનું મકાન બીસમાર થવાથી તે મુંબઇવાળા જાણીતા સખી શેઠયા શેઠો મનચેરજી ફરામજી ખાને તથા ભીખાજી ફરામજી ખાને રૂપયા ૨૫૦૦૦ ના ખરચે બંધાવી આલેશું નવું મકાન ઇજી તેમાં અસલના કેબલાને તખતનશીન કરી રોજ ૧૭ મો માહ ૪ ઠો તા૦ ૨૫ મી ડીસેમબર ને રવીવારે ખુલ્લું મુકયું હતું. જશન કરવા બાદ સરદાર દાવર ટેમુરસ કાવશજી મોદીએ આ પાક આદરીયાનને લગતી કેટલીક વીગત આપતા જણાવ્યું કે આ આતશનો કેબલો સુરતમાં ઘણો પુરાતન છે અને કયારે તખતનશીન કીધેલા તેની શાહદત મલતી નથી પણ દસતાવેજી પુરાવાથી માલમ પડે છે કે સને ૧૭૯૩ના સાલમાં ઘણા વખત અગાઉથી હસ્તીમાં હતા. મરહુમ શેઠ સોરાબજી કાવશજી નેકશાયતખાંન જેવણ તા૦ ૯ મી એપ્રીલ ૧૭૭૨ને દીને મરણ પામ્યા હતા, તેમણે ટુંકી ગામમાં પોતાના વજીફાની નદી કીનારાપર આવેલી જમીનપર મકાન બાંધી તખતનશીન કીધા હતા. એ પછી મકાન બીસમાર થવાથી અને પારસી વસ્તીથી ઘણુ દુર હોવાથી સુરત નજદીક આ નવું મકાન બાંધયું છે તે જગાબી શેઠ નેકશાયત-ખાનની હતી ત્યા ફરીથી નવું મકાન બાંધયું હતું. એ પછી મરહુમ શેઠ નશરવાનજી કોયાજીએ મોટું મકાન ફરીથી બંધાવ્યું હતું તે સને ૧૭૯૬ માં બંધાયું હોય એમ લખાણ મલે છે. સને ૧૮૩૧ માં સર જમશેદજી જીજીભાઇએ અને ત્યાર પછી શેઠ મેરવાનજી હોરમજી ફરેજરે અને તે પછી શેઠ નશરવાનજી બહમનજી ભાવનગરીએ મકાનની મરામત કરાવી હતી. ઇસ્વી સને ૧૮૫૭ માં મુંબઇવાળા બાઇ હીરાંબાઇ તે મરહુમ શેઠ જાહાંગીર માણેકજી પંથકીના વીધવાએ પોતાના ધણીની યાદમાં પુરાણી ઇમારત તોડી નવેસરથી બંધાવી હતી. હમણા છેલ્લું મકાન તોડી પાડયું તેમાં ત્રણ શેનશાહી અને એક કદમી હીંદોલો હતો તે મુજબ આ નવા મકાનમાં પણ ગોઠવણ રાખેલી છે. ૧૮૫૭ માં આ દરેહમેહરનો વહીવટ વાસણવાલા કુટંબમાં હતો પણ શેઠ નશરવાનજી વાસણવાળા ગુજરી ગયા પછી કેટલાક ગ્રહસ્થોએ દાવર રૂશતમજી મોદીને રેકવી-ઝીશન મોકલવાથી ૧૮૯૨ માં એક ત્રસ્ટડીઠ બનાવી તેનો વહીવટ ટરસ્તીઓ ચલાવે છે. આદરીઆન સાહેબનું મકાન સને ૧૮૯૪ થી દર વરસ મુંબઇ તથા કોલંબોના સખી વેપારી મરહુમ શેઠ મંચેરશાહ ફરામજી ખાન દુરસ્ત કરાવી એજ સાલથી દર વરસે તીર મહીનો ને શરોશ

રોજે આદરીઆનની સાલગ્રેહનું જશન તથા એવણના બાવા મરહુમ શેઠ ફરામજી ભીખાજી ખાનની બાજનું કીયાકામ કરાવી દરરોજ બોય દેતી વખતે ચહડાવવાનું સુખડ મોકલાવતા હતા તેમજ જરમન સીલ્વર વીગેરેના વાસણો એઓએ આપયા હતા. એઓ સાહેબના એવા ચાલુ ટેકાને લીધે તથા આદરીઆનના નીભાવને અરથે શેઠ રૂસતમજી મંચેરજી ફલીપટવીવાલાએ સુરતના બુરેહાનપુરી ભાગલના રસતા ઉપરના કોઠડાં આપેલાં તેનું ભાડું ઘણું વધી જવાથી ફંડની હાલત સારી છે અને હાલ દર વરસે રૂ૩૨૨૫ ઉપજે છે. શેઠ મંચેરશાહ ખાનના અકાળ બહેસતી થવાથી તેમજ શેઠ ખુશરોભાઇ ન. બેહેરેમંદખાને ઘણી કીમતી મદદ આપી હતી તેવોના કવખતના મોતને લીધે આ સંસથાને ભારે ખોટ ગઇ છે. એ બંને સાહેઓની સબી આજ રોજે આ નવા મકાનમાં ખુલ્લી મુકવામાં આવી છે. આ દરેહમેહરનું જુનું મકાન બીસમાર થવાથી શેઠ મનચેરશા ખાને નવું તરસ દીડ બનાવી રૂ૧૭૦૦૦ નવું મકાન બાંધવા આપી અમારી પાસેની રૂ૧૫૬૦૦ ની લોનનું વ્યાજ એમણે કરેલી સરત મુજબ વાપરવા અને પોતાના બે કુટંબીઓને ટરસ્ટી બનાવવા જણાવ્યું હતું. પણ મકાન બાંધવા પાછલ રૂ૨૭૦૦૦ નો ખરચ થવાથી તેમાં પાછળથી શેઠ ભીખાજી ફરામજી ખાને રૂ૮૦૦૦ વધુ આપી પોતાના કુટંબ તરફથી રૂ૨૫૦૦૦ની મદદ કરી છે, એ માટે એઓ સરવેનો ઉપકાર માનવામાં આવે છે. શેઠ ભીખાજી ખાન અતરે આવી શકયા નથી પણ એવણના ભત્રીજા શેઠ બેરામજી મંચેરશા ખાનને મોકલાવ્યા છે તે માટે એવોનો ઉપકાર માન્યે છીએ અને એવણ પોતાના મરહુમ બાવાજીને પગલે ચાલી મદદ કરતા રહેશે એવી આશા છે. શેઠ સોરાબજી બરજોરજી રીપોરટરે રૂ૧૫૦૦ ની કીમતની જરથોસ્તની સબી ભેટ આપી છે. આજના પરથવાના ખરચમાં રૂ૧૦૦૦ નો હીસ્સો ખાન કુટંબ તરફથી મલ્યો છે, તેમાંથી રૂ૫૦૦ ના સદરા તથા સાડીઓ પારસી ગરીબોમાં વહેચવા જણાવ્યું છે જે હવે પછી કરવામાં આવશે. એઓની ચાલુ મલતી રહેલી મદદ માટે અંજુમન તરફથી એક શીયાલ શેઠ બેરામજી મ. ખાનને એનાયત કરૂં છુ. એ પછી મદદ કરનારા બીજા સાહેબોને શીયાલો વગેરે ભેટ આપયા બાદ શેઠ બેરામજી મ. ખાન તરફથી સરવેનો ઉપકાર માનીયા પછી દસ્તુર કાવશાહ રૂશતમજીએ નુરી આતશના ફેબલા માટે ભાષાણ કરવા બાદ મેલાવડો વીસરજન થયો હતો. સાંજે આદરીયાનના કંપાઉડમાં એરવદ બરજોરજી બજાએ ગુસતાસ્પ અને કેતાયુનનું દાસ્તાન ફારસી બેતબાજીમાં કરી ગુજરાતીમાં તરજુમો કરી સંભલાવ્યો હતો. આ દરેહમેહરના કંપાઉંડની લગોલગ આવેલી પોતાના બંગલા સાથની વીસાલ જમીનમાંની બે હજાર જમીન શેઠ રૂસતમજી મીનોચેર કુકાએ ભેટ આપવા જણાવયું છે.

બીલીમોરા ખાતે ખુલ્લું મુકાયલું કલબનું મકાન—બીલીમોરાના જાણીતા શેહેરી શેઠ રતનજી શાપુરજી તાતાએ બીલીમોરા ઝોરાસ્ત્રીયન કલબ માટે બંધાવી આપેલી રતનજી શાપુરજી તાતા બીલડીંગ ખુલ્લી મુકવાની ક્રીયા ખા૦ બા૦ ડાકટર પાલનજી દાદાચાનજીના હાથે રોજ ૧૭ મો માહા ૪ થો તા૦ ૨૫ મી ડીસેમ્બર ૧૯૨૧ ને રવીવારે સાંજે કરવામાં આવી હતી. શરૂઆતમાં તાતા ગરલસ ઈંગલીશ સ્કુલની છોકરીઓએ ઇશ્વર સ્તુતીનું ગાયન ગાયા પછી શેઠ પેસતનજીએ પોતાના પીતા શેઠ રતનજી શા. તાતા તરફથી જણાવ્યું કે શેઠો જીજીભાઇ લીમજીભાઇ બીલીમોરીઆ અને ડોશાભાઇ ધનજીભાઈ ડેપ્યુટી કલેકટર વગેરેની કાળજીથી કલબ હસ્તીમાં આવી છે અને એની લગભગ પચાસ હજારની સ્થાવર તથા જંગમ મીલકત છે. શેઠ ધનજીશા કુવરજી ગંખાએ કલબની પાસેનું પોતાનું મકાન તથા જગા ભેટ આપી છે તે માટે ઉપકાર માનીએ છીએ. કલબ માટે મકાનની જરૂર જણાવાથી કલબની પાસેની જગા કલબના ખરચે વેચાતી લઈ તે ઉપર શેઠ રતનજી શાપુરજી તાતાએ રૂ૧૫૦૦૦ ને ખરચે આ નવું મકાન બંધાવી આપ્યું છે. એ પછી ડા૦ દાદાચાનજીએ નવી બીલડીંગ ખુલ્લી મુકી શેઠ ધનજીશાહએ ભેટ આપેલી જમીન

માટે તેમજ શેઠ રતનજી તાતાની સખાવત માટે ઉપકાર માની જણાવ્યું કે શેઠ રતનજી તાતા અને એવણના મરહુમ ભાઇ શેઠ મનચેરજીએ બીલીમોરા તેમજ ધરમપોર ખાતે સ્કુલો વગેરે માટે અગાઉ બે લાખથી વધુની સખાવત કીધી છે તે માટે તાતા કુટંબને ધન્યવાદ ઘટે છે. કલબ તરફથી શેઠ જીજીભાઇ બીલીમોરીયાએ અને વલસાડવાલા ખા૦ બા૦ કાવશજી ધનજીશાએ શેઠ તાતાની સખાવત માટે સ્તુતી કરવા બાદ મેલાવડો વીસરજન થયો હતો. શેઠ રતનજી તાતાએ રાતે કલબના કમ્પાઉંડમાં ખાણું આપ્યું હતું. આ નવું મકાન બંધાવી આપવા માટે શેઠ રતનજી તાતાને કલબ તરફથી માનપત્ર આપવાનો એક મેલાવડો તા૦ ૩૧ મી ડીસેમ્બરે કલબના કંપાઉંડમાં સચીન સ્ટેટના દીવાન શેઠ પીરોશાહ નશરવાનજી બીલીમોરોયાના પ્રમુખપણા હેઠળ થયો હતો. પ્રમુખે માનપત્ર વાંચતા જણાવ્યું કે મકાન ભેટ આપી કલબને ધરખમ તબક્કા ઉપર લાવવા માટે શેઠ રતનજીના હેશાનમંદ છેએ. સખાવતથી એવણનું તથા કુટુંબનું નામ સદા યાદ રહેશે તેમજ નામદાર ગાયકવાદ સરકારે પણ એવણને "દાતાર મંડળનો" સોનાનો ચાંદ એનાયત કરી માન આપ્યું છે. માનપત્ર કાસકેટમાં મુકી શીયાળ સાથ શેઠ તાતાને એનાયત કીધું હતું. શેઠ રતનજીને આપેલા માન માટે એવણના બેટા શેઠ પેસતનજીએ સરવેનો ઉપકાર માન્યા બાદ છોકરાઓનો સપોરટસનો મેળાવડો થયો હતો, તેમા જીત મેલવનારાઓને શેઠ રતનજી તાતાના હાથે ઇનામો આપવામાં આવ્યા પછી શેઠ રતનજીના માનમાં કલબ તરફથી ખાણાનો મેલાવડો કરવામાં આવ્યો હતો.

જાહાંબોરડી ખાતે ખુલ્લું મુકાયલું સ્કુલનું મકાન—જાહાંબોરડી ખાતે અતંયંજ વરગના છોકરાઓની સ્કુલનું નવું મકાન શેઠ ગુસતાદજી ડોસાભાઇ બીલીમોરીયાએ બંધાવી આપ્યું હતું, તે રોજ ૨૪ મો માહા ૪ ઠો, તા૦ ૧ લી જાનેવારી ૧૯૨૨ ને રવીવારે ખુલ્લું મુકવામાં આવ્યું છે. ગામના પટેલ મી૦ ગોપાલ નાનાએ સ્કુલનો રીપોરટ વાંચતાં જણાવ્યું કે ૧૯૧૮ માં લોકલ બોરડે સ્કુલ ચાલુ કીધી હતી પણ મકાન વગર ઘણી અડચણ પડવાથી શેઠ ગુસતાદજીએ સરકાર પાસેથી જમીન વેચાતી લઇ મકાન બાંધયું છે એ માટે એવણના ઘણા હેશાનમંદ થયા છેએ. આ મકાન ડીસ્ટ્રીકટ લોકલ બોરડને સવાધીન કીધું છે અને એની દેખરેખ વગેરે કરશે. શેઠ અરદેશર ખરશેદજી વેસાવેવાળાએ કેળવણીથી થતા ફાયદા માટે વીવેચન કરવા પછી મકાન ખુલ્લું મુકાયલું જાહેર કરવા બાદ મેલાવડો વીસરજન થયો હતો.

પારસી સેંત્રલ એશોસીએશન તરફથી બીલડીંગનો નખાયલો પાયો—પારસી સેંત્રલ એસોસીએશન કોઓપરેટીવ હાઉસીંગ સોસાયટી તરફથી સીટી ત્રસ્ટની દાદર માટુંગા એસટેટ ઉપર જે ૧૯ પલોટો મેળવવામાં આવયા છે તેમાંના ૫ પલોટોનો કબજો મલવાથી તેમાંની એક બીલડીંગનો પાયો નાખવાની ક્રીયા રોજ ૧ લો માહા ૫ મો, તા૦ ૮ મી જાનેવારી ને રવીવારે સર જમશેદજી જીજીભાઇએ કરી હતી. શેઠ મનચેરજી એ. જોસીએ સોસાયટીને લગતો ઇનતેખાબ રજુ કરતાં જણાવ્યું હતું કે બીલડીંગના ખરચ માટે જે સભાસદોએ એકત્રતીયાસ હીસ્સો આપયો છે તેઓના વસવાટ માટે આ ૧૯ પલોટો છે. આવા સભાસદોની કુલે સંખ્યા ૭૪ ની છે, જેમાના ૧૮ ને "એ" ટાઇપ બીલડીંગ જે બે ઓરડાઓ અને એક રાંધણીની બનેલી છે તેમાં, ૧૭ ને "બી" ટાઇપની બીલડીંગ, જે ૩ ઓરડાઓ અને એક રાંધણીની બનશે તેમાં, ૨૪ ને "સી" ટાઇપની બીલડીંગ જે ચારથી પાંચે ઓરડા અને એક રાંધણીની બનશે તેમાં, અને ૧૫ ને "ડી" ટાઇપની બીલડીંગ જે પાંચથી છ ઓરડા અને એક રાંધણીની બનશે તેમાં વસાવવામાં આવશે. સોસાયટીને ત્રસટ તરફથી કબજો મલેલા પાંચ પલોટ ઉપર બીલ્ડીંગો બાંધવાનું શરૂ થયું છે. આ પાંચમાંથી એક "એ" ટાઇપની, બે "બી" ટાઇપની અને બે "ડી" ટાઇપની છે. આમાંની એક "ડી" ટાઇપની બીલડીંગનો પાયો નાંખવા હું સર જમશેદજીને અરજ કરૂં છું. એ પછી સર જમશેદજીએ પાયો નાંખવાની ક્રીયા કરી પ્રસંગને અનુસરતું ભાષાણ કરતાં સેક્રેટરી શેઠ જોશીએ લીધેલી મેહનત માટે શાબાશી આપ્યા પછી મેળાવડો વીસરજન થયો હતો.

નવસારીમાં ખુલ્લી મુકાયલી બામજી સેનેટરીયમ તથા સકલાટવાળો બલોક—નવસારી ખાતે લુનસીકુઇના રસ્તા ઉપર બાઈ રતનબાઇ એદલજી બામજી તરફથી સેનેટરીયમને લગતા બંધાયલા ચાર બલોકો તથા શેઠ બાપુજી હોરમજી સકલાટવાલા તરફથી બંધાયલો એક બલોક મલી પાંચ બલોકો ખુલ્લા મેલવાની ક્રીરીયા રોજ ૭ મો માહ ૫ મો તા૦ ૧૪મી જાનેવારી ૧૯૨૨ને સનીવારે સાંજે ૫-૩૦ વાગે નામદાર સર જમશેદજી જીજીભાઇ બારોનેટને હાથે કરવામાં આવી હતી. વડા દસ્તુરજી કેકોબાદજી દારાબજીએ કેટલુંક વીવેચન કરી બાઇ રતનબાઇ બામજી તરફથી સેનેટરીયમ ખુલ્લી મુકવાની તેમજ શેઠ બાપુજી સકલાટવાળાએ પોતાનો બલોક પણ ખુલ્લો મુકવાની અરજ કરવાં પછી સર જમશેદજીએ ભાષાણ કરતાં જણાવ્યું કે બાઇ રતનબાઇએ આ ધરમખાતું સ્થાપતી વખતે પોતાનો બંગલો જમીન સાથે જેની કીંમત લગભગ સાહાઠ હજાર રૂપયા થવા જાય છે તે તેમજ એક લાખ રૂપયા આપયા હતા પણ તે પછી એવણે જુદી જુદી વખતે રૂપયા છપ્પન હજાર વધુ આપ્યા છે. શેઠ બાપુજી સકલાટવાલાએ પોતાના મરહુમ ધણીયાણી બાઇ વીરબાઇજીના પુણ માટે એક બલોક બાંધવા રૂપ્યા ચોવીસ હજાર આપ્યા છે. આ બધા બલોકોમાં જોઇતું ફરનીચર મુકયું છે, એવોની સખાવત માટે લંબાણથી સ્તુતી કરી ઉપકાર માની સર જમશેદજીએ બલોકો ખુલ્લા મુકાયલા જાહેર કીધા હતા. સમસુલ ઓલમાં ડા૦ એરવદ જીવણજી જમશેદજી મોદીએ બાઇ રતનબાઇ તરફથી મકાન બાંધવા ઉપર ખા૦ બા૦ માણેકજી પાલનજી પોહવાલાએ કાલજી રાખી મેહેનત લીધી તે માટે એક શીયાલ અને પરસ તથા કંત્રાકટર શેઠ મનચેરજી દાદાભાઇ દેબુને પરસ આપવા જણાવ્યું હતું તેમજ શેઠ બાપુજી તરફથી એ બેઉ સાહેબોને પરસ આપવા જણાવાથી સર જમશેદજીએ ખા૦ બા૦ માણેકજીને બે શીયાલ તથા બે પરસો અને શેઠ મનચેરજીને બે પરસો એનાયત કરી હતી. શેઠ માણેકજીએ ઉપકાર માની જણાવ્યું કે મને આપેલી આ બે પરસોના નાણા તમોને ગમેતેમ ઉપયોગ કરવા પાછા આપું છું. બાઈ રતનબાઇ તરફથી સર જમશેદજી ઉપર આપેલો કાગળ શેઠ જમશેદજી એ. કુતારે વાંચયો હતો, તેમાં જણાવ્યું હતું કે આ સેનેટરીયમ બાંધવા માટે લીધેલી તસ્દી માટે સર જમશેદજીનો તથા ત્રસ્ટીઓનો ઉપકાર માનુ છું અને સર જમશેદજીની આજની સુભ હાજરીના પ્રશંગની યાદમાં રૂપ્યા દશ હજારની વધુ રકમ મુંબઇની પારસી પંચાયતને સવાધીન કરીશ કે આ ખાતાના ભલા માટે તે ખરચવામાં આવે. એ પછી શેઠ બાપુજી હો૦ સકલાતવાલાએ પોતે બંધાવેલા બલોકના નીભાવ માટે રૂપ્યા ત્રણ હજાર આપવાનું જાહેર કરવા પછી મેલાવડો વીશરજન થયો હતો.

ધરમપોર ખાતે ખુલ્લું મુકાયલું મકાન—ધરમપોરના ખહીના સેનેટેરીઅમમાં નવસારીના જાણીતા પરોપકારી બાનુ બાઇ રતનબાઇ એદલજી બામજીએ ૩૮૦૦૦ નાં ખરચે "નોશીરવાન આદલ ગેસટ હાઉસ" બંધાવયું છે તે મકાનનાં બે ઓરડાવાલો એક વીભાગ ખાસ પારસીઓ માટે જુદો રાખવા ધારયો છે અને ગયા જમશેદી નવરોઝથી તે મકાન વપરાસમાં લેવામાં આવયું છે. રાચરચીલું, પલંગ, ગોદરાં તથા જુદી રાંધણીની ગોઠવણ છે અને સાજા માણુસોને દીન ૧૫ થી ૨૦ એકી વખતેની રજા મલશે. એજ મકાનનો એક ઓરડાવાલો બીજો ભાગ સામાનય કોમના વપરાસ માટે રાખયો છે જેમાં સાત દીવસથી વધુની રજા આપવામાં આવતી નથી.

ઉતાકામંડ ખાતે ખુલ્લું મુકાયલું મકાન—ઉટાકામંડ ખાતે તબીયત સુધારવા બયલા માંદા ઓફીસરોને માટે "રતન તાતા હોમ" ઉઘાડવાની કીયા મધરાસના નામદાર ગવરનર લોરડ વીલીંગડને તા૦ ૫ મી જુને એક મેલાવડા સનમુખ કરી હતી. પુષકળ હવા ઉજાસવાળા અને આજુબાજુના ભાગનો અચ્છો દેખાવ માલમ પડે એવી ટેકડીપર એ મકાન આવયું છે, "હીરો ઓન ધી હીલ"ના નામથી ઓળખાતો બંગલો લેડી રતન તાતાએ લડાઇની ભેટ તરીકે

અને લશકરના અમલદારોનાં ઉપયોગ માટે પોતાના ખાવીંદની યાદગીરી તરીકે સરકારને આપયો છે. નામદાર ગવરનરે લેડી રતન તાતાની ઉદાર ભેટ માટે તારીફ કરી હતી.

સુરતની સરની સ્કુલનું ખુલ્લું મુકાયલું મકાન—સુરત ખાતે રૂસતમપરાની નામદાર સર જમશેદજીની છોકરા છોકરીઓની ગુજરાતી નીશાળોને માટે કુશાદે મકાન એજ પરાંના વતની અને નીઝામ હેદરાબાદમાં હાલ વેપાર કરતા મહુસથ શેઠ એદલજી ભીખાજી નાકરાએ લગભગ રૂ૪૦૦૦૦ ના ખરચે બંધાવી મુંબઇની સર જમશેદજી જીજીભાઇ પારસી બેનીવોલનટ ઇનસટીટયુશનના ત્રસટી સાહેબોને હવાલે કીધું છે કે તેઓ એ મકાન સ્કુલોને માટે હંમેશાં વપરાસમાં રાખે. સદરહુ સકુલો ૬૦ થી ૭૦ વરસ ઉપર સથાપવામાં આવી તયારથી જુદા જુદા ભાડેના મકાનોમાં ચાલતી હતી અને ઘણી અગવડો ખમવી પડવાથી શેઠ એદલજીએ આ મકાન બંધાવી આપ્યુ છે તે રોજ ૨૯મો માહા ૫ મો તા૦ ૫ મી જુન ૧૯૨૨ ને સોમવારે સેશનસ જજ શેઠ પીરોજશા જહાંગીરશા તાલેયારખાનના પ્રમુખપણા હેઠળ એક મેલાવડા સનમુખ ખુલ્લું મુકવામાં આવ્યું હતું. શેઠ બેજનજી જંબુસરીયાએ ગુજરાતી નીશાળોની હકીકત લંબાણથી કહી સંભળાવયા બાદ રૂસતમપુરાના જરથોસતી રહીશો તરફનું માનપત્ર સુખડની કાસકેટમાં મેલીને પ્રમુખે શેઠ એદલજી નાકરાને એનાયત કરી સરની સ્કુલના ત્રસ્ટીઓ તરફની એક શીયાલ ઓઢાડી હતી. શેઠ નાકરાએ તેનો ઘટતો જવાબ વાળયા બાદ નવું મકાન ખુલ્લું મેલી બાળકોને ઇનામો વહેંચવામાં આવયાં હતાં. શેઠ એદલજી નકરા તરફથી આ કામમાં મદદ કરનારાઓને શીયાલો વગેરેની ભેટ કરવા બાદ મેળાવડો વીખરાયો હતો.

અંધેરીના આંબોલીમાં નખાયલો ચેહેલીનો પાયો—અંદેરી નજદીક આંબોલીમાં માલકમ બાગ ખાતે ગરીબ પારસીઓ માટેની બાઇ મોતલીબાઇ વાડયા બીલડીંગ જે શેઠ ન. મા. વાહાડયા ચેરીટી ફંડમાંથી બાંધવામા આવશે તેનો પાયો નાખવાની કીરીયા નામદાર ગવરનરના બાનું લેડી લોઇડે રોજ ૯ મો માહા ૬ ઠો તા૦ ૧૫ મા ફેબ્રુઆરીને બુધવારે એક મેલાવડા સનમુખ કરી હતી. મરહુમ શેઠ ન. મા. વાહાડયાના ચેરીટી ફંડના ત્રસ્ટી સર હોરમસજી અ. વાહાડયાએ જણાવ્યું કે સને ૧૯૧૪ ના અમારા રીપોરટમાં જાહેર કરવા મુજબ આ ચેરીટીઝના સ્થાપકના નાના ભાઈ મરહુમ શેઠ નશરવાનજી જાહાંગીર વાહાડયાના ત્રસ્ટીઓ પાસેથી આંમબોલી ખાતેની માલકમ બાગની ૩૫ એકરની ઇસ્ટેટ કાયમના પટાપર લઇ તેનો કબજો અમોએ ૧૯૧૩ ના અકટોબરમાં લીધો હતો, શેઠ નશરવાનજી ૧૮૯૭ માં મરણ પામયા હતા અને પોતાની ઇસ્ટેટ પારસી કોમના લાભ માટે આપી હતી. શેઠ નશરવાનજીનાં એખલા હયાત ત્રસ્ટી ડા૦ સર ટેમુલજી ભી. નરીમાન હમારી કોમના લાભ માટેની યોજના સ્થાપવામાં અમોને મદદ કરવા હમારી સાથ જોડાયા છે. ઇસ્ટેટનો આખો વીસતાર ૧૭૮૯૨૬ ચોરસવાર છે. એમાંથી મધ્યમ વરગના પારસીએ જેઓ પોતાના મકાનો બાંધશે તેઓ માટે ૮૬ પલોટો અલગ કાઢયા છે જેનો વીસતાર ૭૫૦૦૦ ચોરસ વાર છે અને ટરસ્ટ ફંડમાંથી ગરીબ પારસીઓ માટે બાંધવામાં આવનારા મકાનોનો વીસતાર ૩૫૦૦૦ ચોરસવાર છે. બાંધેલા રસતાઓ ૯૦૦૦ ફીટ લાંબા અને તે ૩૩૫૦૦ ચોરસવારનો વીસતાર રોકે છે જ્યારે બગીચાઓ માટે ૨૮૦૦૦ ચોરસવાર જગા તેમજ સેપટીંક ટેંકસ અને ખેતી માટે ૮૦૦૦ ચોરસવાર જગા રાખી છે. શેઠ ફરામજી જે. બીલીઆએ સેનેટરી કામમાં ઘણી કીમતી મદદ કાંઇપણુ લવાજમ લીધા વગર આપી છે, પટે આપનારાઓને રૂ૪૨૦૦૦ જેટલું ભોંય ભાડું આપવા ઉપરાંત ડરેનેજ (ગટર)ના કામ માટે રૂ૧૧૦૦૦૦, રસ્તાઓ બાંધવા રૂ૧૦૦૦૦૦, અને નવા કુવાઓ બાંધવા તથા જુનાઓને મોટા કરવા રૂ૨૩૦૦૦ નો ખરચ થયો છે. ત્રસ્ટી ડા૦ સર ટેમુલજી સાથ થયલા પટાની રૂયે પટાની મુદત ૧૮ વરસ પછી પુરી થશે ત્યારે આ ઇસ્ટેટ ખરીદીએ તો દર ચોરસ વાર દીઠ ૧૨ આના લેખે આપવામાં આવશે જેના રૂ૧૩૪૦૦૦ થવા જશે.

કબજે લીધેલી જમીન પાછલ રૂ૩૬૭૦૦૦ નો ખરચ થયો છે અને વાટર સપલાઇ તથા ફાયર સરવીસ માટે રૂ૪૦૦૦૦ નો ખરચ થવા જશે. બીલડીંગ બાંધવા માટે પટેદારોને જમીન પટે આપવા માટે જમીનની કીમત ચોરસવાર દીઠ રૂ ૧–૮–૦ ગણી છે અને ભોંયભાડું સેંકડે ૪ ટકા ગણ્યું છે, જોકે દર ચોરસવાર દીઠ ખરચ અમોને રૂ ૨–૮–૦ થવા ગયો છે. બે માલથી વધુ ઉંચાઇનું મકાન બાંધવા દેવામાં આવશે નહી તેમજ પારસીઓનેજ રાખવામાં આવશે. બાઇ મોતલીબાઇના નામે ગરીબ પારસીઓ માટે બાંધવામાં આવનારા દરેક મકાનમાં ચાર પારસી કુટંબો રહી શકશે અને દરેક મકાન એકેક માલનું થશે અને તેનું ભાડુ રૂ ૮ નું રહેશે. આ માલકમબાગની ઇસ્ટેટ શેઠો જાહાંગીર અને નવરોજીએ ૨૮૮૫૦ માં ખરીદી હતી. એ પછી નામદાર લેડી લોઇડે પાયો નખાયલો જાહેર કરી આ યોજનાને તેમજ પારસી કોમના આ સંસથાનને સંપુરણ ફતેહ ઇચ્છીયા પછી મેલાવડો વીસરજન થયો હતો.

પંચગનીના ખદીના "બેલ એર" સેનેટરીયમમાં ખુલ્લુ મકાયલુ મકાન— મુંબઇવાલા શેઠ શાપુરજી બમનજી બીલીમોરીયા એકાઉનટંટ તથા જાણીતા ડાકટર રૂસતમજી બમનજી બીલીમોરયા અને કુટંબીઓએ પોતાના મરહુમ પીતાજી શેઠ બમનજી જમશેદજી બીલીમોરીયાની યાદમાં પંચગણી ખાતેના ખદીના "બેલ એર" સેનેટરીયમમાં બંધાવી આપેલા એડમીનીસ્ટ્રેટીવ બલોક ખુલ્લો મુકવાની કીરીયા રોજ ૨૦ મો માહા ૬ ઠો તા૦ ૨૬ મી ફેબરવારી ૧૯૨૨ ને રવીવારે એક મેલાવડા સનમુખ કરવામાં આવી હતી. જશન કરવા પછી ડા૦ સોરાબ બ. વકીલે કેટલુંક વીવેચન કરતાં જણાવ્યું કે જે મરહુમ ગ્રહસ્થની યાદમાં આ બલોક બંધાયો છે તેવણ મોટા દીલના અને ઉંચ વીચારના શહેરી હતા અને પોતાના દીકરાઓ માટે વાજબી રીતે ઘણા મગરૂર હતા. એવણના દીકરાઓએ પોતાના પીતાની યાદ જલવાઈ રહે તે માટે આ બલોક બંધાવી આપ્યો છે. આ બલોક લાંબા વખતની ગરજ સારશે કારણ કે એડ-મીનીસ્ટ્રેટીવ બલોક તથા ગેસ્ટ હાઉસની ઘણી જરૂર હતી. શેઠ શાપુરજી બીલીમોરીયા આ ખાતા તરફ હમેશા પ્રેમની લાગનીથી જોતા રહયા છે તેમજ મારા મીત્ર ડો૦ રૂશતમ બીલીમોરીયા ઘણી મોટી લાગણીથી જોઇ મદદ આપે છે. એવણ તરફથી નવ વરસ ઉપર જાલીમ રોગના દરદીઓને રાહત આપવાના ઇરાદાથી આ ખાતું સ્થાપવામાં આવ્યું હતું અને આવા બીનસવારથી કામમાં મદદ કરવાની મને ઉલટ થઇ હતી. આ વરસથી આ ખાતાને એક નવા તબકકા ઉપર મુકી તેની હસ્તી જાવેદાન કરવાની ધારણા રાખયે છીએ. વાઇ ગામમાં ઈંડસ્ટ્રીયલ ખાતાની શરૂઆત કરી છે અને આ ખાતામાંથી જે દરદીઓ સારા થઇ મુંબઈ જેવા ગીચ વસ્તીવાલા શેહરમાં રહી શકતા નહી હોય તેઓને માટે યોજના ઘડી, ઘણા દરદીઓને નીભાવવાની કોશેશ કરી છે. એ પછી મીસ જરબાનુ બેહ. કાકડાવાળાએ બીલીમોરીયા કુટંબની સખાવત માટે ઉપકાર માની જણાવ્યું કે ડા૦ બીલીમોરીયાએ આ ખાતાની સ્થાપના કરી મોટું પુનનું કામ હાસલ કીધું છે. એવણના ભલા સવભાવ અને ત્રીટમેંટથી દરદીઓને તેમજ તેઓના કુટંબને પણ એવણ રાહત આપે છે તેમજ અતરેના ડા૦ સોરાબ વકીલ અને ડા૦ જમશેદ દલાલ દરદીઓ તરફ હમેશા માયાથી વરતી પોતાની કીમતી મદદ આપતા રહયા છે. એ પછી શેઠ શાપુરજી બીલીમોરીયાએ પોતાના કુટંબને આપેલા માન માટે ઉપકાર માની બોલયા કે આ ખાતું વધારે પગભર કરવાને હવે ત્રસ્ટીઓને હસ્તક સોપ્યું છે અને જાહેર પ્રજા તરફથી તેને સારો ટેકો મલશે. સેવટે ડા૦ વકીલે જાહેર કીધું કે મરહુમ શેઠ બમનજી બીલીમોરીયાના મીત્ર શેઠ રૂશતમજી રાવે આજના દીવસની યાદમાં રૂ૫૦૧ સેનેટરીયમને ભેટ આપ્યા છે. એ પછી મેલાવડો વીસરજન થયો હતો.

સીકંદરાબાદની અંજુમનની દરેહમેહેરનું ખુલ્લું મુકાયલું મકાન–સીકંદરાબાદ ખાતે મરહુમ ખાન બહાદુર બેહરામજી સોરાબજી ચીનાઇવાળી અંજુમનની દરેહમેહેરનું નવું મકાન

ખુલ્લું મુકવાની ક્રીયા ખાન બહાદુર શાપુરજી એદલજી ચીનાઇએ રોજ ૨૦ મો માહા ૬ ઠો તા૦ ૨૬ મી ફેબરવારી ૧૯૨૨ ને રવીવારે કરી હતી. શરૂઆતમાં આદરીયાન સાહેબને દસ્તુરજીએ તખતનશીન કરવા બાદ અંજુમનના સેક્રેટરી ખાન સાહેબ રામયાર અરદેશર ઇછાપુરીયાએ રીપોર્ટ વાંચતા જણાવ્યું કે અતરેની અંજુમનને સખી વજુદ મરહુમ ખાન બહાદુર એદલજી ચીનાઇની તેવણુની હઇયાતી દરમ્યાન મોટો ટેકો હતો અને એવણે પીરોજબાઇ હોલ, સીકંદરાબાદની ધરમશાળા તથા સીવીલ હાસપીટલમાં પારસીઓ માટેનો સુવાવડનો વારડ બંધાવ્યો હતો. ત્યારબાદ એવણુના બેટાઓ તેમજ નબીરાઓએ મીઠીબાઇ ચેરીટેબલ ડીસપેનશરી, જમશેદ હોલ, શેઠ જમશેદજી ચીનાઇ હોલ, દેવલાલીની દરેહમેહેર, રતનબાઇ જાહાંગીર ચીનાઇ ચંદરગાટની ધરમશાળા, રતનબાઇ ચીનાઇ વરનાકયુલર સ્કુલ, તથા રતનબાઇ ચીનાઇ ચેરીટેબલ ડીસપેનસરી વગેરે ધરમના ખાતાઓ સ્થાપ્યા છે. આ ચીનાઇવાલી દરેહમેહર રોજ ૩-૧૨-૧૨૮૯, તા૦ ૧૩ મી આગસ્ટ ૧૯૨૦ને દીને પરથવામાં આવી હતી. તે વેળા મકાન પુરાણુ હોવાથી નવા મકાનની જરૂર જણાવવાથી તે માટે મોટે ભાગે સીકનદરાબાદ તથા હેદરાબાદના જરથોસ્તીઓએ તેમજ શેઠ એદલજી ચીનાઇના કુટંબે સારો ફાલો આપ્યો છે. શેઠ એદલજી બી. નાકરાએ મરહુમ ધણીયાણી બાઇ જરબાઇના પુણ માટે ગુમબઝ બાંધવા રૂ૮૦૦૦, બાઇ ગુલબાઇ ખુરશેદજી જામાસ્પઆસાનાએ મરહુમ ખાવીંદ શેઠ માણેકજી શા આંટીયાના પુણ માટે ગુમબઝની અતરાફનો હોલ બાંધવા હાલી રૂ૬૦૦૦, શેઠ પેસતનજી હો. દેબારાએ યજશને વંદીદાદની ક્રીયા માટેના હોલ સારૂ હાલી રૂ૭૫૦૦, ડા૦ હોરમજી જ. ચીનાઇએ મરહુમ ધણીયાણી બાઇ ડોશીબાઇના પુણ માટે મુકતાદ માડવાના હોલ માટે હાલી રૂ૩૭૦૦, બાઇ સુનાબાઇ શા. ચીનાઇએ બંદગીના હોલ માટે હાલી રૂ૧૧૫૦૦, બાઇ જરબાનુ હોરમજીએ મરહુમ ખાવીંદ શેઠ હોરમજીના પુણ માટે આગલા વરંદા માટે હાલી રૂ૫૦૦૦, બાઇ રતનબાઇ જ. ચીનાઇએ કુવા માટે હાલી રૂ૧૦૦૦, મરહુમ ડા૦ ફ્રશતમજી દાદાભાઇ તથા ધણીયાણી બાઇ કુંવરબાઇના પુણ માટે મરહુમના ખેશીઓ તથા કુટંબીઓએ પાણીની હોજ ફુવારા સાથે બાંધવા રૂ૧૫૦૦ આપ્યા હતા. ખા૦ બા૦ શાપુરજી ચીનાઇના બેટા શેઠ દારાએ મરહુમ મમાઇજી ગુલબાઇના પુણ માટે કંપાઉડ દીવાલ, લોખંડના ગેટો રેલીંગ સાથે બાંધવા સારૂ હાલી રૂ૫૮૦૦ આપવા કબુલ્યું છે તથા શેઠ બાપુજી એ. ચીનાઇએ નાહન નાહવાનો ઓરડો બંધાવી આપવા જણાવ્યું છે. બીલડીંગ બાંધવા સારૂ હાલી રૂ૧૭૧૩૬-૧-૬ ભરાયા હતા, તેમાંથી પુરાના મકાનનું આગલું દરશન, જાંજરૂઓ વગેરે બાંધવામાં આવ્યા છે. શેઠ દીનશાહ ફ્રામજી લેંટીને મરહુમ ધણીયાણી બાઈ દીનબાઇના પુણ માટે રૂ૩૦૦૦ ના ખરચે વીજલીની બટીઓ તથા પંખા મુકાવી જરથોસ્તની સખી તથા ચાર બાંકો ખુરસી વગેરે, મરહુમ ખા૦ બા૦ એદલજી ચીનાઇના પુણ માટે તેવણુના ત્રસ્ટ ફંડમાંથી રૂ૧૫૦૦ ની કીમતનું ગુમબઝનું જરમન સીલવરનું અફ્રરગાન્યુ તેના સરવે સામન સાથ તથા તાજ, શેઠ દીનશાજી દા. ઇટાલીઆએ રૂ૫૫૦ની ચાર સેતરંજી, મરહુમ ડા૦ નશરવાનજી ખ. કુરલેવાલાના પુણ માટે બેટા તથા કુટંબે રૂ૧૬૦૦ની કીમતના ઇંધોરા વગેરે અને મરહુમ બાઇ હીરાબાઇ મરચંટના પુણ માટે રૂ૮૦૦ ની કીમતના ઇંધોરા વગેરે ભેટ આપવામાં આવ્યું છે. એ ઉપરાંત બીજા બાનુઓ તથા ગ્રહસ્થો તરફથી ચીજો ભેટ મલી હતી. આ ભેટ આપનારાઓનો તથા મદદ કરનારાઓનો ઉપકાર માન્યા પછી ખાન બહાદુર શાપુરજીએ મકાન ખુલ્લું મુકયા બાદ અંજુમન તરફથી સેક્રેટરી શેઠ રામયારને એક શીયાલ તથા બીજી ત્રણ શીયાલો અને ઘડીયાલ તેમજ બીજા ગ્રહસ્થોને શીયાલો એનાયત કરવામાં આવી હતી. નીભાવ ફંડમાં ખા૦ બા૦ શાપુરજી એ. ચીનાઇએ હાલી રૂ૨૫૦૦૦, નવાબ સોહરાબ નવાઝજંગ બહાદુરે વડુ બઇ યાદગાર ફરેદુન ચીનાઇના ઉઠમણામાં ભરેલા હાલી રૂ૪૫૦૦ ની નીઝામ સરકારની ૭ ટકાની લોન તથા રૂ૨૫૦૦ ની નીઝામ સરકારની ૭ ટકાની લોન બાજ રોજગાર ફંડમાં, શેઠ બાપુજી એ. ચીનાઇએ રોશની કરવા બેઠા

કેપટન ફીરોઝના પુણ્ય માટે હાલી રૂ૪૦૮૦ ની ૭ ટકાની નીઝામ સરકારની લોન, શેઠ હોમજીબાઇ દીનશાહ પંથકીએ મરહુમ બેટા દારાના પુણ્ય માટે રૂ૧૦૦૦ ની ૭ ટકાની બ્રીટીશ સરકારની લોન, બાઇ શીરીનબાઇ દીનશાહ મોદીએ મરહુમ ધણી શેઠ દીનશાજીના પુણ્ય માટે રૂ૩૦૦૦ ની બ્રીટીશ સરકારની સાડા ત્રણ ટકાની લોન નીભાવમાં તથા રૂ૨૦૦૦ ની બ્રીટીશ સરકારની સાડા ત્રણ ટકાની લોન બાજ રોજગાર ફંડમાં આપી હતી. એ ઉપરાંત મરહુમ શેઠ જમશેદજી એદલજી ચીનાઇ તથા તેવણના સાહેબજાદાઓએ રૂ૮૦૦૦ ની લોન તથા રોકડા હાલી રૂ૨૬૩-૧૧-૮ અંજુમન હસ્તક આપ્યા હતા તે નીભાવ ફંડમાં આપ્યા છે.

કરાંચીમાં ખુલ્લી મુકાયલી ચાલી—કરાંચીના કમીશનર મી૦ જે. એલ. રીયુનાં ધણીયાણી આઇડા રીયુ જેવણ પારસીઓ તરફ માયા મેહરબાની રાખતાં હતાં તેથી એવણનાં મરણ પછી એવણની યાદગારી માટે એક બલોક તેમજ બીજા ત્રણ બલોકો મલી એક મકાન પંચાયતની વાડીમાં બાંધયું છે, તે ખુલ્લું મુકવાની ક્રીયા રોજ ૩ જો માહ ૭ મો તા૦ ૧૧ મી મારચ ને સનીવારે કમીશનર મી૦ રીયુના હાથે કરવામાં આવી હતી. શેઠ જમશેદ મેહતાએ પંચાતની વાડીમાં ચાલીઓ કેમ બંધાવવા પામી તે વીષે કેટલુંક વીવેચન કરતાં જણાવ્યું કે કેટલાક જરથોસ્તીઓએ આ જગા ખરીદી વરસો સુધી તેનો ઉપયોગ કોમના સંસારી મેલાવડા માટે કરતા હતા. ૧૯૧૦ માં ખા૦ બા૦ કાવશજી હો. કાતરકે મરહુમ ધણીયાણી ખુરશેદબાઇની યાદમાં એક હૉલ સાથે સાત ગાળાનું મકાન તથા ૧૯૧૩માં ખા૦ બા૦ નશરવાનજી મેહતાના ધણીયાણી બાઇ ગુલબાઇએ ૭ કુટંબો માટે મકાન બંધાવી આપવા જણાંવ્યું તેટલા એવણ મરણ પામવાથી એવણના ધણીએ મકાન બંધાવી મરહુમના પહેલા વરસની બાજને દીને ખુલ્લું મુકયું હતું. એ પછી બીજા સાત મકાનો બંધાયા છે, તેમાં (૧) મરહુમ શેઠ અસપંદીયારજી દીનશાના વારેસોએ મરહુમ પીતાની યાદમાં ચાર કુટુંબો માટે, (૨) શેઠ બરજોરજી કા. દુબાશે મરહુમ ધણીઆણી બાઈ આવાબાઈની યાદમાં બે કુટુંબો માટે, (૩) શેઠ બેરામજી ફ. કેનટીનવાલાએ મરહુમ પીતાની યાદમાં બે કુટુંબો માટે, (૪) શેઠ બેરામજી એદલજીના સાહેબજાદાઓએ પીતાજીની યાદમાં ચાર કુટુંબો માટે, (૫) ખા૦ બા૦ નશરવાનજી રૂ. મહેતાએ મરહુમ માતાજીની યાદમાં ચાર કુટુંબો માટે, (૬) શેઠ નસરવાનજી જ. ગોલવાળા અને ગોલવાળા કુટુંબે પોતાના કુટુંબના ચાર મરહુમોની યાદમાં ચાર કુટુંબો માટે, અને (૭) ખોરદાદશાહ હોમ ને નામે ૭ ગાલાનું એક મકાન જેમાંના બે ગાલા બાઇ આવાબાઇ ધનજીશા માસ્તરે મરહુમ ધણી ધનજીશાની યાદમાં, ત્રીજો ગાલો શેઠ અસપંદીયારજી દીનશાહના વારસોએ મરહુમ માતાજીની યાદમાં, ચોઠો ગાલો શેઠ બેમન હો. મીનોચેહેર હોમજીએ, પાંચમો ગાલો શેઠ ધનજીશાહ જાગોસે પીતાજીની યાદમાં અને છઠો ગાલો ખા૦ બા૦ નસરવાનજી રૂ મહેતાએ પીતાજીની યાદમાં બંધાવ્યો છે. એ ઉપરાંત બાર કુટુંબો માટેનું મકાન શેઠ અરદેશર હો. મામા અને છ કુટુંબો રહે એવું મકાન શેઠ એદલજી દીનશાના બેટી બાઈ નવાજબાઇ બંધાવે છે. આ નવું મકાન (આઇડા રીયુ હોમ) ચાર કુટુંબો માટે છે, જેમાના એક ગાલો શેઠ રૂશતમજી કાવસજી વકીલે મરહુમ પીતાની યાદમાં, બીજો ગાલો શેઠ બરજોરજી પી. બાલાએ મરહુમ ધણીઆણી શીરીનબાઇની યાદમાં, ત્રીજો ગાલો શેઠ હોરમજી મા. ખજુરીનાએ મરહુમ પીતાની યાદમાં અને ચોઠો ગાલો મરહુમ મીસીસ રીયુની યાદમાં જરથોસ્તી નામે ફંડ ઉભું કરી બંધાવી આપ્યો છે. આ બધા મકાનો પાછળ રૂ૩૨૩૦૦૦ નો ખરચ થયો છે અને ૬૭ કુટંબો રહી શકે છે. સર જાહાંગીર હો. કોઠારીએ એની બાજુની મીલકત ખરીદી છે, તે એવા કામમાં વાપરવા સારૂ સખાવતમાં આપશે. મરહુમ શેઠ એદલજી દીનશાહે મીડી રોડ ઉપર પંદર કુટંબો માટે એક મકાન અને તેઓના બેટા શેઠ નાદરશાહે પોતાના મરહુમ ધણીયાણીની યાદમાં વીસ કુટંબો માટે એક મકાન બંધાંવી આપ્યું છે. આથી કુલે ૧૩૫ કુટંબો રહી શકશે અને એ પાછળ રૂ૫૪૮૦૦૦ નો ખરચ થયો છે. જો કે હાલમાં કરાંચીમાં ૪૫૦ પારસી કુટંબો

રહેતા હશે. એ પછી મી૦ રીયુએ મકાન ખુલ્લું મુકી સખાવત કરનારાઓની સ્તુતી કરી પોતાના મરહુમ ધણીયાણીનું નામ આપવા માટે ઉપકાર માન્યા બાદ મેલાવડો વીસરજન થયો હતો.

ઉડવાડા ખાતે બંધાયલી ધરમશાળા—ઉદવાડાના સ્ટેશન નજદીક જરથોસ્તીઓના ઉતારા માટે મરહુમ શેઠ ન. મા. વાહાડયાના ધરમખાતાના ટ્રસ્ટીઓએ ધરમશાળાનું એક મકાન બંધાવી આપ્યું હતું પણ તે મકાન નાખલું પડવાથી એની પાસે એક મોટું કુસાદે નવું બીજુ મકાન મરહુમ બાઇ હીરાબાઇ નવરોજી વાહાડયાના પુણ માટે ટ્રસ્ટીઓએ બંધાવી આપ્યું છે, તે ખુલ્લું મુકવાની ક્રીયા રોજ ૨૬ મો માહ ૭મો તા૦ ૩ જી એપ્રીલ ને સોમવારે સવારના ૧૧ કલાકે કરવામાં આવી હતી. જશનની ક્રીયા કરવા પછી દસ્તુરજી મીરઝાએ પ્રસંગને અનુસરતું ભાષણ કરવા પછી ખા૦ બા૦ કાવશજી ધનજીભાઇ ધનબુરાએ શેઠ નશરવાનજી નવરોજી વાહાડયાને મકાન ખુલ્લું મુકવાની અરજ કરવાથી એવણે મકાન ખુલ્લું મુકાયલું જાહેર કરવા બાદ શેઠ જીજીભાઇ વાહાડયાએ શેઠ કાવસજી ધનબુરાને એક શીયાલ તથા ચાંદીનું ફ્લાવર વાઝ ટ્રસ્ટીઓ તરફથી એનાયત કીધું હતું.

સુરતની આરફ્નેજમાં ખુલ્લુ મુકાયલુ કસરતશાળાનું મકાન—સુરત ખાતે શેઠ કુકાવાલી પારસી આરફ્નેજના કંમપાઉન્ડમાં સુરતની પંચાયતના માજી શરનશીન મરહુમ ખા૦ બા૦ બરજોરજી નશરવાનજી વકીલની યાદમાં એક જરથોસ્તી ગ્રહસથે બંધાવી આપેલું કસરતશાળાનું મકાન જેને "ખા૦ બા૦ બરજોરજી નશરવાનજી વકીલ સુરત પારસી જીમનેસીયમ" નું નામ આપયું છે તે ખુલ્લું મુકવાની ક્રીયા તા૦ ૨૩ મી એપ્રીલ ૧૯૨૨ ને રોજ ૧૬ મો માહા ૮ મો ને રવીવારે સાજે પા૫ વાગતે સેશનસ જડજ શેઠ પીરોશાહ જાહાંગીરશા તાલેયારખાનના પ્રમુખપણા હેઠળ કરવામાં આવી હતી. શરૂઆતમાં પંચાયતના સરનશીન શેઠ કાવશજી બરજોરજી વકીલે જણાવ્યું કે રહેઠાણોની કોટાઇ જણાવાથી શેઠ રૂશતમજી મ. કુકાએ રૂપ્યા બત્રીસ હજારની કીમતની એ ચાલીઓ સુરતની પંચાયતને અંજુમનના ઉપયોગ સારૂ ભેટ આપી છે. જીમને-શીયમની જરૂર જણાવાથી પંચાયતની બોરડના માજી મરહુમ સરનશીન અને મારા મુરબીજી પીતાજી ખા૦ બા૦ બરજોરજી કોશેશ કરી રહયા હતા તેથી એક જરથોસ્તી ગ્રહસ્થે રૂ૬૨૦૦ને ખરચે મકાન બંધાવી આપી એપરેટસ માટે તેમજ મેળાવડાના ખરચ માટે રૂ૧૮૦૦ વધુ આપયા છે. આરફ્નેજના છોકરાઓને કસરતમાં ઇનામ આપવા શેઠ રૂશતમજી કુકાએ રૂ૫૦૦ નું બોંડ આપયું છે. એ પછી પ્રમુખ શેઠ તાલયારખાને મકાન ખુલ્લું મુકાયલું જાહેર કરી છોકરાઓને ઇનામો વેહેચી શેઠ એરચશા મે. કાપડયાને પરસ તથા ચાંદીનું કપ ભેટ આપી પ્રસંગને અનુસરતું વીવેચન કરવા પછી મેલાવડો વીસરજન થયો હતો.

દેવલાલી ખાતે ખુલ્લું મુકાયલું ઓપરેશન થીએટર—દેવલાલીની કેનટોનમેનટ હોસપીટલમાં ત્યાના જાણીતા વેપારી મેશરસ નશરવાનજી [illegible] પહેડીવાલા શેઠ નસર-વાનજી શાપુરજી મોગરેલીઆએ પોતાના મરહુમ ધણીઆણી [illegible]બાઇની નહયતે બંધાવી આપેલું ઓપરેશન થીએટર સતાવાળાઓને સવાધીન કરવા [illegible] રોજ ૨૦ મો માહા ૯ મો તા૦ ૨૭ મી મેહ ૧૯૨૨ ને સનીવારે જશનની ક્રીયા કરવામાં આવી હતી, શેઠ દીનશાહ ખ. વાચ્છાએ શેઠ નશરવાનજીએ આ ધરમનું મકાન બંધાવી આપયું તે માટે તેઓની ઘટતા શબદોમાં પ્રસંસા કરી મુબારકબાદી આપી હતી.

કરાંચી ખાતે ખુલ્લી મુકાયલી ચાલી—કરાંચી ખાતે બાઇ નવાજબાઇ હોરમજી તે મરહુમ સખી શેઠ એદલજી દીનશાના બેટીએ રૂ૫૦૦૦૦ના ખરચે ૮ કુટુંબ રહી શકે [illegible] માળવાળી ચાલ બંધાવી છે તે ચાલ ગયા મે ૧૯૨૨ માં જશન કરી પારસી [illegible]

મીલકતોના ટ્રસટી સાહેબોને સવાધીન કરવામાં આવી છે. આ થાલીમું નામ "બાઇ નવાજબાઇ હોરમજી હોમ" રાખ્યું છે.

નવસારી ખાતે ખુલ્લી મેલાયલી કસરતશાળા—નવસારી ખાતે દાદાભાઇ કાવશજી તાતા નવસારી એંગલો વરનાક્યુલર સ્કુલને લગતી "ફરદુનજી માણેકજી કાંગાં કસરત શાળા"નું મકાન તા૦ ૯ મી જુન ૧૯૨૨ યાને રોજ ૩ જો માહા ૧૦ મો ને સુકરવારે સાંજે નવસારીના માજી સુબા રા૦ બા૦ ખાશેરાવ જાદવના પ્રમુખપણા હેઠળ ખુલ્લું મુકવામાં આવ્યું હતું. શરૂઆતમાં સ્કુલના ઓનરરી સેક્રેટરી શેઠ બમનજી હોરમજી દસતુર જામાસ્પ-આશાનાએ જણાવ્યું કે શેઠ રતનજી દાદાભાઇ તાતાએ રૂ૮૬૫૦ ને ખરચે કસરતશાળાનું મકાન બંધાવી એમા રૂ૨૨૫૦ ની સામગ્રીનો મુકાવી શેઠ કાગાંની સભી ભેટ આપી છે. એ પછી પ્રમુખે મકાન તથા શેઠ કાંગાની સભી ખુલી મુકી પ્રસંગને અનુસરતું વીવેચન કરી શેઠ કાંગાએ વરસો સુધી કેળવણી માટે લીધેલી તારીફ લાયક સેવાની સ્તુતી કરી હતી. શેઠ કાંગાએ પોતાને આપેલા માન માટે તેમજ કસરતશાળાને એવણનું નામ આપયુ તે માટે ઉપકાર માનીયા બાદ મેલાવડો વીસરજન થયો હતો. કસરતશાળાના જાથુકના ફંડમાં શેઠ ફરદુનજી મા. કાંગાએ રૂ૩૦૦૦, શેઠ હોરમસજી શાપુરજી સીરવઇએ રૂ૧૦૦૦, શેઠ અરદેશર જ. બીલીમોરયાએ રૂ૫૦૦ની લોન, શેઠ રતનશાહ ફરદુનજી જીનવાળાએ રૂ૫૦૦નું બોંડ, શેઠ બેજનજી ફરદુનજી માદને રૂ૫૦૦ની લોન, શેઠ સોરાબજી ફરામજી ગંજદરના સાહેબજાદાઓએ રૂ૫૦૦ની લોન, શેઠ નસરવાનજી દા. તાતાએ રૂ૫૦૦ની લોન, શેઠ બેહમન હો. દસતુરે રૂ૫૦૦ની લોન, શેઠ જેહાંગીર ખુશમસ્તા સીરવઇએ રૂ૩૦૦ની લોન, શેઠ ફીરોજ સો. ગજદરે રૂ૨૦૦ની લોન, એક ગ્રહસથે રૂ૩૦૧ આપયા છે. મકાન ઉપર નીચલી તખતી મારેલી છેઃ– એરવદ ફરદુનજી માણેકજી કાંગા, બી. એ., એલ. એલ. બી. સોલીસી-ટરે અત્રેની દાદાભાઇ કાવસજી તાતા એ. વ. સ્કુલના સેકરેટરી તરીકે ૪૨ વરસ સુધી તથા સર કાવસજી જેહાંગીર જરથોસ્તી મદરેસાના સેકરેટરી તરીકે ૨૮ વરસ સુધી, બાઇ નવાજબાઇ તાતા જરથોસ્તી કનયાશાળાની કમીટીના કારોબારી તરીકે ૨૫ વરસ સુધી, તથા જમશેદજી નસ-રવાનજી તાતા હુનરશાળાના સેકરેટરી તરીકે ૧૦ વરસ સુધી એ ખાતાંઓની અને તેઓની મારફતે પોતાના વતનની કેળવણીની જે કીમતી સેવા બીનસ્વારથે બજાવી તેની યાદ તથા કદર-શનાશીમાં તેમના નામની આ "ફરદુનજી માણેકજી કાંગા કસરતશાળા" શેઠ રતનજી દાદાભાઇ તાતાએ પોતાને ખરચે બંધાવી તેને લગતી તમામ સામગ્રી પુરી પાડી છે. કસરતશાળાનો કુલ ખરચ રૂ૮૬૫૦, સામગ્રીનો રૂ૨૨૫૦, એકંદર રૂપીઆ ૧૦૯૦૦. આ કસરતશાળા ખુલ્લી મુકવાની ક્રીયા દીની રોજ રાંમ, માહ ખોરદાદ, શેહેનશાહી રોજ અરદીબેહેસ્ત, માહા દએ, સને ૧૨૯૧ યઝદેજરદી, તા૦ ૯ મી જુન સને ૧૯૨૨ ઇસ્વી, સંવત ૧૯૭૮ ના જેઠ શુદ ૧૫ ને વાર શુક્રને દીને શ્રીમંત સરકાર માહારાજા સયાજીરાવ ગાયકવાડના અમલના ૪૭ માં વરસમાં વડોદરા રાજયના મહેરબાન માજી સરવે અને સેંટલમેંટ કમીશનર અને નવસારી પ્રાંતના લેઃકપ્રીય સુબા સાહેબ રાવ બહાદુર ખાસેરાવ જાદવે કીધી છે.

નવસારીની મેહતા કલબનું ખુલ્લું મુકાયલું વધારાનું મકાન—નવસારી ખાતે લુનસી કુઇ ઉપર આવેલી મેહતા કલબના મકાનમાં વધારો કરી રૂ૭૦૦૦ ના ખરચે બાંધવામાં આવેલુ નવું મકાન રોજ ૫ મો માહા ૧૦ મો તા૦ ૧૧ મી જુન ને રવીવારે ખુલ્લું મુકવામાં આવ્યું હતું. જે વખતે એરવદ મેરવાનજી હોરમજી કરકરીઆએ બીજા મોબેદ સાહેબો સાથે જશનની ક્રીયા કરી પ્રેસીડંટ શેઠ મેરવાનજી નાનાભાઇ મેહતા માટે ભલી દુવાઓ ચાહી હતી. કલબના સેકરેટરી શેઠ એદલજી નવરોજી મેહતાએ જણાવ્યું કે ૧૮૯૬ ના જમશેદી નવરોજને દીવસે કલબની સ્થાપના કરવા પછી પંદર વરસ ઉપર શેઠ મેહરવાનજી ના. મેહતાએ પોતાને ખરચે એનું જુનું મકાન બંધાવી આપ્યું હતું અને નવા મકાનના ખરચમાં શેઠ મેરવાનજીએ રૂ૨૫૦૦ આપ્યા છે.

તારાપોરની દરેમેહરમાં કરવામાં આવેલો ફેરફાર—તારાપોર ખાતેની પીઢીટવાળી દરેહમેહેર બીસમાર થવાથી અને રીપેર કામ કરવાનું કંઇ પણ સાધન અંજુમન પાસે ન હોવાથી અંજુમનના એક મોબેદ બમનજી પેસતનજી બેલીકાકાએ રીપેર કામ કરાવવા માટે ખરચ કરવા ખુશી બતાવી ઘટતા ફેરફાર સાથે પુરૂ કરી રોજ ૧૭ મો માહા ૧૧ માને દીને ઇજી દરેહમેહર ખુલી મુકવામાં આવી છે. એવણને આ કામ માટે રૂ૩૧૬૪ નો ખરચ થયો છે તથા લાદી રંગ વીગેરેનો ખરચ તારાપોરવાલા શેઠ જાલેજર અરદેશર દોરાબજીએ પોતાના ગીરોથી કીધો છે જે આસરે રૂ૧૮૦૦ થવા જાએ છે. જો કોઇ સાહેબ તરફથી એ નાણાં આપવામાં આવશે તો ખરચ કરનાર શેઠ બમનજી પાછા લેશે અગર થોડા ઘણા આપશે તો તેમાં બાકી પોતાનાં ઉમેરી પુરા કરશે. તારાપોર અંજુમન તરફથી તે સાહેબોનો મોટો ઉપકાર માની અંજુમન તરફથી મદદ કરનારાઓને શીયાલો વગેરે એનાયત કરવામાં આવી હતી.

કરાંચી ખાતે ખુલ્લુ મુકાયલુ હોમ—કરાંચીના જાણીતા શેહેરી અને વેપારી શેઠ અરદેશર હોરમજી મામાએ બંધાવી આપેલું હોમ રોજ ૨૧ મો માહા ૧૧ મો તા૦ ૨૭ મી જુલાઇ ૧૯૨૨ ને ભેસપતવારે સીંધના કમીશનર મી૦ જે. એલ. રીયુએ એક મોટા મેળાવડા સનમુખ ઉઘાડવાની કીયા કરી હતી. આ હોમમાં ઉપર છ અને નીચે છ મલી બાર ગાળા છે. દરેક ગાળાનું રૂ૧૫ ભાડુ રાખ્યુ છે અને ટેક્ષ વગેરે બાદ કરી બાકી વધશે તે મામા પારસી ગરલ્સ સ્કુલને આપવામાં આવશે. શરૂઆતમાં જશન કરવા પછી શેઠ અરદેશર મામાએ મી૦ રયુને હોમ ખુલ્લું મુકવાની અરજ કરતાં જણાવ્યું કે મારા મરહુમ પીતાજી ખાનસાહેબ હોરમજી અને મારા માતાજી હોમલીબાઇની યાદમાં પોણા લાખ રૂપ્યાને ખરચે ગરીબ પારસીઓ માટે બાંધયું છે. આ પંચાયતની વાડીની બધી જગા ચાલો બંધાયાથી ભરાઇ ગઇ છે અને બીજા મકાનો બંધાશે નહી. શેઠ જમશેદ રૂ. મેહતાની મેહનત અને ખંતથીજ આ જગાનો સારો ઉપયોગ થયો છે અને તે ઉપર આ બધા મકાનો બાંધવામાં આવ્યા છે તે માટે પારસી કોમ એવણની આભારી છે. હુ એવી સુચના કરૂ છુ કે કંમપાઉંડમાં શેઠ જમશેદજીનું એક બાવલું પારસીઓએ ઉભું કરવું એ માટે મારી તરફથી રૂ૨૦૧ આપુ છુ. મી૦ રયુએ આ "મામા પારસી હોમ" ખુલ્લું મુકી પોતાને આપેલા માન માટે ઉપકાર માની શેઠ મામાની સખાવતની સ્તુતી કરી શેઠ જમશેદ મેહતાના વખાણ કીધા હતા. ખા૦ બા૦ કાવશજી કાતરકે શેઠ મામાની સખાવતના વખાણ કરતાં જણાવ્યું કે શેઠ મામાએ લગભગ છ લાખ રૂપ્યાની જુદી જુદી સખાવતો કીધી છે તેમાં કરાંચીની મામા પારસી ગરલ્સ સ્કુલ માટે રૂ૩૦૦૦૦૦, આ "મામા હોમ"ના રૂ૭૫૦૦૦, સદરની દરેહમહેરમાં હોલ બાંધયો રૂ૨૫૦૦૦, મહાબલેશ્વરમાં "મામા હોલ માટે" રૂ૨૦૦૦૦, લડાઇના જુદા જુદા ફંડોમાં રૂ૨૦૦૦૦, યંગ વીમેનસ ક્રી૦ એસોસીએસન બીલ્ડીંગ ફંડમાં રૂ૧૫૦૦૦, મગર પીર પર મામા અને મારટીન બાથ માટે રૂ૧૨૦૦૦, આંધળા સીપાહો માટેની સ્કુલમાં રૂ૧૦૦૦૦, ડફરીન હોસ્પીતાલમા રૂ૧૦૦૦૦, મીસીસ રીયુ અને મી૦ ને મીસીસ મારટીન સ્કોલરશીપ રૂ૬૦૦૦, કરાંચી પારસી મેટરની હોમમાં રૂ૬૦૦૦, સુરતની પારસી મેટરનીટી હોમમાં રૂ૫૦૦૦, સેંટ ડનસટનસ હોમમાં રૂ૫૦૦૦, નારગોલ પારસી સ્કુલને રૂ૫૦૦૦, અને પારસી વીરબાઇજી સ્કુલમાં રૂ૫૦૦૦ આપયા હતા. ખા૦ બા૦ કાતરકે શેઠ જમશેદની કીમતી મદદ તથા સેવાઓની વખાણ કરીયા બાદ મેલાવડો વીસરજન થયો હતો.

પરેલ જાહાંગીર બાગમાં ખુલ્લા મુકાયલા શેડો—પરેલ ખાતે શેઠ ન. મા. વાડયા ચેરીટી ફંડના ટ્રસ્ટીઓ હસ્તકના જેહાંગીર બાગની જમીનના એક ભાગ ઉપર શેઠ મનચેરજી એદલજી જોશીની અથંગ મેહેનતથી બાંધવામાં આવેલા કામચલાઉ શેડો ખુલ્લા મુકવાની ક્રીયા સર હોરમજી કાવશજી ભેડનવાળાએ રોજ ૧ લો માહા ૧૨ મો તા૦ ૬ ઠી આગસ્ટને રવીવારે

કરી હતી. શરૂઆતમાં જશન કરવા પછી શેઠ બેરામજી જોશીએ ટુંક હેવાલ કહેતાં જણાવ્યું કે જેઓ ઘરબાર વગરના થઇ પડે તેઓને તુરત છુટકારો આપવા માટે આ કામચલાઉ શેડોનો આસરો આપવામાં આવશે. શેઠ વાડીઆ ચેરીટીઝના ટ્રસ્ટીઓની મેહરબાનીથી આ જગા પાંચ વરસ સુધી વગર ભાડે મળી છે. મુંબઇની પારસી પંચાયતના ટ્રસ્ટીઓએ રૂ૨૦૦૦૦ ધીર્યા છે જેમાંથી આજે ખોલવામાં આવનારા બે બાંધકામો ઉભા કરવામાં આવ્યાં છે અને કોલાબાના કુપરેજના મેદાનમાના લશકરી બાંધકામો રૂ૬૮૨૫ માં ખરીદી લીધા છે. શેઠ નશરવાનજી સોરાબજી ગજડરે પોતાની ત્રાલીઓ ખરીડેલો બધો માલ કોલાબેથી પરેલ લાવવા સારૂ વગર દામે વાપરવા આપી હતી. સર હોરમજી એદનવાળા હમેશા મોટી મદદ આપતા રહયા છે. બે ઓરડાના બલોક માટે ભાડુ રૂ૧૫ અને એક ઓરડા માટે રૂ૭ રાખ્યું છે. એ પછી સર હોરમજી એદનવાલાએ વીવેચન કરતાં જણાવ્યું કે કોમની ગરજને વખતે આવા કામચલાઉ શેડો થોડી ઘણી મદદ આપે છે. આ કામમાં મદદ કરનારાઓનો ઉપકાર માનયા બાદ ખા૦ બા૦ ડાકટર જાહાંગીર ખરશેદજી દાજીએ પસંગને અનુસરતું વીવેચન કરવા પછી શેડો ખુલ્લા મુકાયલા જાહેર કરવા બાદ મેલાવડો વીસરજન થયો હતો.

પારડીમાં ખુલ્લું મુકાયલું સખડીનું મકાન—પારડી ખાતે દોખમાને લગતું સગડીનું મકાન નાધલું પડવાથી એક મોટું મકાન બાઇ નવાજબાઈ માણેકજી તે શેઠ હોરમજી ગાંડાભાઇના દીકરીએ પોતાના એક પુરી દીકરી બાઈ સુનાબાઇ જેવણ રોજ ૨૩ મો માહા ૨ જો સને ૧૨૮૭ ને દીને બેહેસતનશીન થયાં હતાં તેવણુની યાદગારી કાયમ રાખવા માટે રૂ૫૦૦૦ના ખરચે બંધાવી આપયું છે. આ નવું મકાન હજી ખુલ્લુ મુકવાની ક્રીયા રોજ ૨૩ મો માહા ૧૨ મો સને ૧૨૯૧ તા૦ ૨૮ મી આગસ્ટ ૧૯૨૨ ને દીને કરવામાં આવી હતી. જશન કરવા પછી પંથકી એરવદ નવરોજી ઉનવાળાએ બાઇ નવાજબાઇની સખાવતની સ્તુતી કરવા બાદ બાઇ નવાજબાઇ તરફથી એવણના ભાઇ શેઠ જમશેદજી હોરમસજીએ સરવેનો ઉપકાર માનયા પછી મેલાવડો વીસરજન થયો હતો. આ મકાનમાં બાઇ નવાજબાઇએ મોટી સેતરંજી તથા જરમન સીલવરના વાસણો ટેબલ ખુરસીઓ વગેરે ભેટ આપયું છે. આ મકાન ૪૦ ફુટ લાંબુ ને ૨૮ ફુટ પોહોલું છે.

ગરીબ જરથોસ્તીઓના રહેઠાણ ફંડ હસ્તક બંધાયલા મકાનો—મરહુમ શેઠ ધનજીભાઇ અરદેશર વાહાડયાની પુંજીમાંથી તેવાનાં ધણીઆંની બાઈ મેહરબાઇનાં પુણ શારૂ તેવણુના એકજીકયુટરોએ રૂ૭૭૧૦૪–૯–૪ ને ખરચે તારદેવ વાડીઆ સ્ટ્રીટમાં એક મકાન બાંધી ગરીબ જરથોસ્તીઓના રહેઠાણ ફંડના ટ્રસ્ટીઓને ભેટ આપ્યુ છે. મરહુમ શેઠ રૂસતમજી નવરોજી ગામડીયાનાં પુણ શારૂ એક મકાન ઉપલા મકાનની શામે લગભગ રૂ૩૮૦૦૦ ના ખરચે બાંધવામાં આવયું છે.

વલસાડ ખાતે ખુલવામાં આવેલી આંખની હાસપીટલ—ખા૦ બા૦ દાદાભાઇ રતનજી બલસારાની ઉદાર મદદથી તા૦ ૧–૭–૧૯૨૦ થી એક હોસ્પીટાલ આંખના દરદીઓ સારૂ ખોલવામાં આવી છે જેમાં દરદીઓની તદન મુફત સારવાર થાય છે. હોસ્પીટાલમાં રાખવામાં આવતા તદન ગરીબ દરદીઓને ખોરાકી પણ મુફત આપવામાં આવે છે તેમજ તેઓને પોતાને ગામથી આવવા જવાનો ખરચ પણ એ ખાતાં તરફથીજ અપાય છે. એ હોસ્પીટાલમાં ડાકટર તરીકે ડા૦ પરાગજી ડી. દેસાઇને રોકવામાં આવેલા છે. એ હોસપીટલનો કારોબાર મુંબઇની "બલાઇનડ રીલીફ એસોસીએશન" તરફથી ચલાવવામાં આવે છે.

ખેતાબ.

—:o:—

આપણી રાજકરતી બ્રીટીશ કોમના ઇસ્વી સને ૧૯૨૨ ના નવા વરસની ખુશાલીમાં અપાએલા ખેતાબો તથા માન અકરામમાં નીચલા જરથોસ્તીઓને ખેતાબો એનાયત થયા હતાઃ—

અતરેના જાણીતા લખેશરી શેહેરી અને વેપારી શેઠ ધનજીભાઇ બમનજીને સર નાઇટનો નામીચો ખેતાબ એનાયત થયો હતો.

મુંબઇ મ્યુનીસીપાલીટીના ખાસ તબીબી અમલદાર ખાન બહાદુર ડા૦ નશરવાનજી હોરમજી ચોકસીને સી. આઇ. ઇ. યાને કમપેનીયન ઓફ ધી ઈંડીયન એમપાયરનો નામીચો ખેતાબ એનાયત થયો હતો.

બંગાળના કોરટ આવ વોરડઝના અધીકારી મીસ કોરનેલીઆ સોરાબજીને કયસરે હીંદનો સોનાના ચાંદનો બાર એનાયત થયો હતો.

કવેતાના મયુનીસીપલ કમીશનર શેઠ શયાવકશાહ ફીરોજશાને, જાઓરા સટેટ કાઉનસીલના વાઇસ પ્રેસીડંટ શેઠ જમશેદજી રૂસતમજી ભરૂચાને, અને રતલામની સટેટ કાઉનસીલવાળા શેઠ દોરાબજી ફરદુનજી વકીલને ખાન બહાદુરનો ખેતાબ એનાયત થયો હતો.

સીંધ પોલીસના ડેપ્યુટી સુપ્રીંટેનડંટ શેઠ જાહાંગીર રૂશતમજીને અને અહમદનગરવાલા શેઠ કેખુશરો સરોશ ઇરાનીને ખાનસાહેબનો ખેતાબ જયારે સાગરવાલા શેઠ પેસતનજી બેરામજી રૂશતમજીને ખાનસાહેબ (અંગત) નો ખેતાબ એનાયત થયો હતો.

નામદાર બખતાવર શેહેનશાહ જયોરજ પાંચમાનો જનમ તા૦ ૩ જી જુન ૧૮૬૫ ને દીવસે થયલો હોવાથી એવણુની પડેલી ૫૮ મી સાલગ્રહના મુબારક દીવસની ખુશાલીમાં તા૦ ૩ જી જુન ૧૯૨૨ ને દીને અપાયલા ખેતાબો તથા માન અકરામમાં નીચલા જરથોસ્તીઓને ખેતાબો એનાયત થયા હતાઃ—

નામદાર સર જમશેદજી જીજીભાઇ પાંચમાં બેરોનેટને કે. સી. એસ. આઇ. યાને નાઇટ કમાનડર ઓફ ધી સટાર ઓફ ઇંડયાનો નામીચો ખેતાબ એનાયત થયો હતો.

અતરેના જાણીતા શેહેરી અને શાહ સોદાગર શેઠ હોરમજી કાવશજી દીનશાહ એડનવાળા તે એડન તથા મુંબઇની જાણીતી પ્રખ્યાત પેહેઠી મેસરસ કાવશજી દીનશાહ એંડ બ્રધરસના વડા ભાગયાને સર નાઇટનો નામીચો ખેતાબ એનાયત થયો હતો.

શેઠ બેહરામ એન. કરંજીઆ વેપારીને કયસરે હીંદનો રૂપાનો ચાંદ એનાયત થયો હતો.

પુણા શેહરના માજી સીટી મેજીસ્ત્રેટ અને ઇનકમટેક્ષ કલેકટર શેઠ અરદેશર ફરદુનજી દલાલને, મુંબઇ ઇલાકાના આસીસટંટ એનજીનીયર શેઠ જાલ ડોશાભાઇ દુબાશને, મુંબાઇની જનરલ પોસ્ટ હારીસના ત્રેઝરર ખાનસાહેબ મેરવાનજી એદલજી મીસતરીને ખાનબહાદુરનો ખેતાબ એનાયત થયો હતો.

મુંબઇ મ્યુનીસીપાલીટીના સબ એનજીનીયર શેઠ હોરમજી પસ્તાકયાને, અને સીકંદરાબાદવાળા શેઠ બાપુજી એદલજી ચીનાઇને ખાનસાહેબનો ખેતાબ એનાયત થયો હતો.

મુંબઇની પોલીસ કમીશનરની હારીશના સુપ્રીંટેનડન્ટ શેઠ સી. એમ. તીજોરીવાલાને ઇમપરીયલ સરવીસ ઓરડરનો ખેતાબ એનાયત થયો હતો.

નામદાર પ્રીનસ ઓફ વેલસની સને ૧૯૨૨ માં થયલી હીંદી મુલાકાતના સંબંધમાં એનાયત કરવામાં આવેલા ખેતાબોમાં પોલીસ સુપ્રીંટેનડંટ શેઠ એચ. આર. કોઠાવાલા એમ. બી. ઈ. ને ઓરડર ઓફ ધી બ્રીટીશ એમપાયર (સીવીલ ડીવીઝન) નો ખેતાબ જુન ૧૯૨૨ માં એનાયત કરવામાં આવ્યો હતો. એવણુને નામદાર પ્રીનસ ઓફ વેલસની હીંદની મુલાકાત દરમ્યાન

"ઇનટેલીજનસ બુરો"ના ડીરેકટરના હાથ હેઠળ પોલીસ સુપ્રીટેનડંટ તરીકે તા૦ ૨૫ મી સપટેમબર ૧૯૨૧ થી તે તા૦ ૨૫ મી મારચ ૧૯૨૨ સુધી ખાસ ડયુટી ઉપર નેમવામાં આવયા હતા.

શેઠ હેરાબજી શાપુરજી ગામડયા જેવણુ એડનની શેઠ ભીખાજી કાવશજીની પેઢીના વડા મેનેજર છે તેવણે ૧૯૧૪ ની મહાન લડાઇ વખતે એડન ખાતે કેનટીનમાં રેજીમેંટને સારી સમવડ અને મદદ કરવા માટે લડાઇનો ચાંદ જુલાઇ ૧૯૨૨ માં એનાયત કરવામાં આવ્યો છે.

પારસી બેટલીયનની પરેડ વખતે તા૦ ૨૮ મી જુલાઇ ૧૯૨૨ ને દીને કરનલ હેલીએ સરકારી એકાઉનટંટ શેઠ એદલજી મનચેરજી ભરૂચાને બ્રીટીસ વોર મેડલ એનાયત કરવાની ક્રીરીયા કરી હતી. શેઠ ભરૂચાને અતયાર સુધીમાં ચાર ચાંદ મલેલા છે તેમા સઉથી જુનો ૧૮૮૨ ના સાલમાં લોરડ ઉલસલીના વખતની ઇજીપટની લડાઇનો છે. ૪૦ વરસ દરમયાન તેવણે પાંચ વખત જુદી જુદી લડાઇઓમાં સેવા બજાવીને માન મેળવ્યું છે.

કરનલ કેકી મીસતરી જેવણુ પતીયાલાના નામદાર મહારાજાની નોકરીમાં છે તેવણુને મલેલા સી. બી. ઇ. ના ખેતાબનો ચાંદ એનાયત કરવાની ક્રીરયા લંડન ખાતે નામદાર શેહેનશાહે પોતાને હાથે નવેંબર ૧૯૨૧ માં કરી હતી.

ભરૂચની પંચાયતની બોરડના સરનશીન ખા૦ બા૦ આદરજી મંચેરજી દલાલને ગુજરાતના પહેલા વરગના સરદાર નેમયા છે.

અમદાવાદના જાણીતા શહેરી શેઠ બમનજી અરદેશર દલાલ જેવણુ ગુજરાતના બીજા વરગના સરદાર હતા તેવણુને ગુજરાતના પહેલા વરગના સરદાર નેમયા છે.

સુરતની પારસી કોમના વડા દાવર તેહમુરસ્પ કાવશજી મોદી બેરીસ્ટરને ગુજરાતના પહેલા વરગના સરદાર નેમયા છે.

શેઠ ફરામરોજ બરજોરજી ગારડાને ગુજરાતના સરદાર નેમયા છે અને એવણુને પાલનપુર એજનસીના એસીસટંટ પોલીટીકલ એજંટ નેમવામાં આવ્યા હતા.

શેઠ જમશેદજી સોરાબજી શેઠનાને ઉતર આફ્રીકામાં આવેલાં ટયુનીસ રાજયની સરકાર જે હાલ ફ્રેંચ પોટેકટોરેટ હેઠળ છે, તે સરકારે "ઓરડર ઓફ ધી નીશામ ઇફતેખાર" નો ખેતાબ એનાયત કરયો છે. એવણે ટયુનીસ રાજયની ચોકસ સેવા બજાવી હતી, જેની પીછાણમાં તેવણુને મજકુર ઓરડરના આફીસર બનાવવામાં આવયા છે અને એ ખેતાબને લગતું ડેકોરેશન તેવણુ ઉપર મોકલવામાં આવયું છે.

જરથોસ્તીઓને મલેલી સરતીફીકેટો તથા ચાંદો.

શેઠ કાવસ મેરવાનજી સેપારીવાલા સને ૧૯૧૪ ની ખુનખાર લડાઇની શરૂઆતમાં નામદાર અંગ્રેજ સરકારની વફાદાર સેવા બજાવતાં લડાઇનાં મેદાનમાં મારયા ગયા, તે માટેનો દીલાસાનો તાર સને ૧૯૧૫ માં નામદાર શેહેનશાહ જયોરજે પોતે મોકલયો હતો, તેમજ માજી વાઇસરોય લોરડ હારડીંગે પણ મરનારનાં કુટુંબ તરફ દીલસોજી બતલાવી બીજો તાર મોકલયો હતો. મરહુમ શેઠ કાવસ સેપારીવાળાનાં કુટુંબને આજ દીન સુધી લડાઇનું પેનસન મલે છે. નામદાર શેહેનશાહ જયોરજે સપટેંબર ૧૯૨૨ માં એક ચાંદ તથા નીચલો ખરીતો મરનારના કુટુંબપર મોકલી 'આનર' અને 'ફ્રીડમ' માટે જાન કુરબાન કરનારની સેવાની પીછાન કીધી છે. Buckingham Palace,-I join with my grateful people in sending you this memorial of a brave life given for others in the great war.-GEORGE, R. I.

મરહુમ લેફ્ટનંટ દારબશા રૂસતમજી એદલજી ખરાસ આઈ. એમ. એસ. જેવણુ તા૦૧૦ મી મારચ ૧૯૧૭ ને દીને લડાઇના મેદાનમાં ૨૮ મી પંજાબી રેજીમેનટના ઘાયલ થયલા સીપાહોની સારવાર કરતા હતા તે વેળા મારયા ગયા હતા. તેવણુના કુટુંબ ઉપર નામદાર શહેનશાહ જયોરજે સને ૧૯૨૨ માં નીચલો એક પત્ર લખીને છેલ્લી મહાન લડાઇમાં બીજાઓ માટે પોતાની જીંદગીના આપેલા ભોગની યાદમાં એક વોર મેમોરીયલ મોકલા આપયું છે તેમજ હીંદી સરકારે બ્રીટીશ વોર અને વીકટરી મેડલો મોકલી આપયા છે. BUCKINGHAM PALACE-I rejoice in joining with my grateful people in forwarding a war memorial in the memory of a brave life given for others in the great war. (sd) George R. I.

હીંદમાં એમબયુલંસને લગતાં કામમાં કીમતી સેવા બજાવવાની કદરશનાસીમાં ડો૦ અરદાવીરાફ દીનશાજી એદલબેહરામ બી. એ., એમ. બી. બી. એસ., એલ. સી. પી. એંડ એસ. નો ઉપકાર માનવાનો ઠરાવ કરી તે માટેની એક પારચમેંટ ઉપરની સરટીફીકેટ હીંદી કાઉનસીલના પ્રેસીડંટ નામદાર વાઇસરોય લોરડ રેડીંગ અને જેનરલ સેકરેટરી મી૦ ડબલ્યુ. એમ. કોરનીકની સહી સાથની એનાયત કીધી છે. ડો૦ એદલબેહરામની એમબયુલંસને લગતાં કામની કદર તેમને બે વરસ ઉપર હીંદી કાઉનસીલે તેના ઓનરરી લાઇફ મેમબર તરીકે ચુંટી કહાડી સરટીફીકેટ એનાયત કરીને કીધી હતી અને સેંટ જોન એમબયુલંસ બ્રીગેડ ઓવરસીઝના પારસી નરસીંગ ડીવીઝનના ડીવીઝનલ સરજન તરીકે ડો૦ અરદાવીરાફ દીનશાજી એદલબેહરામની અને લેડી ડીવીઝનલ સુપ્રીંટેડંટ તરીકે બાઇ શીરીન ડોસાભાઇ પંથકીની નેમણુક કરવામાં આવી છે.

ડો૦ મેહેરજીભાઇ પરદુનજી બીસની એમ. બી. બી. એસ. ની હીંદમાં એમબયુલંસને લગતાં કામમાં કીમતી સેવા બજાવવા માટે હીંદી કાઉનસીલના ઓનરરી લાઇફ મેમબર નેમી કાઉનસીલના પ્રેસીડંટ નામદાર વાઇસરોય લોરડ રીડીંગની અને જેનરલ સેકરેટરી મી૦ ડબલયુ. એચ. કોરનીકની સહી સાથની પારચમેંટ સરટીફીકેટ એનાયત કીધી છે.

ઓરડ ઓફ સેંટ જોન ઓફ જેરૂસલેમ, જેના વડા નામદાર શેહનશાહ પાંચમાં જોરજ અને ગ્રાંડ પ્રાયર નામદાર ડયુક ઓફ કોનાટ છે તે નામદારો તરફથી પારસી એમબયુલંસ ડીવીઝનના નીચલા સભાસદોને સેંટ જોન એમબયુલંસ બ્રીગેડ ઓવરસીઝમાં દશ વરસ સુધી 'એફીસંટ' અને માન ભરેલી સેવા બજાવવા માટે 'લોંગ સરવીસ મેડલ' એનાયત કરવામાં આવયા છે:—સટાફ સારજંટ રૂસતમ પેસતનજી થાણેવાલા બારીસટર એટ–લો, સટાફ સારજંટ માણેકશાહ રૂસતમજી

પટેલ, સારજંટ અરદેશર બેહરામજી હોમાવજીર, કારપોરલ જાલેજર કાવસજી કામીસરીએટવાળા, કારપોરલ જમશેદ ડોસાભાઇ દેશાઈ, કારપોરલ જાલેજર રુસતમજી દુબાશ, કારપોરલ સયાવક્ષ હોરમસજી મહેતા બી. ઇ., પ્રાઇવેટ કેખશરૂ પાલનજી દાવર બી. એ. અને પ્રાઇવેટ રૂસતમજી ફરામજી એંટી.

૧૯૨૧ નાં સાલની વસતીની ગણત્રીનાં કામમાં મુંબઇના સેનસસ ઓફીસરને મદદ કરવા માટે બજાવેલી સેવાની કદરશનાસીમાં પારસી એમબયુલનસ ડીવીઝનના નીચલા સભાસદોને સરટીફીકેટો એનાયત કરવામાં આવી છે. સેકંડ કલાસ સરટીફીકેટ–મેશરસ ડી. એફ. પંથકી, ડી. એસ ભરૂચા, જે. એફ. ધરડા, જે. એન. બલસારા, એન. જે. વાડયા, બી. જે. શરાફ, બી. એસ. ધાસવાલા, એમ. એ દારૂખાનાવાલા, અને જે. એ. ઘડીઆલી; થરડ કલાસ સરટીફીકેટ–મેશરસ જે. ડી. બીલીમોરીઆ, એસ. આર. મોદી, જે. જે. વજીફદાર, જે. કે. તારાપોરવાલા, ડી. એ. ટરનર, એમ. એન રાણા, અને એમ. એમ. દુબાશ. થાણા જીલ્લા માટે ફરસટ કલાસ સરટીફીકેટ થાણાના રહીસ અને સાલસેટ તાલુકા બોરડના પ્રેસીડંટ શેઠ બાપુજી કાવસજી દીવેચાને, સેકંડ કલાસ સરટીફીકેટ શેઠ બમનજી પેસતનજીને (અગાસી વસાઈ તાલુકો) શેઠ એચ. ઇ. કુપર (દહાનુ). શેઠ બેહેરામજી જહાંગીર (તારાપુર), શેઠ દીનશાહજી નવરોજજી (વડવલ ઉમરગામ દહાનુ તાલુકો). શેઠ દીનશાહજી ફરામજી (કજલી ઉમરગામ દહાનુ તાલુકો), શેઠ મનચેરજી રતનજી વાસે (ઉમરગામ દહાનુ તાલુકો), અને થાણાવાલા શેઠ મેરવાનજી નવરોજજી આંટીયાને આપી છે

સેનટ જોન એમબયુલનસ બ્રીગેડ ઓવરસીઝ, અમદાવાદ ડીવીઝનના ફરસટ ઓફીસર શેઠ જમશેદ દોરાબશા કોઠાવાલાને મુંબઇ સરકાર તરફથી, અમદાવાદમાં ૧૯૧૯ નાં સાલમાં થએલાં હુલ્લડ વેખતે બહાદુરીભરી મદદ આપવા માટે એક સોનાનો ચાંદ સરટીફીકેટ સાથે એનાયત કરવામાં આવ્યો છે અને એવણે એસોસીએશનની બજાવેલી સેવાની પીછાનમાં ઈંડયન કાઉનસીલે એસોસીએશનના લાઇફ મેંબર નેમયા છે.

અમદાવાદ ખાતે તા૦ ૨૭ મી મે ૧૯૨૨ ને દીને સાંજે અમદાવાદના કલેકટર મી૦ ચેટફીલડે ભરેલી દરબારમાં એપ્રીલ ૧૯૧૯ ના હુલડ વખતે સરકારને કીમતી મદદ કરનારાઓને સોનાના ચાંદો એનાયત કીધા હતા તેમાં પારસીઓમાં સોનાના ચાંદો (ધટીટ લેખ સાથ) ખા૦ બા૦ ડોકટર બહેરામજી હોરમજી નાણાવટીને, શેઠ નવરોજી ન. વકીલ કંત્રાકટરને અને શેઠ દારા લાહેરને (જેઓને રાઇફલના ઈનામ ઉપરાંત પોલીસ ઇનસપેકટર (નેમ્યા છે.) રૂપાના ચાંદો શેઠ બમનશા શાપુરજી, શેઠ ફરામજી ભાઠેના અને શેઠ જમશેદજી કોઠાવાળાને એનાયત કીધા છે.

ઓધા—નેમણુંક—વગેરે.

સર માણેકજી બેરામજી દાદાભાઇ સી. આઇ. ઇ. ને અને સર દીનશાહ એદલજી વાચ્છાને કલકતાની કાઉનસીલ ઓફ સ્ટેટના ચેરમેનો તરીકે નેમવામાં આવ્યા છે.

સર જમશેદજી જીજીભાઇ બારોનેટને કલકતાની લેજીસલેટીવ એસેમબલીના ડેપ્યુટી પ્રેસીડન્ટ નેમવામાં આવ્યા છે.

શેઠ નવરોજી બાપુજી સકલાતવાળાને મુંબઇની મીલ ઓનરસ એસોસીએસન તરફથી કલકતાની લેજીસલેટીવ એસેમબલીના મેમબર તરીકે આગસ્ટ ૧૯૨૨ માં નેમવામાં આવ્યા છે.

ઓનરેબલ શેઠ કાવશજી જહાંગીર સી. આઇ. ઇ., ઓ. બી. ઇ. ને મુંબઇના નામદાર ગવરનરની કાઉનસીલે મુંબઇના ગવરનરની એકઝીક્યુટીવ કાઉનસીલના કામ ચલાઉ મેમબર નેમયા હતા. એવણે તા૦ ૮ મી દીસેમબર ૧૯૨૧ ને દીને પોતાના ઓધાનો અખત્યાર લીધો હતો અને આ ઓધો એવણે જુલાઇ ૧૯૨૨ માં છોડયો હતો. આ ઓધા દરમયાન એવણે મુંબઇના ગવરનરની કાઉનસીલના મેમબર તરીકે રાજીનામું આપ્યું હતું. એ પછી જુલાઇ ૧૯૨૨ માં એવણની મુંબઇના ગવરનરની ધારા કાઉનસીલના મેમબર તરીકે પાછી નેમણુક થઇ હતી પણ એવણે આગસ્ટ ૧૯૨૨ માં એ નેમણુક માટે રાજીનામુ આપયુ છે.

ભરૂચના જાણીતા શેહેરી ખાનબહાદુર આદરજી મનચેરજી દલાલને ભરૂચ જીલ્લા તરફથી મુંબઇના ગવરનરની ધારા કાઉનસીલના મેમબર તરીકે જુન ૧૯૨૨ માં નેમવામાં આવ્યા છે.

શેઠ દાદીબા મેરવાનજી દલાલ સી આઇ. ઇ. ને લંડન ખાતેના હીંદી વજીરની ઈંડયા કાઉનસીલના મેમબર તરીકે ૧૯૨૧ માં નેમવામાં આવ્યા હતા. આ ઓધો મલવાથી શેઠ દાદીબાને નામદાર શેહેનશાહે પોતાની મુલાકાતે બોલાવી માન આપયું હતું. એવણને જીનોઆ ખાતેની કોનફરંસ મધે હીંદુસ્તાનના ડેલીગેટ તરીકે સને ૧૯૨૨ માં ચુંટી કાઢયા છે.

સર ફરીદુન-ઉલ—મુલકને નામદાર નીઝામ સરકારની હેદરાબાદની કાઉનસીલના પ્રમુખ નેમવામાં આવ્યા છે.

શેઠ રૂશતમજી પેસતનજી મસાનીને મુંબઈ શહેરના કામ ચલાઉ મયુનીસીપલ કમીશનર તેમજ સને ૧૯૧૮ને લગતા મુંબઇ શહેરના ભાડાના કંટ્રોલર નેમવામાં આવ્યા છે.

શેઠ જમશેદજી બેહરામજી કાંગાને તા૦ ૧૦ મી ફેબરૂવારી ૧૯૨૨ થી મુંબઇની હાઇ કોરટના વધારાના જડજ અને તે પછી એડવોકેટ જનરલ નેમયા છે. એડવોકેટ જનરલના ઓધાની રૂયે મુંબઈના નામદાર ગવરનરની ધારા કાઉનસીલના સભાસદ તરીકે સને ૧૯૨૨ માં એવણની નેમણુક કરવામાં આવી છે.

શેઠ દીનશાહ ફરદુનજી મુલ્લાને શેઠ જમશેદજી બે૦ કાંગાની ગેરહાજરી દરમયાન કામચલાઉ એડવોકેટ જનરલ નેમયા હતા, અને તે પછી શેઠ દીનશાહની મુંબઈની હાઇ કોરટના કામચલાઉ જડજ તરીકે તા૦ ૧૯ મી જુન ૧૯૨૨ થી તે તા૦ ૧૩ મી ફેબ્રુઆરી ૧૯૨૩ સુધી નેમણુક કરવામાં આવી છે.

શેઠ હોરમજદયાર કુવરજી કોહયાજી એડવોકેટને મુંબઇની હાઇ કોરટના કામચલાઉ જડજ નેમવામાં આવ્યા હતા.

શેઠ રતનજી સોરાબજી દાદાચાનજીને મુંબઇની સમોલ કોઝ કોરટમા ચોઠા જડજ અને શેઠ રૂશતમજી સોરાબજી બીલીમોરીયાને વધારાના કામ ચલાઉ જડજ નેમવામાં આવ્યા હતા.

શેઠ ફીરોઝશાહ જાહાંગીરશા તાદયારખાનને સુરતના જડજ, શેઠ દાદીબા સી. મહેલાને પુનાના જોઇન્ટ તથા એડીશનલ સેશનસ જડજ, અને શેઠ બી. એન. સંજાણાને થાણાના ફસ્ટ જડજ નેમવામાં આવ્યા છે.

ખા૦ બા૦ જમશેદજી બેજનજી વાચ્છાને મુંબઇના એસીસટંટ ઇનકમટેક્ષ કલેક્ટર નેમયા છે.

શેઠ ફરામરોઝ ડી. લાલકાકાને કરાંચીના કલેક્ટર અને પોરટ ટરસટનાં ટરસ્ટી, શેઠ બી. આર. કથાલને પંચ મહાલના મદદનીશ કલેકટર, શેઠ ડોશાભાઇ રૂશતમજી મોગેદજને પુરવ ખાનદેશના ઘુલ્લુર ડેપયુટી કલેકટર તથા જલગામના સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ, શેઠ ડોશાભાઇ ધનજીભાઈ બીલીમોરીયાને અમદાવાદના ડીસ્ત્રીકટ ડેપયુતી કલેકટર, શેઠ પી. એન. મુસને દસક્રોઇ તાલુકાના ડેપયુટી કલેકટર અને શેઠ જે. આર. કામાને સુરત ૧૧ ડેપયુતી કલેકટર નેમવામાં આવ્યા છે.

શેઠ હીરજીભાઇ હોરમસજી વાડીઆ બેરીસ્ટરને મુંબઇના એડમીનીસ્ટ્રેટર જેનરલ તરીકે જેમજ મુંબઈના ઓફીશીઅલ ત્રસટી, જોઇંટ સ્ટોક કંપનીઓના રજીસ્ત્રાર, શતરૂની વેપારી પેહેડીઓના કનત્રોલર અને શતરૂની મીલકતના કસટોડીઅનનો ઓધો પણ આપવામાં આવયો છે.

શેઠ ડોશાભાઇ કાવસજી રાલી બેરીસટરને પંજાબના એસીસટંટ લીગલ રીમેમબ્રનસર નેમયા છે.

બનારસના જોઇંટ મેજીસ્ટ્રેટ શેઠ પી. એમ. ખરેગાટને હીંદી સરકારના કેળવણી તથા તંદરોસ્તી ખાતાનાં અંડર સેકરેટરી નેમયા છે.

શેઠ અરદેશર એદલજી સીરવઇને રેવનયુ ખાતાના સીનીયર એસીસટંટ સેકરેટરી નેમયા છે.

શેઠ રૂસતમજી બેજનજી વાચછાને રેવનયુ ખાતાના જુનીયર એસીસટંટ સેકરેટરી નેમયા છે.

શેઠ જમશેદજી ધનજીભાઇ વોરડનને તેમની વેપારી બાબદોની કુશળતા તથા તેઓએ બજાવેલી સેવાઓની પીછાનમાં "ઓનરરી કામરશીયલ એટેશી" તરીકે સપેનના કાનસલે નેમયા છે.

આંખનાં ડા૦ જમશેદજી નશરવાનજી દગનને સર કાવસજી જાહાંગીરવાલી આંખની ઓફથેલમીક હાસપીટલના ઓફથેલમીક સરજયન અને ગ્રાંટ મેડીકલ કોલેજના ઓફથેલમીક સરજરીના પ્રોફેસર નેમયા છે.

શેઠ હોરમઝદીઆર ફીરોજ દસ્તુરને મુંબઇના કામચલાઉ ચોથા પ્રેસીડનસી મેજીસ્ટ્રેટ નેમયા હતા.

સુલેહના અમલદાર મેજર એસ એસ. વજીફદારને મુંબઈની મરીનલાઇનસ વોર હોસપીટલના ઓફીસર કમાનડીંગ તરીકેની ફરજ દરમયાન સુલેહના અમલદાર અને પ્રેસીડનસી મેજીસ્ત્રેટ તેમજ લશકરી હીંદુસ્તાની ભાષાના પરીક્ષક કમીટીના મેંબર નેમવામાં આવયા છે.

શેઠ એદલજી પેસતનજીને સોલાપુર જીલ્લાના પહેલા વરગના મેજીસ્ત્રેટ નેમયા છે.

શેઠ શાવકશા માણેકજી તલાતીને કરાંચીના સીટી મેજીસ્ત્રેટ અને એવણને પોતાની ફરજો ઉપરાંત સીંધની દુશમનોની વેપારી પહેડીઓનાં કંત્રોલર તથા સીંધ અને બલુચીસતાનમાં આવેલી શતરૂઓની મીલકતના કસટોડીયન નેમવામાં આવયા છે.

મુંબઇ શહેર અને ટાપુના ઓનરરી પ્રેસીડનસી મેજીસ્ત્રેટો તરીકે નીચલા પારસીઓને નેમવામા આવયા છે:--ડા૦ અરદેશર દાદાભાઈ મોદી, શેઠ બરજોરજી એસ. કુપર, શેઠ બેહરામ એલ. કરંજીઆ, શેઠ બેહરામ એન. ગામડીઆ, ડા૦ ભીખાજી ઇ. ઘાસવાલા, શેઠ ધનજીભાઇ બી. પીટીટ, શેઠ દીનશા એચ. વાનીઆ, ડા૦ એદલજી એમ. મોદી, શેઠ એરચશા આર. ફીરોજ બેહદીન, શેઠ ફરદુનજી જે. પારખ, શેઠ હોરમજી જે. ભાભા, શેઠ જાહાંગીર બી. બમનબેરામ, શેઠ જાહાંગીર ભીખાજી, શેઠ જાહાંગીર આર. દુબાશ, શેઠ જાહાગીર હોરમશજી સોરાબજી, સર જમશેદજી જીજીભાઇ, ડા૦ જમશેદજી નશરવાનજી દગન, શેઠ ખરશેદજી ભીમજી, ડા૦ નાદરશા એચ. સુખીઆ, ડા૦ નાનાભાઇ એન. કાત્રક, શેઠ નવરોજી હોરમસજી કંટરાકટર, શેઠ નવરોજી બેરામજી

પંચગાની, શેઠ ફીરોજ સી૦ શેઠના, શેઠ ફીરોઝશા જાહાંગીર મરઝબાન, ખા૦ બા૦ રૂસ્તમ બમનશા વકીલ, શેઠ રૂસ્તમ શોરાબજી પાંડેવાલા, શેઠ રૂસ્તમજી એદલજી મોદી, ડા૦ રૂસ્તમજી નાનાભાઇ પનીના, ડા૦ શીયાવક શે. બાતલીવાલા, શેઠ શાપુરજી બી. બીલીમોરીઆ, અને શેઠ શોરાબજી એ. વોરડન.

શેઠ જાહાંગીર સી. મહેતાને લોનાવલાના, અને શેઠ રતનશાહ કુંવરજી મરચંટને ચોટમાલના ઓનરરી મેજીસ્ત્રેટ નેમવામાં આવ્યા છે.

કરાંચી જીલ્લાના પહેલા વરગના સ્પેશીયલ મેજીસ્ત્રેટ તરીકે સર જહાંગીર એચ. કોઠારીને અને કરાંચી જીલ્લાના ઓનરરી મેજીસ્ત્રેટ તરીકે પહેલા વરગના ડા૦ કે. એન. સ્પેનસરને, શેઠ મેરવાનજી રૂ. બામબોટવાલાને, ખા૦ બા૦ કાવસજી એચ. કાત્રકને અને શેઠ અરદેશર એચ. મામાને; બીજા વરગના શેઠ જેહાંગીર ફરામરોજ પંથકીને અને ત્રીજા વરગના ખા૦ બા૦ સોરાબજી કુંવરજીને અને શેઠ દીનશા સોરાબજી બોરીને નેમવામાં આવ્યા છે.

જુદા જુદા જીલ્લામાં ઓનરરી મેજીસ્ત્રેટ તરીકે શેઠો સોરાબજી બમનજી જીનવાલા અને સોરાબજી ફરામજી કાપડયાને ભરૂચના, શેઠો જમશેદજી નશરવાનજી જીનવાલા અને બહમનશાહ જામાસજીને અંકલેશવરના, શેઠ માણેકજી ફરદુનજીને દોહાડના, શેઠ દીનશાહ બમનજી દલાલને પંચમહાલના, શેઠ રૂસતમજી રતનજી દલાલને ગોધરાના, શેઠો શાવકશાહ હોરમસજી ખસુખાં અને હોરમસજી પી. તલાટીને સુરતના, ખાન સાહેબ કાવસજી ધનજીભાઇ ધનભુરા અને શેઠ જાલભાઇ પેસતનજી ધનભુરાને વલસાડના, શેઠો બાપુજી કાવસજી દીવેચા અને મેરવાનજી નવરોજી આંટીયાને થાણાના, શેઠ કાવસજી નાનાભાઇને કલ્યાણના, શેઠ બેરામજી જાહાંગીરજી તારાપોરવાલાને ચીંચણીના, ખા૦ સા૦ દારાબશાહ એદલજી નગરવાલાને અહમદનગરના, શેઠ દીનશાહ દોસાભાઇ સાંગા અને ખા૦ સા૦ એમ. એન. મહેતાને પુનાના, શેઠો એમ. એમ. મરઝબાન અને દીનશાહ કાવસજીને લેનોલીના, ખા૦ સા૦ ધનજીશાહ બહમનજી કુપરને સતારના, શેઠો જમશેદજી ફરામજી ખરાસ, નવરોજી રૂસતમજી બીલીમોરીઆ અને સોરાબ બી. વકીલને પંચગનીના, શેઠ જહાંગીર નવરોજી આંટીયાને બેલગામના, ખા૦ સા૦ દદાભાઇ રતનજી બલસારવાલાને કનારાના અને શેઠ કેખશરૂ દોરાબજીને રોહના નેમવામાં આવ્યા છે

શેઠ એરચશા આર. હીરજીબેહેદીનને મુંબઇના ઓનરરી પ્રેસીડંસી મેજીસ્ત્રેટોની સોસાયટીના મેંબર નેમવામાં આવ્યા છે.

જસટીસ ઓફ ધી પીસ યાને નવા સુલેહના અમલદારો તરીકે નીચલા પારસીઓને નેમયા છે:- શેઠો બરજોરજી નવરોજી આપઅખતયાર, જહાંગીર બહમનજી બમન-બેહરામ, કેકોબાદ કાવસજી દીનશાહ, દીનશા જીજીભાઇ ડાકટર, ડા૦ કાવસજી બેહરામજી શરાફ, અને ડા૦ મેરવાનજી એરચજી પાવરી.

મુંબઈ યુનીવરસીટીના ફેલોઝ તરીકે નીચલા પારસીઓને નેમયા છે:- શેઠો કેકોબાદ બેરામજી મરઝબાન, બમનજી જમશેદજી વાહાડયા બેરીસ્ટર અને એન. સી. દારૂવાલા.

સર દોરાબ જે. તાતાને કેમબ્રીડજ કોલેજના ઓનરરી ફેલો નેમવામાં આવયા છે.

નીચલા પારસી ગ્રાડયુએટોને ચાલુ સાલના દક્ષીણા ફેલોઝ તરીકે નેમવામાં આવ્યા છે. તેઓના નામ સામે જણાવેલી કોલેજમાં તેઓ કામ બજાવશે:-શેઠ અરદેશર જેહાંગીર કરકરીયા, બી. એ. (એલફીનસટન), શેઠ કેખશરૂ જીજીભાઇ ખંબાતા, બી. એ. (એલફીનસટન), શેઠ શાવકશાહ જેહાંગીરજી ગાંધી, બી. એ. (ઝેવીયરસ), શેઠ જામ્ર કુંવરજી દારૂવાલા, બી. એ. (વીલસન), મીસ મીઠાં જમશેદજી બનાજી, બી. એ. (વીલસન), અને શેઠ રૂસતમ ડોસાભાઇ ચોકસી, બી. એ. (વીલસન).

મુંબઈની પારસી મીદ્ મેત્રીમોનીઅલ કોરટના ડેલીગેટો તરીકે નીચલા પારસીઓને નેમવામાં આવ્યા છે:—શેઠો જાહાંગીર બમનજી બહમન બેહરામ, ખરશેદજી લીમજી, બરજોરજી સોરાબજી એન. કુપર, હોરમજી માણેકજી ચવના અને બરજોરજી દાદાભાઇ બમનજી જીજીભાઈ, અને સુરતની કોરટના ડેલીગેટ તરીકે કાવશજી માણેકજી દલાલને નેમ્યા છે.

શેઠ જમશેદજી નશરવાનજી મેહતાને કરાંચી મ્યુનીસીપાલીટીના પ્રમુખ, ખા૦ બા૦ ડાકટર બરજોરજી સોરાબશાહ મુનસીફને ભરૂચ મ્યુનીસીપાલીટીના પ્રમુખ અને શેઠ રૂસતમજી જામાસપજી ગારડાને સુરત જીલ્લાના જલાલપુર તાલુકાના સથાનીક બોરડના પ્રમુખ નેમવામાં આવયા છે.

શેઠ એન. ડી. આલબલેસ બેરીસટરને વેલાતની મીડલશેક્ષ કાઉંટી કાઉનસીલના મેંબર ચુંટી કાઢયા છે.

શેઠો ફીરોઝ ખરશેદજી શેઠના અને બેરામ નવરોજી ગામડયાને મુંબઈના પોરટ ત્રસ્ટના ત્રસ્ટી અને ખા૦ બા૦ કાવશજી હોરમજી કાતરકને કરાંચીના પોરટ ત્રસ્ટના ત્રસ્ટી નેમ્યા છે.

ડા૦ નાદીર હોરમશાહ દીનશાહ ગાંધી જેઓ વરસો થયા લંડન ખાતે બકનેલમાં આવેલા સટોક રૂરલ કાઉનસીલમાં મેડીકલ ઓફીશર ઓફ હેલ્થનો ઓધ્ધો ભોગવે છે, તેઓને લંડનની સ્ટોક રૂરલ કાઉનસીલનાં મેંમબર નેમવામાં આવયા છે.

મેસરસ કરાણી એંડ બાટલીવાળા શેઠ નશરવાનજી કરાંણીને જુના શેર બજારના ડાયરેકટરોની બોરડના પ્રમુખ નેમયા છે.

-જુનાગઢની બહાઉદીન કોલેજના પ્રીનસીપલ પ્રોફેસર શાપુરશાહ હોરમજી હોડીવાલાને દીહલીની નયુ મીસમેટીક શોસાયટી ઓફ ઈંડયાના સને ૧૯૨૨ ના પ્રમુખ નેમયા છે.

શેઠ મંચેરશા પાલનજી કેકોબાદને સુરત પલેટુન સ્પોરટસ અને એનટેમેંટ કમીટીના ઓનરરી ચેરમેન નેમયા છે.

શેઠ એસ. ડી. સકલાતવાળાને મુંબઇની મીલ ઓનરઝ એસોસીએશનના ઉપ પ્રમુખ નેમ્યા છે

સર દીનશાહ એદલજી વાચ્છાને મુંબઇની મીલ માલેકોની મંડળીની કમીટીના મેમબર અને સેંત્રલ એડવાઇઝરી કાઉનસીલના મેમબર નેમવામાં આવયા છે.

શેઠ જાહાંગીર બમનજી પીટીટને મુંબઇ સરકારના ઉદયોગ ખાતાની એડવાઇઝરી કમીટીના મેમબર નેમયા છે.

શેઠ એન. બી. સકલાતવાલાને મુંબઇના ધુમાડાની પીડાને લગતા કમીશન ઉપરનાં એસોસીએશનના પ્રતીનીધી નેમયા છે.

બેકબે રેકલેમેશન સકીમના સંબંધમાં જયારે પંપીંગની શરૂઆત થાય તે વખતે પ્રજા તનદરોસતીને નુકશાન થતું અટકાવવાના ઉપાયો લેવાની સલાહ આપવા માટે સરકારે એક સેનીટરી કમીટી નેમી છે, તેમાં નીચલા પારસીઓ છે:—ખા૦ બા૦ ડાકટર નશરવાનજી હોરમજી ચોકસી સી. આઇ. ઇ., ડા૦ હોરમજી માણેકજી માસીના, ડા૦ ફીરોઝ અરદેશર દલાલ, અને ડા૦ કાવશજી બેરામજી શરાફ.

ડા૦ ફરામરોઝ આર. પારખ લંડન તથા વીએનાની જાણીતી હાસપીટલોમાં વઢાડકાપ તથા સુવાંવડનો ખાસ વધુ અનુભવ મેલવી ત્યાથી પારખ હાસપીટલ માટે એક સંપુરણ ઓપરેટીંગ લઇ લાવયા છે. એવણુને લીંગ ઓફ નેશનલ યુનીયન તરફથી આખા હીંદુસ્તાનના એક મેડીકલ ડેલીગેટ તરીકે ચુંટી કાઢવામાં આવયા છે.

ડા૦ જાહાંગીર જે. ખરશેદજી લીલાઉવાલાને ઓરીયેંટલ લાઇફ એશ્યુરંસ કંપનીના આખા હીંદુસ્તાનના તથા બરમાહ અને સીલોન માટેના ચીફ મેડીકલ ઓફીસર અને રીવાઇઝીંગ ઓફીસર નેમયા છે.

મુંબઇના મરીન એનજીનીયર શેઠ પેસતનજી એદલજી અસયારને વેલાતની નેવલ આરકી-ટેકટોની એશોસીએશનના એસોશીએટ મેંબર ચુંટી કાઢયા છે.

શેઠ કે. ઇ. કુમાનાને કરાંચીના કરંસી ઓફીશર નેમયા છે.

શેઠ દારાબ દીનશાહ કાંગાને મુંબઇના કસટમ અને એકસાઇઝ કેમીકલ એનેલાઇઝર નેમ્યા છે.

શેઠ સોરાબ દીનશાહ નરીમાનને મુંબઇ શેહરના લેનડ રેકવીઝીશન ઓફીસરના અંગત મદદનીશ નેમયા છે.

શેઠ કેખશરૂ અરદેશર મુનશીને મુંબઇની સરકારે ઇલાકાના ૧૯૨૦-૧૯૨૧ ના સાલનો વહીવટ કારોબારી રીપોરટ રચવા માટે નેમયા છે.

શેઠ એદલજી જાહાંગીર દાવરને મુંબઈ હાઇ કોરટમાં નાદારી કોરટના ચીફ કલારક નેમયા છે.

શેઠ જાહાંગીર સોરાબશાહ કોમીસરીયેટને પુણાની દખણ કોલેજના ઈંગલીશના પ્રોફેસર નેમયા છે.

શેઠ બમનજી જમશેદજી વાડયાને સરકારી લો સ્કુલના પ્રીનસીપલ અને શેઠ હોરમજી મનચેરશાહ મેહતાને લોના પ્રોફેસર, અને શેઠ ફીરોઝશાહ બેજનજી વાચ્છાને લોના પ્રોફેસર નેમયા છે.

સર હોરમજી કાવશજી દીનશાહ એદનવાલાને જરથોસ્તી ભાઈબંધ મંડળીના પ્રમુખ નેમ્યા છે.

શેઠો પીરોશાહ નશરવાનજી મેહતાને અને દારાબશાહ રતનજી હોમાવાળાને ભરૂચની પારસી અંજુમનના ત્રસ્ટી નેમયા છે.

શેઠો રૂશતમજી બમનજી વાહાડયા, જમશેદજી બમનજી વાહડયા અને સોરાબજી ખરશેદજી વાહાડયાને સુરતના શેઠ મોદીવાળા શેહેનશાહી આતશબેહરામના ટરસ્ટીઓ નેમયા છે.

શેઠો દાદાભાઈ બેરામજી જાહાંગીર, બમનજી પેસતનજી બેલીકાકા, ઉકરજી ડોશાજી ઉમરીગરા અને પેશતનજી નવરોજી ગોવેકરને તારાપોર જરથોસ્તી અંજુમનના મેમબરો નેમવામાં આવયા છે.

પારસી પંચાયતના ત્રસ્ટીઓની ચુંટણી માટેના અનજુમન કમીટીના "સો" ના મંડળમા રજીસ્ટર "એ" તરફની ખાલી પડેલી એક બેઠક માટે શેઠ દીનશાહ પીરોજશાહ શેઠનાને, રજીસ્ટર "સી" ની એક બેઠક માટે શેઠ હોરમજજી બેજનજી બામજીને અને રજીસ્ટર "ડી" ની ત્રણ બેઠકો માટે શેઠો ફીરોજ રતનજી રતનાગર, ફીરોજશા શોરાબજી ગઝદર અને હોશંગશાહ પીરોજશા નાણાવટીને ચુંટી કાઢયા છે.

શેઠો એદલજી ડી. કોટવાલ અને ડી. કે. ખરાસને હાંગકાંગ અંજુમનના ધરમ ફંડોના ત્રસ્ટીઓ નેમયા છે.

શેઠ કાવશજી માણેકજી સોરાબજી દલાલને સુરતના રૂસતમપરાની દસ્તુર ખુરશેદ લાયબરેરીના તેમજ દખમાં તથા જશન ફંડોના સરનશીન નેમયા છે.

ખા૦ બા૦ ફરામરોજ જમશેદજી કાંગાને ખેડા તથા પંચમહાલના આસીસટંટ એકઝીકયુટીવ એનજીનીયર નેમયા છે.

શેઠ માનેકજી જે. એમ. ખરશેદજીને નાસીક જીલ્લાના પુરવ વીભાગના એકઝીકયુટીવ એનજીનીયર નેમયા છે.

શેઠ કે. એસ. ફરામજીને મુંબઇ ઇલાકાના એકટીંગ ચીફ એનજીનીયર (જોઇંટ સેક્રેટરીનો) ઓધો મલ્યો છે.

ખા૦ બા૦ કે. પી. કેકોબાદને કેલાટના પોલીટીકલ એજંટના મદદનીશ નેમયા છે.

ખા૦ બા૦ નશરવાનજી રૂશતમજી વાછાને સાબરમતીની સેત્રંલ જેલના સુપ્રીટેનડંટ નેમયા છે.

તબીબી ખાતાંવાલા મેજર એમ. એસ. ઇરાનીને એડનના સ્પેશીયલ પ્રીઝનના સુપ્રીટેંડંટ નેમયા છે.

શેઠ એસ. જે. તાલીયારખાનને મુંબઇ વીભાગના એક્ષાઇસ અને નીમક ખાતાના સુપ્રીટેનડંટ નેમયા છે.

શેઠ જાલ કેખશરૂ કાવશજીને એડનના પોલીસ ડેપ્યુટી સુપ્રીનટેનડનટ નેમયા છે.

ખા૦ બા૦ બેરામશા ફરદુનજી દાવરને કાઠયાવાડ એજંસીના ડેપ્યુટી પોલીસ સુપ્રીટેનડંટ નેમયા છે.

શેઠ જમશેદજી દાદાભાઈ ગાડીવાળાને ગાયકવાદ સ્ટેટ રેલવેના ડેપયુટી ઓડીટર નેમયા છે.

મીસ. એમ. જે. વાહાડયાને અમદાવાડની છોકરીઓની હાઇ સ્કુલના લેડી સુપ્રીટેનડંટ નેમયા છે.

શેઠ દોરાબજી શાપુરજી નારાવાળાને નડીયાદ હાઇ સ્કુલના હેડ માસ્તર નેમયા છે.

શેઠ આદરજી મહેરનોસજી મસાણીને મુંબઇની સર જે. જે. સ્કુલના પ્રીનસીપલ નેમયા છે.

રાયપુર કોલેજવાલા પારસી ક્રીકેટર દીનુ દ્રાઇવરને સારંગર સ્ટેટના ચીફના પુત્રોના ટયુટર નેમયા છે.

ડા૦ એસ. કે. એનજીનીયરને ગ્રાંટ મેડીકલ કોલેજના મટીરીઆ મેડીકાના પ્રોફેસર નેમયા છે.

ડા૦ આર. ડી. ચીનાઇને સર જમશેદજીની હાસપીટલના બીજા ફીઝીસીયન નેમયા છે.

કેપટન બી. પી. દારૂવાલાને અમદાવાદની સીવીલ હાસપીટલના સરજીકલ રેજીસ્ટાર નેમયા છે.

કેપટન પી. એમ. દસ્તુરને સાંટાક્રુઝની ઇંડીયન સ્ટેશન હાસપીટલના વડા નેમયા છે.

કેપટન ફીરોઝશાહ બેરામજી ભરૂચાને મેજરની પદવી પર ચડાવવામાં આવયા છે.

લેફટનટો હોમી રૂશતમજી ખરશેદજી, અને નવલ માણેકજી પેસતનજી દોટીવાલાને કેપટનની પદવીએ ચઢાવવામાં આવયા છે.

મુંબઇની બ્રીટીશ ફોજમાં આઈ. ડી. એફ. ટુકડીવાલા શેઠ જાલ સી. ઉનવાલાને લેફટનંટની પદવી, પુના રાઇફલસ ઓકઝીલીયરી ફોરસવાલા વેલંટીયર દારાં કાવસજીને સેકંડ લેફટનંટની પદવી અને શેઠ શેરીયાર દાદાભાઇને હીંદની ઓકઝીલરી ફોરસની સીધ રાઇફલસ ટુકડીમાં સેકંડ લેફટનંટની પદવી આપવામાં આવી છે.

સારજંટ સોહરાબ રૂસ્તમજી બામજી, સારજંટ દીનશાહ બરજોરજી ડોકટર, સારજંટ સ્યાવક્ષ હોરમજી મહેતા, સારજંટ બરજોર પેસતનજી સુરતી, સારજંટ સ્યાવક્ષ માણેકજી સરવેયર, અને સારજંટ ફીરોજશાહ મેહલજીને પારસી બટેલીયનમાં લેફટનંટની પદવી આપવામાં આવી છે.

કેળવણી—પરીક્ષા—સ્કોલરશીપો—વગેરે.

હીંદી સીવીલ સરવીસની પરીક્ષામાં પસાર થયલા સીવીલીયન મી૦ પેસતનજી નાનાભાઇ અ૦ ફ૦ મુસ એમ. એ., એલ. એલ. બી., આઇ. સી. એસ., બેરીસટર એટ–લોને નામદાર સરકારે અમદાવાદ જીલ્લામાં એસીસટંટ કલેકટર નેમયા છે.

બાઇ મીઠા અરદેશર તાતાએ લંડન યુનીવરસીટીની ઇકોનોમીકસની એમ. એસ. સી. ની પરીક્ષા માન સહીત પસાર કીધી છે. એવણે મુંબઇની બી. એ. ની પરીક્ષામાં પેહેલી કોશેશમાં ફતેહ મેલવી ઇકોનોમીકસમાં કોબદન મેડળ મેલવેલો હોવાથી લંડન યુનીવરસીટીએ એમ. એસ. સી. નો ક્રમ (કોરસ) ચાર વરસનો હોવા છતા બે વરસની Grace આપી હતી. તેનો લાભ લઈ બાઈ મીઠા તાતાએ આ અઘરી પરીક્ષા બે વરસની મુદતમાં પેહેલીજ કોશેશમાં ફતેહમંદી સાથે પસાર કીધી છે.

ડા૦ ફ્રામરોજ નાનાભાઇ અ૦ ફ૦ મુસે લંડન યુનીવરસીટીની એમ. ડી. ની પરીક્ષા માન સાથ ગયા જુલાઈ ૧૯૨૨ માં પસાર કરી છે. એવણે મુંબઈ યુનીવરસીટીની એમ. બી. બી. એસ. ની, લંડન યુનીવરસીટીની એમ. બી. બી. એસ. ની તથા ડી. પી. એચ. ની, અને ઇંગલંડની ડી. ટી. એમ. ની પરીક્ષાઓ પસાર કરી હતી. ડા૦ મુસે વેલાતની હાસપીટલોનો બોહોલો અનુભવ મેલવી છાતીના દરદોનાં અભયાસમાં પ્રવીણ થયા છે તેથી ત્રણ વરસ થયા મેત્રોપોલીટનહેકની અને પોપર ડીસત્રીકટના ચીફ ટયુબરકયુલોસીસ ઓફીસરનો ઓધ્ધો એવણને આપવામાં આવ્યો છે.

ડાકટર શીયાવક્ષ નવરોજી કાતરકે અમેરીકાના બ્રીટીશ કેનેડાની તોરોનતોની યુનીવરસીટીની રોયલ કોલેજ ઓફ દેનતલ સરજ્યનની એલ. ડી. એસ. અને ડી. ડી. એસ. ની ડીગ્રીએ મેલવી છે.

મી૦ દીનશાહ રતનજી નાનજી બી. એસ. સી. એ બરમીગહામ યુનીવરસીટીની માસતર ઓફ સાયનસ યાને એમ. એસ. સી. ની પરીક્ષા પસાર કરી છે.

મી૦ ફીરોઝ નશરવાનજી રેતનજી નરીમાન માસતરે એડીનબરોની શીવીલ એનજીનીયરીંગની બી. એસ. સી. ની પરીક્ષા માન સહીત પસાર કરી છે.

મી૦ બરજોરજી ખરશેદજી આદરજી દેશાઈએ મુંબઇની વીકટોરીયા જુબીલી ટેકનીકલ કોલેજમાંથી ઇલેકટરીશીયનની પરીક્ષા પસાર કરી ૧૯૨૦ ના જુલાઇમાં અમેરીકા ખાતે જઈ જનરલ ઇલેકત્રીક કંપનીમાં દોઢ વરસ સુધી ટેસટીંગ ડીપારટમેંટમાં અનુભવ મેલવી ઓટોમોબાઈલ ઇજનેરની પરીક્ષા પસાર કરી છે અને એવણુ અમેરીકાના ઇનસ્ટીટયુટ ઓફ ઇલેકત્રીકલ એનજીનીયરસના મેંબર છે.

મી૦ જાલ ખુરશેદજી એરચજી પાવરીએ અમેરીકા ખાતેની એમ. એ. ની પરીક્ષા પસાર કરી છે. એવણુને અમેરીકાની કોલંબીયા યુનીવરસીટીમાં એસીસટંટ પ્રોફેસરનો ઓધ્ધો આપવામાં આવ્યો છે.

મી૦ એસ. કે. ભાવનગરીને વેલાતમાં હુનર ઉધ્યોગનો વધુ અભયાસ કરવા માટે ડાઈંગ અને બલીચીંગ માટે મુંબઇ સરકારે સ્ટેટ ટેકનીકલ સ્કોલરશીપ આપી છે.

મી૦ પેશી દીનશાહ ખજોતયાએ મારચ ૧૯૨૨ માં જંગલ ખાતાની છેલી પરીક્ષા પસાર કરવા પછી ગયા જુલાઇમાં એવણુની નેમણુંક સતારામાં સ્પેશીયલ ડયુટીપર થઇ હતી. એવણે બરોડા કોલેજમાં અભયાસ કરવા પછી ૧૯૧૯ માં ધારવાર ફોરેસ્ટ કોલેજમાં જોડાયા હતા.

ઇંગલાંડ ખાતે ત્યાંની યુનીવરસીટી તરફથી જુન ૧૯૨૧ માં લેવાયલી એમ. ડી. ની પરીક્ષામાં નીચલા પારસીઓ પસાર થયા હતાઃ- મુંબઇ યુનીવરસીટીવાલા ડા૦ કેખશરૂ એદલજી માદન અને ડા૦ શાપુરશા સોરાબશાહ કાપડયા.

એમ. બી. બી. એસ. ની પરીક્ષામાં હાજર થયલા ૧૩૮ માંથી નવેંબર ૧૯૨૧ માં ૫૨ પસાર થયા હતા, જેમાં નીચલા પારસીઓ હતાઃ- બીજા વરગમાં મી૦ કેખશરૂ બમનજી પાલખીવાળા; પાસ વરગમાં મેસરસ રૂસી ધનજીભાઇ દારૂવાળા અને પેસ્તનજી સોરાબશાહ કાપડયા. એજ પરીક્ષામાં હાજર થયલા ૧૬૬ ઉમેદવારોમાંથી મે ૧૯૨૨ માં ૭૮ પસાર થયા હતા તેમાં નીચલા પારસીઓ હતાઃ-પહેલા વરગમાં મેસરસ દોરાબ પીરોશા બીલીમોરીયા અને દીનશા હોરમસજી દુધા; બીજા વરગમાં બાઇ એમી વાહડયા તથા મેસરસ મીનોચેર શાવકશા બાટલીવાલા, હોમી દારાશા ગાંધી, રૂસ્તમ જમશેદજી મોવડાવાલા, જહાંગીર એદલજી મહેતા, સોરાબ હોસંગશા નાણાવટી, એરચશા રૂસ્તમજી ઉદવાડીયા અને દાદી ફરામજી વાછા; પાસ વરગમાં બાઈ નાજાં માણેકજી કાલાપેસી તથા મેસરસ નરીમાન અરદેશર લાલકાકા, મીનોચેર અરદેશર કંત્રાકટર, બેરામ દોરાબશા કોઠાવાળા, દીનશા અરદેશર દસ્તુર અને પીરોશા માણેકજી ભરૂચા; આમાં પસાર થયલા મી૦ દીનશા હોરમસજી દુધાને બાલકરીશણા સુદામજી પ્રાઇઝ અને મી૦ દોરાબ પીરોશા બીલીમોરીયાને લોરડ સેંડહરસટ ગોલડ મેડલ મળ્યા છે.

ઇનટરમીડયેટ એમ. બી. બી. એસ. ની પરીક્ષામાં પસાર થયલાં બાઇ મેહેરબાનુ પીરોશાહ ભરૂચા સર જેમસ ફરગસન મેડીકલ સકોલરશીપ, લેડી રે મેડીકલ સકોલરશીપ અને શેઠ નશરવાનજી જહાંગીરજી વાડીયા સકોલરશીપ જીતી ગયા છે.

મુંબઇની કોલેજ ઓફ ફીઝીશીઅનસ એંડ સરજનસની એલ. સી. પી. એસ. ની ડીગ્રીની પરીક્ષામાં હાજર થયલા ૨૮૯ માંથી દીસેંબર ૧૯૨૧ માં ૯૫ પસાર થયલા તેમાં નીચલા પારસીઓ હતાઃ-મેસરસ કેખસરૂ નવરોજી ચીનાઇ, મીનોચેહર એદલજી મહેરજી અને નવરોજી ડોશાભાઇ પટેલ; એજ પરીક્ષામાં જુન ૧૯૨૨ માં મી૦ ધનજીભાઈ પી૦ શાહ પસાર થયા હતા.

બોંમબે વેટરીનરી કોલેજની ડીપલોમાની પરીક્ષા મી૦ એરચશાહ ફરામજી ભમગરાએ પસાર કરી હતી.

બેરીસટરની પરીક્ષામાં નીચલા પારસીઓ પસાર થયા હતાઃ-બાઇ કોરનીલીયા સોરાબજી તથા મેસરસ જાલ સોરાબજી, સોરાબજી પેસતનજી વોલેસ અને ફરામરોજ હોરમઝદયાર કોયાજી.

સોલીસીટરની પરીક્ષામાં અકટોબર ૧૯૨૧ માં નીચલા પારસીઓ પસાર થયા હતાઃ-મેસરસ જમશેદજી દીનશાહ ભેદવાર, હકીમજી એદલજી કુમાના, શીયાવક્ષ એસ. ખંબાતા, શીયાવક્ષ સી. પારડીવાલા અને પીરોશાહ બમનજી ચોકસી, એજ પરીક્ષામાં એપ્રીલ ૧૯૨૨માં નીચલા પારસીઓ પસાર થયા હતાઃ-મેસરસ માણેકશાહ પી. લાલા, બરજોરજી હોશંગજી વકીલ અને હોરમજી મનચેરશાહ વકીલ.

બીજી એલ. એલ. બી. ની પરીક્ષામાં હાજર થયલા ૨૩૫ ઉમેદવારોમાંથી ૧૬૨ નવેંબર ૧૯૨૧માં પસાર થયા હતા તેમાં નીચલા પારસીઓ હતાઃ-પહેલાં વરગમાં મેસરસ ધનજીશા ફરામજી સુનાવાલા, મંચેરશા સોરાબજી રતનાગર, હોરમશજી મંચેરજી વકીલ અને સોરાબ જમશેદજી બનાજી; બીજા વરગમાં મેસરસ બેરામશા શાપુરજી દેશાઇ, મીનો માણેકજી માદન અને બમનજી જમશેદજી શેઠના; એજ પરીક્ષામાં હાજર થયલા ૨૩૬ ઉમેદવારોમાંથી ૧૪૦ એપ્રીલ ૧૯૨૨માં પસાર થયા હતા, તેમાં નીચલા પારસીઓ હતાઃ-બીજા વીભાગમા મેસરસ હોરમસજી ડોસાભાઇ બનાજી, જમશેદજી જહાંગીર જે. ખરશેદજી, એરચશાહ હોરમસજી ડોકટર, નરીમાન બમનજી ઇચ્છાપોરીઆ અને જહાંગીરજી સોરાબજી કાટપીટીયા; પાસ વરગમાં મેસરસ ફકીરજી ભીખાજી દારૂવાળા અને હોરમસજી

ડોસાભાઇ મુન્શાં. આમા પસાર થયલા મી૰ હોરમસજી મ૰ વકીલને શેઠ મંચેરજી નવરોજી બનાજી સ્કોલરશીપ મલી છે.

બી ઈ. (સીવીલ) ની ડીગ્રી માટેની એનજીનીયરીંગની પરીક્ષામાં હાજર થયલા ૧૦ માંથી અકટોબર ૧૯૨૧ માં પાંચ પસાર થયા હતા, તેમાં પારસીઓમાં મી૰ રૂશતમ ધનજીભાઈ મસાણી હતા. એજ પરીક્ષામાં હાજર થયલા ૪૦ માથી એપ્રીલ ૧૯૨૨ માં ૨૫ પસાર થયા હતા તેમાં બીજા વરગમાં મેસરસ મીનોચેર કેકોબાદ બાટલીવાલા, બેરામ હોરમજી બીલપોડીવાલા અને નાદીર કાવશજી બલસારા.

એસ. ઇ. (સીવીલ) યાને એનજીનીયરીંગની બીજી પરીક્ષ માં એપ્રીલ ૧૯૨૨ માં નીચલા પારસીઓ પસાર થયા હતા:–બીજા વરગમાં મેસરસ રૂશતમજી બેરામજી એનજીનીયર, ટેમુરસ રૂશતમજી શેઠના, જાહાંગીર ફ્રામરોજ તારાપોરવાળા અને કેકી કુવરજી વાહાડયા.

એસ. ઈ. (મીકેનીકલ) યાને એનજીનીયરીંગની બીજી પરીક્ષામાં એપ્રીલ ૧૯૨૨ માં બીજા વરગમાં મી૰ પરવેઝ જાહાંગીરશાહ ભીવંડીવાલા પસાર થયા હતા.

બી. એસ. સી ની પરીક્ષામાં હાજર થયલા ૧૮૦ માંથી ૧૦૨ પસાર થયા હતા, તેમાં નીચલા પારસીઓ હતા:–પહેલા વરગમાં મી૰ પેસોતન દાદાભાઇ શરાફ, બીજા વરગમા મેસરસ ફ્રામરોજ પેસતનજી દોરડી, એરચશાહ જહાંગીરજી ઉમરીગર, રૂશતમ દાદાભાઇ વાહાડયા, રૂશતમ એદલજી કુપર અને રૂશતમજી ફ્રામજી વાચ્છા; પાસ વરગમાં મેસરસ કાવશજી નવરોજી બામજી, તેમુરસ અરદેશર દાદાચાનજી, યઝદીયાર સોરાબજી કેરાંવાળા, પીરોશાહ જમશેદજી વાછા, કાવશજી જાહાંગીરજી ઝવેરી, પદમજી નશરવાનજી કાપડયા, રૂશતમ જમશેદજી કાતરક, પેસોતન બેરામ કોટવાલ, અને બરજોરજી ફ્રામરોજ દેશાઇ.

સીડનહેમ કોલેજની બેચેલર ઓફ કોમરસ (વેપાર) ની ડીગ્રી માટેની પરીક્ષામાં હાજર થયલા ૨૦ ઉમેદવારોમાંથી અકટોબર ૧૯૨૧ માં ૮ પસાર થયા હતા, તેમાં પારસીઓમાં મી૰ કેખશરૂ એદલજી બારીયા હતા. એજ પરીક્ષામાં એપ્રીલ ૧૯૨૨ માં ૩૭ ઉમેદવારોમાંથી ૨૩ પસાર થયા હતા, તેમાં નીચલા પારસીઓ હતા:–બીજા વરગમાં મેસરસ રૂશતમ અરદેશર દલાલ અને કેકોબાદ નશરવાનજી પાગડીવાલા.

ઇનટરમીડીએટ આરટસની પરીક્ષામાં પસાર થયલા મી૰ અરદેશર હોરમજી દેશાઇને શેઠ ફ્રામજી સોરાબજી ભાવનગરી સ્કોલરશીપ મલી હતી.

સીડનહેમ કોલેજના નીચલા વીદયારથીઓએ એકાઉંટનસીના વીશયની પુરતી તાલીમ મેલવીને જોઇતી પરીક્ષા આપેલી હોવાથી તેઓના અકાઉનટનસીનો સરકારી ડીપલોમાં બક્ષવામાં આવયો છે. આ ડીપલોમાં મેલવનાર સ્થાનીક સરકાર તરફની એકાઉંટનટની સરટીફીકેટ મેલવવાને લાયક ગણાશે અને ઇલાકાના કોઇપણ વીભાગમાં પોતાનો ધંધો ચલાવી શકશે. મેસરસ નશરવાનજી ડી. ખારીવાલા, જમશેદ પી. દોરડી અને કેખોશરો ડી. શેઠના.

બી. એ. યાને બેચેલર ઓફ આરટસની ડીગરીની પરીક્ષામાં હાજર થયલા ૯૩૨ માંથી ૬૩૭ જુન ૧૯૨૨ માં પસાર થયલા તેમાં નીચલા પારસીઓ હતા:–ફરસટ કલાસમાં ઓનરસ સાથે બાઈ મીઠા જમશેદજી બનાજી તથા મેસરસ જાલ કુંવરજી દારૂવાળા, રૂસતમ ડોસાભાઇ ચોકસી, જમશેદ બમનજી વહાડીયા, કેખશરૂ જીજીભાઈ ખંભાતા અને અરદેશર જહાંગીર કરકરીઆ; સેકનડ કલાસમાં ઓનરસ સાથે બાઇ આલુ નશરવાનજી વકીલ તથા મેસરસ ગુશતાસ્પ પીરોજશાહ આંટીયા, જાલ શાપુરજી આમરીઆ, જહાંગીર સોરાબજી ચીનીવાળા, પેશોતન એદલજી દામોદવાળા, કેખશરૂ પીરોજશાહ અવારયા, દીનશાહ દોરાબજી દસ્તુર, શાવકશાહ જહાંગીરજી ડી૰ મોદી,

નશરવાનજી ફરામજી માદન, રૂસતમ હોરમસજી દાદીબરજોર, બાસેજર એદલજી બેનજીનીયર, એદલજી ખરશેદજી લીમજી, ધનજીશાહ મંચેરશાહ ઉનવાળા, કેખશરૂ હોશંગજી ભરૂચા, તેહમટન રૂસતમ કાપડીઆ, અને સોરાબજી એદલજી કુમાના; પાસ વરગમાં મેસરસ રૂસતમજી દીનશાજી અપ્પુ, દોરાબજી રૂસતમજી ચોથીયા, એરચશાહ સોરાબજી દારોગા, પરવેઝ દારાશાહ દીવાન, ધનજીશાહ જીવણજી ઉકવાડીયા, જહાંગીર સોરાબજી દારૂખાનાવાલા, રૂસતમ અરદેશર મનરાહ, હોમી સોરાબજી હીરજી ખોરશેદ, બેરામજી દાદાભાઇ મીસ્ત્રી, જમશેદ માણેકશાહ પોંચખાનાવાળા, જમશેદજી મેરવાનજી શરાફ, હોરમસજી રૂસતમજી દસ્તુર, સોરાબ કાવસજી દસ્તુર. એરચશાહ માણેકજી ભરૂચા, નરીમાન ફરદુનજી દેસાઇ, જીવણજી ફરામજી જસાવાળા જાલ પેસ્તનજી નેકુ, સ્પીતમાન દાદીશેઠ પારખ, રૂસ્તમ નવરોજી સુતરીયા, ધનજીશાહ એદલજી માણેકવાના, જહાંગીર પીરોજશાહ મેહતા અને શયાવક્ષ અરદેશર લાલ. આમાં પસાર થયલા મી○ અરદેશર જહાંગીર કરકરીયાને મી○ નારાયણ વાસુદેવ સ્કોલરશીપ અને મી○ હોરમસજી રૂસતમજી દસતુરને શેઠ પીરોઝશાહ મેરવાનજી જીજીભાઇ સ્કોલરશીપ મળી છે.

બી. એ. યાને બેચેલર ઓફ આરટસની પાસની પરીક્ષામા હાજર થયલા ૨૯૦ માંથી નવેમબર ૧૯૨૧ માં ૧૫૬ ઉમેદવારો પસાર થયા હતા, તેમાં નીચલા પારસીઓ હતાઃ–મેસરસ માણેકજી ધનજીભાઈ પીટીટ, આદરજી પાલનજી તારાપોરવાળા, દીનશાહ કાવસશાહ કાંગા અને નરીમાન દીનશાહ વેસુના.

સ્કુલ લીવીંગની પરીક્ષામાં બધા મલી હાજર થયલા ૬૯૬૭ માંથી ૩૭૧૨ જણાઓ પસાર થયા હતા, તેમાં ૨૭૦ પારસીઓ હતા; જયારે બધી મલી ૧૪૦ બાઈઓ પસાર થઇ હતી તેમાં ૨૩ પારસી બાઇઓ હતી. આમાં પસાર થયલા મી○ કેરસાસ્પ અરદેશર તાતાને સર દીનશાહ માણેકજી પીટીટ પહેલા બારોનેટ સ્કોલરશીપ અને મી○ બમનજી કાવશજી બહમન બેહરામને બાઇ રતનબાઇ બમનજી વાહાડયા સ્કોલરશીપ મલી છે.

નાશક ખાતેની સેંટ્રલ પોલીસ ટ્રેનીંગ સ્કુલમાંથી નીચલા પારસીઓએ સેવટની પરીક્ષા પસાર કીધી હતી:–મેસરસ નરીમાન બી. બાટલીવાલા અને દારાશાં એ. લાહેર.

ગયે વરસે બનેલા પરચુટણ જાણવાજોગ બનાવો.

આપણા પનોતા શાહજાદા નામદાર પ્રીનસ ઓફ વેલસ હીંદની મુલાકાત માટે તા૦ ૧૭ મી નવેમબર ૧૯૨૧ ને ભેસપતવારે સવારે આપણા શેહરમાં પધારયા હતા. એ નામદારને હીંદી સરંજમીન ઉપર પગ મુકતાંજ આવકાર દેવાનું માન મુંબઇને ફાળે હોવાથી મુંબઇની પ્રજાએ ઘણી ખુશાલી અને મગરૂરીથી એ દીવસ પાલ્યો હતો. નામદાર પ્રીનસ ઓફ વેલસે મનવાર રીનાઉન ઉપરથી સવારના ૧૦ વાગે પોતાના રસાલા સાથે ઉપડી ૧૦–૨૫ કલાકે મુંબઇમાં એપોલો બંદર ઉપર પોતાના મુબારક કદમ મુકયા હતા. એ વખતે પારસી ઇમરજનસી કોરને લગતી દરયાખાતાંની એક શાખા–પારસી સી સકાઉટસને હાજર રાખવામાં આવી હતી. એ નામદારને મુંબઇ શેહરની પરજાના પરતીનીધી તરીકે મયુનીસીપલ કોરપોરેશન તરફથી એપોલો બંદર ઉપર આવકાર દેનારૂ માનપત્ર મ્યુનીસીપલ કોરપોરેશનના પરમુખ સર સાસુન ડેવીડે વાંચી કાસકેટ સાથ એનાયત કીધું હતું. નામદાર પ્રીનસ ઓફ વેલસ ૧૧ વાગે નીકલી સરઘસ રૂપે સરકારી મેહલમાં બપોરના ૧૨ વાગે પહોચયા હતા. જે જે રસ્તાઓ ઉપરથી એ નામદારની સ્વારી ગઇ હતી તેને ઘણા સરસ રીતે ફુલ પાન વગેરેથી સણગારવામાં આવ્યા હતા અને રસતાઓ ઉપર એ નામદારના દીદારના દરશન કરવા માટે તમાશગીનોની અલગાર લાગી રહી હતી. મુંબઇ નગરી તરફથી મોટો પ્રીતી ભરયો આવકાર ઠારેઠાર આપવામાં આવ્યો હતો અને લખ્ખો શેહેરીઓએ ઘણા મોટા હરખથી વધાવી લઇ પોતાની ખુશાલી જાહેર કીધી હતી. નામદાર શાહજાદા તા૦ ૧૮ મી નવેમ્બરે રાતે વીકટોરીઆ ટરમીનસ ઉપરથી સ્પેશીયલ ત્રેનમાં ઉપડી પુને તા૦ ૧૯ મી એ ગયા હતા અને ત્યાંથી એજ દીને રાત્રે મુંબઇ પાછા પધારયા હતા. આ પુનાની ત્રેનના ગારડ તરીકે શેઠ હોરમસજી પેસતનજી નાલ્લાશેઠને નેમ્યા હતા અને એ નામદારની સ્પેશીયલ ત્રેન ભુશાવલથી નાગપુર અને પાછી નાગપુરથી ભુશાવલ આવી હતી ત્યારે એ ત્રેનના ડરાઇવર તરીકે શેઠ રૂશતમજી બેરામજી બતીવાલાની નેમણુંક થઇ હતી. નામદાર પ્રીન્સ ઓફ વેલ્સને પારસી કોમ તરફનું એક માનપત્ર જે મુંબઇની પારસી પંચાયતના માનવંત ત્રસ્ટી સાહેબો તેમજ એક વગવાલા પારસી ડેપ્યુટેશન મારફતે તા૦ ૨૧ મી નવેમબરે બપોરના ૧૨–૨૦ (સ્ટા૦ ટા૦) કલાકે મલબાર હીલના સરકારી મેંહેલમાં એનાયત કરવામાં આવ્યું હતું. નામદાર શાહજાદા મુંબઇના ગવરનર સાથે દરબાર હોલમાં આવી પુગતા એ નામદારને સરવે જણાઓએ હરખ ભરયો આવકાર આપ્યા બાદ સરજમશેદજી જીજીભાઇ બારોનેટે માનપત્ર વાંચી સંભલાવી એક સુંદર કાસકેટ સાથ એનાયત કીધું હતું, જે નામદાર પ્રીન્સે હસ્તે ચેહેરે સ્વીકારયું હતું અને પોતાને આપેલા માન માટે આભાર માન્યો હતો. સર જમશેદજીએ ડેપ્યુટેશનમાં હાજર રહેલા ગ્રહસ્થોને નામદાર પ્રીન્સ સાથ ઓળખ કરાવી હતી અને એ નામદારે દરેક ગ્રહસ્થને સેકહેન્ડ કરી વાતચીત કરી હતી. નામદાર પ્રીન્સ પોતાને વતન સીધારતા જેપાન ખાતે ગયા હતા ત્યારે કોબે ખાતેના ઓરીએનટલ હોટલમાં એ નામદારને આવકાર આપવા માટે થયલા બોલના મેળાવડામાં પારસીઓ તરફનું માનપત્ર તેમજ કાસકેટ એનાયત કરવામાં આવ્યું હતું. નામદાર પ્રીન્સ ઓફ વેલસની આપણા શહેરની મુલાકાતના માંમલીક પસંગે તા૦ ૨૨ મી નવેમબરે સ્ટેડીયમ મધે શેહેનશાહી ગરબી મુંબઇની ૧૬ જુદી જુદી કન્યા શાળાઓની લગભગ ૧૦૦૦ છોકરીઓ ગાઇ સંભળાવનાર હતી પણ શહેરમાં તે વખતે બનેલા નાપસંદ બનાવોને લીધે માંડી વાલી હતી, તે તા૦ ૪ થી ડીસેમબરે નામદાર ગવરનર સર જયોરજ લોઇડ અને તેમના મોહોરદાર લેડી લોઇડના પ્રમુખપણા હેઠળ સ્ટેડીયમમાં એક મોટા મેળાવડા સનમુખ શેઠ [illegible] ફીરોઝશાહ કાપડીઆની આગેવાની હેઠળ ગાઇ સંભળાવવામાં આવી હતી. આવલી સ્કુલની

છોકરીઓમાંથી "ગરબી ક્વીન" તરીકે મીસ માણેક બેરામજી પાલનજી મીસ્ત્રીને ચુંટી કાઢી હતી. શેઠ ફીરોઝશાહ જાહાંગીર મરઝબાન સાથે નામદાર ગવરનર સટેડીયમમાં ફરવા હતા તે વખતે કેટલીક સાહેલીઓને તથા ગરબીના કંપોઝર શેઠ કાપડયાને સેકહેન્ડ કરી હતી. શેઠ જાહાંગીર રતનજી દુબાશ તરફથી અકેક કીમતી રૂપેરી વાઝ રોયલ ગરબીની "સુવેનીર" તરીકે સેંત્રલ ટાબલોમાં રજુ થયલી છોકરીઓને નામદાર લેડી લોઇડને હાથે આપવામાં આવ્યો હતો. નામદાર પ્રીનસ ઓફ વેલ્સ મુંબઇથી વીકટોરીયા ટરમીનશ સ્ટેશન ઉપરથી તા૦ ૧૧ મી નવેમબર ને મંગલગારે રાતે ૧૧ કલાકે વડોદરા જવા રવાના થયા હતા, ત્યાથી હીંદુસ્તાનના જુદા જુદા જોવા લાયક શેહેરો ખાતે ફરી હીંદની પોતાની લાંબી મુસાફરી પુરી કરી પોતાના વંતન સીધારવાને માટે છેલ્લે કરાંચી ખાતેથી તા૦ ૧૭ મી મારચે નીકલી કોલંબો ખાતે રહી જાપાનની સફરે ગયા હતા. એ નામદારનો પરવાસ ઘણો આનદકારક તથા પુર ફતેહમંદી સાથ પસાર થયો હતો અને જયાં જયાં એ નામદાર ગયા હતા ત્યા ઘણો હરખ ભરયો આવકાર તથા ભારે આદરમાન આપી મોટા પાયા ઉપર ધામધુમો કરી હતી.

દભોઇના સ્ટેશન માસતર શેઠ બમનજી પેસતનજી બીલીમોરીયા રીટાયર થવાથી એવણુના માનમાં એક મેલ્લાવડો દોસ્ત આશનાઓ તરફથી સ્ટેશનના ગુડસ યારડમાં તા૦ ૨૭ મી સપટેમબર ૧૯૨૧ ને દીને કરી ચાંદીના કાસકેટમાં માનપત્ર સાથ એક પરસ એનાયત કરી સ્ટાફ તરફથી ચાંદીના કાસકેટમાં માનપત્ર સાથ ફ્લાવર વાઝ ભેટ આપયું છે.

સોલાપુરના કલેકટર શેઠ સોરાબશાહ માણેકશા ભરૂચાની બદલી થાણા ડીસત્રીકટમાં થવાથી એઓને તથા એવણુના ધણીયાણી બાઇ સુનાબાઇને વીદયાગીરીનું માન આપવા તા૦ ૨૩ મી અકટોબર ૧૯૨૨ ને દીને ત્યાની જરથોસ્તી અંજુમને એક મેલાવડો કરી બાઈ સુનાબાઇને ટીસેટ ભેટ આપયો છે.

નાગપોરની એમપ્રેસ મીલના મેનેજર શેઠ સોરાબજી બેજનજી મેહતાને મલેલા સી. આઇ. ઇ. ના ખેતાબ માટે મુબારકબાદી આપવાનો એક મેલાવડો તા૦ ૧૫ મી ફેબરવારી ૧૯૨૨ ને બુધવારે એ મીલના કમપાઉંડમાં એવણુના સ્ટાફે મીલના ડીરેકટર શેઠ નવરોજી સકલાતવાલાના પ્રમુખપણા હેઠળ કરી ચાંદીના કાસકેટમાં માનપત્ર એનાયત કીધું છે.

હાંગકાંગની મેસરસ એન. મોદીની કંપનીના માલેક શેઠ ફરામરોઝ અરદેશર મોદી પોતાના ધણીયાણી સાથે હાંગકાંગ ગયા હતા તે તકનો લાભ લઇ ત્યાની અંજુમને તા૦ ૧૯ મી ફેબરવારી ૧૯૨૨ ને દીને અંજુમનના મકાનમાં એવણના માનમાં એક મેલાવડો કરી ચાંદીના કાસકેટમાં માન પત્ર શેઠ ફરામરોજને એનાયત કીધું છે.

નવસારીમાં ભગર સાથ અને મીનોચેરહોમજી સાથ વચ્ચે આશરે અઢીસો વરસથી મતફેરી તથા તકરાર ચાલ્યા કરતી હતી તેનું સમાધાની ભરેલું સેતટ આવવાથી જે શખ્સોએ ઉપકાર કીધા હતા તેઓની કદરશનાશી કરી માનપત્ર આપવાનો એક મેલાવડો તા૦ ૫ મી મારચ ૧૯૨૨ ને દીને નવસારી ખાતે મળેસરના જમશેદ બાગમાં કરવામાં આવ્યો હતો. એ વખતે શેઠ એદલજી રૂશતમજી ફણીબંદાને ચાંદીના કાસકેટ સાથ માનપત્ર તથા મીનોચેહર હોમજી સાથ તરફથી ચાંદીનો વાઝ અને ખા૦ બા૦ ડાકટર પાલનજી હોરમજી દાદાચાનજીને કકરીયા કુટુંબ તરફથી ચાંદીના કાસકેટ સાથ માનપત્ર તેમજ એરવદ ફીરોજી દાદાચાનજી, એરવદ દીનશાહ કકલીયા વકીલ, શેઠ મનચેરજી હવાલદાર અને એરવદ રૂશતમજી મેરવાનજી કકરીયાને અકેક શયાલો એનાયત કરી છે. એરવદ રૂશતમજી મે. કકરીયાને સુનાનો સીકો ભેટ આપ્યો છે.

હાંગકાંગની અંજુમનના ધરમ ફંડોના પ્રેસીડંટ તથા ટરસ્ટી શેઠ હો. કે. ખરાની પોતાના કુટુંબ સાથ મુંબઇ આવવાથી એવણુને વીદાયગીરીનું માન આપવા માટે તા૦ ૧૯ મી મારચ ૧૯૨૨ ને દીને એક મેલાવડો કરી રાતે ખાણુ આપી એક પરસ એનાયત કરવામાં આવી છે.

મુંબઇની ગ્રાંટ મેડીકાલ કોલેજના એનેટમીના એસીસટંટ પ્રોફેસર ડા૦ શાપુરજી ડોસાભાઇ ભરૂચા રીટાયર થવાથી એવણુના માનમાં કોલેજના વીદ્યારથીઓએ તા૦ ૨૦ મી મારચ ૧૯૨૨ ને દીને કોલેજના હોલમાં કરનલ સ્નોટના પ્રમુખપણા હેઠળ એક મેલાવડો કરી ડા૦ ભરૂચાને રૂપાની કાસકેટ સાથે એક પરસ એનાયત કીધી છે.

મુંબઇની ઇરાની જરથોસ્તી અંજુમનના પ્રમુખ શેઠ દીનશાહ જીજીભાઇ ઇરાનીએ ઇરાનથી બુશાયરને રસ્તે મુંબઇ આવવા નીકલેલા ઇરાનીઓને પાસ પોરટ નહી મલવાથી ઘણી મુશકેલી પડે તેમ હોવાથી શેઠ દીનશાહે સરકાર સાથે બંદોબસ્ત કરીને તે મુશકેલી દુર કરી હતી, તે માટે હેશાનની ઇધાની તરીકે બુશાયરથી આવેલા ઇરાનીઓએ શેઠ દીનશાહને તા૦ ૨૧ મી મારચ ૧૯૨૨ ને દીને યાને જમશેદી નવરોઝે કાશકેટ સાથ માનપત્ર એનાયત કરયું છે અને શેઠ દીનશાહ મેરવાને એક શીયાલ ઓઢાડી છે.

શેઠ માણેકશા બાપુજી દેશાઇ પોતાના ધંધા અરથે ચીન જવાથી વીદયાગીરીનું માન આપવા માટે ભગર સાથ અંજુમને એક મેળાવડો જમશેદી નવરોઝને દીને યાને તા૦ ૨૧ મી મારચ ૧૯૨૨ ને દીને નવસારીની વડી દરેહમહેરમાં દસ્તુરજી કેકોબાદજીના પ્રમુખપણા હેઠળ કરી શેઠ માણેકજીને એક શાળ, રૂપાનું ત્રે સાથનું ફ્લાવર વાઝ ભેટ આપયું છે.

સુરત નાનપરાની શેઠ બીસનીવાળી દરેહમરેહના દસ્તુર પેસતનજીને એવણે બજાવેલી સેવાની પીછાનમાં તા૦ ૨૧ મી મારચે જમશેદી નવરોઝને દીને એક મેળાવડો કરી દોસ્ત આશનાઓ વગેરે તરફથી તેવીશ સાલો તથા પરસો દાવર તેમુરસ મોદીના હાથે એનાયત કરવામાં આવી છે. એ પછી મરહુમ દસ્તુર ને.શીરવાનજીની સબી એ દરેહમેહરમાં ખુલ્લી મુકવામાં આવી છે.

કલીકટના તબીબ ડાકટર કેકોબાદ ધનજીભાઇ મુગાશેઠ યુરોપ જવાથી તા૦ ૨૭ મી એપ્રીલ ૧૯૨૨ ને દીને એવણુના માનમાં એક મેલાવડો તયાની પારસી અંજુમને પ્રેસીડંટ શેઠ કુંવરજી દલાલના પ્રમુખપણા હેઠળ કરી ચાંદીના કાસકેટમાં માનપત્રો એનાયત કીધાં છે.

બેરોનેટ ક્રીકેટ કલબના પ્રમુખ ડા૦ મહેલાશાહ એરચજી પાવરીને મલેલા જે. પી. ના ખેતાબ માટે તેમજ એવણુની છેલલા હુલ્લડ વખતેની અને પારસી બેટેલીયન તરફની સેવાની યાદમ કલબના સભાસદોએ એક મેલાવડો એવણુના માનમાં તા૦ ૨૮ મી એપરીલ ૧૯૨૨ ને દીને કરી એવણુને એક માનપત્ર સાથ શુનાનું ઘડીયાલ એનાયત કરવામાં આવયું છે.

ઉદવાડાના માણેકજી કાવશજી દમણવાલા ધરમાદા દવાખાનાના ડા૦ સોરાબજી હોરમજી બોઇસને વીદયાગીરીનું માન આપવા ત્યાની અંજુમને તા૦ ૨ જી મે ૧૯૨૨ ને દીને જીજીભાઇ દાદાભાઇ ચેરીટી સ્કુલમાં એક મેલાવડો ડા૦ એદલજી ખરશેદજી ભરડાના પરમુખપણા હેઠળ કરી ડા૦ બોઇસને કાસકેટ સાથ માનપત્ર તથા શેયાલો એનાયત કરી એવણુના ધણીયાણીને પરસ ભેટ આપી છે.

ખા૦ બા૦ ડાકટર એન. એચ. ચોકસીની શહેરી સેવાઓની કદરશનાશીમાં નામદાર સરકારે આપેલા સી. આઇ. ઇ. ના ખેતાબ માટે મુબારકબાદી આપવા મુંબઇના મેડીકલ યુનીઅન અને તેવણુંના મીત્રો તથા વખાણુનારાઓએ તા૦ ૧૬ મી જુન ૧૯૨૨ ને સોમવારે એક મેલાવડો યુનીવરસીટીના કોનવોકેશન હોલમાં મેડીકલ યુનીયનના શેરનશીન ડા૦ દીનશાહ એમ. ગગરાટના પ્રમુખપણા હેઠળ કરી એક માનપત્ર રૂપાના કાસકેટમાં એનાયત કરી એવણે બજાવેલી સેવાઓની સ્તુતી કરવામાં આવી હતી.

કરાંચીના જાણીતા શેહેરી શેઠ જમશેદજી નશરવાનજી મેહતાને તા૦ ૧૯ મી એપરીલ ૧૯૨૨ ને બુધવારે ત્યાની મયુનીસીપાલટીના પ્રેસીડંટ તરીકે ચુંટીને મોટું માન આપવામાં આવયું છે. તેની યોગય કદરશનાશી કરી માનપત્ર આપવાનો ઠરાવ કરવા કરાંચી અંજુમનના ટરસ્ટીઓએ તા૦ ૮ મી જુલાઇને દીને અંજુમનની સભા સદરની અગીયારીના આમા હોલમાં શેઠ

જમશેદજી શાપુરજી સોપારીવાલાના પરમુખપણા હેઠળ બોલાવી હતી. એ વખતે ખા૦ બા૦ કાવસજી હો૦ કાતરકે જણાવ્યું કે શેઠ જમશેદજીને કરાંચી મયુનીસીપાલીટીના પ્રેસીડંટ તરીકે સરવાનુમતે ચુંટી કાઢ્યા છે અને પારસી વસતીની શરૂઆત પછી આ પહેલીજ વખતે આ ઉંચુ શેહેરી માન આપણી અતરેની કોમને પ્રાપ્ત આવ્યું છે તેની નોંધ લેવા તથા શેઠ જમશેદ આપણી કોમના એક દીલસોઝ ખેરખાહ છે અને વરસો થયાં અમુલ્ય સેવાઓ બજાવતા આવયા છે તેની યોગ્ય કદરશનાશી કરી અંજુમનની આ જાહેર સભા શેઠ જમશેદને મલેલા શહેરી માન માટે પોતાની ખુશાલી જાહેર કરી મુબારકબાદી આપે છે. એ પછી શેઠ અરદેશર હો૦ મામાએ શેઠ જમશેદજીની તારીફમાં કેટલુંક વીવેચન કરવા પછી આ ઠરાવની નકલ શેઠ જમશેદજી ઉપર મોકલી આપવાનું નકકી થયું હતું.

મરહુમ શેઠ જમશેદજી નશરવાનજી તાતાનું બાવલું બેંગલોર ખાતે ઇંડયન ઇસ્ટીટયુટ ઓફ સાયનસમાં માઇસોરના નામદાર માહારાજાએ એક મોટા મેલાવડા સનમુખ તા૦ ૧૦ મી મારચે સાજે ખુલ્લું મુકી મરહુમના સાહસીકપણાની તેમજ ઉંચા ગુણોની વખાણ કીધી હતી.

મરહુમ બાઇ રતનબાઇ બમજી વાહાડયા તે સર હોરમજી અરદેશર વાહાડયાના બેટીની સબી રાજકોટની દરેહમેહરમાં તા૦ ૯ મી સપટેંબર ૧૯૨૧ ને દીને ખુલ્લી મુકી છે તેમજ એવણની બીજી સબી શેઠ વાહાડયાજીના આતશ બેહરામમાં મુકવામાં આવી છે.

તારાપોરની અંજુમનના મેનેજીંગ મેંબર મરહુમ શેઠ બેરામજી જાહાંગીરજીની સબી સાની દરેહમેહરમાં તા૦ ૯ મી અકટોબરે ખુલ્લી મુકવામાં આવી છે.

સુરતની મીશન હાઇસ્કુલના માજી હેડ માસ્તર શેઠ મંચેરશાહ પાલનજી કેકોબાદની સબી તા૦ ૧૪ મી અકટોબર ૧૯૨૧ દીને તયાંની સ્કુલમાં ખુલ્લી મુકવામાં આવી છે.

મરહુમ શેઠ રૂસતમજી બેહરામ ઇરાનીની સબી પુણાની અંજુમનની દરેહમેહરમાં તા૦ ૧૧ મી નવેમબર ૧૯૨૧ ને દીને દરેહમેહરના દસ્તુર પેસતનજી ભીખાજી આદરીયાનવાળાએ ખુલ્લી મુકી છે.

જાણીતા પારસી એજયુકેશનીસ્ટ શેઠ એચ. જે. ભાભા જેમને માઇસોરની સરકાર તરફથી મુનીર–ઉલ–તાલીમનો ખેતાબ મળેલો છે તેમની યાદગારી જાગતી રાખવા માટે બેંગલોર ખાતે મહારાજા કોલેજમાં તેમની તસ્વીર માઇસોરના નામદાર દીવાન સર કાતરા ઉરસે નવેમબર ૧૯૨૧ માં ખુલ્લી મુકી છે.

અમદાવાદના પારસી જીમખાનાના પરમુખ સર નવરોજી પેસતનજી વકીલ સી. આઇ. ઇ. ની સબી જીમખાનામાં તા૦ ૨૩ મી મારચે એક મેલાવડા સનમુખ ખુલ્લી મુકવામાં આવી છે.

નવસારીની આઇીસર કલબના સેકરેટરી શેઠ રૂસતમજી હોરમજી બાનાએ વરસો સુધી કલબની બજાવેલી સેવાની પીછાનમાં એ કલબ તરફથી એવણની સબી તા૦ ૨ જી એપરીલ ૧૯૨૨ ને દીને ખા૦ બા૦ ડાકટર પાલનજી હોરમજી દાદાચાનજીએ ખુલ્લી મુકી છે.

મરહુમ સખી શેઠયા સર શાપુરજી બ૦ ભરૂચાની સબી એવણના વખાણનારાઓ તથા મીતરો તરફથી શેઠ વાહાડયાજીના આતશબેહરામમાં તા૦ ૧૯ મી એપ્રીલ ને રવીવારે દસ્તુરજી દારાબજી પેસોતન સંજાણાએ ખુલ્લી મુકી છે. એવો શેઠજીની બીજી સબી ઇંડોરની જ૦ ન૦ પીટીટ સ્કુલમાં એવણની પહેલા વરસની બાજને દીને યાને તા૦ ૨૩ મી જુન ૧૯૨૨ ને દીને ખાનસાહેબ રતનશાહ એદીબામે ખુલ્લી મુકી છે. એ સબી શેઠ અરદેશર મેરવાનજી ભરૂચાએ ભેટ આપી હતી.

મરહુમ શેઠ જાલભાઇ દોરાબજી ભરડા મુંબઇની શેઠ જ. ન. પીટીટ આરફનેજની કારોબાર મંડલીના પોતાના મરણ સુધી સભાસદ હતા, તેવણની યાદમાં આરફનેજના વીદયારથી-

જાએ ઉભા કીધેલા ફંડમાંથી તઇયાર કરેલી એક સબી તા૦ ૧ લી મે ૧૯૨૨ ને દીને પ્રીંસીપલ શેઠ જોશીના પ્રમુખપણા હેઠળ મેલાવડા કરી ખુલ્લી મુકવાગાં આવી છે. શેઠ જાલભાઇની બીજી સબી ઉડવાડા અંજુમન તરફથી આતશબેહરામમાં તા૦ ૨૯ મી જુને ખુલ્લી મુકી છે.

મરહુમ શેઠ દાદી નશરવાનજી દાદી શેઠની સબી શેઠ દાદીશેઠના આતશબેહરામમાં એ આતશ બેહરામની સાલગ્રહને દીવસે યાને તા૦ ૨૭–૮–૧૯૨૨ ને દીને ખુલ્લી મુકવામાં આવી છે.

નાગપુરવાળા જાણીતા શેહેરી ઓન. સર માણેકજી બી. દાદાભાઇ, નાઇટ, સી. આઇ. ઈ. ને મુંબઇ ઇલાકામાં ખણીજ પદારથોની શોધખોળ કરવા માટેનો પરવાનો આપવામાં આવયો છે.

નાગપુરવાલા ખાન બહાદુર બેરામજી પેસતનજી (હાલમાં ખાન બહાદુર બી. પી. બેરામજી તરીકે જાણીતા છે તેવણ) ને મુંબઇ ઇલાકામાં ખનીજ ધાતુઓની શોધખોલ કરવાનો પરવાનો આપવામાં આવયો છે.

નામદાર નીઝામની સલતનતમાં આવેલા રાજુરના દારૂના ઇજારદાર અને રૂના વેપારી તથા બેંકર શેઠ પેસતનજી એદલજી કલયાણીવાલા જેવણ ચંદા ખાતે રહે છે, તેવણને મધ્ય પ્રાંતોના નામદાર ગવરનર ઇન કાઉનસીલે મધ્ય પ્રાંતો તથા બીરારમાં ખણીજ પ્રદારથોની ખાણોની શોધખોળ કરવાના પરવાનો આપયો છે. તેવણ દર સાલ નામદાર નીઝામ સરકારને ૫ લાખ ૫૦ હજાર રૂપયા મહેસુલ ભરે છે.

કરનલ દીનશાહ પી. ધડીયાલીને અમેરીકા ખાતે "કરટીસ સી ગુલ" સીપલેન ઉરાડવા માટે પાઇલેટની સરટીફીકેટ આપવામાં આવી છે.

જાણીતા જરથોસ્તીઓના મરણ.

શેઠ મેરવાનજી ખરશેદજી નવરોજી કોમીસરીએટવાલા ૫૦ વરસની વયે રોજ ૨૩ મો માહા ૧ લા ને દીને મરણ પાંમ્યા હતા. મરહુમ શેઠ ફરામજી મેહતાના માલેકીના વખતના કપસરે હીંદ ન્યુસ પેપરના અધીપતી તરીકે કેટલોક વખત સુધી કામ કરવા પછી શેઠ પેસતનજી ન. કેરાવાલાએ કહાડેલાં અઠવાડીક ઇંન્ડીપેન્ડંટના અધીપતીનો ઓધ્ધો ભોગવ્યો હતો. એ પછી જેપાનીસ વેપારી પહેડીમાં રહ્યા હતા. રાતે આઠ વાગે વાંદરે ઘરે જતા ચરચગેટના સ્ટેશન આગળ વીકટોરીયા ગાડીનો અકસમાત થવાથી એવણનું મરણ નીપજ્યું હતું.

મુંબઇના જાણીતા મોટા આબકારી કનત્રાકટર શેઠ કાવસજી દાદાભાઈ હોરમજી દુબાશ પેરીસ ખાતે રોજ ૨૨ મો માહા ૨ જા ને દીને મરણ પામયા છે. એવણ પોતાની નાદરસત તબીયતને લીધે ઓપરેસન કરાવવા વેલાત ગયા હતા અને પેરીસ ખાતે એવણનું દલગીરી ભરીયું મરણ નીપજ્યું હતું. શેઠ કાવસજીએ પોતાના પીતાજી શેઠ દાદાભાઇના બહેસ્તનશીન થવા પછી પોતાના વડીલ ભાઇ શેઠ સોરાબજી સાથે મેશરસ દાદાભાઇ હોરમસજીની કંપનીનો ધીકતો વેપાર ચાલુ રાખયો હતો. ખાનદેસ તેમજ બીજા શહેરો ખાતે ગામથી દારૂના મોટા મોટા કનત્રાકટો રાખી બોહલા પાયા પર વેપાર ચલાવવામાં આવે છે. એવણ ઘણા સાદા અને સાલેશ હતા અને પોતાની કોમનું ભલું કરવાને હંમેશાં રાજી રહેતા હતા. મરહુમ શેઠનો સઉથી મોટો સદગુણ દયાલુ દીલગુરદો હતો, તેમજ ઘણા ધરમચુસત અને ચીરટ જરથોસતી હતા. પોતાના પાક મહઝબ માટે મરહુમમાં કાંઇક અજબ લાગણી અને જુસસો હતો. શેઠ કાવશજી મુંબઇની પારસી મેત્રીમોનીયલ કોરટના ડેલીગેટ હતા, અને ઘણા વરસો સુધી સારી સેવા બજાવી હતી. એવણને નામદાર સરકારે જસ્તીસ ઓફ ધી પીસ નેમી માન આપયું હતું.

શેઠ કાવશજી બેજનજી શેઠના વકીલ ૬૫ વરસની વયે રોજ ૧૧ મો માહા ૩ જાને દીને મરણ પામયા હતા. એવણે ૧૮૭૩ માં મેત્રીકની, ૧૮૭૭ માં બી. એ. ની અને ૧૮૮૦ મા એલ. એલ. બી. ની પરીક્ષાઓ પસાર કરી હતી. ૧૮૮૩ માં રેસાલો લખવા માટે યુનીવરસીટી તરફથી "માણેકજી લીમજી ગોલ્ડ મેડલ" મલયો હતો, એવણને ૧૮૮૬ માં યુનીવરસીટીના ફેલો અને ૧૮૯૭ માં સુરેહના અમલદાર નેમવામાં આવયા હતા. એવણે ૪૦ વરસ સુધી મુંબઇની સમોલ કોઝીઝ કોરટમાં વકીલનો ધંધો ઘણી બાહોસીથી ચલાવી સારી નામના મેલવી હતી. એવણની યાદદાસ્ત શકતી શારી ખીલેલી હતી તેથી ધંધામાં જબરી યારી મલી હતી. એવણ એક વખત વેલાતની સફર કરી આવયા હતા.

મુંબઇના જાણીતા શેઠયા અને મોટા આબકારી કનત્રાકટર શેઠ સોરાબજી દાદાભાઇ દુબાશ માહીમ ખાતે પોતાના બંગલામાં રોજ ૨૨ મો માહ ૩ જા દીને મરણ પામ્યા હતા. શેઠ સોરાબજી પોતાના મરહુમ ભાઇ શેઠ કાવસજી સાથે પોતાના મરહુમ પીતાજીનો આબકારી કનત્રાકટોનો બહોલો ધંધો ઘણા મોટા પયાપર ચલાવતા હતા, અને સારી નામના મેલવી હતી. એવણ ઘણા દયાલું અને સાંક સ્વભાવના હોવાથી પોતાની આસપાસ મોટું મીત્ર મંડળ ભેગું કરયું હતું અને પોતાના ગરીબ હમદીનો તરફ માયાથી વરતી સારી મદદ આપતા હતા. એવણને બાગબાની અને ખેતીવાડીનો મોટો શોખ હતો. મરહુમ શેઠ સોરાબજીને નામદાર સરકારે જસ્તીસ ઓફ ધી પીસ નેમી માન આપ્યું હતું.

સુરતની પારસી અનજુમનનાં વડા અકાબર સરદાર દાવર કેખુશરો એદલજી મોદી મુંબઇમ ૮૦ વરસની વયે રોજ ૨૫ મો માહ ૩ જા ને દીને મરણ પામ્યા હતા. એવણે ૧૮૬૪ માં

બી. એ. ની પરીક્ષા પસાર કરી હતી. ૧૮૭૫ માં સુરતની પારસી મેત્રીમોનીયલ કોરટના ડેલીગેટ તથા ૧૯૧૨ માં મુંબઇના નામદાર ગવરનરની કાઉનસીલના સભાસદ નેમ્યા હતા. સને ૧૮૮૨ થી સુરત મયુનીસીપાલીટીના સભાસદ તરીકે એવણુની વારંવાર નેમણુંક કરવામાં આવતી હતી, તેમાં આગેવાની ભરયો ભાગ લઇ પોતાની કીમતી સેવા આપતા હતા. ૧૯૦૬ માં એવણુના પીતાજીના થયલાં ઉઠમણા વખતે સુરતની અનજુમન તરફથી શેઠ કેખશરૂને દાવર તરીકે નેમવામાં આવ્યા હતા. નામદાર સરકારે એવણુને સરદાર નેમી માન આપ્યું હતું. મરહુમને બેટા નહી હોવાથી મરહુમના સુરત ખાતે થયલા ઉઠમણા વખતે એવણુના ભાણેજ શેઠ તેમુરસ કાવસજી મોદીને ત્યાની અનજુમન તરફથી દાવર નેમી અનજુમન તરફની એક શીયાલ તેમજ જાહેર મંડલો અને જુદા જુદા ગામોની અનજુમન તથા હીંદુ મુસલમાન કોમના વડવાઓ તરફથી જુદી જુદી શીયાલો આપવામાં આવી હતી.

શેઠ અરદેશર ફરામજી વકીલ ૮૪ વરસની વયે રોજ ૧૦ મો માહા ૪ ઠાને દીને મરણ પામયા હતા. એવણ અતરેની જાણીતી સોલીસીટરની પેહેડી મેસરસ અરદેશર હોરમજી દીનશાની કંપનીના વડા ભાગયા થતા હતા. ૧૮૬૧ માં મેત્રીક થયા પછી ૧૮૬૫ માં બી. એ. ની પરીક્ષા પસાર કરવા બાદ તા૦ ૨૮ મી જુન ૧૮૭૨ ને દીને સોલીસીટરની પરીક્ષા પાસ કીધી હતી. એવણે પોતાનો સોલીસીટરનો ધંધો વરસો સુધી પુર ફતેહમંદીથી ચલાવી પોતાની પેહેડીની નામના વધારી મુકી હતી. ૧૮૮૦ માં મરહુમને સુલેહના અમલદાર અને ૧૮૮૯ માં મુંબઇ યુનીવરસીટીના ફેલો નેમયા હતા. એવણ અતરેની કેટલીક મીલોના ડીરેકટર હતા તેમજ બીજી કંપનીઓના તથા ફંડોના મેંમબર તરીકે પોતાની કીમતી સલાહ આપતા હતા. તા૦ ૪ ઠી નવેમબર ૧૮૯૪ ને દીને મજગામ ખાતે મરહુમે પોતાને ખરચે એક ધરમનું દવાખાનું "મહેરનું ધરમનું દવાખાનું" ઉગાડયું હતું.

કલકતાવાળા શેઠ કાવશજી માણેકજી રૂશતમજી પુણા ખાતે રોજ ૧૨ મો માહા ૪ થાને દીને મરણ પામયા હતા. એવણે કલકતા ખાતે ઘણી ઉપયોગી અને ઉધ્યોગી જીંદગી ગુજારી હતી અને પોતાના લાયકીભરયા સ્વભાવથી સરવે કોમમાં માન પામયા હતા. ૧૮૮૦ માં કાગલ બનાવવાનો સાહસ "રેનોલ્ડ એંડ રૂશતમજીની કંપની" ઉભી કરી ઉપાડયો હતો, પણ ફતેહમંદ નહી થવાથી તે કંપની વેચી નાખી હતી જે હાલમાં પેપર મીલસ તરીકે ચાલે છે. મરહુમે થોડો વખત વેપાર અરથે ચીન જઇ આવી એ કંપનીના વરસો સુધી મેનેજર તરીકે કામ કીધું હતું. વરસો સુધી ફરસ્ટ કલાસ મેજીસ્ત્રેટ તરીકે સારી સેવા બજાવી હતી. ૧૯૦૪ માં કલકતાની જરથોસ્તી અંજુમનના ત્રસ્ટી તરીકે એવણુની નેમણુક થઇ હતી અને ૧૯૧૪ માં એ ટરસ્ટી તરીકેના ઓધાનું રાજીનામુ આપયું હતું. મરહુમે બજાવેલી સેવાઓની પીછાનમાં કલકતાના બનાજીના આદરીયાનમાં એવણુની સબી અંજુમન તરફથી મુકવામાં આવી હતી.

ખાન સાહેબ પેસતનજી બહમનજી મેપ્રમેન ૭૮ વરસની વયે પુણા ખાતે રોજ ૨૩ મો માહા ૪ ઠાને દીને મરણ પામયા હતા. એવણુનો જનમ પુણામાં થયો હતો અને ૪૩ વરસ થયા પુણાની સર સાસુન દેવીદની ઓહોલી જાગીરોનો વહીવટ ચલાવવાને એવણુને એજનટ નેમયા હતા. મરહુમની ખંતથી પુણામાં ૧૮૮૪ માં સ્થાપાયલી સુબરબરન મયુનીસીપાલીટી જેના પેહલા ઉપ-પ્રમુખ હતા અને પાછલથી વરસો સુધી પ્રેસીડંટ તરીકે એવણુની નેમણુક થતી હતી પુણામા સ્થાપાયલી હાસપીટલો, દવાખાનાઓ તથા કેલવણી ખાતાઓમાં વરસો સુધી કાળજી ભરેલો ભાગ લઇ સારી સેવા બજાવી હતી. મરહુમ પુણાની મેત્રીમોનીયલ કોરટના એક ડેલીગેટ હતા એવણુની જાહેર સેવાઓની પીછાનમાં નામદાર સરકારે ખાનસાહેબનો ખેતાબ તેમજ કોરોનેશન મેડલ એનાયત કીધો હતો.

*

મુંબઇ તથા કોલંબોના જાણીતા વેપારી શેઠ ભીખાજી ફરામજી ખાન ૬૬ વરસની વયે રોજ ૧૩ મો માહ ૫ મા ને દીને વાલકેશવર ખાતેના પોતાના રહેવાના બંગલામાં મરણ પામ્યા હતા. કોલંબો તથા મુંબઇના એક જાણીતા વેપારી તરીકે ઘણા મશહુર હતા અને વેલાએત ખાતે પણ પોતાના વેપારના વધારા અરથે પહેડી કહાડી હતી. મરહુમ શેઠની મુંબઇની પહેડી દીનશાહજી ભીખાજી ખાનની કંપનીને નામે જાણીતી છે અને કોલંબો ખાતે ફરામજી ભીખાજીની કંપનીને નામે ચાલે છે. કોલંબો ખાતે એક ઓઇલ મીલ ચલાવામાં આવે છે. એવણ વરસો સુધી વેલાયત તેમજ કોલંબો ખાતે રહેતા હતા. કોલંબોના પારસીઓમાં શેઠ ભીખાજી એક આગેવાન અફસર ગણાતા અને ત્યાંના ધરમખાતાઓપર જાતી દેખરેખ રાખી પોતાની કીમતી સલાહ આપતા હતા.

શેઠ સોરાબજી ખરશેદજી ફરામજી ઘેંડી ૬૪ વરસની વયે રોજ ૧૬ મો માહા ૬ ઠાને દીને મરણ પામયા હતા. એવણનો જનમ રોજ ૨૫ મો માહા ૮ મો ય. સને ૧૨૨૬ માં થયો હતો. મરહુમે મેત્રીકયુલેશન સુધી કેલવણી લઇ મીલમાં જોડાઇ વીવીંગ માસતર થયા હતા અને ૮ વરસ સુધી ગ્રેટ ઇસટરન મીલમાં નોકરીએ રહયા પછી સવતંત્ર ધંધો કરવા માંડી મશીનરી એજંટ થયા હતા. ૧૮૮૬ માં મરહુમ પેહલા દેવલાલી ગયા હતા અને ત્યાંની જમીન વેચાતી લઇ વસાવી હતી. દેવલાલીના સીગવા મધે જમીન લઇ નવો રસ્તો કરી આપવાથી એ રસ્તો ઘેંડી રોડ તરીકે જાણીતો છે. એવણે દેવલાલીનું દોખમું તથા અગીયારી બાંધવા માટે આગેવાની લઇ તેના એક ટરસ્ટી તરીકે કીમતી મદદ આપી હતી. મરહુમ શેઠ સોરાબજી ૧૮૯૩ થી મુંબઇની મયુનીસીપલ કોરપોરેશનમાં ભાયખલા વારડ તરફથી બહાર પડયા હતા અને તેના મેમબર તરીકે મરણ સુધી ચાલુ રહી એ વારડ તરફથી સારી સેવા બજાવી હતી. એવણ પોતાના ધંધામાં ઘણા ચાલાક ને કુનેહબાજ હતા અને અનેક પેંટંટો સરકાર તરફથી મેલવ્યાં હતાં, પાંચ વરસ થયા મરહુમને અતરેની પારસી ચીફ મેત્રીમોનીયલ કોરટના ડેલીગેટ ચુંટી કાઢવામાં આવ્યા હતા અને ૧૯૦૪ મા મુંબઇ મધે ભરાવલી હીંદી નેશનલ કોંગ્રેસના ડેલીગેટ નેમ્યા હતા.

અમદાવાદના જાણીતાં શેહેરી બાઇ ધનબાઇ અરદેશર દલાલ રોજ ૨૪ મો માહા ૮ માંને દિવસે નવસારી ખાતે ૫૬ વરસની વયે એકાએક મરણ પામ્યાં હતાં. એવણ જરથોસ્તી બાનુઓના ભલાં માટે કાલજી રાખતાં હતાં તેથી અમદાવાદ ખાતે સ્ત્રી જરથોસ્તી મંડલ સ્થાપવામાં આગેવાની ભરેલો ભાગ લીધો હતો. એવણે જરથોસ્તી બાલકોને ધરમ સબંધી કેલવણી આપવા માટે અમદાવાદમાં યંગ ઝોરાસ્તરીયન સ્કુલ સ્થાપી પોતાને ખરચે ચલાવી કેટલાંક વરસો પછી નાદરૂસ્ત તબીયતને લીધે બંધ કીધી હતી. મરહુમ ઘણા સાદા અને ભલા બાનું હતાં.

ડા૦ બેહેરામ બરજોરજી ભરૂચા ૪૫ વરસની વયે રોજ ૨૭ મો માહા ૮ માને દીને મરણ પામયા હતા. મરણને દીવસે લગનમાંથી ખાઇ પીને રાતે ઘરે આવ્યા પછી તરત ૧૦ વાગે હારટનાં આંકરાં આવ્યાથી જરાવારમાં પોતાનો પ્રાણ તે કીરતારને હવાલે કીધો હતો. એવણના પીતા શેઠ બરજોરજી નવસારીના માજી સ્ટેશન માસતર હતા. મરહુમે અત્રે મેત્રીકયુલેશનની પરીક્ષા પસાર કરી મેડીકલ કોલેજમાં અભયાસ કરી વધુ અભયાસ માટે વેલાત જઇ એડીનબરોની એલ. આર. સી. પી. વગેરેની ડીગ્રી મેલવી હતી. શરૂઆતમાં કરાંચી ખાતે તબીબા ધંધો કરવા પછી લડાઇ વેળા ઇંડીયન મેડીકલ સરવીસમાં જોડાઇ બસરા ગયા હતા, છેલા ચાર વરસ થયા મુંબઇમાં આંખની એક ખાનગી હાસ્પીતાલ ન્યુ ચરનીરોડ પર ઉઘડી હતી અને સારી નામના મેલવી હતી. ૧૯૧૮ માં ખેતવાડીની માણેકજી પીટીટ ચેરીટેબલ ડીસપેનસરીના ઓનરરી આંખના ડાકટર તરીકે એવણની નેમણુક થઇ હતી.

શેઠ મેહરવાનજી ફરદુનજી મુલ્લા વકીલ ૪૫ વરસની વયે રોજ ૧ લો માહા ૯ માને દીને મરણ પામ્યા હતા. એવણ અતરેની સર જમશેદજી જીજીભાઇ સ્કુલના માજી હેડ માસ્તર શેઠ ફરદુનજી ડા૦ મુલ્લાના બેટા થતા હતા. મરહુમે ૧૮૮૮ માં મેત્રીક થઇ તા૦ ૯ મી મે ૧૮૯૫ ને દીને

ડીસ્ટ્રીકટ પલીડરની પરીક્ષા પસાર કરી હતી. એ પછી એવણુના ભાઇઓ મેસરસ મુલ્લાં એન્ડ મુલ્લાની જાણીતી સોલીસીટરની પેઢેડીમાં રહયાં હતા અને કાયદાનો અભયાસ કરી ૧૯૦૪ મા હાઈ કોરટની પલીડરની પરીક્ષામાં પસાર થવા પછી સમોલકોઝ કોરટમાં વકીલ તરીકે ધંધો કરવા માંડયો હતો. એવણુ એક જુના અને જાણીતા ક્રીકેટર હતાં અને ઘણીક ક્રીકેટ કલબોમાં જોડાયલા રહી પોતાની કીમતી સલાહ આપતા હતા.

શેઠ જમશેદજી જીવણજી ગજંડર વેલાત મધે રોજ ૯ મો મહ: ૧૨ માને દીને ૭૯ વરસની વયે મરણુ પામ્યા હતા. એવણે ૧૮૬૦ માં મેત્રીકની, ૧૮૬૫ માં બી. એ. ની અને ૧૮૬૬ માં એમ. એ. ની પરીક્ષાઓ પસાર કરવા પછી વેલાત જઇ ૧૮૭૧ માં બેરીસટર થયા હતા, બેરીસ્ટર થયા પછી લાબે વખને મુંબઇ આવી ધંધો કરવા માડયોં હતો અને ૧૯૦૦ મા મરહુમને અતરેની હાઇ કોરટના કામચલાઉ રેજીસ્ત્રાર ઇન ઇકવીટી તથા ટેક્ષીંગ માસતર તેમજ સોલીસીટરોની પરીક્ષાનાં પરીક્ષક તરીકે નેમયા હતા. ૧૮૯૨ અને ૧૮૯૩ માં એવણુને અતરેની સરકારી લૉ સ્કુલના પ્રોફેસર, ૧૮૯૩ માં યુનીવરસીટીના ફેલો, ૧૮૯૫ માં ભાવનગર રાજયના જુડીશીયલ કાઉનસીલર નેમવામાં આવ્યા હતા. એવણુ કેટલીક મીલોનાં ડીરેકટર પણુ હતા અને છેલ્લા થોડા વરસ થય વેલાત જઇ વસયા હતા


શેઠ નશરવાનજી ફરામજી બીલીમોરીયા રોજ ૧૦ મો માહા ૧૨ માને દીને ૭૦ વરસની વયે બીલીમોરા ખાતે મરણુ પામયા હતા. એવણે ચેરાગ ચોપાન્યાની સ્થાપના કરી તેની સાથે ચેરાગ પ્રીંટીંગ પ્રેસ કાઢયું હતું અને તે ચોન્યાના અધીપતી તરીકે વરસો સુધી કામ કીધું હતું. મરનાર એક થીઓસોફીસ્ટ અને અનફ્ળ શાકના ખોરાકના હીમાયતી હતા. જરથોસ્તી દીન ઉપરની એવણુની આસથા ઘણી ચીવટ હતી, માસહાર અને દારૂના એવણુ જબરા સતરૂ હતા, અને પોતાની કોમમાં દીનઆઇન તથા નીતીની કેળવણીનો પ્રસાર થયલો જોવાને ઘણા ઇનતેજાર હતા. એવણે જરથોસ્તી ધરમને લગતી ચોપડીઓ તથા ચોપાન્યા પ્રગટ કીધા છે.

શેઠ દારાસાહ એજનજી મહેતા ૫૬ વરસની વયે રોજ ૨૮ મો માહા ૧૨ માને દીને મરણુ પામ્યા હતા. એવણે ૧૮૮૪ માં બી. એ. ની પરીક્ષા પસાર કરી ડયુક ઓફ એડીનબરો ફેલોશીપ સાથે જેમસ ટેલર પ્રાઇઝ મેલવ્યું હતું. ૧૮૮૬ માં એમ. એ. ની અને ૧૮૯૨ માં સોલીસીટરની પરીક્ષા પસાર કરી હતી. એવણુ મેશરસ પેન કંપનીમાં ભાગ્યા તરીકે કામ કરતા હતા.

હોંગકોંગની શેઠ નસરવાનજી મોદીની કંપનીના મેનેજર શેઠ હોરમજી કેખશરૂ ઇરાની મુંબઇમાં ૫૧ વરસની વયે રોજ ૨૯ મો માહ ૧૨ માં ને દીને મરણુ પામયા હતા. હોંગકોંગ ખાતે ૧૨ વરસ નોકરી કરી મરણુની ચાર મહીના આગલ મુંબઇ આવ્યા હતા. પોતાના શેઠોની ૩૧ વરસ સુધી વફાદારભરી નોકરી બજાવી છે, અને પેઢીના પરતીનીતી તરીકે કલકતા ખાતાના એવણુના વસવાસ દરમીયાન ત્યાનાં જરથોસ્તીઓના ધરમ ફંડના એક ત્રસ્તી તથા ઓનરરી સેકરેતરી તરીકે એવણે બીનહાસલે વરસો સુધી સારી સેવા બજાવી હતી. મરહુમની અનેક સેવાઓની પીછાનમાં એવણુને હોંગકોંગ, કેનતોનનાં અનજુમનનાં પ્રમુખ નેમી માન આપ્યું હતું. અને ત્યાંની અનજુમને મુંબઇ ખાતેની એવણુની છેલ્લી રવાનગી વેલા એવણુને માનપત્ર સાથે પરસ એનાયત કીધી હતી.

પારસી કોમના માનવંત દસ્તુરજી

મરહુમ દસ્તુરજી મીનોચેહર જામાસ્પજી જામાસ્પ આસાના.



જન્મ—રોજ ૧૨મો, માહા ૨જો, શેહેનશાહી સને ૧૨૪૦ યઝદેજરદી, તારીખ ૨૭ નવેમ્બર સને ૧૮૭૦ ઇસવી.

મરણ—રોજ ૧૩મો, માહા ૯મો, શેહેનશાહી સને ૧૨૯૧ યઝદેજરદી, તારીખ ૨૦મી મે સને ૧૯૨૨ ઇસવી ને વાર શનિ.

દસ્તુરજી મીનોચેહરજી જામાસ્પજી જામાસ્પ આશાનાનું દુખઃદાયક મરણ

તેમની જીંદગીનો ટુંક હેવાલ.

મુંબઈના અંજુમનના આતશબેહરામના વડા દસ્તુરજી સાહેબ દસ્તુરજી મીનોચેહરજી જામાસ્પજી જામાસ્પઆશાના બેહેસતનશીન થયા છે, જે દુઃખદાયક બનાવની નોંધ લેતા દલગીરી ઉપજે છે. એવણે યોજદાથરેગરીની તેમ જરથોસ્તી ધરમને લગતા અવસ્તા, પેહલવી તથા ફારસીની કેળવણી લીધી હતી, અને તેનો લાભ કોમને સારો આપી શકયા હતા. જાતે એઓ ભલા, રાંક નમનતાઈવાલા, પરહેજગાર, ક્રીયા ભણુતર કરનારા તથા દીનદાર હતા, અને પોતાના એ ગુણો તથા લાયકાત સાથે એઓ અંજુમનના આતશબેહરામના વડા દસ્તુરનું પદ પામ્યાથી તેમનાં માનમાં કોમ મધે વધારો થયો હતો, એવણ પોતાની કાબેલીઅત તથા પરહેજગારીથી અને જાહેરમાં સારો ભાગ લેવાથી કોમ તરફના વધુ માન અકરામ ભોગવી શકયા હુતા. મરહુમનું દસ્તુર જામાસ્પઆશાનું ખાનદાનજ પ્રથમથી જેમ પોતાની દીનદારી માટે તેમ એલમદારી માટે વખણાતું આવ્યું છે. મરહુમના પીતા માનવંત દસ્તુરજી દોકતર જામાસ્પજી મીનોચેહરજીએ પોતાનાં એ ખાનદાની માન મરતબામાં પોતાની પાકી પરહેજગારી, લાયકી, ઉંચી કાબેલીઅત વગેરેથી સંગીન તથા વખાણુવા જોગ ઉમેરો કરયો હતો, અને અંજુમનના આતશબેહરામની વડી દસતુરીના જેવું અનુપમ માન પણ તેઓજ પોતાની કારસાજીથી મેલવવાને ભાયગશાલી થયા, અને વળી તેનો વરસો પોતાની ઓલાદ દર ઓલાદને આપી ગયા છે.

શેઠ જમશેદજી જીજીભાઈને તેમની મોટી સખાવતને માટે પેહેલ વેહેલાં ઈસવી સને ૧૮૪૨ની તા૦ ૨ જી મારચે એટલે પારસીઓનો રોજ ૫ મો માહ ૬ ઠો સને ૧૨૧૧ યઝદેજરદીને વાર બુધને દીને "સર નાઇટ" નો નામીચો ખેતાબ મલ્યો હતો. એ ખેતાબની પાદશાહી મોહર સાથની શનદ ઈંગ્લંડથી તે વેળાના મુંબઇના ગવરનર ઓનરેબલ જોરજ વીલયમ એનડરશન ઉપર આવી હતી તે સર જમશેદજીને આપવા માટે રોજ ૨૫ મો માહ ૮ મો સને ૧૨૧૧ યઝદેજરદી તા૦ ૨૫મી મે ૧૮૪૨ ને દીને મુંબઇના પરેલના સરકારી મેહેલમા રાતે એક મેલાવડો કરવામાં આવ્યો હતો. નામદાર અંગરેજ સરકારથી જેવોને "સર નાઈટ" નો ખેતાબ બક્ષવામાં આવે છે, તે ગ્રહસ્થની હયાતી સુધીજ હોય છે; પણ તે પછી જનાબેઆલી માહારાણી વીકટોરીયાએ સર જમશેદજીની મોટી લાખો રૂપયાની સખાવત વીગેરેની બીજી માહાભારત ખુબીની યાદગારી વશંપરંપરા ચાલુ રાખવાના શુભ હેતુથી તેમને રોજ ૨ જો માહ ૯ મો સને ૧૨૨૬ યઝદેજરદી, તા૦ ૨૪ મી મે ૧૮૫૭ની નામદાર માહારાણી વીકટોરીઆની શાલગરેહને દીને "બારોનેટ" નો માનવંત ખેતાબ બખશયો હતો, તેની શનંદ એજ વરસના રોજ ૧૬ મો માહ ૧૧ મો સને ૧૨૨૬ યઝદેજરદી, તા૦ ૬ ઠી આગસ્ટ સને ૧૮૫૭ વાર ગરેઉને દીને વેલાતની વેસત મીનીસટરમાંથી બહાર પડી હતી, તેમાં જણાવ્યું હતું કે એ ખેતાબ વંશપરંપરા ચાલુ રહેશે, એટલે કે દરેક બારોનેટના વડા બેટાને "સર જમશેદજી જીજીભાઇ બારોનેટ" ના નામથી એ ખેતાબ વાપરવામાં આવશે. એ મુબારક ખેતાબના મોભાની જાલવણી કીજે મરહુમ સર જમશેદજી જીજીભાઇ પેહેલા બારોનેટે રૂ ૨૨૫૪૪૦૦ની હીંદી સરકારની પ્રોમીસરી નોટો સરકારમાં અનામત મુકી હતી કે જેનું દર સાલનું વ્યાજ સદરહુ ખેતાબ ધરાવનારને મલે છે. એવો સાહેબને "ફ્રીડમ ઓફ ધી સીટી ઓફ લંડનનું" માન રોજ ૨૧ મો માહ ૭ મો સને ૧૨૨૪ યઝદેજરદી તા૦ ૧૪ મી એપ્રીલ સને ૧૮૫૫ ઇસવીને દીને મલ્યું હતું. સર જમશેદજી જીજીભાઇ પેહેલા બારોનેટ જેમનો જન્મ નવસારીમાં રોજ ૬ ઠો માહ ૧૦મો સને ૧૧૫૨ યઝદેજરદી તા૦ ૧૫ મી જુલાઇ સને ૧૭૮૩ ઇસવીને વાર મંગલને દીને થયો હતો, તેઓ સાહેબ ૭૬ વરસની ઉમરે, રોજ ૨૨ મો માહ ૭ મો સને ૧૨૨૮ યઝદેજરદી, તા૦ ૧૪મી એપ્રીલ સને ૧૮૫૯ ઇસવીને વાર ગુરૂને દીને હક થવાથી એ ખેતાબ તેઓના પેહલા પુત્ર શેઠ ખરશેદજી જમશેદજીને મલ્યો હતો, જેઓ "સર જમશેદજી જીજીભાઇ બીજા બારોનેટ" તરીકે ઓલખાતા હતા. એવો સાહેબને ઇસવી સને ૧૮૭૧ માં યાને ૧૨૪૦ યઝદેજરદીના સાલમાં "કમ્પેનીયન ઓફ ધી સ્ટાર ઓફ ઇંડીયા" નો ખેતાબ નામદાર માહારાણીએ આપ્યો હતો સર જમશેદજી જીજીભાઇ બીજા બારોનેટ સી. એસ. આઇ. નો જન્મ રોજ ૩ જો માહ ૧ લો સને ૧૧૮૧ યઝદેજરદી, તા૦ ૯ મી અકટોબર ૧૮૧૧ ઇસવીને દીને થયો હતો. તેઓ ૬૬ વરસની ઉમરે રોજ ૨૫ મો માહ ૧૦ મો સને ૧૨૪૬ યઝદેજરદી, તા૦ ૧૧ મી જુલાઇ સને ૧૮૭૭ ને દીને પુણા ખાતે ગુજરવાથી તેઓના વડા પુત્ર શેઠ માણેકજી ખરશેદજી, "સર જમશેદજી જીજીભાઇ ત્રીજા બારોનેટ" તરીકે ગણાયા હતા. એવણને નામદાર માહારાણીની સાલગરેહની ખુશાલીમાં સી. એસ. આઇ. યાને "કમપેનીયન ઓફ ધી સ્ટાર ઓફ ઇંડીયા" નો ખેતાબ રોજ ૧૯મો માહ ૮ મો સને ૧૨૫૩ યઝદેજરદી, તા૦ ૪ થી મે સને ૧૮૮૪ ને દીને મલ્યો હતો. એવણનો જન્મ રોજ ૮ મો માહ ૬ ઠો સને ૧૨૨૦ યઝદેજરદી, તા૦ ૩ જી મારચ સને ૧૮૫૧ ઇસવીને દીને થયો હતો. તેઓ ૪૭ાા વરશની ઉમરે રોજ ૬ ઠો માહ ૧૧ મો શેહેનશાહી સને ૧૨૬૭ યઝદેજરદી, તા૦ ૧૭ મી જુલાઇ સને ૧૮૯૮ ને દીને ગુજરવાથી અને તેવણના એક પુરા બેટા શેઠ ખરશેદજી ૧૫ વરસની ભર જવાન

વયે સને ૧૮૯૩ ના જુલાઇ માસની ૨૮ મી તારીખે ગુજરી ગયલા હોવાથી અને ત્રીજા બારોનેટ સર જમશેદજીને પેટે બીજો કોઇ હયાત વારસ ન હોવાથી તેવણના ભાઇ શેઠ કાવસજી ખરસેદજી જમશેદજી જેઓનો જન્મ રોજ ૫ મો માહ ૩ જો શેહેનશાહી સને ૧૨૨૨ યઝદેજરદી, તા૦ ૨૯ મી નવેમબર ૧૮૫૨ ઇસવીને વાર સોમને દીને થયો હતો, તેવણ "સર જમશેદજી જીજીભાઇ ચોથા બારોનેટ" તરીકે ગણાયા હતા. એવણને નામદાર સરકાર તરફથી સને ૧૯૦૦ ના સાલમાં મુંબઈના શેરીફ નેમવામાં આવ્યા હતા અને એવણ ૧૦ વરસ સુધી બારોનેટશીપ ભોગવી ૫૫।। વરશની વયે મુંબઈમાં રોજ ૮ મો માહ ૧૦ મો શેહનશાહી સને ૧૨૭૭ યઝદેજરદી, તા૦ ૧૭ મી જુન સને ૧૯૦૮ ઇસવીને વાર બુધને દીને બેહેશતનશીન થવાથી, એવણના એક પુરા વડા બેટા શેઠ રૂશતમજી જમશેદજી જીજીભાઇ જેવણનો જનમ રોજ ૧૮ મો માહ ૬ ઠો શેહનશાહી શને ૧૨૪૭ યઝદેજરદી, તા. ૬ ઠી મારચ શને ૧૮૭૮ ઇસવીને વાર બુધને દીને થયો હતો. તેવણ પોતાની ત્રીસ વરશની ઉમરે "સર જમશેદજી જીજીભાઇ પાંચમાં બેરોનેટ" તરીકે હમણા ગણાય છે. એવણને નામદાર સરકારે સને ૧૯૧૫ માં મુંબઇના શેરીફ નેમી સને ૧૯૨૨ માં કે. સી. એસ. આઇ. નો નામીચો ખેતાબ એનાયત કીધો હતો.

શેઠ દીનશાહજી માણેકજી પીટીટને તેમની મોટી લખો રૂપીઆની સખાવત તથા બીજાં ખુબીવંતા કામોને લીધે રોજ ૨ જો માહા ૬ ઠો સને ૧૨૫૬ યઝદેજરદી, તા૦ ૧૬ મી ફેબરવારી સને ૧૮૮૭ ને દીને "સર નાઇટનો" નામીચો ખેતાબ આપણી અંગરેજ સરકાર તરફથી મલ્યો હતો. નામદાર શેહેનશાહાબાનું વીકટોરીઆએ પોતાના તખતપર બીરાજવાને પચાશ વરસ પુરાં કીધાં તેની ખુસાલીમાં જુબીલીને નામનો એક તેહેવાર આખા હીંદુસ્થાનમાં ઉપલી તા૦ ૧૬ મી ફેબરવારી ૧૮૮૭ ને દીને મોટી ધામધુમથી પાલવામાં આવ્યો હતો. તે દીને નામદાર શેહેનશાહ બાનુંએ આપેલા ખેતાબોનુ લીસ્ટ જે કલકત્તાની વડી સરકારના ગેઝેટમાં છાપી પ્રગટ કરવામાં આવ્યું હતું, તેમાં શેઠ દીનશાહજી માણેકજી પીટીટને આ સર નાઇટનો નામીચો ખેતાબ બક્ષવાનું જાહેરનામું પ્રગટ થયું હતું. આ બનાવથી આખી પારસી કોમમાં અને મુંબઇની તમામ વસ્તીમાં મોટી ખુશાલી પથરાઇ અને ચોમેરથી સર દીનશાજીને માન-પાન ખાનાં-પીના અને એદરેસો આપવામાં આવ્યા હતા. એ પછી સને ૧૮૯૦ ના સાલમાં નામદાર કયસરે હીંદની તરફથી એવણ સાહેબને "બારોનેટનો" માનવંત ખેતાબ બક્ષવામાં આવ્યો હતો જેની પહેલવેહેલી ખબર મુંબઈના નામદાર ગવરનર લોરડ રેએ શાકરબાઇવાલી જનાવરોની હાસ્પીટલમાં જાનવરોનાં વઇદાંને લગતી શોધખોલ કરવાને માટેની લેબોરેટરી ખુલી મેલતી વેળાએ તા૦ ૧૮ મી મારચ સને ૧૮૯૦ ઇસવીને દીને પોતાના ભાશણમાં જાહેર કરી હતી. તે પછી ઇંગલંડથી આવેલા આ ખેતાબના "લેટરશ પેટંન્ટ મુંબઇ શરકારના જુડીસીયલ તથા ધારાખાતાના માજી મદદનીશ સેકરેટરી મરહુમ શેઠ મેરવાનજી નશરવાનજી વાહાડયા રોજ ૨૮ મો માહ ૨ જો શને ૧૨૬૦ યઝદેજરદી, તા૦ ૧૩ મી નવેમબર શને ૧૮૯૦ ઇસવીને દીને સર દીનશાહજીના વાલકેશ્વર ખાતેના પીટીટ હાલમાં જઇને એવો સાહેબને પોહોચાડી આવ્યા હતા. એ ખેતાબની જાલવણીને માટે એવો સાહેબે રૂપીઆ પચીસ લાખની મોટી રકમના પાંચ ટકાવાં મ્યુનીસીપલ બોન્ડો સરકારમા અનામત મેલ્યા છે કે જેનું વ્યાજ દર બારોનેટ વારસને મલ્યું જશે. નામદાર સર દીનશાહજી જેમનો જનમ રોજ ૩૦ મો માહા ૯ મો શને ૧૧૯૨ યઝદેજરદી, તા૦ ૩૦ મી જુન શને ૧૮૨૩ ઇસવીને દીને થયો હતો. એવો સાહેબ ૭૭ વરસ ને ૧૧ માસની ઉમર ભોગવીને રોજ ૨૩ મો દેપદીન માસ ૮ મો આવાં સને ૧૨૭૦ યઝદેજરદી, તા. ૫ મી મે ૧૯૦૧ ને રવીવારે બેહસતનસીન થયા હતા. એવણની જગોપર એવણની પાછલ બારોનેટશીપ પર આવવાનું એવોનાં માંગવાથી નામદાર સરકારે (એમના પહેલા વડા બેટા શેઠ કાવસજી આગલથી

ગુજરી ગયલા હોવાથી) એમના બીજા બેટા શેઠ ફરામજી દીનશાજી પીટીટને અને તેમના મરદ વારશોને માટે કાયદામા નક્કી કરી આપ્યું હતું, પણ શેઠ ફરામજી નામદાર સર દીનશાહજીની હયાતીજમાં ગુજરી જવાથી તેમના એક પુરા બેટા શેઠ જીજીભાઇ ફરામજી પીટીટ જેમનો જનમ રોજ ૨૦ મો માહ ૯ મો શેહેનશાહી સને ૧૨૪૨ યઝદેજરદી તા૦ ૭ મી જુન સને ૧૮૭૩ ઇસ્વીને દીને થયો હતો, એવો હાલમાં "સર દીનશાજી માણેકજી પીટીટ બીજા બેરોનેટ" તરીકે ગાદીએ આવ્યા છે.

શેઠ જાહાંગીરજી કાવસજી જાહાંગીરજી રેડીમની તે આપણી ટાપુના એક મોટા મરહુમ સખી શેઠયા સર કાવસજી જાહાંગીરના દત પુતરે લંડન ખાતે ઇંગલંડના ઇમપીરીયલ ઇનસ્ટીટયુટમાં 'ઈંડયન કોનફરંસ હોલ' બંધાવી આપ્યો તે માટે બે લાખ રૂપીઆની મોટી મદદ કરી હતી તથા બીજી કેટલીક સખાવતો કરી હતી. એવો સાહેબને સને ૧૮૯૫ ની તા૦ ૩૦ મી જુન યાને રોજ ૧૮ મો માહા ૧૦ મો સને ૧૨૬૪ યઝદેજરદી ને વાર રવીને દીને વેલાતની નામદાર સરકાર તરફથી સર નાઇટના નામીચા ખેતાબની એનાયત થઇ હતી. એ ખેતાબ ઇંગલાંડમાં ખુદ મરહુમ મહારાણી વિકટોરીઆના બખતાવર હાથેજ એવો સાહેબને અરપન કરવામાં આવ્યો હતો. એ પછી એવો શેઠની ચાલુ રહેલી મોટી બોહોલી સખાવતો માટે નામદાર બખતાવર શેહેનશાહ એડવર્ડ સાતમાની ૬૮ માં વરસની સાલગ્રેહના શુભ દીને યાને તા૦ ૨૬ મી જુન સને ૧૯૦૮ ઇસવી, રોજ ૧૭ મો માહા ૧૦ મો સને ૧૨૭૭ યઝદેજરદીને, ને વાર શુકરને દીને સાલગ્રેહની ખુશાલીમાં વેલાત ખાતે ઉમરાવો અને બીજાઓના ખેતાબોનું લીસ્ટ જે વેલાતના ગવરમેન્ટ ગેઝટમા છાપી પ્રગટ કરવામાં આવે છે (જેનો ટેલીગ્રામ અતરે તેજ દીવસે આવ્યો હતો.) તેમાં સર જાહાંગીર કાવસજીને બેરોનેટનો માનવંત ખેતાબ એનાયત કરવાનું જાહેર કરવામાં આવ્યું હતું એની સનદ મુંબઇના નામદાર ગવરનર સર જયોરજ સીડન હેમ કલારકે મુંબઇ સેકરેટરીયટના કાઉનસીલ હોલમાં રોજ ૩૦ મો માહા ૫ મો સને ૧૨૭૮, તા૦ ૯ મી ફેબરવારી સને ૧૯૦૯ ને દીને ભરેલી લેવીમાં સર જાહાંગીર કાવસજીને એનાયત કીધી હતી. આ બારોનેટના બખતાવર ખેતાબની જાલવની સારૂં એવો શેઠે રૂપીઆ ૨૫,૦૦,૦૦૦ ની નાદર રકમ સરકારમાં અનામત મેલી છે કે જેનું બ્યાજ દર બારોનેટ વારસને હમેશાં મલ્યું જશે તે એવી રીતે કે રૂપીઆ પંદર લાખની મીલકતો જે નામદાર સરકારને આપેલી છે કે જેની ઉપજ રૂપીઆ ૫૦૦૦૦ થશે, તે રકમ નામદાર હીન્દી વજીર તરફથી કાયમને માટે સાલયાણા દાખલ દર વરશે મલતી રહે એવી ગોઠવણ કરવામાં આવી છે. એ ઉપરાંત રૂપ્યા દશ લાખના હીન્દી સરકારની પ્રોમીસરી લોનો, મુંબઇની મ્યુનીસીપાલ કોરપોરેશનના તથા મુંબઇના પોરટ ટ્રસ્ટના અને મુંબઇના સીટી ટ્રસ્ટના બોનડો આપવામાં આવયા છે, જેની રૂપ્યા ૪૦૦૦૦ ની વધુ વારસીક ઉપજ થશે. વલી મુંબઇમાં આવેલા રેડીમની હાઉસના બે બંગલા ૨૦૦૦૦ વાર જગા સાથે આપ્યા છે જેમાંનુ ફોરટ મેનશન હાઉસ જે ચરચગેટ સ્ટ્રીટમાં આવેલુ છે, જે આજે એક સદી ઉપર પેહેલ વેહેલું ચરચગેટ સ્ટ્રીટમાં બંધાયું હતું અને તેનું ભાડું ઉપજે છે અને તે રેડીમની ખાનદાનમાં આજે આઠ નવ પેહેડીથી ઉતરી આવેલુ છે એનું બધું મલીને રૂપીઆ એક લાખની આવકનું જાહુકનું ટ્રસ્ટ છે. હવે પછી, જે સર કાવશજી જાહાગીરનું નામ ધારણ કરે તેનેજ આ આવક મલી શકે એવો બંદોબસત કીધો છે. હાલ તરત રૂપીઆ પચીસ લાખ ટ્રસ્ટમાં મુકયા છે પણ કોઇબી વારસ હવે પછી રૂપીઆ પચાસ લાખ વેરનો ટ્રસ્ટમા વધારો કરી શકશે. સર જાહાંગીર કાવસજી જાહાંગીરે પોતાને બારોનેટનો ખેતાબ મલ્યા પછી પોતાનુ નામ ફેરવી કાવસજી જાહાંગીર રાખ્યું છે. એવો સાહેબનો જનમ રોજ ૧૬ મો માહ ૯ મો શેહેનશાહી સને ૧૨૨૨ યઝદેજરદી, તા૦ ૮ મી જુન, સને ૧૮૫૩ ઇસવી ને વાર બુધને દીને થયો હતો.

"સર નાઇટનો" નામીચો ખેતાબ મલેલા જરથોસ્તીઓ.

મુંબઈના સખાવતી શેઠ કાવસજી જાહાંગીરજી રેડીમની, જેવોનો જનમ રોજ ૨૧ મો માહ ૯મો સને ૧૧૮૧ યઝદેજરદી, તા૦ ૨૪ મી મે સને ૧૮૧૨ ઇસ્વીને દીને થયો હતો, તેઓ સાહેબ ૬૬ વરસની ઉમરે રોજ ૩ જો માહા ૧૧ મો શેહેનશાહી સને ૧૨૪૭ યઝદેજરદી, તા૦ ૧૯ મી જુલાઇ સને ૧૮૭૮ ઇસવીને દીને હક થયા હતા. તેવોએ પોતાનો ધરમી દશત ચોમેર લંબાવી સઘલી કોમમાં વીખ્ખાઆતી મેલવી હતી. તેવણને ઇસવી સને ૧૮૬૯ ના જુન માસમાં સી. એસ. આઇ. યાને "કમ્પેનીયન ઓફ ધી સ્ટાર ઓફ ઇંડીઆ" નો ખેતાબ બક્ષવામાં આવ્યો હતો. એ પછી એ શેઠની એવી કોશેસો વધારે જારી રેહવાથી શેઠ કાવસજીને "સર નાઇટ" નો નામીચો ખેતાબ સને ૧૮૭૨ ના સાલમાં નામદાર સરકાર તરફથી આપવામાં આવ્યો હતો.

શેઠ મનચેરજી મેરવાનજી ભાવનગરી સી. આઈ. ઇ. ને નામદાર શેહેનશાહબાનું માહારાણી વિકટોરીયાની ડાયમંડ જુબીલીને ટાંકણે યાને તા૦ ૨૨ સી જુન ૧૮૯૭ ને દીને "નાઇટ કમાંડર ઓફ ધી ઇંડીયન એમ્પાયર" નો નામીચો ખેતાબ બક્ષવામાં આવ્યો હતો.

મુંબઈના જાણીતા શેહરી શેઠ ફીરોજશાહ મેરવાનજી મેહેતા બારીસ્ટર, એમ. એ, સી. આઇ. ઇ. જેવો મુંબઇમાં પ્રજાના એક અચ્છા આગેવાનનો હર હમેશા ભાગ બજાવતા હતા, તેઓને નામદાર બ્રીટીશ સરકારે તા૦ ૨૪ મી જુન ૧૯૦૪ ને દીને નામદાર શેહેનશાહ એડવરડ સાતમાંની શાલગ્રહને દીને અપાયલા ખેતાબોમાં કે. સી. આઇ. ઇ. યાને "નાઈટ કમાંડર ઓફ ધી ઈંડીયન એમ્પાયર" નો નામીચો ખેતાબ બખસ્યો હતો, એની શનદ તા૦ ૭ સી દીસેમબર ૧૯૦૪ ને દીને આપવામાં આવી હતી. એવણનો જનમ મુંબઇમાં રોજ ૧૧ મો શેહેનશાહી સને ૧૨૧૪ ય૦, તા૦ ૪ થી આગસ્ટ ૧૮૪૫ને સોમને દીવસે થયો હતો. એવો સાહેબ ૭૦ વરસની ઉમરે રોજ ૨૫ મો માહા ૨ જો શેહેનશાહી સને ૧૨૮૫ ય૦ તા૦ ૫મી નવેમબર ૧૯૧૫ને સુકરવારે બેહેસતનશીન થયા હતા.

મુંબઇના જાણીતા શેહેરી અને સખાવતે મહશુર નામીચા શેઠયા શેઠ દોરાબજી જમસેદજી તાતાને તા૦ ૧ લી જાનેવારી સને ૧૯૧૦ ઇસવી યાને આપણી રાજ કરતી કોમના નવા વરશની ખુશાલીમાં સર નાઇટનો નામીચો ખેતાબ નામદાર સરકાર તરફથી એનાયત કરવામાં આવ્યો હતો.

હોંગકોંગના જાણીતા શેહેરી અને વેપારી શેઠ હોરમજી નવરોજી મોદીને આપણી [illegible]ની બ્રીટીશ સરકાર તરફથી સર નાઇટનો ખેતાબ તા૦ ૧૬ મી મારચ સને ૧૯૧૦ને દીને યાને [illegible] ૫ મો માહા ૭ મો શેહેનશાહી સને ૧૨૭૯ યઝદેજરદી ને વાર બુધને દીવસે એનાયત કરવામાં આવ્યો હતો. શેઠ હોરમજીએ નામદાર પ્રીન્સ ઓફ વેલ્સનું બાવલું હોંગકોંગમાં ૧૯૦૯ ના નવેમબર માસમાં ભેટ કીધું હતુ. તેમજ એવો સાહેબે ચીનમાં નાતજાતનાં તફાવત વગર લખો રૂપયાની સખાવત કીધી છે, જેમાં હોંગકોગમાં એવણની સઉથી મોટી સખાવતોમાં હોંગકોંગ યુનીવરસીટી અને સેલર હોમ છે. એ યુનીવરસીટી બાંધવા માટે લગભગ ૩ લાખ ડાલર સર હોરમજીએ આપ્યા હતા. આ યુનીવરસીટીની બીલડીંગનો પાયો નાખવાની ક્રીયા તા૦ ૧૬ મી મારચ ૧૯૧૦ ને દીને હોંગકોંગના નામદાર ગવરનર સર ફ્રેડરીક લુગાડે કીધી હતી. એ વખતે નામદાર ગવરનરે જાહેર કીધું હતું કે નામદાર શેહેનશાહ સાતમાં એડવરડે યુનીવરસીટી તરફ પોતાની પસંદગી દેખાડી એ નામદારે એજ દીને તારનો સંદેશો મોકલીને શેઠ મોદીને સર નાઇટનો નામીચો ખેતાબ

એનાયત કીધો છે. સર હોરમજી મોદી જેવોનો જનમ રોજ ૧૩ મો માહ ૧ લો શહેનશાહી સને ૧૨૦૮ ય૦ તા૦ ૧૨ મી અકટોબર સને ૧૮૩૮ ઇસવીને વાર સુકરને દીને થયો હતો. એવો સાહેબ ૭૨ વરસની ઉમરે રોજ ૭ મો માહા ૧૦ મો સને ૧૨૮૦ યજદેજરદી, તા૦ ૧૬ મી જુન સને ૧૯૧૧ ને સુકરવારે બેહસતનસીન થયા હતા.

મુંબઇના જાણીતા શહેરી તથા મોટા શેર દલાલ શેઠ શાપુરજી બરજોરજી ભરૂચાની ઓહદી સખાવતો અને ગરીબોના એક ખેરખા તરીકે એવો શેઠે આપેલી કીમતી મદદ તેમજ સરકારના આબરૂ ઇજત પામેલા સાચ્ચા સલાહકાર અને પ્રજામાં તથા વેપારી વરગોમાં પ્રખ્યાત નાણાં શાસ્ત્રી તરીકે એવણે સારી કીરતી મેલવી હતી. શેઠ શાપુરજીને સને ૧૯૧૧ ના સાલના મુંબઇના માનવંત શેરીફ નેમયા પછી એવો શેઠને સર નાઇટનો નામીચો ખેતાબ નામદાર શેહેનશાહ જયોરજ પાંચમાંની તા૦ ૧૨ મી ડીસેમબર સને ૧૯૧૧ યાને રોજ ૧ લો માહ ૪ થો સને ૧૨૮૧ યઝદે-જરદી દીને દીલ્હી ખાતે થયલી યાદગાર રાજયભીશેક યાને કોરોનેશનના કીયા વખતે ભરાયલી દરબારમાં નામદાર શેહેનશાહ જયોરજ પાંમેમાં તરફથી બક્ષવાગાં આવ્યો હતો. સર શાપુરજીનો જનમ રોજ ૫ મો માહા ૮ મો શેહેનશાહી સને ૧૨૧૪ ય૦. તા૦ ૩૦ મી એપરેલ સને ૧૮૪૫ ઇસ્વી ને વાર બુધને દીને ભરૂચમાં થયો હતો. એવો સાહેબ ૭૬ વરસની ઉમરે રોજ ૧૭ મો માહા ૧૦ મો સને ૧૨૮૯ ય૦, તા૦ ૨૩ મી જુન ૧૯૨૦ ને બુધવારે મુંબઇમાં બેહેસતનશીન થયા હતા.

મુંબઇની હાઇ કોરટના માનવંત માજી જડજ શેઠ દીનશાહ ધનજીભાઇ દાવરની કાબેલ્યત તથા એક ફતેહમંદ જડજ તરીકેની તેમની ઝલકતી કારકીરદી જાણીતી છે. એવો સાહેબે પારસી કોમને લગતા અગતના સવાલોમાં ભાગ લઇ કીમતી સલાહ આપવા ઉપરાત પોતાના ઓધાની ફરજ નામદાર સરકાર અને પ્રજાના સંતોશ વચ્ચે બજાવી હતી. એવો શેઠને સર નાઇટનો નામીચો ખેતાબ નામદાર શેહેનશાહ જયોરજ પાંચમાંની તા૦ ૧૨ મી ડીસેમબર સને ૧૯૧૧ યાને રોજ ૧ લો માહ ૪ મો સને ૧૨૮૧ યઝદેજરદી દીને દીલ્હી ખાતે થયલી યાદગાર રાજ્યભીસેક યાને કોરોનેશનની કીયા વખતે ભરાયલી દરબારમાં નામદાર શેહેનશાહ જ્યોરજ પાંચમાં તરફથી બક્ષવામાં આવ્યો હતો. એવો સાહેબ ૬૦ વરસની ઉમરે રોજ ૨૨ મો માહા ૧૧ મો શેહેનશાહી સને ૧૨૮૫ ય૦ તા૦ ૨૯ મી જુલાઇ ૧૯૧૬ ને સનીવારે બેહેસતનશીન થયા હતા.

નાગપુરવાલા ખા૦ બા૦ બેજનજી દાદાભાઈ મેહતાએ નાગપોર, બીરાર અને મધ્ય પ્રાંતોમાં ભીલ ઉદયોગ તથા હુનરની ખીલવણીના જાહેર કામોમા આગેવાન ભાગ ભજવી તેમજ દુકાળ તથા મરકીના વખતમાં સરકારની તથા જાહેર પ્રજાની સેવા બજાવી હતી. એવો શેઠને સર નાઇટનો નામીચો ખેતાબ નામદાર શેહેનશાહ જ્યોરજ પાંચમાંની તા૦ ૧૨ મી ડીસેમબર સને ૧૯૧૧ યાને રોજ ૧ લો માહ ૪ થો સને ૧૨૮૧ યઝદેજરદીને દીને દીલ્હી ખાતે થયલી યાદગાર રાજ્યભીશેક યાને કોરોનેશનની કીયા વખતે ભરાયલી દરબારમા નામદાર શેહેનશાહ જ્યોરજ પાંચમાં તરફથી બક્ષવામાં આવ્યો હતો.

મુંબઇના જાણીતા શેહેરી અને કોટના પારસી સુવાવડખાતાના વડા તબીબ ડા૦ ટેમુલજી ભીખાજી નરીમાન નામદાર સરકાર તરફથી તેમજ જાહેર પ્રજાની બજાવેલી કીમતી સેવાની પીછા-નમાં તા૦ ૧ લી જાનેવારી ૧૯૧૪ ઇસ્વીને દીને યાને આપણી રાજકરતી કોમના નવા વરસની

ખુશાલીમાં સર નાઇટનો નામીચો ખેતાબ નામદાર સરકાર તરફથી એનાયત કરવામાં આવ્યો હતો. તા૦ ૨૦ મી જુન ૧૯૧૪ ને દીને પુના ખાતે ભરાયલી લેવીના મેલાંવડામાં નામદાર ગવરનર લોરડ વીલીંગડને ડા૦ ટેમુલજીને સર નાઇટના ખેતાબની સનદ એનાયત કીધી હતી.

દખન હેદરાબાદના જાણીતા શેહેરી શેઠ ફરદુનજી જમશેદજી વાચ્છા સી. એસ. આઇ., સી. આઇ. ઇ. જેવણુને નામદાર નીઝામ સરકાર તરફથી નવાબનો ખેતાબ મળવાથી "નવાબ ફરેદુન જંગ બહાદુર" ને નામે ઓળખાય છે અને એવણુ નામદાર નીઝામ સરકારના પોલીટીકલ સેકરેટરી અને હેદરાબાદના વડા વજીરના ખાનગી સેકરેટરીનો મોટો માનવંત ઓહ્દો ભોગવે છે. એવણુને નામદાર બ્રીટીશ સરકાર તરફથી નામદાર શેહેનશાહ જ્યોરજ પાંચમાંની તા૦ ૩ જી જુન ૧૯૧૫ ને દીને પડેલી ૫૧ માં વરસની શાલગ્રહની ખુશાલીમાં કે. સી. આઇ. ઇ. યાને "નાઇટ કમાનડર ઓફ ધી ઇંડીઅન એમપાયરનો" નામીચો ખેતાબ એનાયત કરવામાં આવ્યો હતો.

મુંબઇના જાણીતા સખી શેઠયા અને વેપારી શેઠ રતનજી જમશેદજી તાતા જેવણુ એક સાહસીક વેપારી હતા અને પોતાની ઓહોલી સખાવત માટે મશહુર હતા. એવણુને નામદાર શેહેનશાહ જ્યોરજ પાંચમાંની તા૦ ૩ જી જુન ૧૯૧૬ ને દીને પડેલી ૫૨ મા વરસની સાલગ્રહની ખુશાલીમાં સર નાઇટનો નામીચો ખેતાબ એનાયત કરવામાં આવ્યો હતો. એવો સાહેબ ૪૭ વરસની ઉમરે રોજ ૩૦ મો માહા ૧૨ મો શેહેનશાહી સને ૧૨૮૭ યઝદેજરદી, તા૦ ૫ મી સપટેમબર ૧૯૧૮ ને ગુરૂવારે લંડન ખાતે બેહેશતનશીન થયા હતા.

અમદાવાદના જાણીતા શેહેરી ખાનબાહાદુર નવરોજી પેસતનજી વકીલ સી. આઇ. ઈ. એ કરેલી મોટી સખાવતો અને સરકાર તેમજ પ્રજાની બજાવેલી અમુલ્ય સેવાઓની પીછાણમાં તા૦ ૧૨ મી ફેબરવારી ૧૯૧૭ ને દીને નામદાર બ્રીટીસ સરકાર તરફથી એવો શેઠને સર નાઇટનો નામીચો ખેતાબ એનાયત કરવામાં આવ્યો હતો અને એની સનદ તા૦ ૨૯ મી જુન ૧૯૧૭ ને દીને આપવામાં આવી હતી.

મુંબઈના જાણીતા શેહેરી ઓનરેબલ શેઠ દીનશાહ એદલજી વાચ્છા જેવણુની કાબેલીયત અંત:કરણપુરવક કામ બજાવવાની મનોવૃતી તેમજ પ્રજા તથા નામદાર સરકારની સેવા બજાવવાની ઉલટ જાણીતી છે. એવણુને નામદાર શેહેનશાહ જ્યોરજ પાંચમાંની તા૦ ૪ થી જુન ૧૯૧૭ ને દીને પડેલી ૫૩ માં વરસની સાલગ્રહની ખુશાલીમાં સર નાઇટનો નામીચો ખેતાબ એનાયત કરવામાં આવ્યો હતો. વળી એવો શેઠને ૧૯૧૬ મા નામદાર ગવરનરની કાઉનસીલના મેમબર નેમ્યા હતા અને એજ શાલમા મુંબઇની ધારા સભાના મેમબરોએ એવણુને નામદાર વાઈસરોયની કલકતાની ધારાસભાના મુંબઇના પ્રતીનીધી તરીકે ચુંટી કાઢી માન આપ્યું હતું.

મુંબઇના જાણીતા શ્રીમંત શેઠયા શેઠ હોરમજી અરદેશર વાહાડયા બેરીસટરે કરેલી ઓહોલી સખાવતો તેમજ દેશહીતકારી નર તરીકે પ્રજાની બજાવેલી અછી સેવાઓ માટે એવણુને નામદાર શેહેનશાહ જ્યોરજ પાંચમાંની તા૦ ૩ જી જુન ૧૯૧૮ ને દીને પડેલી ૫૪ મી સાલગરેહની ખુશાલીમા સર નાઇટનો નામીચો ખેતાબ એનાયત કરવામાં આવ્યો હતો.

આસામના જાણીતા શેહેરી કરનલ હોરમજી એદલજી બનાટવાલા પોતાની બાહોશીથી હીંદી તબીબી ખાતાઓમાં મોટા ઓધ્ધાઓ ભોગવી અને તુરંગોના ઇનસપેકટર જનરલ તરીકે સરકારની સેવાઓ બજાવી ઇંડીયન મેડીકલ સરવીસમાંથી રીટાયરડ થયલા છે. એવણને સને ૧૯૧૭ માં સી. એસ. આઇ. નો અને તે પછી નામદાર શહેનશાહ જયોરજ પાંચમાંની તા૦ ૫ મી જુન ૧૯૨૦ ને દીને પડેલી ૫૬ મી સાલગ્રેહની ખુશાલીમાં સર નાઇટનો નામીચો ખેતાબ એનાયત કરવામાં આવ્યો હતો.

નાગપુરના જાણીતા શેહેરી શેઠ માણેકજી બેરામજી દાદાભાઇ, બેરીસટર સી. આઇ. ઇ. જેઓ નાગપોર અને મધ્ય પ્રાંતમાં આગેવાની ભરેલો ભાગ લઇ પોતાની કીમતી મદદ આપે છે અને એવણે નામદાર વાયસરોયની કલકતાની ઈમપીરીયલ કાઉનસીલના સભાસદ તરીકે ૧૯૦૮ થી ૧૯૧૨ અને ૧૯૧૪ થી ૧૯૧૭ સુધી પ્રજાની તથા નામદાર સરકારની સારી સેવા બજાવી છે. ૧૯૨૧ માં કલકતાની સ્ટેટ કાઉનસીલના સભાસદ તરીકે એવણ ચુંટી કઢાયા છે. શેઠ માણેકજીને ઇસ્વી સને ૧૯૧૧ માં સી. આઇ. ઇ. નો ખેતાબ અનાયત કરવા પછી તા૦ ૧ લી જાનેવારી ૧૯૨૧ ઈસ્વીને દીને યાને આપણી રાજકરતી કોમના નવા વરસની ખુશાલીમાં સર નાઇટનો નામીચો ખેતાબ એનાયત કરવામાં આવ્યો હતો.

કરાંચીના જાણીતા સખી શેઠીયા અને જમીનદાર શેઠ જાહાંગીર હોરમજી કોઠારી ઓ. બી. ઇ. ની મોટી ઓહોલી સખાવતો તેમજ દેશ હીતકારી નર તરીકે એવણે જાહેર પ્રજાની અને નામદાર સરકારની બજાવેલી અનેક સેવાઓ જગ જાહેર છે. એવો સાહેબને નામદાર શેહેનશાહ જયોરજ પાંચમાંની તા૦ ૩ જી જુન ૧૯૨૧ ને દીને પડેલી ૫૭ મી સાલગ્રેહની ખુશાલીમાં સર નાઇટનો નામીચો ખેતાબ એનાયત કરવામાં આવ્યો હતો.

મુંબઇના જાણીતા શેહેરી અને વેપારી શેઠ ધનજીભાઇ બમનજીએ કરેલી સખાવતો તેમજ નામદાર સરકાર અને પ્રજાની બજાવેલી કીમતી સેવાઓની પીછાનમાં તા૦ ૧ લી જાનેવારી ૧૯૨૨ ઇસ્વીને દીને યાને આપણી રાજકરતી કોમના નવા વરસની ખુશાલીમાં સર નાઇટનો નામીચો ખેતાબ એનાયત કરવામાં આવ્યો હતો.

એડન તથા મુંબઇના નામીચા સખાવતી શેઠયા અને શાહ વેપારી શેઠ હોરમજી કાવસજી દીનશાહ એડનવાલાએ કરેલી ઓહોલી સખાવતો તેમજ દેશહીતકારી નર તરીકે એડન તથા મુંબઇમાં નામદાર સરકાર તથા પ્રજાની બજાવેલી અનેક કીમતી સેવાઓ માટે એવણને સને ૧૯૧૧ માં એમ. વી. ઓ. નો અને ૧૯૧૮ માં ઓ. બી. ઇ. નો ખેતાબ એનાયત કીધો હતો. નામદાર શેહેનશાહ જયોરજ પાંચમાની તા૦ ૩ જી જુન ૧૯૨૨ ને દીને પડેલી ૫૮ મી સાલગરેહની ખુશાલીમાં એવો સાહેબને સર નાઇટનો નામીચો ખેતાબ એનાયત કરવામાં આવ્યો હતો.

કે. સી. એસ. આઇ. યાને નાઇટ કમાનડર ઓફ ધી સટાર ઓફ ઇંડીયા.

સર જમસેદજી જીજીભાઇ પાંચમાં બારોનેટ—૧૯૨૨.

સી. એસ. આઈ. યાને કમ્પેનીયન ઓફ ધી સ્ટાર ઓફ ઇંડીઆ.

સર કાવસજી જહાંગીરજી રેડીમની—(મરહુમ)૧૮૬૯.
સર જમશેદજી જીજીભાઈ બીજા બારોનેટ—(મરહુમ)૧૮૭૧.
બેરામજી જીજીભાઇ—(મરહુમ) ૧૮૭૬.
ડોસાભાઇ ફરામજી કરાકા—(મરહુમ)૧૮૭૭
સર જમશેદજી જીજીભાઇ ત્રીજા બારોનેટ—(મરહુમ) ૧૮૮૪.
નવાબ સર ફરેદુન જંગબાહાદુર—૧૯૧૧.
કરનલ સર હોરમસજી એદલજી બનાટવાલા—આશામવાલા—૧૯૧૭.

સી. આઈ. ઈ. યાને કમ્પેનીઅન ઓફ ધી ઇંડીયન એમપાયર.

દસ્તુર બમનજી જામાસ્પજી પુણેવાલા—બીરારનાં માજી આસીસટંટ કમીશનર-(મરહુમ)૧૮૭૯.
સોરાબજી શાપુરજી બંગાલી—(મરહુમ)૧૮૮૧.
પેસતનજી જાહાંગીર તાલીયારખાન-(મરહુમ)૧૮૮૩.
નવરોજી ફરદુનજી—(મરહુમ) ૧૮૮૪.
સર મનચેરજી મેરવાનજી ભાવનગરી—૧૮૮૬.
પેશતનજી હોરમજી કામાજી—(મરહુમ)૧૮૮૭.
મેહેરજી કુવરજી તારાપોરવાલા—કોલાપોરના માજી દીવાન—(મરહુમ)૧૮૮૮.
નવરોજી નશરવાનજી વાહાડયા—(મરહુમ)૧૮૮૯.
મનચેરજી કાવસજી મરજબાન—(મરહુમ) ૧૮૯૧
નવરોજી માણેકજી વાહાડીયા-(મરહુમ)૧૮૯૩.
સર પીરોજશાહ મેહેરવાનજી મેહેતા—(મરહુમ) ૧૮૯૪.
કાવસજી દીનશાહ એડનવાલા—(મરહુમ) ૧૮૯૪.
સર નવરોજી પેસતનજી વકીલ—અમદાવાદવાલા—૧૮૯૭.
રૂસતમજી ધનજીભાઇ મેહેતા—કલકત્તાવાલા—૧૮૯૭.
મનચેરજી રૂસતમજી ઘોલું—એડનના માજી રેજીસ્ત્રાર—(મરહુમ) ૧૮૯૭.
ખરસેદજી રૂસતમજી થાણેવાલા—રતલામના દીવાન—(મરહુમ)૧૮૯૯.
નવાબ ધનજીભાઇ ફકીરજી કામાદીર—રાવલપીંડીવાલા—(મરહુમ) ૧૮૯૯.
એદલજી દીનશાહ—કરાંચીવાલા—(મરહુમ) ૧૮૯૯.
ફરદુનજી કુંવરજી તારાપોરવાલા—અમદાવાદના માજી એકઝીકયુટીવ એનજીનીયર-૧૯૦૧
હીરજીભાઇ માણેકજી રૂસતમજી બનાજી—કલકત્તાના માજી શેરીફ-(મરહુમ)૧૯૦૩
નવાબ સર ફરેદુન જંગ બાહાદુર—૧૯૦૩
બરજોરજી દોરાબજી પટેલ-કવેતાવાલા—૧૯૦૪
સરદાર શમશુલ ઓલમા દસ્તુર હોશંગજી જા. જામાસ્પઆશાના-પુણાવાલા-(મરહુમ) ૧૯૦૬
સર માણેકજી બેરાંમજી દાદાભાઇ રેજીસ્ત્રાર-નાગપુરવાલા—૧૯૧૧
લેફટનંટ કરનલ એદલજી પાલનજી ફ્રંચમેન—(મરહુમ) ૧૯૧૧.
સરદાર નવરોજી પદમજી-પુણાવાલા-૧૯૧૧.
સમસુલ ઓલમા ડા૦ જીવણજી જમશેદજી મોદી—૧૯૧૭.
નશરવાનજી નવરોજી વાહાડયા-૧૯૧૮.
ખરશેદજી નવરોજી વાહાડીયા—૧૯૧૯.
કાવશજી જાહાંગીર—૧૯૨૦
સોરાબજી બેજનજી મેહેતા—નાગપોરવાલા—૧૯૨૦
જાહાંગીર બેરામજી મરજબાન—૧૯૨૧
દાદીબા મહેરવાનજી દલાલ—૧૯૨૧
નશરવાનજી હોરમજી ચોકસી—૧૯૨૨.

નામદાર બ્રીટીશ સરકાર તરફથી જરથોસ્તીઓને મલેલા ખેતાબો.

એમ. વી. ઓ. યાને મેમ્બર ઓફ ધી રોયલ વીકટોરીયન ઓરડર.

સર હોરમજી કાવસજી દીનશાહ એદનવાલા—૧૯૧૧

ઓ. બી. ઇ. યાને ઓફીસરસ ઓફ ધી ઓરડર ઓફ ધી બ્રીટીશ એમપાયર.

જમશેદજી ફરામજી માદન—કલકતાવાલા-૧૯૧૮
સર જાહાંગીર હોરમજી કોઠારી-કરાંચીવાલા-૧૯૧૮
સર હોરમજી કાવશજી દીનશાહ એદનવાલા-૧૯૧૮
લેડી જરબાનું માણેકશા બેરામજી દાદાભાઇ-નાગપોરવાલા-૧૯૧૮
કાવશજી જાહાંગીર રેડીમની-૧૯૧૮
ફીરોજ ખરશેદજી શેઠના—૧૯૧૮
અરદેશર ડોશાભાઇ મારકર—કવેટાવાલા—૧૯૧૯
બરજોરજી દોરાબજી પટેલ—કવેટાવાલા—૧૯૨૦

એમ. બી. ઈ. યાને મેમબરસ ઓફ ધી ઓરડર ઓફ ધી બ્રીટીશ એમપાયર.

મીસીસ શીરીન કાવસજી—બરમાવાલા—૧૯૧૮
પેસતનજી નશરવાનજી વકીલ—અમદાવાદવાલા—૧૯૧૮
જમશેદજી દીનશાહ આંટીયા—વડોદરાવાલા—૧૯૧૮
ડોકટર રતનજી કોહાવાલા—૧૯૧૯.
શાપુરજી બમનજી બીલીમોરીયા—૧૯૧૯.
દીનશાહ એદલજી માહાવા—૧૯૧૯.
દારાશાહ નશરવાનજી મારકર—(મરહુમ) ૧૯૧૯.
અરદેશર ડોશાભાઇ વાહાડયા—૧૯૧૯.
સુનાબાઇ કેકોબાદ દસ્તુર—પુણાવાલા—૧૯૧૯.
હીરાબાઇ લાલકાકા—૧૯૧૯.
હોમાય મેહેતા—બંગાલવાલા—૧૯૧૯.
હીરાબાઇ પદમજી—પુણાવાલા—૧૯૧૯.
બાબાઇજી અરદેસર એનજીનીયર-૧૯૧૯.
સોરાબજી કુવરજી-૧૯૨૦
મીસીસ હીલાં કાવશજી જાહાંગીર રેડીમની-૧૯૨૦
જાઇજી જાહાંગીર બમનજી પીટીટ-૧૯૨૦
ડોસાભાઈ ફરામજી પંચકી-૧૯૨૦

આઇ. એસ. ઓ. યાને ઇમપીરીયલ સરવીશ ઓરડર.

જેહાંગીર ડોશાંભાઇ ફરામજી કરાકા—૧૯૧૧.
મનચેરશા ફરામજી ઉનવાલા, બંગાલની સરકારના નાણાંખાતાંના માજી રેજીસ્ટ્રાર (મરહુમ) [૧૯૧૩
બમનજી નવરોજી ખંબાતા-પુણાવાલા-૧૯૧૧.
રૂશતમજી બી. વકીલ-૧૯૧૫.
સી. એમ. તીજોરીવાલા-૧૯૨૨

ઇમ્પીરીયલ સરવીસ ઓરડર-બી.

ગોદરેજ દોરાબજી પદમજી-૧૯૧૨.

રોયલ વીકટોરીન ઓરડર.

કાવશજી જમશેદજી પેટીગરા—૧૯૧૧.

મેમબર (પાંચમાં વરગનો) ઓફ ધી વીકટોરીયન ઓરડર.

હેકટર રતનજી કોઠાવાલા—૧૯૨૧.

નામદાર બ્રીટીશ સરકાર તરફથી મલેલો "નવાબ"નો ખેતાબ.

ધનજીભાઇ ફકીરજી કામાડોર, રાવલપીંડીવાલા—(મરહુમ) ૧૯૧૦

ઓરડર ઓફ સેંટ જોનના ડોનાટનો રૂપાંનો ચાંદ.

ધનજીભાઈ હોરમજી મેહેતા-૧૯૧૭

ઓરડર ઓફ સેંટ જોનનો ખેતાબ.

ધનજીભાઇ એફ. મુલ્લાફીરોજ—૧૯૧૪.

ડી. એસ. ઓ. યાને કમપેનયન ઓફ ધી ડીસટીંગવીશડ સરવીસ ઓરડર.

(લડાઇમાં બાહાદુરીભરી સેવા બજાવવા માટે)

કેપટન ફીરોજશાહ એરામજી ભરૂચા--૧૯૧૭.

કેપટન એચ. જે. ખરશેદજી--૧૯૧૯.

બ્રીટીશ મીલીટરી ક્રોસનો ચાંદ મેલવનારાઓ.

(લડાઇમાં બહાદુરીભરી સેવા બજાવવા માટે)

લેફ્ટનંટ એરચ રતનજી ફરામજી દારુ—૧૯૧૭

લેફટનંટ કે. એ. માસતર—૧૯૧૮

લેફ્ટનંટ રતનશાહ નરીમાન કાપડયા—૧૯૧૯

લેફ્ટનંટ બી. એચ. કામાકાકા—૧૯૧૯

કેપટન નવલ માણેકજી દોટીવાલા—૧૯૨૦

ઇંડીયન જનરલ સરવીસ મેડલ વીથ કલેસ્પ અફગાનીસ્તાન-૧૯૧૯.

દોરાબજી પેસ્તનજી કરાડીયા

કયસરે હીંદનો સોનાનો ચાંદ મેલવનારાઓ

એરામજી મેરવાનજી મલબારી—(મરહુમ) ૧૯૦૦

નવાબ ધનજીભાઈ ફકીરજી કામાદોર, રાવલપીંડીવાલા—(મરહુમ) ૧૯૦૧

મેરવાનજી કાવસજી કેપટન—રંગુનવાલા—(મરહુમ)૧૯૦૩

એદલજી દોરાબજી તલાતી—૧૯૦૪

સર તેમુલજી ભીખાજી નરીમાન—૧૯૦૯

અરદેસર દીનશાજી ચીનાઇ—મધ્ય પ્રાંતવાલા—૧૯૧૧

સર જાહાંગીર હોરમજી કોથારી—કરાંચીવાલા—૧૯૧૧

સર હોરમજી અરદેશર વાહાડયા—૧૯૧૭

ડી. સી. પેસતનજી—મઉવાલા—૧૯૧૯

ધનજીભાઈ હોરમજી મેહતા—વડોદરાવાલા—૧૯૨૦

કયસરે હીંદનો રૂપાંનો ચાંદ મેલવનારાઓ.

લેફ્ટેનંટ કરનલ કેખશરૂ સોરાબજી નરીમાન-સુરતના માજી સીવીલ સરજન—(મરહુમ) ૧૯૦૦
ડોસાભાઇ અરદેશર ચોકશી—બેગલોરના મરકી ખાતાનાં માજી વડા તબીબ અમલદાર—(મરહુમ) ૧૯૦૦
ફરદુનજી કુવરજી તારાપોરવાલા—અમદાવાદના માજી એકજીકયુતીવ એનજીનીયર—૧૯૦૦
બમનજી મનચેરજી એદલબેહરામ—(મરહુમ) ૧૯૦૦
બરજોરજી હોરાબજી પટેલ—કવેતાવાલા—૧૯૦૧
રૂસતમજી ફરદુનજી—આંકોલાના ડેપ્યુટી કમીશનર—૧૯૦૧
માણેકજી ખરશેદજી નરીમાન—મુંબઈની સેક્રેટરીયટના મદદનીસ સેક્રેટરી—૧૯૦૨
નાદીરશાહ નવરોજી ખજુરી—પંજાબની કાંગાવેલીવાલા—૧૯૦૦
ડા૦ મોટીબાઇ રૂશતમજી કાપડયા-અમદાવાદવાળા—૧૯૧૧
આર. એન. માદન—મુંબઇના જંગલ ખાતાના અમલદાર—૧૯૧૩
એમ. સી. તાલીઆરખાન—મુંબઇની મ્યુનીસીપાલીટીના ડેપ્યુટી એકાઉન્ટંટ—૧૯૧૪
જાઇજી જાહાંગીરજી બમનજી પીટીટ—૧૯૧૫
રૂશતમજી પેસતનજી મસાની—મુંબઈની મયુનીસીપાલીટીના ડેપ્યુટી કમીશનર—૧૯૧૬
જે. એમ. આંટીયા—૧૯૧૬
મીસીસ એચ. આર. ફરદુનજી, તે સેંત્રલ પ્રોવીનસીસના ડેપ્યુટી કમીશનર રૂસતમજી ફરદુનજીના ધ્રણીયાણી—૧૯૧૬
લેડી જરબાનુ માણેકજી બેરાંમજી દાદાભાઇ—નાગપોરવાલા—૧૯૧૭
ડોશાભાઇ પેસતનજી કુપર—૧૯૧૯
દીનબાનુ હોરમસજી માણેકજી વજીફદાર—૧૯૧૯
આર. જે. પેટીગરા—સકકરવાલા—૧૯૨૦
એદલજી ડી. શરાફ—કરાંચીવાલા—૧૯૨૧
મેરબાનુ ફરદુનજી સોરાબજી તાલીયારખાન—૧૯૨૧
મીસ એસ. એચ. કોમીસરીએટવાલા-અલાહબાદવાલા—૧૯૨૧
બેરામજી એન. કરંજીયા—૧૯૨૨.

કીંગસ પોલીસ મેડલ મેલવનારાઓ.

રતનજી રૂશતમજી મીરઝા—૧૯૧૪
હેકટર રતનજી કોઠાવાળા—૧૯૧૫

શમશુલ ઓલમાઓ.

દસ્તુર પેસોતનજી બેરામજી સંજાણા—(મરહુમ) ૧૮૮૯
દસ્તુર હોશંગજી જામાસ્પજી જામાસપઆશાના—(મરહુમ) ૧૮૯૦
એરવડ ડા. જીવણજી જમશેદજી મોદી—૧૮૯૩
દસ્તુર દારાબ પેસોતનજી સંજાણા—૧૮૯૯
સરદાર દસ્તુર કેકોબાદ આદરબાદ નોશેરવાન—પુણાવાલા-૧૯૧૧

જુદા જુદા રાજ્યો તરફથી જરથોસ્તીઓને મલેલા ખેતાબો.

નાઇટ ઓફ ધી ઓરડર ઓફ ટોરીશ એન્ડ એશપાડા.

(પોરચુગલ સરકાર તરફથી)
રૂશતમજી જમશેદજી જીજીભાઇ—(મરહુમ) ૧૮૬૪

ધી કમાનડર ઓફ ધી રોયલ મીલીટરી ઓરડર ઓફ અવર લેડી ઓફ કનસેપશન ઓફ વીલા વીકોઝા.

(પોરચુગલ સરકાર તરફથી)

દોરાબજી દીનશાહ એડનવાલા-(મરહુમ) ૧૮૯૨

સર હોરમજી કાવસજી એડનવાલા—૧૮૯૨

ધી નાઇટ ઓફ ધી મીલીટરી ઓરડર ઓફ અવર લેડી ઓફ કનસેપશન ઓફ વીલા વીકોઝા.

(પોરચુગલ સરકાર તરફથી)

સોરાબજી માણેકજી દમણવાલા—(મરહુમ) ૧૮૯૮.

શીવલીઅર ડી આનામ નામનો ફરેંચ નાઇટનો ખેતાબ.

(ફરેંચ સરકાર તરફથી)

સર હોરમજી નવરોજી મોદી—ચીનના વેપારી—(મરહુમ) ૧૮૯૨

સવાલીએ ડ લોરડ રવાયલ ડ કામેબાજ નામનો ફરેંચ નાઇટનો ખેતાબ

(ફરેંચ સરકાર તરફથી.)
જમશેદજી સોરાબજી શેઠના—૧૮૯૮

ઓફીસીએ ડ લે' આકશીઓ પયુબલીકનો ખેતાબ.

(ફરેંચ સરકાર તરફથી)
જમશેદજી સોરાબજી શેઠના—૧૯૧૮.

ફરેંચ વોર કરોસનો ચાંદ.

લેફ્ટનંટ રતનશાહ નરીમાન કાપડયા—૧૯૧૮

ઓફીસર ડી એકેડમીનો ફરેંચ સરકારનો ખેતાબ (ટીપણોમાં)

સમસુલ ઓલમા ડા૦ જીવણજી જમશેદજી મોદી
મરજબાન મનચેરજી કાવસજી મરજબાન.
જમશેદજી સોરાબજી શેઠના.
જાહાંગીર નવરોજી શાપરીપર.—(મરહુમ)
ખરશેદજી માણેકજી સરાફ.
એરચજી રૂસતમજી ગંડીયાર.
મેરવાનજી રતનશાહ પારખ.

કેવલીયર ઓફ ધી ઓરડર ઓફ ધી કાઉન ઓફ ઇટાલી.

(ઇટાલીની સરકાર તરફથી.)
નશરવાનજી હોરમજી ઓકસી—૧૮૯૯

સેકરેટ ટ્રેજર તથા ક્રીનકેસોનો ખેતાબ.

(જેપાનની સરકાર તરફથી.)

જમશેદજી નશરવાનજી તાતા—(મરહુમ)

રતનજી દાદાભાઇ તાતા.

શીરો ખુરશેદ યાને સીંહ અને ખોરશેદ નામનો ફારસી ખેતાબ.

(ઇરાનના નામદાર શાહ તરફથી.)

સર દીનશાજી માણેકજી પીટીટ પેહલા બારોનેટ—(મરહુમ)

સર મનચેરજી મેરવાનજી ભાવનગરી—૧૯૦૦

ઓરડર ઓફ ધી બ્રીલયંટ સ્ટાર ઓફ જંજીબાર અથવા હામીડીઆનો ખેતાબ.

(જંગબારના નામદાર સુલતાન તરફથી.)

બમનજી માણેકજી દારૂખાનાવાલા—જંગબારના જાહેર બાંધકામ ખાતાના માજી ડીરેકટર—૧૮૮૧

ખરશેદજી કાવસજી રેજીસ્ત્રાર—૧૮૯૧.

પેસતનજી ભીખાજી નરીમાન—જંગબારના માજી સરકારી તબીબ—૧૮૯૨.

સોરાબજી માણેકજી દારૂખાનાવાલા-સેનીતરી ખાતાના માજી ઉપરી તથા સુપરીનટેનડીંગ એનજીનીયર—૧૮૯૨.

સઈયદીયાનો ખેતાબ.

(જંગબારના નામદાર સુલતાન તરફથી)

પેસતનજી ભીખાજી નરીમાન—૧૯૦૫

નવાબ બહાદુરનો ખેતાબ.

(નામદાર નીઝામ સરકાર તરફથી)

ફરામજી જમશેદજી મુનશીને નવાબ ફરામરઝ જંગ બહાદુર—(મરહુમ)૧૮૯૦

વડા વજીરના ખાનગી સેકરેટરી તેમજ પોલીટીકલ સેકરેટરી સર ફરદુનજી જમશેદજી વાચ્છાને નવાબ ફરેદુન જંગ બહાદુર—૧૯૦૬

ઇનદુર ડીસત્રીકટના અવલ તાલુકદાર બરજોરજી જમશેદજી વાચ્છાને નવાબ બરજોર જંગ બહાદુર—૧૯૦૬

મેદક ડીસ્ત્રીકટના અવલ તાલુકદાર સોરાબજી જમશેદજી ચીનાઇએ નવાબ સોરાબ જંગ બહાદુર—૧૯૦૬

હોરમજી નશરવાનજી વકીલ સોલીસીટરને નવાબ હોરમઝ જંગ બહાદુર—૧૯૧૮

દવલાનો ખેતાબ.

(નામદાર નીઝામ સરકાર તરફથી)

નવાબ સર ફરેદુન જંગ બહાદુર—૧૯૧૭

તાઝીમી સરદારનો ખેતાબ.

(બીકાનેરના નામદાર માહારાજા તરફથી.)

આર. ડી. કુપર—માહારાજાના પ્રાઈવેટ સેકરેટરી—૧૯૦૬

તાઝીમી સરદારનો ખેતાબ.

(પતીયાલાના નામદાર માહારાજા તરફથી.)

મેજર કેકી મીસતરી—૧૯૧૮

તાઝીમી સરદારનો ખેતાબ.

(જામનગરના નામદાર માહારાજા તરફથી)

મેરવાનજી પેસતનજી—જામનગરના દીવાન—૧૯૧૮

એન. કે. કલ્યાણીવાળા—૧૯૧૮

ફરસ્ત કલાસ ઓરડર ઓફ મેરીટનો ખેતાબ.

(જામનગરના નામદાર માહારાજા તરફથી)

મેરવાનજી પેસતનજી—જામનગરના દીવાન—૧૯૧૨

દાતાર મંડળનો સોનાનો ચાંદ.

(વડોદરાના નામદાર માહારાજા ગાયકવાડ સરકાર તરફથી.)

રતનજી દાદાભાઇ તાતા—૧૯૦૭.

રતનબાઈ એદલજી બામજી—૧૯૧૦

બેરામજી નશરવાનજી સીરવાઇ—(મરહુમ) ૧૯૧૪

પેશતનજી રતનજી ડાબુ—૧૯૧૫

મેહેરવાનજી નાનાભાઇ મેહેતા—૧૯૧૬

રતનજી શાપુરજી તાતા—૧૯૧૮

રાજ રતન મંડળનો સોનાનો ચાંદ.

(વડોદરાના નામદાર માહારાજા ગાયકવાડ સરકાર તરફથી.)

ધનજીભાઇ હોરમજી મેહતા—૧૯૧૬

એ. એમ. મસાણી—૧૯૧૯

રાજ રતન મંડળનો બરોંઝનો ચાંદ.

(વડોદરાના નામદાર માહારાજા ગાયકવાડ સરકાર તરફથી.)

શાપુરજી બેજનજી લાકડાંવાલા—૧૯૧૬

“ ખાન બાહાદુર ” નો ખેતાબ મલેલા જરથોસ્તીઓ.

અરદેશર કાવસજી-(માઉંટ આબુ)
અરદેશર કાવશજી ટરનર
અરદેશર ખરશેદજી હોટીવાલા
અરદેશર ડોસાભાઇ મારકર-(કવેતા)
અરદેશર દીનશાહ ચીનાઇ
અરદેશર દોરાબજી, રજપુતાનાની સુપરીનટેન-
ડીંગ એનજીનીઅરીંગ હારીસવાલા
અરદેશર નવરોજી-(બેલગામ)
અરદેશર ફરદુનજી દલાલ-(પુણા)
આદરજી મનચેરજી દલાલ-(ભરૂચ)
એરચજી શેહેરીયારજી ભરૂચા-(પુણા)
કાવશજી જમશેદજી પેટીગરા
કાવશજી જમશેદજી લાલકાકા
કાવશજી ધનજીભાઇ ધનજીશા-(વલસાડ)
કાઉસ રૂસતમજી-(બીકાનેર)
કાવસજી હોરમજી કાતરક-(કરાંચી)
કુવરજી રૂસતમજી અવારી
કેખશર મનચેરજી કલબવાલા
ખરશેદજી નશરવાનજી કંટરાકટર
ગુસતાદજી ધનજીશાહ કાપડયા
જમશેદજી અરદેશર દલાલ
જમશેદજી એદલજી બાટલીવાલા-(મદરાસ)
જમશેદજી બમનજી વકીલ-(અલીબાગ)
જમશેદજી બેજનજી વાચ્છા
જમશેદજી રૂસ્તમજી ભરૂચા-(જાએરા)
જેહાંગીર ખરશેદજી કામા-(વરધા)
જાહાંગીર ખરશેદજી દાજી
જાહાંગીર ડોસાભાઇ ગીયારા
જાહાંગીર એદલજી મોદી-(સુરત)
જાલ ડોસાભાઇ દુબાશ
ટેમુલજી કાવસજી બજા-(મુરવાડા મારવાડ)
ટેમુરસ નવરોજી સંજાના
ડોસાભાઇ પેસતનજી-(સુરત)
દાદાભાઈ દીનશાહ-(ખેડા)

દાદાભાઇ નશરવાનજી નાણાવટી
દાદાભાઇ રતનજી વલસાડા (કારવાર)
દારાશાહ નવરોજી મોદી-(રજપુતાના)
દારાશાહ હોરમજી બારીઆ
દીનશાહ દોશાભાઇ ખંબાતા
દીનશાહ માણેકજી કાલાપેસી
દોરાબ એદલજી નગરવાલા-(અહમદનગર)
દોરાબજી ફરદુનજી વકીલ-(રતલામ)
દોરાબજી સોરાબજી કેપટન
ધનજીશાહ બમનજી કુપર-(સતારા)
નવરોજી કાવસજી કલીયાંણીવાલા
સર નવરોજી પેસતનજી વકીલ-(અમદાવાદ)
નશરવાનજી જાહાંગીર બોગા-(રાવલપીંડી)
નસરવાનજી રૂશતમજી મેહતા-(કરાંચી)
નશરવાનજી રૂશતમજી વાછા-(અમદાવાદ)
નશરવાનજી શેહેરીઆરજી જીનવાલા-(ભરૂચ)
નશરવાનજી હોરમજી ચોકસી
નાનાભાઈ કુવરજી મોદી
પાલનજી નવરોજી દાવર
પાલનજી હોરમસજી દાદાચાનજી
પાલનજી આદરજી મીસતરી-(કરાંચી)
પેસતનજી દીનશાહ દસ્તુર-(કરાંચી)
પેસતનજી બમનજી મેહતા-(એડન)
પેસતનજી રૂસતમજી મેહતા
ફરદુનજી મનચેરજી દસ્તુર
ફરામજી અરદેશર અહમદનગરવાલા
ફરામજી કાવસજી-આબકારી ઇનશપેક્ટર
ફરામજી દીનશાહ કામદીન
ફરામરોજ અરદેસર ફરામજી મુસ
ફરામજી નશરવાનજી સંતોક-(માઉન્ટ આબુ)
ફીરોઝશાહ એદલજી ધામટ
બરજોરજી કાવશજી લીચમોર
બરજોરજી દોરાબજી પટેલ-(કવેતા)
બરજોરજી સોરાબશાહ મુનશી

બમનજી હોરાબજી પટેલ
સર બેજનજી દાદાભાઇ-(નાગપોર)
બેરામજી દોરાબજી બનાજી
બરાબજી પેસતનજી–(નાગપોર)
બેરામજી હોરમજી નાનાભટી
બી. કે. અંકલેસરીયા
મનચેરશાહ કાવસજી ગઝદર
માણેકજી ખરદશેજી નરીમાન
માણેકજી નાનાભાઇ–(ડીસા)
માણેકજી પાલનજી પોહ–(સુરત)
માણેકજી મેરવાનજી મુલ્લાં–(બાલાઘાટ)
માણેકશાહ રતનજી દસ્તુર–(ભંડારા)
મેરવાનજી એદલજી મીસતરી
મેરવાનજી પેશતનજી–જામનગરના દીવાન
મેહેર હોશંગ દસ્તુર–(પુણા)
રતનજી બેજનજી કેમીશરીએટવાલા

રૂસતમજી જમશેદજી કાપડીઆ
રૂસતમજી જમશેદજી પેઠીગરા
રૂસતમજી જહાંગીરજી વકીલ-(અમદાવાદ)
રૂસતમજી દોરાબજી કુપર-(બીકાનેર)
રૂશતમજી બમનશાહ વકીલ
વીકાજી ફરામજી બીલાડવાલા
શાપુરજી માણેકજી મેહતા-(દખન હેદરાબાદ)
શાપુરજી એદલજી ચીનાઇ
શાવકશા ફીરોઝશાહ–(કવેટા)
સોરાબજી કુવરજી–(કરાંચી)
સોરાબજી ફરામજી બીલીમોરીયા
સોરાબજી શાપુરજી–(આકોલા)
સોરાબજી હોરમજી–(ભરૂચ)
હોરમજી આદરજી પટેલ
હોરમસજી ખરશેદજી ભાભા

જરથોસ્તી "જસ્તીસ ઓફ ધી પીસ" યાને સુલેહના અમલદારો.

અરદેશર કાવસજી ટરનર
અરદેશર જમશેદજી બીલીમોરીયા
અરદેશર દાદાભાઇ મોદી
અરદેશર પેશતનજી કામા
ઉકરજી કાવસજી ઉમરીગર
એદલજી જમશેદજી ઉનવાલા
એદલજી માણેકજી મોદી
એરચશાહ રૂશતમજી હીરજીએહેદીન
કાવસજી એદલજી દાદાચાનજી
કાવસજી જાલભાઈ શેઠ
સર કાવસજી જાહાંગીર રેડીમની બારોનેટ
કાવસજી જાહાંગીર (જુનીઅર)
કાવસજી પેસતનજી ડાકટર
*કાવસજી બેહરામજી શરાફ
*કેકોબાદ કાવસજી દીનશાહ
કેખશરૂ ડેશાભાઈ કુપર
કેખશરૂ માણેકજી બરજોરજી મીનોચેરહોમજી
કેરસાસપજી રૂશતમજી દાદાચાનજી
લેફ્ટનંટ કરનલ કે. એ. દલાલ
લેફ્ટનંટ કરનલ કે. એચ. મીસતરી
ખરશેદજી નવરોજી વાહાડયા
ખરશેદજી માણેકજી ખરશેદજી
ખરશેદજી લીમજી
જમશેદજી અરદેશર હો. વાહડયા
સર જમશેદજી જીજીભાઇ પાંચમાં બારોનેટ
જમશેદજી નશરવાનજી ડગન
જમશેદજી નશરવાનજી બાહાદુરજી
જમશેદજી પી. મીસતરી
જમશેદજી બેજનજી વાચ્છા
જાહાંગીરજી ખરશેદજી મીસતરી
જાહાંગીર ડોસાભાઇ ફરામજી
જાહાંગીર બમનજી પીટીટ
*જાહાંગીર બમનજી બમન-બેહરામ
જાહાંગીર બેરામજી મરઝબાન
જાહાંગીરજી-ભીખાજી
જાહાંગીર રતનજી દુબાશ
જાહાંગીર રૂસતમજી પટેલ
જાહાંગીર હોરમજી સોરાબજી
જીવણજી જમશેદજી મોદી
જીજીભાઇ પેશતનજી નીકલશન
સર ટેમુલજી ભીખાજી નરીમાન
ડોસાભાઇ કે. પટેલ
ડોસાભાઇ નશરવાનજી વાહડયા
દાદીબા મેરવાનજી દલાલ
દસ્તુર દારાબ પેશુતન સંજાણા
સર દીનશાહ એદલજી વાચ્છા
*દીનશાહ જીજીભાઇ ડાકટર
દીનશાહ ફરામજી કેમીસરીએટવાલા
દીનશાહ બમનજી માસ્તર
સર દીનશાહ મા. પીટીટ, બીજા બારોનેટ
દીનશાહ હોરમજી વાણીયા
સર દોરાબજી જમશેદજી તાતા
દોરાબજી નશરવાનજી બહાદુરજી
ધનજીભાઇ બમનજી પીટીટ
નવરોજી બાપુજી સકલાટવાલા
નવરોજી માણેકજી ડુમસીઆ
નવરોજી સોરાબજી બંગાલી
નવરોજી હોરમજી કંત્રાકટર
નશરવાનજી નવરોજી વાહડયા
નશરવાનજી સોરાબજી જમશેદજી જીજીભાઇ
નશરવાનજી હોરમજી ચોકસી
નાદીરશાહ હોરમજી એ. સુખીઆ
નાનાભાઈ અરદેશર ફરામજી મુસ
નાનાભાઇ નશરવાનજી સાહેર
નાનાભાઈ નવરોજી કાતરક
નાનાભાઇ હોરમજી મુસ
પાલનજી નવરોજી દાવર
પેશતનજી ધનજીભાઇ માહાલક્ષમીવાલા
પેશતનજી નશરવાનજી વાડીયા
ફરદુનજી એ. ખરશેદજી ફરદુનજી

ફરેદુનજી જમશેદજી પારખ
ફરેદુનજી નશરવાનજી બીશની
ફરેદુનજી મનચેરજી દસ્તુર
ફરેદુનજી સોરાબજી તાલીયારખાન
ફરામજી એદલજી દાવર
ફરામજી દોરાબજી ફરામજી પાંડે
ફરામરોજ રૂસતમજી જોશી
ફીરોજ ખરશેદજી શેઠના
ફીરોઝ જેહાંગીર મરઝબાન
ફીરોઝ નશરવાનજી દારૂવાલા
ફીરોઝ બમનજી પીટીટ
ફીરોઝ બેરામજી મલબારી
ફીરોઝશાહ બી. આર. મોદી
બમનજી ધનજીભાઇ
*બરજોરજી નવરોજી આપઅખત્યાર
બરજોજી સોરાબજી શરાફ
બરજોરજી સોરાબજી કુપર
બેજનજી માણેકજી હોડીવાલા
બેરામજી દોરાબજી બનાજી
બેરામજી નવરોજી કંરજીયા
બેરામજી નવરોજી ગામડીયા
બેરામજી રૂસતમજી બેરામજી જીજીભાઇ
ભીખાજી એદલજી ધાસવાલા
મનચેરશાહ કાવસજી ગઝદર
મનચેરજી બેરામજી કોલાહ
માણેકજી ખરશેદજી નરીમાન
*મેરવાનજી એદલજી પાવરી
મેરવાનજી પેશતનજી ખરેધાટ
મેરવાનજી મનચેરજી કામા
રતનશાહ એરચશાહ કોહીઆર
રતનશાહ ટેમુલજી નરીમાન
રૂસતમજી એદલજી મોદી
રૂસતમ ડી. એન. વાડીયા
રૂસતમજી ધનજીભાઇ શેઠના
રૂસતમજી નાનાભાઇ રાણીના
રૂસતમજી બેરામજી જીજીભાઈ
રૂસતમજી પેસ્તનજી મસાની
રૂસતમજી બમનશાહ વકીલ
રૂશતમજી સોરાબજી પાંઉવાલા
શાપુરજી બમનજી બીલીમોરીઆ
શાવકશા સોરાબજી બાટલીવાલા
સોરાબજી એદલજી વારડન
સોરાબજી કાવશજી હોરમજી ડાકટર
સોરાબ કે. એનજીનીઅર
સોરાબજી ફરામજી બીલીમોરીયા
સોરાબજી ફરામજી બેંકર
સોરાબજી એમ. રતનાગર
સોરાબજી લીમજી પાંડે
સર હોરમજી અરદેશર વાહડીઆ
હોરમજી એદલજી આલબલેસ
હોરમજી જાંગીર બાભા
હોરમજી દોરાબજી પદમજી
હોરમજી માણેકજી માસીના
હોરમજી શાપુરજી કાતરક
હોરમજી સોરાબજી કમુના

* આવી નીશાનીવાળા ગયે વરસે નવા સુલેહના અમલદાર ઠરેલા સમજવા.

જરથોસ્તી શેરીફો.

મુંબઇના આગળ થઇ ગયલા શેરીફો.

સર કાવસજી જાહાંગીર બારોનેટ ૧૯૧૯
કાવસજી હોરમજી ડાકટર, ૧૮૯૪. (મ.)
ખરશેદજી ફરદુનજી પારખ, ૧૮૭૭(મ.)
સર જમશેદજી જીજી. ચોથા બારોનેટ, ૧૯૦૦(મ)
સર જમશેદજી જીજી. પાંચમાં બારોનેટ, ૧૯૧૫
ડોસાભાઈ ફરામજી કરાકા, ૧૮૭૨ (મ.)

સર દીનશાહ માણેકજી પીટીટ, ૧૮૮૭ (મ.)
બમનજી હોરમજી વાડીઆ, ૧૮૫૯ (મ.)
મનચેરજી કાવસજી મરઝબાન, ૧૯૦૬ (મ.)
માણેકજી ખરશેદજી, ૧૮૫૬ તથા ૧૮૬૩(મ.)
શેરાબજી શાપુરજી બંગાલી, ૧૮૮૧ (મ.)
સર શાપુરજી બરજોરજી ભરૂચા, ૧૯૧૧ (મ.)

માણેકજી રૂસતમજી બનાજી-કલકત્તાના શેરીફ-૧૮૭૩ (મ.)
રૂસતમજી ધનજીભાઇ મેહેતા-કલકતાના શેરીફ-૧૮૯૩
હીરજીભાઇ માણેકજી રૂસતમજી બનાજી-કલકતાના શેરીફ—૧૯૦૨ (મ.)
કાવસજી એદલજી પાંડે—મધરાસના શેરીફ-૧૮૫૪

મુંબઇની યુનીવરસીટીના જરથોસતી ફેલો.

નામદાર સરકારે સને ૧૯૦૪ ના વરસથી નવા યુનીવરસીટી એક્ટ મુજબ બધી ગ્નાતના ૮૦) ફેલો પોતાની તરફથી નેમેલા તેમાંના પારસી ફેલોના નામઃ-

ડોશીભાઇ જાહાંગીર રતનશાહ દાદાભાઇ
આદરજી મેરનોશજી મશાની
એદલજી દોરાબજી તલાટી
*કેકોબાદ એરામજી મરઝબાન
જમશેદજી નશરવાનજી ડમન
જીવનજી જમશેદજી મોદી
સર ટેમુલજી ભીખાજી નરીમાન
સર દીનશાહજી એદલજી વાચ્છા
દીનશાહ દોરાબજી કાપડયા

*નસરવાનજી કાવસજી દારૂવાલા
નાનાભાઈ અરદેશર મુસ
નાદીરશાહ દોરાબજી મીનોચેહેર હોમજી
*બમનજી જમસેદજી વાહાડયા
ફરદુનજી મનચેરજી દસ્તુર
એરામજી હોરમજી નાનાવટી
શાવકશાહ પેસતનજી દસ્તુર
હોરમજી જાહાંગીર ભાભા
હોરમજી માણેકજી માસીના

ગ્રેન્જ્યુએટો તથા ફેકલટીઓએ મળીને ચુંટી કાઢેલા બીજા ૨૦) ફેલોમાના પારસી ફેલો:-

ડે. એસ. ફરામજી
પેસતનજી અરદેશર વાહાડયા

ભીખાજી એદલજી ધાસવાલા
માણેકજી શેરીઆરજી ભરૂચા
રૂસતમજી ના. રૂ. રાનીનાં

ફરદુનજી એમ. દસ્તુર—યુનીવરસીટીના રેજીસ્ટરાર

*આવી નીશાનીવાળા ગયે વરસે નવા ઠરેલા સમજવા.

જરથોસ્તી કાઉનસીલરો.

નામદાર વાઇસરાયની કલકતાની ઇમપીરીયલ કાઉનસીલના આગલા થઇ ગયલા સભાસદો.

ઓનરેબલ સર દીનશાહજી માણેકજી પીટીટ બારોનેટ, ૧૮૮૭ (મ)
,, સર પીરોજશાહ મેરવાનજી મેહેતા, ૧૮૯૫, બીજીવાર ૧૮૯૮ (મ.)
,, સરદાર રૂસતમજી જાહાંગીર વકીલ, ૧૯૧૩
,, સર માણેકજી બેરામજી દાદાભાઇ, નાગપુરવાલા, ૧૯૦૮-૧૨ અને ૧૯૧૪-૧૭.
,, સર દીનશાહ એદલજી વાચ્છા, ૧૯૧૬-૧૯૨૦.
,, રતન દાદાભાઇ તાતા, ૧૯૨૦.

નામદાર ગવરનરની મુંબઇની લેજીસલેટીવ કાઉનસીલના આગલા થઇ ગયલા સભાસદો.

ઓનરેબલ સરદાર દાવર કેખશરૂ એદલજી મોદી, સુરતવાલા, ૧૯૧૦
,, સર જમશેદજી જીજીભાઇ બીજા બારોનેટ,૧૮૭૦-૧૮૭૪.(મ.)
,, સર જમશેદજી જીજીભાઇ ત્રીજા બારોનેટ, ૧૮૭૯-૧૮૮૫ (મ.)
,, સર જમશેદજી જીજીભાઇ પાંચમાં બારોનેટ, ૧૯૧૩.
,, સર જાહાંગીર હોરમજી કોઠારી, કરાંચીવાલા, ૧૯૧૩.
,, ડોસાભાઇ ફરામજી, ૧૮૭૦. (મ.)
,, સર તેમુલજી ભીખાજી નરીમાન, ૧૯૧૦
,, દાદાભાઇ નવરોજી, ૧૮૮૫ (મ.)
,, સર દીનશાહ એદલજી વાચ્છા ૧૯૧૬ (એજ સાલમાં મુંબઇની ધારાસભામાંથી કલકતાની વડી ધારાસભામાં મેમબર ચુંટાયા હતા.)
,, સર દીનશાહ માણેકજી પીટીટ, બીજા બારોનેટ, ૧૯૧૬-૨૦
,, દોરાબ એન. બહાદુરજી ૧૯૧૯ (એડવોકેટ જનરલના ઓધાની રૂએ નેમાયલા.)
,, દોરાબજી પદમજી પેસતનજી, ૧૮૯૩-૯૮. (મ.)
,, દારાશાહ રતનજી ચીચગીર, ૧૯૦૪ (મ.)
,, નવરોજી દોરાબજી ખંડાલેવાલા, ૧૯૦૩-૦૭ અને ૧૯૧૩-૧૫.
,, નવરોજી નશરવાનજી વાહાડ્યા, ૧૮૮૩-૯૯ (મ.)
,, સરદાર નવરોજી પદમજી, ૧૯૦૬.
,, સર નવરોજી પેસતનજી વકીલ ૧૯૦૮-૧૨
,, પદમજી પેસતનજી, ૧૮૮૪.(મ.)
,, સર પીરોજશાહ મેરવાનજી મેહેતા, ૧૮૮૭ અને ૧૮૯૩-૧૯૧૫ (મ.)
,, ફરામજી નશરવાનજી પટેલ, ૧૮૬૬ (મ.)
,, ફીરોજ ખરશેદજી શેઠના, ૧૯૧૬-૨૦.
,, બમનજી દીનશાહ પીટીટ,૧૮૯૯ (મ.)
,, બેરામજી જીજીભાઇ, ૧૮૬૮-૭૨ (મ.)
,, રૂસતમજી જમશેદજી જીજીભાઈ, ૧૮૬૨-૬૬ (મ.)
,, સોરાબજી શાપુરજી બંગાલી, ૧૮૭૮ (મ.)

બરમાની લેજીસલેટીવ કાઉનસીલના આગલા થઇ ગયલા સભાસદો.

ઓનરેબલ મેરવાનજી કાવસજી કેપતન, રંગુનવાલા,૧૯૧૦-૧૭ (મ.)
,, નશરવાનજી નવરોજી પારખ, રંગુનવાલા, ૧૯૧૮-૨૦.

☞ સર ટેમુલજી ભી. નરીમાનને બોંબે મેડીકલ રેજીસ્ટરેસન એકટમાં વધુ સુધારો કરનાર બીલ ૧૯૧૭ ની તા૦ ૧૦ અને ૧૧ મી અકટોબરે રજુ થયું હતું એ બે દીવસો માટે મુંબઈની કાઉનસીલના વધારાના સભાસદ નેમાયા હતા.

મુંબઇ મ્યુનીસીપાલ કોરપોરેશનના જરથોસ્તી મેમબરો.

કાવસજી એદલજી દાદાચાનજી—ગીરગામ (કર. ભર.)	નાદરશાહ હોરમજી સુખીઆ—કોટ (કર. ભર.)
ખરશેદજી ફરામજી નરીમાન—ગીરગામ—(કર ભર.)	નાનાભાઇ એ. એફ. મુસ—(યુનીવરસીટી)
ખરશેદજી સોરાબજી ઘોંડી ભાયખલા—(કર ભર.)	ફીરોજ ખરશેદજી શેઠના—(સુ. અ.)
સર જમશેદજી જીજીભાઈ બારોનેટ—(સુ. અ.)	ફીરોજશાહ જાહાંગીર મરઝબાન—કોટ—(કર. ભર.)
જાહાંગીર જમશેદજી ખરશેદજી—ભુલેશ્વર (કર. ભર.)	બરજોરજી સોરાબજી એન. કુપર—(સુ. અ.)
જાહાંગીર બમનજી પીટીટ—ગીરગામ (કર. ભર.)	બેરામજી નવરોજી ગામડીયા—કોટ (કર. ભર.)
જાહાંગીર બી. બમનબેહેરામ—કોટ (કર. ભર.)	બેરામજી રૂસતમજી બેરામજી જીજીભાઈ—(સુ. અ.)
સર ટેમુલજી ભીખાજી નરીમાન— (યુનીવરસીટી.)	રતનશાહ ટેમુલજી નરીમાન—(સુ. અ.)
દીનશાહ બમનજી પેસતનજી માસ્તર—ભુલેશ્વર (કર, ભર.)	રૂસતમજી એન. આર. રાનીના—(સુ. અ.)
સર દીનશાહ માણેકજી પીટીટ બારોનેટ—(સુ. અ.)	શાવકશાહ શેરાબજી બાટલીવાલા—પરેલ (કર. ભર.)
નેવરોજી મ. કુમશીઆ—(સુ. અ.)	હોરમજી પીરોજશાહ મોદી—ગીરગામ—(કર. ભ.)

(કર. ભર.)—કર ભરનારાઓ તરફથી ચુંટી કઢાયલા; (સુ. અ.)—સુલેહના અમલદારો તરફથી; (યુનીવરસીટી)—યુનીવરસીટી તરફથી; (સરકાર)—નામદાર સરકારે નેમેલા.

નર્ડીંગ કમીટીના જરથોસ્તી મેમબરો.

જાહાંગીર બી. બહમન બહેરામ	રતનશાહ ટેમુલજી નરીમાન
ફીરોજ જાહાંગીર મરઝબાન	

મ્યુનીસીપાલીટીના કામચલાઉ કમીશનર—રૂસતમજી પેસતનજી મસાની.

મુંબઈની સીટી ઇમપરૂવમેન્ટ ટ્રસ્ટ બોરડના જરથોસ્તી મેમબરો.

કાવસજી એદલજી દાદાચાનજી	ફીરોઝ ખરશેદજી શેઠના
કાવસજી જહાંગીર રેડીમની	હોરમજી પીરોશાહ મોદી
નવરોજી મ. કુમશીયા	

રૂસતમજી બમનશાહ વકીલ—સપેસીયલ કલેક્તર.

મુંબઇના પોરટ ટ્રસ્ટના જરથોસ્તી ટ્રસ્ટીઓ.

બેરામજી નવરોજી ગામડીયા.	ફીરોઝ ખરશેદજી શેઠના.

મુંબઇની પારસી ચીફ મેત્રીમોનીયલ કોરટના ડેલીગેટોના નામ.

એદલજી માણેકજી મોદી
એરચશાહ રૂસતમજી હીરજી બેહેદીન.
કાવસજી બેરામજી દીવેચા
કેકોબાદ કાવસજી દીનશાહ
ખરશેદજી લીમજી
સર જમશેદજી જીજીભાઇ
જાહાંગીર બમનજી પીટીટ
જાહાંગીર બમનજી બમન-બેહેરામ
જાહાંગીર રતનજી દુબાશ

જીવનજી જમશેદજી મોદી
જીજીભાઇ રૂસ્તમજી બી. જીજીભાઇ
દારાશા બમનજી દુબાશ
ધનજીભાઇ બમનજી પીટીટ
પીરોશાહ બમનજી પીટીટ
ફીરોજશાહ ખરશેદજી શેઠના
ફીરોજશા જાહાંગીર બી. મરઝબાન
ફરદુનજી જમશેદજી પારખ
ફરામજી દોરાબજી પાંડે

બરજોરજી દાદાભાઈ બમનજી જીજીભાઇ
બરજોરજી શોરાબજી એન. કુંપર
બેરામજી નવરોજી ગામડયા
બેરામજી રૂસતમજી બેરામજી જીજીભાઇ
મનચેરશાહ માણેકજી કારભારી
વીકાજી અરદેશર
હીરજી અરદેશર દાદીશેઠ
હોરમસજી દોરાબજી પદમજી
હોરમજી માણેકજી ચવના.

પુણાની અને અહમદનગરની પારસી મેત્રીમોનયલ કોરટના ડેલીગેટોના નામ.

અરદેશર બમનજી શેઠના
સરદાર દસ્તુર કેકોબાદ આદરબાદ
કેખશરૂ આદરજી ઘાસવાલા
ગુરતાદજી ધનજીશાહઅંકલેસર્યા
દીનશાહ ડોશાભાઈ ખંબાતા

ડોસાભાઇ માણેકજી સતારાવાલા
દોરાબ એદલજી નગરવાલા
નવરોજી દોરાબજી ખંડાલાવાલા
સરદાર નવરોજી પદમજી
નવરોજી ફરામજી અરદેશર

પેસતનજી બમનજી સુનાવાલા
ફરામરોજ સોરાબજી ચીનાઇ
બરજોરજી પીરોજશા ભરૂચા
બેરામજી નશરવાનજીનગરવાલા
સોરાબજી હોરમસજી મોદી

કરાંચીની પારસી મેત્રીમોનીયલ કોરટના ડેલીગેટોના નામ.

અરદેશર ફરામજી કલ્યાણીવાલા
એરચશાહ નાનાભાઇ ખરેગાટ
કાવસજી હોરમસજી કાતરક
ખરશેદજી બમનજી શેઠના
ખરસેદજીશાપુરજી સોપારીવાલા
જમસેદજી શાપુરજી સોપારીવાલા

સર જાહાંગીર હોરમજી કોઠારી
નશરવાનજીખરસેદજીમજ્જયના
નશરવાનજી રૂસ્તમજી મેહેતા
નાદરશાહ એદલજી દીનશાહ
પેસતનજી બેરામજી કોટવાલ
પેસતનજી રૂસતમજી મેહેતા
પેસતનજીહોરમસજી ઘડીયાલી

ફરામરોજ એદલજી પંથકી
બમનજી ફરામજી શેઠના
બરજોરજી કાવસજી દુબાશ
માણેકજી ખરશેદજી માદન
સોરાબજી કુંવરજી પસતાકીયા
સોરાબજીમનચેરજીબીલીમોરીયા
હોરમસજી માણેકજી ખજુરીના

*સુરતની પારસી મેત્રીમોનીયલ કોરટના ડેલીગેટોના નામ.

સુરત ખાતેના.

કાવસજી ધનજીભાઇ ધનભુરા
કાવસજી બરજોરજી વકીલ
કાવસજી માણેકજી દલાલ
કાવસજી રૂસ્તમજી દસ્તુર
તેહમુરસપ કાવસજી મોદી
દીનશાહ જીવાજી એદલબેહરામ
ફરામજી દીનશાહ કામદીન
બેજનજી માણેકજી જંબુસરયા
શ્યાવકશા હોરમજી ખશુખાન
સોરાબજી ડોશાભાઇ પેમારતર

અમદાવાદ ખાતેના.

અરદેશર રૂસ્તમજી દલાલ
એદલજી બેરામશાહ હોડીવાળા
ફીરોઝશાહ કાવસજીકરંજાવાળા
માણેકશાહઅરદેશર કરંજાવાળા
હોશંગજી બરજોરજી વાણીઆ

ભરૂચ ખાતેના.

પીરોશાહ રૂશતમજી વખારીયા
બમનજી અરદેશર દલાલ[વાળા
બમનશાહ જામાસ્પજી જંબુસર
મંચેરશાહ સોરાબજી વખારીયા
રતનજી ફરદુનજી જીનવાલા

આ ડેલીગેટોમાં ૧૦ સુરતના, ૫ અમદાવાદના અને ૫ ભરૂચના મળી ૨૦ ડેલીગેટોની સુરત, અમદાવાદ તથા ભરૂચની એકજ કોરટ ગણાય છે, અને કામ પડે તયારે અવારનવાર ૧૨ ગ્રહસ્થોને સુરત ખાતે બોલાવવામાં આવે છે.

જરથોસ્તી સોલીસીતરો.

અરદેશર જમશેદજી પોચા, ૧૯૦૯
અરદેશર ફરામજી સુનાવાલા, ૧૯૧૨
અરદેશર બરજોરજી લીંબુવાલા (લંડનના) ૧૯૧૧
અરદેશર મેરવાનજી માદન, ૧૮૯૯
એરચશાહ એમ. બહાદુરજી, ૧૯૧૮
કાવસજી જમશેદજી બીલીમોરીયા, ૧૯૦૩
કેકોબાદ કે. લાલા, ૧૯૨૧
કેખશરૂ એ. વકીલ, ૧૯૧૮
કેખુશરૂ જમશેદજી દુબાશ, ૧૯૦૫
કેખુશરો ફરદુનજી શીરવાઇ, ૧૮૯૬
કેખુશરો બી. મેહેતા, ૧૮૯૭
કેખશરૂ માણેકજી સરવેઅર, ૧૯૧૧.
કેખુશરો હોરમજી વકીલ, ૧૮૯૬
ખરશેદજી ધનજીભાઇ શરાફ, ૧૮૯૨
સી. આર. જસાવાલા, ૧૯૨૧
જમશેદજી દીનશાહ ભેદવાર, ૧૯૨૧
જમશેદજી એમ. દસ્તુર, ૧૯૧૬
જમશેદજી એમ. લામ, ૧૯૨૦
જામાસ્પ ફીરોજ હોશંગ દસ્તુર, ૧૯૦૨
જાહાંગીર કેરસાસપજી ર. દાદાચાનજી, ૧૯૦૦
જેહાંગીર જમશેદજી વીમાદલાલ, ૧૮૯૮
જેહાંગીર દોરાબજી નીમચવાલા, ૧૮૯૧
જેહાંગીર ડી. કાંગા, ૧૯૦૯
જેહાંગીર પીરોજશાહ મેહતા, ૧૯૦૫
જેહાંગીર બહમનજી બહમન-બેહેરામ, ૧૮૯૬
જાહાંગીર એમ. ખંબાતા, ૧૯૨૧
જેહાંગીર રૂસતમજી મેરવાનજી પટેલ, ૧૯૦૦
જેહાંગીર સોરાબજી કાંગા, ૧૯૧૨
જેહાંગીર એસ. બાપાસોલા, ૧૯૨૦
જેહાંગીર સોરાબજી વારડન, ૧૯૨૧
જેહાંગીર એચ. મોદી, ૧૯૧૬
જે. હોરમસજી, ૧૮૯૯
જીજીભાઇ ડોસાભાઇ ખંબાતા, ૧૯૦૬
જીવાજી દીનશાહજી ગાંધી, ૧૮૮૪
દારાશાહ જીવાજી વકીલ, ૧૯૧૦
દીનશાહ ખરશેદજી દાજી, ૧૮૯૧
દીનશાહ જીજીભાઇ ઇરાની, ૧૯૦૬
દીનશાહ જીજીભાઇ ડાકટર, ૧૮૮૬
દીનશાહ દોરાબજી રોમર, ૧૮૯૯
દીનશાહ ફરદુનજી મુલ્લાં, ૧૮૯૫
દોરાબજી નશરવાનજી ફારબસ, ૧૯૧૫
દોરાબ પેસતનજી શેઠના, ૧૯૧૫
ધનજીશાહ એસ. કેપટન, (લંડનના)
ધનજીશા એચ. નાનાવટી, ૧૯૧૪
નોશીરવાન જે. કોહીયાર, ૧૯૧૪
નોશીરવાનજી પીરોશાહ એનજીનીયર, ૧૯૦૯
નશરવાનજી ફીરોજશાહ દુબાશ (લંડન)
નશરવાનજી હોરમસજી શેઠના, ૧૯૧૨
નાદરશાહ બમનજી વકીલ, ૧૯૦૨
નાનાભાઈ હોરમજી મુસ, ૧૮૯૧
પાલી મનચેરજી કલબવાલા, ૧૯૧૪
પીરોજશાહ નશરવાનજી બીલીમોરીયા, ૧૯૦૦
પીરોશાહ બમનજી ચોકસી, ૧૯૨૧
પેસતનજી બાપુજી ખરાસ, ૧૯૧૩
પેસતનજી માણેકજી કાંગા, ૧૮૯૦
પેસતનજી લીમજી પારખ, ૧૯૧૨
પેસતનજી સોરાબજી બાટલીવાલા (લંડનના) ૧૯૦૭
પોચાજી જે. પોચા, ૧૯૧૬
ફરદુનજી એ. દોતીવાલા, ૧૯૧૯
ફરદુનજી કેરસાસપજી દાદાચાનજી, ૧૯૦૫
ફરદુનજી પાલનજી પાવરી, ૧૮૯૨
ફરદુનજી માણેકજી કાંગા, ૧૮૮૯
ફરામજી અરદેશર વકીલ, ૧૮૯૬
ફરામજી માણેકજી વાચ્છા, ૧૯૦૩
ફરામજી રૂસતમજી બાહડયા, ૧૮૭૪
ફરામજી રૂસતમજી વાચ્છા, ૧૯૨૧
ફરામજી શાપુરજી મેહેતા, ૧૯૦૨
ફરામરોજ એદલજી દીનશાહ, ૧૮૯૬
ફરામરોજ જમશેદજી જીનવાલા, ૧૯૧૪
ફરામરોજ મેરવાનજી મેહેતા, ૧૯૦૯
ફરામરોજ હોરમસજી એન. વકીલ, ૧૯૦૬
ફીરોજશાહ નશરવાનજી પ્લીડર, ૧૮૯૧
ફીરોઝ એન. ગાંધી, ૧૯૨૦
બમનજી એન. મુલ્લાં, ૧૯૧૮

બરજોર એરામશાહ આઇબારા, ૧૯૧૫
બરજોરજી હોશંગજી વકીલ, ૧૯૨૨
એરામજી નશરવાનજી ફારબશ, ૧૯૧૦
બાપુજી દાદાભાઇ લામ, ૧૯૦૮
મનચેરજી જે. ગાંધી, ૧૯૧૭
મનચેરશાહ બમનજી ચોકશી, ૧૯૦૨
મનચેરશાહ રૂશતમજી વકીલ, ૧૯૦૧
માણેકજી નશરવાનજી દસ્તુર, ૧૯૧૫
માણેકજી એન. પોચખાનાવાલા, ૧૮૯૯
માણેકશાહ પી. લાલા, ૧૯૨૨
માણેકજી રૂસતમજી બીલીમોરીયા, ૧૯૦૨
માણેકજી સોરાબજી કેપટન, ૧૮૯૬
મીનોચેહેર અરદેશર વકીલ, ૧૮૯૭
મીનોચેહર પી. દાદાચાનજી, ૧૯૦૯
મેરવાનજી કેખશરો આલપાઇવાલા, ૧૮૮૯
રૂસતમજી એદલજી પાપા, ૧૯૧૨
રૂસતમજી ખરશેદજી કામાજી, ૧૮૮૪
રૂસતમજી ધનજીશાહ દાલાલ, ૧૯૧૦
રૂસતમજી નવરોજી મોટાભાઇ
રૂસતમજી પીરોજશાહ મેહેતા, ૧૮૯૭
રૂસતમ ફીરોજશાહ બરૂચા, ૧૮૯૬
રૂસતમજી ફરદુનજી મુલ્લાં, ૧૮૯૫
રૂસતમ એફ. દીવેચા, ૧૯૧૬
રૂસતમજી બી. મઝગામવાલા, ૧૯૧૮
રૂસતમજી સોરાબજી કેપટન, ૧૯૦૦
શાવકશાહ એરામજી નરીમાન, ૧૯૦૨
શીયાવક્ષ સી. પારડીવાલા, ૧૯૨૧
સોરાબજી દાદાભાઇ બાસતાવાલા, ૧૮૯૫
સોરાબ એન. વકીલ, ૧૯૨૧
સોરાબજી ફરદુનજી મુલ્લાં, ૧૯૦૩
સોરાબજી માણેકજી કાગા, ૧૮૮૫
હરીમજી એદલજી કુમાના, ૧૯૨૧
હીરજી કાવસજી કોલાહ, ૧૮૯૧
હોરમસજી સી. કેપટન, ૧૯૧૭
હોરમસજી ડી. વાડીયા, ૧૯૧૮
હોરમસજી એફ. મુલ્લાં, ૧૯૧૭
હોરમસજી બેજનજી આમજી, ૧૯૦૮
હોરમજી મનચેરશાહ વકીલ, ૧૯૨૨

જરથોસ્તી બારીસ્ટરો.

અદી જમશેદજી પુનાવાલા, ૧૯૧૫
અરદેશર કાવશજી શેઠના, ૧૮૮૫
અરદેશર ધનજીભાઇ કા. પટેલ, ૧૮૯૩
અરદેશર પેસતનજી સબાવાલા, ૧૯૧૪
અરદેશર ફીરોજશાહ મેહતા, ૧૯૧૦
અરદેશર બરજોરજી લીંબુવાલા, ૧૯૧૧
અરદેશર બેરામજી કાપડીયા, ૧૮૭૨
અરદેશર માણેકજી મસાની, ૧૯૧૦
અરદેશર રતનજી વાડયા, ૧૯૧૨
અરદેશર હોરમજી વાડયા, ૧૯૧૦
એરચ જાહાગીર સોરાબજી તારાપોરવાલા, ૧૯૦૯
એ. અરદેશર એનજીનીયર, ૧૯૧૨
કાવસજી જમશેદજી પેટીગરા, ૧૯૦૦
કાવસજી બરજોરજી જશાવાલા, ૧૯૦૯
કાવસજી મેરવાનજી દોતીવાળા, ૧૯૧૨
કેકોબાદ એદલજી જમશેદજી સંજાના, ૧૯૦૭
કેકોબાદ ભીખાજી દસ્તુર, ૧૯૦૩
કેકી માણેકજી કારભારી, ૧૯૧૨
કેખશરો આદરજી ધાસવાળા, ૧૮૯૫
કેખશરૂ ખરશેદજી દલાલ, ૧૯૦૫
કેખશરૂ જાહાંગીરજી રૂસ્તમજી દાજી, ૧૯૧૦
કેખશરૂ પેસતનજી પાદશાહ, ૧૯૧૭
કેખશરો ફ્રામજી પટેલ, ૧૯૧૫
કેખશરૂ બેરામજી પદમજી, ૧૯૦૯
કેખશરૂ માણેકશાહ તાલ્યારખાન, ૧૯૧૩
કેખશરો શોરબજી, ૧૮૯૬
ખરશેદજી દીનશાહ ધાસવાળા, (એડવોકેટ) ૧૯૧૩
ખરશેદજી માણેકજી ખરશેદજી શરાફ, ૧૮૬૯
ખુરદાદ રૂશતમજી ફ. કનફેકશનર, ૧૯૧૪
જમશેદજી ખરશેદજી તારાચંદ, ૧૯૦૨
જમશેદજી બેરામજી ભીખાજી કાંગા, ૧૯૦૩
જમશેદજી મેરવાનજી બોઇસ, ૧૯૧૨
જાલ અરદેશર દાદાભાઇ નવરોજજી, ૧૯૧૦
જાલ ખરશેદજી રતનજી બમનજી, ૧૯૦૯
જાલ જેહાંગીર મુગાશેઠ, ૧૯૧૪
જેહાંગીર કાવસજી બીલીમોરીયા, ૧૯૦૩
જેહાંગીર કુંવરજી કોયાજી, ૧૯૧૦
જેહાંગીર કેખશરૂ મુનશી, ૧૯૧૪
જેહાંગીર ખરશેદજી કામા, ૧૮૮૯
જેહાંગીર ડોસાભાઇ ફ્રામજી કરાકા
જેહાંગીર દીનશાહ દાવર, ૧૯૦૦
જેહાંગીર પીરોજશાહ દુબાશ, ૧૮૯૧
જેહાંગીર પેસતનજી, ૧૮૯૬
જેહાંગીર બરજોરજી પટેલ, ૧૯૧૨
જેહાંગીર રૂસ્તમજી વખારીયા, ૧૮૯૬
જેહાંગીર સોરાબજી બેરગામવાળા, ૧૯૧૧
જેહાંગીર હોરમસજી જેહાંગીર ભાભા
જેહાંગીર હોરમસજી નશરવાનજી વકીલ, ૧૯૦૫
ટેમુરસ કાવસજી મોદી, ૧૯૧૨
ટેમુરસ દાદાભાઇ જાલ, ૧૯૦૪
ડોસાભાઇ કાવસજી રાલી, ૧૯૧૧
ડોસાભાઇ મેરવાનજી કરાકા, ૧૮૮૯
દાદાભાઇ મનચેરજી કોહલા, ૧૮૯૨
દારાશાહ શાપુરજી શેઠના, ૧૯૦૦
દાદી હોરમશજી દાદાભાઇ જજ, ૧૮૯૩
દીનશાહ ફરદુનજી મુલ્લાં, (એડવોકેટ) ૧૯૦૮
દોરાબ આદરજી ધાસવાલા, ૧૯૧૪
દારાબ ખરશેદજી ડરાઇવર, ૧૯૧૨
દારાબ ખુરશેદજી પેટીગરા, ૧૯૧૬
દોરાબજી નવરોજી ખંડાલેવાલા, ૧૯૦૬
દોરાબજી નશરવાનજી બહાદુરજી, ૧૮૯૫
ધનજીશાહ અરદેશર અંકલેશરીઆ, ૧૯૦૬
ધનજીશાહ દોરાબજી, ૧૮૯૬
ધનજીશાહ મેહેરજી માદન, (એડવોકેટ) ૧૯૧૨
ધનજીશાહ સોરાબજી કેપટન, ૧૯૧૨
નવરોજી જહાંગીર વહાડયા, ૧૯૦૯
નવરોજી દાદાભાઇ આલબલેસ, ૧૮૮૮
નવરોજી ભીખાજી દલાલ, ૧૯૧૬
નવરોજી મેરવાનજી તારાચંદ, ૧૯૦૫
નવરોજી હોરમસજી નવરોજી મોદી, ૧૮૯૯
નસરવાનજી જમશેદજી દાદી, ૧૮૯૨
નસરવાજી નવરોજી અંકલેશરીઆ, ૧૯૦૬
નશરવાનજી પીરોશાહ એનજીનીયર (એડવોકેટ) ૧૯૨૧
નસરવાનજી ફ્રામજી મેહતા, ૧૯૧૯
નસરવાનજી બેરામજી ગઝદર, ૧૯૦૨
નસરવાનજી રૂસતમજી ધનજીભાઇ મેહેતા, ૧૯૦૫
નસરવાનજી સોરાબજી પદમજી, ૧૯૧૩
નોશીર ફરદુનજી શીરવાઈ, ૧૯૦૯
નોશીર સોરાબજી ચીનાઇ, ૧૯૧૮
નાનાભાઇ નશરવાનજી સાહેર, ૧૮૯૫
નાનાભાઇ મેરવાનજી કાવસજી કપટાન, ૧૮૯૪
નાનાભાઇ હોરમજી મુસ, ૧૯૧૨
પદમ પેસતનજી જીનવાલા, ૧૮૯૫
પેશતનજી ખરશેદજી તારાપોરવાલા, ૧૯૦૯

પેશોતનજી ધનજીશાહ પટેલ, ૧૯૦૭
પેશતનજી પીરોજશાહ ડાક્ટર, ૧૯૧૨
પેશતનજી સોરાબજી કોટવાલ, ૧૮૯૯
પેસતનજી એચ. જે. રૂસતમજી, ૧૮૯૬
પીરોજશાહ નશરવાનજી દારૂવાળા, ૧૯૧૧
પીરોજશાહ બેરામજી મલબારી, ૧૮૯૯
ફરદુનજી દાદાભાઈ મુલ્લાં, ૧૯૧૫
ફરદુનજી પેસતનજી જા. તાલયારખાન, ૧૮૯૪
ફરેદુન પીરોજ તારાપોર, ૧૯૧૩
ફરદુનજી બરજોરજી મોતીવાલા, ૧૯૦૬
ફરદુનજી સોરાબજી જા. તાલયારખાન, ૧૮૯૪
ફરામજી પેસતનજી ડાક્ટર, ૧૮૯૧
ફરામરોજ મનચેરજી દાદીના, ૧૮૯૪
ફરામરોજ રતનજી બમનજી, ૧૯૦૩
ફરામરોજ એમ. શેઠના, ૧૮૯૩
ફીરોઝ જીજીભાઇ, ૧૯૧૮
ફીરોઝ દોરાબજી ગોળવાળા, ૧૯૧૨
ફીરોજશાહ બેજનજી વાચ્છા, (એડવોકેટ) ૧૯૧૩
ફીરોજશાહ રતનજી મીણવાલા, ૧૮૯૫
ફીરોજશાહ હોરમજી જડજ, ૧૯૧૨
બમનજી કાવસજી કેપટન, ૧૮૯૧
બમનજી જમશેદજી વાહાડયા, ૧૯૦૬
બમનજી ડોસાભાઈ આલબલેસ, ૧૯૧૪
બમનજી રતનજી બમનજી દુબાશ, ૧૮૯૪
બરજોરજી જમશેદજી અરદેશર દલાલ, ૧૮૯૪
બાપુજી દોરાબજી વાછા, ૧૯૦૫
બેરામજી રૂસતમજી મેહેતા, ૧૮૯૯
ભીખાજી બેરામજી કાંગા, ૧૯૦૮
મનચેરજી ખરશેદજી લાલકાકા, ૧૮૯૨
મનચેરજી દાદાભાઇ દાદીશેઠ, ૧૮૮૩
સર મનચેરજી મે. ભાવનગરી, ૧૮૮૫
મરઝબાન મનચેરજી મરઝબાન, ૧૮૯૪
માણેકજી પેસતનજી મોદી, ૧૮૯૨
સર માણેકજી બેરામજી દાદાભાઇ, ૧૮૮૭
માણેકજી રૂસતમજી મેહેતા, ૧૮૯૫
મીનોચેહર જમશેદજી દસ્તુર, ૧૯૧૨
મેરવાનજી કાવસજી શેઠ, ૧૯૧૧
મેરવાનજી જમશેદજી આંટીયા, ૧૯૧૪
મેરવાનજી રૂસતમજી બાઇશ, ૧૮૯૯
મેરવાનજી હોરમસજી હકીમ, ૧૯૧૦

રતનજી સોરાબજી દાદાચાનજી, ૧૯૧૨
રૂસતમજી ખરશેદજી તારાચંદ, ૧૯૦૦
રૂસતમજી જીવણજી જમશેદજી મોદી, ૧૯૦૮
રૂસતમજી ડોસાભાઇ ન. વહાડયા, ૧૮૯૯
રૂસતમજી દીનશાહ બાટલીવાલા, ૧૯૧૦
રૂસતમજી ધનજીભાઇ શેઠના, ૧૮૮૪
રૂસતમજી પેશતનજી થાનેવાલા, ૧૯૧૫
રૂસતમજી પેસતનજી વોલેસ, ૧૯૧૭
રૂસતમજી ફરામજી બહાદુરજી, ૧૮૯૫
રૂસતમજી બે. સોનાવાલા, ૧૮૯૦
રૂસતમજી બેરામજી કોલાબાવાલા, ૧૮૮૮
રૂસતમજી મેરવાનજી આલપાઇવાલા, ૧૯૧૨
રૂસતમજી સોરાબજી દાંતરા, ૧૮૯૬
રૂસતમજી સોરાબજી બીલીમોરીયા, ૧૯૧૧
વીકાજી પરદુનજી તારાપોરવાલા, ૧૯૦૬
વીકાજી એફ. વીકાજી, ૧૯૧૭
શપલ મનચેરશાહ ચોકયા, ૧૯૧૪
શીયાવક્ષ આદરજી ઘોઘાવાલા, ૧૯૦૭
શીયાવક્ષ કેખશરૂ એનજીનીયર, ૧૯૧૬
શીયાવક્ષ રૂસતમજી માસ્તર, ૧૮૯૧
સોરાબજી આદરજી દલાલ, ૧૯૦૮
સોરાબજી ખરશેદજી દસ્તુર, ૧૯૧૨
સોરાબજી દાદાભાઇ ભેદવાર, ૧૯૦૯
સોરાબજી પેસતનજી વોલેસ, ૧૯૨૨
સોરાબજી બેહેરામજી બનાજી, ૧૯૧૦
સોરાબજી માણેકજી, ૧૯૧૨
સોરાબજી રૂસતમજી દાવર, ૧૯૧૦
સોરાબજી લીમજીભાઇ દાવર, ૧૯૦૯
શાપુરજી જમશેદજી શાપુરજી, ૧૯૧૧
સર હોરમજી અરદેશર વહાડયા, ૧૮૭૦
હોરમજી અરદેશર વકીલ, ૧૯૧૦
હોમી જાહંગીર રૂસતમજી, ૧૯૧૯
હોરમજી પી. મોદી, (એડવોકેટ) ૧૯૧૦
હોમી બમનજી મોટાફરામ, ૧૯૧૫
હોરમજી મનચેરશા મહેતા, ૧૯૦૫
હોરમજી સોરાબજી કેપટન, ૧૯૧૦
હોરમજી લશ્કરી, ૧૮૯૨
હોરમઝદીઆર કુંવરજી કોહયાજી, ૧૯૦૮ (એડવોકેટ)
હોરમઝદીઆર ફીરોઝ હોશંગ દસ્તુર, ૧૯૧૧
હીરજીભાઇ હોરમજી હી. વહાડયા, ૧૮૯૯

પોસ્ટ ખાતાંને લગતી જાણવાજોગ વીગતો.

હીંદુસ્તાનમાં પોસ્ટ કારડો, કાગલો, બુક પોસ્ટથી ચોપડીઓ, સેમપલો, તથા રેજીસ્ટર કરેલાં વરતમાનપત્રો, અને પારસલો ઉપર મરાતાં સ્ટાંપનો ભાવ નીચે પ્રમાણે છે:—

પોસ્ટ કારડ.*

એકવડો	૨ દોહોડયાં
જવાબ સાથનો... ...	૪ દોહોડયાં

કાગલો.

અઢી તોલા સુધી વજનના	૧ આનો.
અઢી તોલા ઉપરાંત બીજા દરેક અઢી તોલા અથવા તેની અંદરના વજન માટે વધુ... ...	૧ આનો.

રેજીસ્ટર કરેલા વરતમાનપત્રો.

આઠ તોલા સુધી	૧ દોહોડયું
આઠથી વધુ અને વીસ તોલા સુધી	૨ દોહોડયાં
તે ઉપરાંત દર વીસ તોલા દીઠ	૨ દોહોડયાં

બુક પોસ્ટથી ચોપડી, ચોપાન્યાં અને નમુના મોકલવા માટે.

દરેક પાંચ તોલા અથવા તેની અંદરના વજન માટે ... ... ૨ દોહોડયાં.

બુકપોસ્ટ કરવામાં આવેલા પેકેટની સાઇઝ બે ફુટ લાંબી અને એક ફુટ પોહોળી તથા એક ફુટ ઉંડી હોવી જોઇશે એથી વધારે મોટી સાઇઝમાં લેવામાં આવશે નહીં.

પારસલો.

વીસ તોલા સુધી	૨ આના
વીસ તોલાથી વધુ અને ચાલીસ તોલા સુધી	૩ આના

તે ઉપરાંતના દર ચાલીસ તોલા માટે ૩ આના વધુ પડશે તે ૪૪૦ તોલા સુધી અને

૪૪૦ તોલાના વજનના પારસલના થશે ... ... રૂ ૨-૧-૦

૪૪૦ તોલા અથવા તેથી ઓછા વજનના કોઇપણ પારસલને રેજીસ્ટર કરાવવાની ફી આના ૨

૪૪૦ તોલાથી વધુ તે ૮૦૦ તોલાજ સુધીના પારસલો લેવામાં આવશે અને એથી વધુ વજનના પારસલો સવીકારવામાં આવશે નહીં પણ ૪૪૦ તોલાથી વધુ વજનનું દરેક પારસલ તેમજ વીમો ઉતારેલું પારસલ ફરજ્યાત રેજીસ્ટર કરાવવુંજ જોઇશે અને તે માટે બે આના વધુ થશે. પારસલો માટે લવાજમ આંગ ઉપર ભરવો જોઇશે.

૪૪૦ તોલાથી ૪૮૦ તોલા સુધીના વજનના પારસલના રૂ૩ અને તે ઉપરાંત દર ચાલીશ તોલાના ૪ આના વધુ પડશે તે ૮૦૦ તોલા સુધી અને ૮૦૦ તોલાના પારસલના રૂ૫) પાંચ પડશે.

કાગલો, પોસ્ટ કારડો, બુક પોસ્ટ, સેમપલો અને પારસલ રેજીસ્ટર કરવાની ફી ૨ આના વધુ પડશે અને રેજીસ્ટર કરેલી દરેક ચીજ માટે પોસ્ટ કરવાના ખરચના તથા રેજીસ્ટર કરવાની ફીના પઇસા આગળથી આંગ ઉપરજ ભરવા જોઇશે અને લેનાર ધણીએ સહી કરી આપયા પછી તે ચીજ લેનાર ધણીને આપવામાં આવશે.

રેજીસ્ટર કરેલી દરેક ચીજ હીંદુસ્તાનમાં જે ધણી ઉપર મોકલવી હોય, અને તેના હાથની સહી પોંહોચ તરીકે મોકલનાર ધણીને જોઇતી હોય તો એક આનો વધારે પડે છે.

જે કાગલ, પેકેટ યા ખાનગી બનાવટના પોસ્ટ કારડ ઉપર લવાજમ આગલથીજ સુદલજ ભરયો નહી હશે તો તે માટે બેવડો લવાજમ લેવામાં આવશે, તથા અધુરો ભરયો હશે તો અધુરી રકમ બેવડી માંગવામાં આવશે.

ખાનગી બનાવટના ટપાલના પોસ્ટ કારડો.

* ખાનગી બનાવટનાં સીંગલ તથા રીપ્લાઇ પોસ્ટ કારડની સરનામાવાળી બાજુએ જે કાંઈ લખાણ, જાહેર ખબર વગેરે મુકવું હોય તે સરનામાવાળી બાજુના ફક્ત ડાબા હાથપરના અરધા ભાગપર હોવું જોઇએ તથા માલેકના નામ અને સરનામાં શીવાય જમણા હાથ પરના અરધા ભાગપર કંઇ પણ લખેલું છાપેલું અથવા બીજી રીતે દરશાવેલું હોવું જોઇએ નહી. એવા કારડની સરનામાવાળી બાજુનો જો લખાણ વગેરે માટે ઉપયોગ કરવો હોય તો તે બાજુનો એક ઉભી લીટી દોરી એવી રીતે વીભાગ કરવો કે લીટીની જમણી બાજુએ આખી જગાનો ઓછામાં ઓછો અરધો ભાગ રહે. ખાનગી બનાવટના પોસ્ટ કારડો વધુમાં વધુ સાડાપાંચ ઈંચ લાંબા અને સાડાત્રણ ઇંચ પોહલા અને કમીમાંકમી પોણા પાંચ ઇંચ લાંબા અને ત્રણ ઇંચ પોહલા સાઇઝમાં હોવા જોઇએ અને તે ટીકીટવાલા કારડો જેટલાજ જાડા હોવા જોઇએ.

ટપાલની ટીકીટો, પોસ્ટ કારડો, પરબીડાંઓ તથા રેપરો નીચલા ભાવે વેચવામાં આવે છે.

ટીકીટો.

૦।, ૦॥, ૦॥। આનો, ૧ આનો, ૧॥ આનો, ૨ આના, ૨॥ આના, ૩ આના, ૪ આના ૬ આના, ૮ આના, ૧૨ આના તથા રૂ૧, રૂ૨, રૂ૫, રૂ૧૦, રૂ૧૫, અને રૂ૨૫.

ઉપલી બધી જાતની છુટી ટીકીટો ઉપર જણાવવામાં આવેલા ભાવેજ વેચવામાં આવે છે.

પઇસા મલ્યા બદલની રસીદ ઉપર તેમજ બીલો ઉપર મારવા માટે અરધા આનાવાલી અને એક આનાવાલી પોસ્ટની ટીકીટોનો ઉપયોગ કરવામાં આવે છે.

પોસ્ટ કારડો.

ટીકીટવાલા સીંગલ પોસ્ટ કારડો (૫॥×૩॥ ઇંચની સાઇઝના) હીંદુસતાનમાં વાપરવા માટે ... ... ૬ પાઇ

રીપલાઇ ટીકીટવાલા દબલ પોસ્ટ કારડો ... ... ૧૨ પાઇ

ઇનટરનેશનલ ટીકીટવાલા સીંગલ પોસ્ટ કારડો (૫॥×૩॥ ઇંચની સાઇઝના) હીંદુસ્તાનની બહારના યુરોપ વગેરેના ફોરેન દેશાવરો ખાતે વાપરવા માટે ... ૧ આનો ૬ પાઇ

રીપલાઇ ટીકીટવાલા દબલ પોસ્ટ કારડો (૪॥॥×૩॥ ઇંચની સાઇઝના) ૩ આના

ઉપલા પોસ્ટ કારડો તેની ઉપર છાપેલી કીંમતેજ વેચવામાં આવે છે.

પરબીડાંઓ તથા રેપરો.

એક આનાવાળા કમરસીયલ પરબીડાં (૬×૩॥ ઇંચની સાઇઝના)

૧	પરબીડાંના	...	આ.	૧	પાઈ	૨
૨	,,	...	,,	૨	,,	૪
૩	,,	...	,,	૩	,,	૬
૪	,,	...	,,	૪	,,	૬
૫	,,	...	,,	૬	,,	૬
૨૦	,,	રૂ ૧	,,	૬	,,	૦

એક આનાવાળા જાડાં ચોરસ પરબીડાં (૪॥॥×૩॥ ઇંચની સાઇઝના)

૧	પરબીડાંના	...	આ.	૧	પાઇ	૩
૨	,,	...	,,	૨	,,	૬
૩	,,	...	,,	૩	,,	૯
૪	,,	...	,,	૫	,,	૦
૫	,,	...	,,	૬	,,	૩
૨૦	,,	રૂ ૧	,,	૮	,,	

એક આનાવાલા લંબ ચોરસ પરબીડાંઓ (૪ાા×૨ાા ઇંચની સાઇઝના) એક આનાને ભાવેજ મલશે.

બે આનાવાલાં ચોરસ પરબીડાં.

	આ.	પાઈ.
૧ પરબીડાંના	૨	૨
૫ પરબીડાંના	૧૦	૬
૨૦ પરબીડાંના ... ૩૨	૧૦	૦

રેજીસ્ટર ટીકીટવાલાં નાના પરબીડાં (૫ાા×૩ાા ઇંચની સાઇઝના)

	આ.	પાઈ
૧૬ થી ઓછી સંખયા માટે દર પરબીડાં દીઠ	૩	૦
૧૬ પરબીડાના દર પેકેટ દીઠ ૩૩	૦	૦

રેજીસ્ટર ટીકીટાવાળાં મોટાં પરબીડાં (૧૦×૪ા ઇંચની સાઇઝના)

	આ.	પાઇ.
૮ થી ઓછી સંખ્યા માટે દર પરબીડા દીઠ	૩	૬
૮ પરબીડાના પેકેટ દીઠ ૩૧–૧૨		૦

અરધા આનાવાળી ટીકીટવાલા રેપરો.

૬ થી ઓછી સંખયા માટે દર રેપર દીઠ પઇ ૭

૬ રેપરના દર પેકેટ દીઠ ... આ. ૩ પઇ ૬

એક આનાવાળી ટીકીટનાં રેપરો.

૬ થી ઓછી સંખ્યા માટે દર રેપર દીઠ આ૧પૈ૧

૬ રેપરના દર પેકેટ દીઠ ... આ. ૬ પઇ ૬

ચીજો પોસ્ટ કરયા બદલની સરટીફીકેટ.

પોસ્ટ મારફતે જતી જે ચીજ માટે પોસ્ટ ઓફીસ તરફથી રશીદ આપવામાં આવતી નથી એવી દરેક ચીજ પોસ્ટ કરયા બદલનું સરટીફીકેટ મળી શકે છે કે તે ચીજ પોસ્ટ હાફીસમાં બરાબર નાખવામાં આવી છે. એ સરટીફીકેટ કાગલના કટકાપર યા ચોપડીમાં સહીથી લખી જે ચીજ પોસ્ટ કરવાની હોય તેની સાથે પોસ્ટ ઓફીસમાં રજુ કરવું. જે ચીજો માટે સરટીફીકેટ જોઇતું હોય તે ઉપરના શરનામાની બરાબર નકલ તેમાં હોવી જોઇએ અને જેટલી ચીજો બદલ સરટીફીકેટ જોઇતી હોય તે ચીજોની સંખ્યા શબદોમાં સરટીફીકેટની નીચે લખવી અને તે ઉપર નીચે મુજબ ટીકીટ મારવીઃ—(૧) રજીસ્ટર નહીં કરાવેલી બેંગી માટે એકીજ વખતે પોસ્ટ કરવા સારૂ એમાંની કોઇ પણ જાતની દરેક છ અથવા તેથી ઓછી ચીજોને માટે ૦ા આનો, (૨) રજીસ્ટર નહીં કરાવેલા કાગળ, પોસ્ટ કારડ, બુક પેકેટ, (રેજીસ્ટર નયુસ પેપર સુધ્ધા) અને નમુનાના પેકેટ માટે એકીજ વખતે પોસ્ટ કરવા માટે એમાંની કોઇ પણ જાતની દરેક ત્રણ અથવા તેથી ઓછી ચીજને માટે ૦ા આનો. ઉપર જણાવેલી બેઉ જાતની ચીજો માટે દરેકની અકેકી જુદી જુદી સરટીફીકેટ રજુ કરવી જોઇશે અને તે સરટીફીકેટ ઉપર "બેંગી પોસ્ટ કરયા બદલનું સરટીફીકેટ" અથવા "કાગળ પોસ્ટ કરયા બદલનું સરટીફીકેટ" એ પ્રમાણે જે જોઇતું હોય તે મથાલું લખી રજુ કરવાં. દરેક સરટીફીકેટમાં કેટલી આઇટમ છે તે હેઠે લખવી તેમજ એકજ સરટીફીકેટમાં છ ચીજોના નામોજ લખવા દેવામાં આવશે. પોસ્ટ ઓફીસ ટીકીટ અથવા ટીકીટો રદ કરી સરટીફીકેટ ઉપર તારીખની છાપ મારી જે ધણીએ રજુ કરયું હશે તેને પાછું આપશે.

સાધારણ સ્થાનીક મની ઓરડર તથા વેલ્યુ પેએબલ પોસ્ટથી જણસો મોકલવા માટેની સરકારની હકસાઇ.

હીંદુસ્તાનમાં એક ઠેકાણેથી બીજે ઠેકાણે ટપાલ મારફતે મનીઓરડરથી નાણું વાલવા તથા વેલ્યુ પેએબલ પોસ્ટથી જણસો મોકલવા માટે નીચલા ભાવે કમીશન લેવામાં આવે છે.

દશ રૂપયા સુધી ... ... ૨ આના | દશથી વધુ અને પચીસ રૂપયા સુધી ૪ આના

રૂ ૨૫ થી વધુ રકમોના ઓરડરો ઉપર કમીશન લેતા દર રૂપયા પચીસની આખી રકમ દીઠ ચાર આના ગણુવામાં આવે છે પણ દશ રૂપયાથી ઓછી હોય તો તે ઉપર બે આના લેવામ આવે છે. એકજ મની ઓરડરમાં રૂ૬૦૦ થી વધુ રૂપયા લેવામાં આવતા નથી.

વેલ્યુ પેએબલ પોસ્ટ મારફતથી ફક્ત રેજીસ્ટર કરેલાજ પારસલો, કાગળો, બુક પેકેટો, વગેરે જે ધણીને પોંહોચાડી તેની પાસેથી તેનાં નાણાં મેળવવાં હોય તો તે ઉઘરાવી આપવાનું કામ પોસ્ટ ખાતું બજાવે છે. હીંદમાં રૂ૧૦૦૦ સુધીની મોકલવાની વસ્તુ ઉપર તેને જોઈતી ટપાલની ટીકીટ લગાડ્યા પછી અને તેની જેટલી કીંમત વસુલ કરવી હોય તેના આંકડા સાથે ટપાલ ખાતાંને સ્વાધીન કરયા બાદ, ટપાલ ખાતું તે વસ્તુ તે ધણીને પોંચાડી આંકડા પ્રમાણે તેની પાસેથી પઇસા વસુલ કરે છે અને તે પઈસા તે વસતુ મોકલનાર આસામીને લાવી આપે છે, અને તેના ઉપર પોસટ ખાતું કમીશન લે છે. તે કમીશનનો દર ઉપર જણાવવા મુજબ મનીઓરડરના કમીશનના દરની બરાબરજ છે અને એ કમીશનના જેટલા પઇસા થાય તેટલી કીંમતની વધુ પોસટની ટીકીટો મોકલવાની વસતુ ઉપરજ મારવી જોઈશે. જો મોકલેલી વસતુ લેનાર ધણી નહીં રાખે તો તે મોકલનાર ધણીને પાછી પુગાડમાં આવે છે, અને તે માટે કશું દામ લેવાતું નથી પણ તેના ઉપર ટપાલનો જે દર ભરયો હોય તે રદ થાય છે. વેલ્યુ પેએબલ માટે કાંઇબી દાવો કરવો હોય તો તે મોકલ્યાની તારીખથી ૬ મહીનાની અંદર કરવો જોઇએ, પોસ્ટ ઓફીસ એ પછી કોઇબી રીતે જોખમદાર રહેતી નથી. વેલ્યુ પેએબલ માટે કાંઇબી ફરીયાદ પોસ્ટ હાફીસમાં કરતી વખતે તે માટે લખેલા કાગળ ઉપર એક આનાની ટીકીટ મારી તે કાગલ પોસટ હાફીસમાં આપવું જોઇસે

વેલ્યુ પેએબલ ટપાલ મારફતે મોકલવાની રૂ. ૪૦૦ સુધીની ઈંગલંડ માટેની અને રૂ૬૦૦ સુધીની બીજા દેશો માટેની ચીજો નીચે મુજબ હવેથી સવીકારવામાં આવશે. ઈંગલંડ માટે રેજીસ્ટર કીધેલાં પારસલો, સીલોન, પોરચુગીઝ હીંદ, સેશેલીસ, સોમાલી લેંડ પ્રોટેકટોરેટ અને સ્ટેટસ સંસ્થાન માટે રેજીસ્ટરડ પારસલો, રેજીસટર પત્રો અને રેજીસટર બુક પેકેટો.

તાર મારફતે મોકલવાના મનીઆરડર માટે તારના સંદેશાનો તથા હકસાઈનો દર.

હીંદુસ્તાનમાં એક ઠેકાણેથી બીજે ઠેકાણે તાર મારફતે મોકલવામાં આવતો મનીઓરડર જેટલી રકમનો હોય તેટલી રકમ ઉપરનું કમીશન એક સાધારણ સ્થાનીક મનીઓરડરનું જે કમીશન હોય (ઉપર જણાવવા મુજબ) તે પરમાણે લેવામાં આવે છે. તે ઉપરાંત તારનો વધુ લવાજમ બી લેવામાં આવશે. તે એમ કે તારના સંદેશામાં જેટલા શબ્દો મોકલવા લખ્યા હોય તેટલા શબ્દો ગણીને જો તારનો સંદેશો એક્ષપરેસ હોય તો તેના હીસાબે અને ઓરડીનરી હોય તો તે પરમાણે લવાજમ લેવામાં આવે છે.

ઉપલા તારના સંદેશામાં મની ઓરડર મોકલનાર આસામી પોતા તરફનો ખાનગી સંદેશો પણ તેવા તારમાં ઉમેરી શકશે અને તેવા વધારાના શબ્દો માટે તે એક્ષપરેસ તાર હોય તો શબ્દ દીઠ બે આના અને ઓરડીનરી હોય તો શબ્દ દીઠ એક આનાનો વધારાનો દર લેવામાં આવે છે.

વીમા માટે પોસ્ટ ખાતાની હકસાઈ.

રેજીસ્ટર કરેલાં કાગળો, વેલ્યુ પેએબલ રેજીસ્ટર કાગલો, રેજીસ્ટર કરેલા પારસલો અને વેલ્યુ પેએબલ રેજીસ્ટર પારસલો માટે બ્રાંચ પોસ્ટ ઓફીસ ખાતે રૂ. ૬૦૦ ની કીંમત સુધીનો અને બીજી મોટી પોસ્ટ ઓફીસો ખાતે રૂ ૨૦૦૦ની કીંમત સુધીનો વીમો ઉતારી શકાય છે. પોસ્ટેજ અને રેજીસ્ટરેશનની ફી ઉપરાંત વીમા માટે નીચે મુજબ હકસાઇ લેવામાં આવે છે:—

રૂપયા ૫૦ સુધીની કીંમતની જણસ માટે ૧ આનો

તે ઉપરાંત દર રૂપીઆ ૫૦ સુધીની કીંમતની જણસ માટે એક આનો વધુ પડશે.

પોસ્ટ હાફીસ મારફતે જે ચીજો રવાના કરવામાં આવી હશે તેનો વીમો પુરેપુરી રકમનો ઉતરાવ્યો હશે તોજ પોસ્ટ હાફીસમાંથી તે ચીજ ખોવાઈ જશે તો તેના નાણાં પુરેપુરા આપવામાં આવશે.

નોટ—કોઇપણ પરબીડાં કે બેંગીમાં શરકારી ચલણી નોટ અથવા સીક્કા કે રોકડ નાણું હોય ત્યારે તેનો વીમો ઉતરાવવોજ જોઇએ એમ ઠરાવવામાં આવ્યું છે. વીમા વગરના કોઇ કાગળ કે બેંગીમાં ચલણી નોટ કે નાણું જણાશે તો તે સ્વીકારવામાં આવશે નહીં અને સ્વીકારવામાં આવ્યા પછી જણાશે તો તે મોકલનારને પાછું વાળવામાં આવશે અથવા તો શરનામાંના મથકે મોકલી એક રૂપ્યા જેટલો ખાસ લવાજમ લઇને પછી તે ડીલીવર કરવામાં આવશે.

હીંદની બાહેરના અંગરેજી શેહેનશાહતના બીજા ભાગો સાથનો ટપાલનો દર.

યુનીવરસલ પોસ્ટેજ યુનીયનમાં અંગ્રેજી શેહેનસાત સાથે યુરોપના જે દેશો જોડાયલા છે તેની સાથેનો પોસ્ટેજનો દર નીચે મુજબ છે

કાગળો.

દર એક આઉંસ સુધી	બે આના
તે ઉપરાંત દર એક આંઉસ માટે	૧॥ આનો

પોસ્ટ કારડ.

એકવડો	૧॥ આનો
જવાબ સાથે...	૩ આના

વરતમાન પત્રો ચોપડી વગેરે.

દર બે આઉંસ માટે...	૦॥ આનો

કાયદાના અને વેપારી દસ્તાવેજો.

દસ આઉંસ સુધી	૩ આના
તે ઉપરાંત દર ત્રણ આઉંસ માટે	૦॥ આનો

નમુના.

ચાર આઉંસ સુધી	૧ આનો
તે ઉપરાંત દર બે આઉંસ માટે ...	૦॥ આનો

બીજા પરદેશો સાથનો ટપાલનો દર.

અંગરેજી શેહેનશાહતના જુદા જુદા ભાગો વચ્ચેનો ટપાલનો દર માત્ર એકજ બાબતમાં બીજા પરદેશો માટેના ટપાલના દરથી જુદો પડે છે, અને તે કાગળના દરની બાબતમાં છે, પરદેશો ખાતે મોકલવાના કાગળો માટે દર એક આઉંસ દીઠ ત્રણ આના અને એક આઉંસ ઉપરાંતનાં દર આઉંસ માટે દોઢ આનો લેવામાં આવે છે.

એડન, સીલોન તથા પોરટુગીઝ હીંદુસતાન માટેનો ટપાલનો દર સ્થાનીક ટપાલના દર જેટલો રાખવામાં આવ્યો છે.

વેલાત મોકલવાના કાગળો, પોસ્ટ કારડો અથવા પેકેટો રેજીસ્ટર કરવાની ફીના ૩ આના વધુ પડશે તથા રેજીસ્ટર કરેલી દરેક ચીજ જે ધણી ઉપર મોકલી હોય અને તેના હાથની પોંહચ મોકલનારને જોઇતી હોય તો બીજા વધુ ત્રણ આના પડે છે.

પાંચ પાઉન્ડ સુધીના વીમાની હકસાઇ ત્રણ આના લેવામાં આવે છે અને એ ઉપરાંત દરેક ૫ પાઉન્ડ યા તેની અંદરની રકમ માટે ત્રણ આના વધુ લેવામાં આવશે.

બ્રીટીશ પોસટલ ઓરડરો—૬ પેની, ૧ શીલીંગ, ૧ શી. ૬ પે., ૨ શી. અને એ પ્રમાણે ૨૦ શી. સુધી દરેક વધુ ૬ પે.ની કીંમતના તેમજ ૨૧ શીલીંગની કીંમતના પોસ્ટલ ઓરડરો એકસચેંજના ભાવ પ્રમાણે કીંમત લઇ તે ઉપરાંત થોડી હકસાઇ લઈ પોસ્ટ ઓફીસમાં વેચાય છે. ૨ શી. ૬ પે. થી વધુ નહી એવી કીંમતના ઓરડરની હકસાઇ એક આનો, ૩ શી. થી ૧૫ શી. સુધીના ઓરડરની હકસાઇ દોઢ આનો અને ૧૫ શી. થી વધુ કીંમતના ઓરડરની હકસાઇ બે આના લેવામાં આવે છે. બ્રીટીશ પોસ્ટલ ઓરડરના નાણાં યુનાઈટેડ કીંગડમમાં તથા બીજા સંસ્થાનો અને બ્રીટીસ પોસ્ટ ઓફીસ એજંસીઓમાંજ તેમજ હીંદુસ્થાનમાં પણ અપાય છે.

હીંદી ચલણમાં મનીઆરડરો નીચલા દેશો ખાતે મોકલી શકાય છે:—બ્રીટીસ ઈસ્ટ આફ્રીકા, બ્રીટીશ નોરથ બોરનીઓ, સીલોન, કોરયાના કેટલાક ભાગ, ફોરમોસાના કેટલાક ભાગ, જરમન ઈસ્ટ આફ્રીકા, હાંગકાંગમાંની બ્રીટીશ આફીસો, જેપાન, લેબોઆન, મોરીશીયસ, સેશેલ્સ, સ્ટેટસના સંસ્થાનો, જંજીબાર, પોરટુગીઝ હીંદુસ્તાન, ચમ્બા ફરીદકોટ, ગોવાલીયર, ઝીંદ, નાભા અને પતીઆલા.

વીજલીક તારને લગતી જાણવાજોગ વીગતો.

સરવે તારો "સ્ટાનડરડ" વખત પ્રમાણે નોંધી લીધામાં આવશે, જે વખત હીંદમાં ગ્રીનીચના વખત કરતાં સાડા પાંચ કલાક આગળ, તથા મદરાસ વખત કરતાં નવ મીનીટ આગળ છે. બરમાંહમાં ગ્રીનીચના વખત કરતાં સાડા છ કલાક આગળ અને હીંદના 'સ્ટાનડરડ' વખત કરતાં એક કલાક આગળ છે.

તાર અંગરેજી કે દેશી, કોઇપણ ભાષામાં મોકલી શકાય છે પણ તેનું લખાણ તો ઇંગ્રેજી અક્ષરોએજ કરવું જોઇએ. તાર બહુજ ખોલાં અક્ષરે લખવો જોઇએ, કે જેથી ભુલચુક થવાનો સંભવ રહે નહી. તાર મેલવામાં કાંઇપણ ભુલચુક, ઢીલ વગેરે તાર ખાતું વટીક કરે તો તેનો જોખમ લેનાર તથા મોકલનારનેજ માથે છે. જે મથક ખાતે તાર મુકયો હોય ત્યાંની તાર ઓફીસમાંથી પાંચ માઈલ સુધીની હદમાં સઘળા સંદેશા તાર ખાતું પોતાનાં માણસ જોડે પોંહોંચાડી આપે છે પણ તેથી દુરની હદનાં સંદેશા ટપાલ મારફતે મોકલે છે. તેવા દુરની જગાએ મોકલેલા "એક્ષપ્રેસ" અથવા "ઓરડીનરી" સંદેશા, જો મોકલનાર તેને લગતો ખરચ આપે તો, તાર ખાતું ખાસ ખેપીયાં કે બીજી ગોઠવણથી પુગાડે છે. મોકલનારની મરજી હોય તો સંદેશા પરબીડામાં બીડયા વીના ખોલ્લા તાર આફીસ પુગાડે છે કે જો લેનાર ધણી તે લેવાને ના પાડે છતાં તેની મતલબથી વાકેફ થાય. એક સંદેશો કોઇ પણ કારણથી ઘટતે ઠેકાણે પુગી શકતો નથી ત્યારે મોકલનાર ધણીને તે બાબેની ખબર આપવામાં આવે છે. તાર ઓફીસમાં એક સંદેશો આપ્યા પછી તે ઘટતે ઠેકાણે મોકલાતો અટકાવી શકાય છે પણ જો સંદેશા ઉપરની તારની ટીકીટ સ્ટાંપ મારયાથી રદ થઇ હોય તો તેના પઇસા પાછા આપવામાં આવતા નથી. તાર ઓફીસમાંથી જો સંદેશો રવાના થઇ ચુકેલો હોય છે, તે રદ કરવા માટે બીજો તારનો સંદેશો મેલવો પડે છે. તાર મુકનાર તથા પહોંચાડનાર ઓફીસમાં ૭૨ કલાક સુધી તારની નકલ રહે છે તે પછી એ નકલો કલકત્તે "ચેક ઓફીસ" મા જાય છે જ્યાં ચાર માસ સુધી તે રાખવામાં આવે છે. તાર મેલનાર અને લેનાર ધણીને દર ૧૦૦ શબ્દો દીઠ ચાર આના લઇ તેની નકલ આપવામાં આવે છે. વળી તારનો જવાબ મેળવવા માટેઞી રીપલાઇ ટેલીગ્રામ મોકલી શકાય છે, તેની સમજણ એવી છે કે, જેવી જોતનાં તારમાં જવાબ મંગાવવો હોય તે પ્રમાણે પઇસા આગલથી તાર આફીસમાં લેવામાં આવે અને તે વીશેની ચેતવણી તાર લેનાર ધણીને તારની સાથેજ આપવામાં આવે છે, જો લેનાર ધણી ઉતર નહી મોકલે તો ભરેલા પઇસા તે લેનારનેજ રોકડા પાછા આપવામાં આવે છે.

હીંદુસ્તાનમાં એક શહેરથી બીજે શેહેર મોકલવા માટેના તારના સંદેશાના દરે.

તાકીદના (એક્ષપ્રેસ) સંદેશા—સરનામાં સહીત બાર શબ્દો માટે દોઢ રૂપીયો અને તે ઉપરના દરેક વધારાના શબ્દ દીઠ બે આના વધુ લીધામાં આવશે.

સાધારણ ઓરડીનરી સંદેશા—સરનામાં સહીત બાર શબ્દો માટે બાર આના અને તે ઉપરના દરેક વધારાના શબ્દ માટે એક આનો વધુ લેવામાં આવશે.

ઓરડીનરી કલાસના તારો રવીવાર અને તહેવારના દીવસોએ લેવામાં આવતા નથી.

વરતમાનપતરો માટેના ખાસ દર નીચે મુજબ છે.

તાકીદના (એક્ષપરેસ) સંદેશા—ઉડતાળીશ શબ્દો માટે એક રૂપીયો અને તે ઉપરાંતના દર છ શબ્દો દીઠ બે આના વધારે અને શરનામું મુફત લેવામાં આવશે.

સાધારણ (ઓરડીનરી) સંદેશા—ઉડતાળીસ શબ્દો માટે આઠ આના અને તે ઉપરાંતના દર છ શબ્દો દીઠ એક આનો અને સરનામાનાં શબ્દો મુફત લેવામાં આવશે.

વરતમાનપત્રો માટેનો એક સંદેશો એકજ મથકનાં ગમે તેટલાં વરતમાન પત્રોને પોંહોચાડવામાં આવે તોપણ તે ઉપર એકજ વખતનો દર અને નકલ કરવાનો સો શબ્દો દીઠ ચાર આના લેખે લવાજમ પડે છે.

કલકતાના જરથોસ્તી અંજુમનના ધરમનાં ફંડોની વીગત.

ત્રસ્ટીઓ—શેઠ નવરોજી જામાસ્પજી અરજાની, અને શેઠ એદલજી પેસ્તનજી ગજ્જર એવોને હસ્તક નીચલાં ફંડો ચાલે છે અને તેની બાકી રકમ સને ૧૯૨૧ના સાલની નીચે મુજબ છે.

૨૬૪૨૦	૧૪	૩	કલકતાની જરથોસ્તી અનજુમનના ધરમનું ફંડ.
૧૪૩૮૫	૧	૪	દોખમાની આસપાસની તથા તેની બહારના બગીચાવાલી અનજુમનની જગાપર પુરણી કરવા, દોખમાં તથા દીવાલ વીગેરેની મરામતનું ફંડ.
૨૨૬૫૭	૧૧	૩	મરહુમ શેઠ રૂસ્તમજી કાવસજી બનાજીના ગહમબારનું ફંડ
૧૬૧૫૭	૯	૨	શેઠ બેહેરામજી જીજીભાઇ કલકતાના રવાનોને અવલમંજલ પહોંચાડવાનું ફંડ.
૮૫૦૦	૦	૦	સર દીનશાહ માણેકજી પીટીટ બારોનેટના ધરમ ખાતે.
૧૦૦૦	૦	૦	બેહેસ્તનશીન શેઠ કાવસજી દીનશાહ પીટીટના પુનને સારૂ તેવણના છોકરાઓ શેઠો હોરમસજી, ખરશેદજી, અરદેશર તથા સોરાબજીને નામે તેઓના બપાવા સર દીનશાહજી માણેકજી પીટીટ, બારોનેટે આપેલી નોટ.
૫૦૦	૦	૦	બેહેસતનશીન શેઠ મેહેરવાનજી કાવસજી દીનશાહ પીટીટના પુણ સારૂ તેવણના બપાવા સર દીનશાજી માણેકજી પીટીટ બારોટેને આપેલી નોટ.
૧૦૦૦	૦	૦	શેઠ બેરામજી જીજીભાઈ સી. એસ. આઇ. ના ધરમખાતે.
૧૦૦૦	૦	૦	શેઠ ફરામજી મનચેરજી બુમલાએ પોતાની દીકરી બેહેશતનશીન બાઇ ગુલબાઇના પુણ સારૂ આપેલી નોટ.
૧૦૦૦	૦	૦	મુંબઇવાલા શેઠ કાવસજી બેજનજી કરાણીએ મરહુમ દીકરી બાઇ જીવનાઇજી તથા તેવણના દીકરા મરહુમ શેઠ બમનજી અરદેશર મોદીના પુણ સારૂ આપેલી નોટ.
૧૦૦૦	૦	૦	શેઠ કાવસજી ધ. પાઉંવાલાના પુણ સારૂ દીકરા શેઠ સોરાબજીએ આપેલી નોટ
૨૨૨૦૨	૧૨	૦	શેઠ બેરામજી જીજીભાઇ સી. એસ. આઇ. એ આપેલી નોટ.
૧૦૦૦	૦	૦.	શેઠો અરદેશરજી તથા જાહાંગીરજી નસરવાનજી મોદીએ પોતાના બેહેસતનશીન મુરબીજી નસરવાનજી બમનજી મોદીના પુણ સાર આપેલી નોટ.
૧૦૦૦	૦	૦	શેઠ કાવસજી બેજનજી દસ્તુરે આપેલી નોટ.
૧૦૦૦	૦	૦	સર દીનશાજી માણેકજી પીટીટ બારોનેટે પોતાના નબીરા બેહેસતનશીન શેઠ અરદેશર કાવસજી પીટીટના પુણ સાર કીધેલા ધરમખાતે.
૨૫૦૦	૦	૦	હાંગકાંગ, કનતાંન અને મકાઉના જરથોસતી અનજુમનના ધરમખાતે.
૧૦૦૦	૦	૦	સર દીનશાજી માણેકજી પીટીટે પોતાના ધણીઆણી લેડી સાકરબાઇ તે મરહુમ શેઠ ફરામજી ભીખાજી પાંડેના બેટીના પુણ સાર કીધેલાં ધરમખાતે.
૧૫૦૦	૦	૦	શેઠ ફરામજી મ. બુમલાએ માતાજી બાઇ રતનબાઇ તે મરહુમ શેઠ મનચેરજી બુમલાખાઉના વીધવાની યાદગારી કાયમ રાખવા સારૂ કીધેલા ધરમખાતે.
૪૦૨૧	૧૩	૪	ઓનરેબલ સર દીનશાહજી મા. પીટીટ બારોનેટ ઝોરાસ્ત્રીયન લાયબરેરનું ફંડ.
૧૨૫૦૦	૦	૦	સર દીનશાજી માણેકજી પીટીટ બારોનેટે લાઇબરેરીના આશરા માટે આપેલી નોટ.

૩૫૦૦	૦	૦	મરહુમ લેડી સાકરબાઇ દી. પીટીટ તે શેઠ ફ્રામજી ભીખાજી પાંડેના બેટીના પુણ સારૂ ધણી સર દી. મા. પીટીટ બારોનેટે તથા છોકરાઓએ કીધેલાં ધરમખાતે.
૧૦૦૦	૦	૦	કલકતા જરથોસ્તી અનજુમન તરફથી લાયબરેરીના ફંડમાં ભરાયેલા નાણાં મધેથી લીધેલી નોટ.
૫૦૦	૦	૦	શેઠ નશરવાનજી મા. પીટીટના પુણ સારૂ તેવણુની પુંજીમાંથી વીધવા બાઇ દીનબાઇ તે મરહુમ શેઠ મેરવાનજી જીજીભાઇ મુંગાના બેટીએ આપેલી નોટ.
૧૦૨૬	૦	૦	બેહેસતનશીન બાઇ નવાજબાઇ તે શેઠ રતનજી પાલનજી મીસતરીના બેટીના પુણ સારૂ કીધેલાં ધરમખાતે.
૧૮૨૧૭	૦	૯	કલકતાના જરથોસ્તી રવાનોને અવલમંજલ પહોંચાડવા વધુ માણસો બોલાવી રાખવા અતરેની અનજુમને ઉભું કીધેલું ફંડ.
૧૦૦૦	૦	૦	સર દીનશાજી મા. પીટીટ બારોનેટે કલકતાના રવાનોને અવલમંજલ પહોંચાડવા વધુ માણસો રાખવાના અનજુમને ઉભા કીધેલાં ફંડમાં આપેલીનોટ.
૭૧૫	૦	૦	બાઇ પીરોજબાઇ જમશેદજી માદને પોતાના મરહુમ માતાજી બાઈ દીનબાઇ તે ગુ૦ શેઠ નવરોજજી કાવસજી મીનવાલાના ધણીઆણીના પુણ સારૂ આપેલી નોટ.
૨૬૫૧૮	૭	૦	મરહુમ શેઠ રતનજી બેરામજી બીશનીના પુણ સારૂ કીધેલા ધરમ ખાતે.
૧૦૦૦	૦	૦	શેઠ મેરવાનજી નાનાભાઇ મેહેતાએ પોતાના બેહેશતનશીન ધણીઆણી બાઇ નાલીબાઇના પુણ સારૂ આપેલી નોટ.
૫૦૦	૦	૦	મરહુમ શેઠ રતનજી પા. મીસતરીના પુણ સારૂ તેવણુની પુંજીમાંથી તેવણુના વીધવા બાઇ ગુલબાઇ તે મરહુમ શેઠ જી. ઉ. દારૂવાલાના બેટીએ આપેલી નોટ.
૫૦૦	૦	૦	મરહુમ શેઠ રૂસ્તમજી નવરોજજી પટેલની યાદગીરી કાયમ રાખવા સારૂ એવણુના વીધવા બાઇ ડોશીબાઇએ આપેલી નોટ.
૭૧૫	૦	૦	શેઠ જમશેદજી ફ્રામજી માદને પોતાના મીત્ર મરહુમ શેઠ કુંવરજી બમનજી ગજદરના પુણ માટે આપેલી નોટ.
૨૬૯	૧૨	૬	કલકતાના જરથોસ્તી રવાનોને અવલમંજલ પહોંચાડવા સારૂ ગાડી મંગાવી તેનું ફંડ
૨૦૦૦	૦	૦	બેહેશતનશીન બાઇ શીરીનબાઈ તે શેઠ રૂસતમજી ધનજીભાઇ મહેતા સી. આઈ. ઇ. ના ધણીઆણીના પુણ સારૂ આપેલી નોટ.
૫૦૦	૦	૦	શેઠો ફ્રામજી મનચેરજી તથા હીરજીભાઇ મનચેરજીએ મરહુમ માતાજી બાઇ રતનબાઇ તે ગુ૦ શેઠ મનચેરજી બુમલાખાઉના ધણીઆણીના પુણ સારૂ આપેલી નોટ.
૭૦૦	૦	૦	મરહુમ શેઠ માણેકજી રૂસતમજી તથા તેવણુના ધણીઆણી બાઇ શાકરબાઈ મા૦ રૂસતમજીના પુણ સારૂં કીધેલાં ધરમ માટે.
૮૧૫	૦	૦	મરહુમ શેઠ કેખશરૂ દાદાભાઇ રૂ. બનાજીના પુણ માટે તેવણુની પુંજીમાંથી બાઇ શેઠ ફ્રામજી દાદાભાઇ બનાજી તથા બેહનો બાઇ શીરીનબાઇ સોરાબજી શાતીન તથા બાઇ જરબાઇ કાવસજી માણેકજી રૂસતમજીએ આપેલી નોટ.

૫૦૦	૦	૦	શેઠ ફરામજી મનચેરજી બુમલાખાઉએ પોતાના વહુ મરહુમ બાઇ શીરીનબાઇ તે શેઠ રૂસતમજી ફરામજી બુમલાખાઉના ધણીઆણીના પુણ સારૂ કીધેલાં ધરમખાતે.
૧૩૦૫૫	૯	૨	શેઠ માણેકજી રૂસતમજી બનાજીની યાદગારી રાખવા કલકતાની ધરમશાળાનું ખાતું.
૨૬૧૫	૦	૦	શેઠ જમશેદજી ફરામજી મારફતે, એશીઓએ તથા દોસ્તોએ પોતાના સગા તથા મીત્ર મરહુમ શેઠ રતનજી નવરોજજી મીનવાલાના પુણ માટે આપેલી નોટ.
૫૦૦	૦	૦	મરહુમ શેઠ અરદેશરજી નસરવાનજી મોદીના પુણ સારૂ ધરમશાલા માટે કીધેલાં ધરમ ખાતે.
૫૦૦	૦	૦	મરહુમ શેઠ અરદેશરજી નશરવાનજી મોદીના પુણ સારૂ કીધેલા ધરમખાતે.
૭૬૯	૪	૩	બાઇ પીરોજબાઇ જમશેદજી મારફતે પોતાના મરહુમ ભાઇ રતનજી નવરોજી મીનવાલાની યાદમાં આપેલી નોટ.
૧૦૦૦	૦	૦	મરહુમ શેઠ દીનશાજી ભીખાજી બામજીના પુણ માટે આપેલી નોટ.
૭૦૨૯	૭	૧૦	શેઠ ફરામજી મનચેરજી બુમલાખાઉ અસલ નવસારી મલેસરવાડી મોહલ્લાના વતની તે હાલ કલકતાના રહીશે મરહુમ સખીવજુદ પરદુખભંજન મુરબીજી રૂસતમજી જમશેદજી જીજીભાઇની યાદગીરી કાયમ રાખવા કીધેલા ધરમખાતે.
૫૦૪૪	૧૨	૬	શેઠ જમશેદજી ફરામજી મારફતે દારજીલીંગની આરામગાહની જગાના ખરચ યાને નીભાવ ફંડ માટે આપેલા રૂ. ૩૦૦૦ના ધરમખાતે.
૧૦૧૫	૦	૦	શેઠ કાવસજી માણેકજી રૂસતમજી તથા એઓની દીકરીઓ બાઇઓ ભીખાઇજી, ખરશેદબાઇ તથા મેહેરબાઇએ મરહુમ બાઇ જરબાઇ તે શેઠ કાવસજી માણેકજી રૂસતમજીના ધણીઆણીના પુણ સારૂ આપેલી નોટ.
૫૦૦	૦	૦	મરહુમ શેઠ હોરમસજી નસરવાનજી કુપરના પુણ સારૂ આપેલા રૂ૫૦૦ના ખાતે
૩૬૨૭	૩	૪	બાલીઆગતાની આરામગાહની જગાપર અશો ફરોહરની આરાધનાનું ફંડ.
૨૦૦૦	૦	૦	મરહુમ શેઠ કાવસજી ધનજીભાઇ ગજદરના પુણ સારૂ આપેલા રૂ૨૦૦૦ના ખાતે
૩૦૦૦	૦	૦	મરહુમ શેઠ પેશતનજી એદલજી ગજદરના પુણ સારૂ આપેલી રૂ૩૦૦૦નીનોટ.
૨૦૦૦	૦	૦	મરહુમ શેઠ પેશતનજી એદલજી ગજદરના પુણ સારૂ આપેલા રૂ૨૦૦૦નીનોટ
૫૦૦	૦	૦	શેઠ માણેકજી દીનશા માજુ તથા કુટુંબે મરહુમ શેઠ સોરાબજી દોરાબજી માજુના પુણ સારૂ કીધેલાં ધરમ ખાતે.
૫૦૦૦	૦	૦	મરહુમ શેઠ સોરાબજી દોરાબજી માજુના પુણ સારૂ કીધેલાં ધરમખાતે.
૧૦૦૦	૦	૦	શેઠો કુંવરજી દો. માજુ તથા સોરાબજી દો. માજુના પુણ સારૂ કીધેલાં ધરમખાતે
૫૦૦	૦	૦	મરહુમ શેઠ સોરાબજી દોરાબજી માજુની યાદગારી કાયમ રાખવા એઓના. એશીઓએ કીધેલા ધરમખાતે.
૧૪૩૦	૦	૦	મરહુમ શેઠ ફરામજી પેસતનજી નાલાદારૂ તથા શેઠ બેરામજી ફરામજી નાલાદારૂના પુણ સારૂ કીધેલાં ધરમખાતે.
૬૦૦	૦	૦	શેઠ કાવસજી પાલનજી ખટાઉએ પોતાની યાદગીરી રાખવા માટે કીધેલાં ધરમખાતે.
૩૦૦૦	૦	૦	મરહુમ શેઠ કુંવરજી એદલજી ગજદરના પુણ સારૂ કીધેલાં ધરમખાતે.

૭૧૫	૦	૦	શેઠ જમસેદજી ફ્રરામજી માદને પોતાના મીત્ર ડા૦ નશરવાનજી નવરોજી પારખના ધણીઆણી બાઇ આવાંબાઇ તે મરહુમ શેઠ સોરબજી જીવાજી નાજરના બેટીના પુણ સાર કીધેલાં ધરમખાતે.
૩૯૧૩૮	૧૦	૯	મરહુમ શેઠ પેસ્તનજી એદલજી ગજદરની યાદગીરી કાયમ રાખવાના ધરમખાતે.
૭૧૫	૦	૦	મરહુમ શેઠ ફરામરોજ કાવશજી પાઉવાલાનાં પુણ સાર કીધેલાં ધરમખાતે.
૧૪૩૦	૦	૦	મરહુમ બાઈ પીરોજબાઇ ફ્રરામજી નાલાદારૂ તથા મરહુમ બાઇ મેરબાઇ બેરામજી નાલાદારૂના પુણ સાર કીધેલાં ધરમખાતે.
૫૦૦	૦	૦	મરહુમ શેઠ બેરામજી જીજીભાઇ સી એસ. આઇ ના પુણ સાર તેઓના નબીરા શેઠ રૂસતમજી બેરામજી જીજીભાઇએ પડાવેલાં ધરમખાતે.
૨૮૫૦	૦	૦	મરહુમ બાઇ નવાજબાઇ શોરાબજી માંજુનાં ધરમખાતે.
૮૧૫	૦	૦	મરહુમ બાઇ આવાંબાઇ દારાશા ઇનશપેક્ટરના પુણ સાર કીધેલાં ધરમખાતે.
૧૦૧૫	૦	૦	મરહુમ શેઠ ફ્રરામજી હોરમસજી અરજાનીના પુણ સાર કીધેલાં ધરમખાતે.
૫૫૩૪	૧૨	૦	બાઇ પીરોજબાઇ જમશેદજી માદને ભાઇ શેઠ રતનજી નવરોજી મીનવાલાની યાદમાં આપેલી નોટો.
૭૧૫	૦	૦	શેઠ જમશેદજી ફ્રરામજી માદને બેહેશતનશીન શેઠ પાલનજી શોરાબજી કરવાના પુણ સાર કીધેલાં ધરમખાતે.
૩૦૩૫	૦	૦	બાઇ જરબાઇ એદલજી ગજદરે પોતાના દીકરા મરહુમ શેઠ મીનોચેર એદલજી ગજદરના પુણ સાર કીધેલાં ધરમખાતે.
૫૦૦	૦	૦	મરહુમ બાઇ ધનબાઇજી તે ઇનિડીઅન મેડીકલ સરવીસનાં મરહુમ લેફટેનંટ કરનલ કેખશરૂ શોરાબજી નરીમાનનાં બેટીનાં પુણ સાર કીધેલાં ધરમખાતે.
૧૬૨૫૭૯	૬	૦	મરહુમ બાઇ બોરશેદબાનું રૂશતમજી માનેકજી મેહેતા તે શેઠ જમશેદજી ફ્રરામજી માદન ઓ. બી. ઇ. ના બેટીનાં પુણ સાર જરથોસ્તીઓ માટે સસતાં ભાડાનું મકાન બાંધવા માટે કીધેલાં ધરમ ખાતે.
૭૦૩	૮	૦	મરહુમ શેઠ ખરશેદજી એદલજી કેરાંવાલાના પુનને શાર કીધેલાં ધરમ ખાતે.
૧૦૦૦	૦	૦	મરહુમ બાઇ મેહેરબાઇ માનેકજી દીનશાહ માંજુનાં પુનને સાર કીધેલાં ધરમખાતે
૪૭૬,૩૫૪	૧૨	૧	

પારસી કોમના સખી અગ્રેસર અને શાહ સોદાગર

સર હોરમસજી કાવશજી દીનશાહ, નાઈટ,

એમ. બી. ઓ., ઓ. બી. ઈ.



જન્મ—રોજ ૧૨મો, માહ ૭મો, શેહેનસાહી સને ૧૨૨૭ યઝદેજરદી, તારીખ ૪થી એપ્રીલ ઈ. સને ૧૮૫૭ ને દીને મુંબઈમાં થયો હતો.

સર નાઈટ થયા— તારીખ ૩જી જુન ઈ. સને ૧૯૨૨.

પારસી કોમના સખી અગ્રેસર અને શાહ સોદાગર

સર હોરમસજી કાવસજી દીનશાહ, નાઇટ,

એમ. વી. ઓ., ઓ. બી. ઇ.

સાહસિક શેઠયાની કીરતીવંત જીંદગીની ટુંક નોંધ.

પારસી કોમના માનવંત લોકપ્રીય અગ્રેસર તથા સખાવતી શેઠયા અને મુંબઈ તેમજ એડનના એક પારસી શાહ સોદાગર શેઠ હોરમજી કાવશજી દીનશાહ, એમ. વી. ઓ., ઓ. બી. ઇ. જેવણ ઉપર નાઈટ હુડના માનવંત ખેતાબની લાયક નવા જેશ નામદાર શેહેનશાહ જયોરજ પાંચમાની તા૦ ૩ જી જુન ૧૯૨૨ ને દીને પડેલી ૫૮ મી સાલગ્રહની ખુશાલીમાં કરવામાં આવી છે. એવણને મલેલા આ મોટા માન માટે ખરા જીગરથી મુબારકબાદી આપ્યે છીએ અને ઇચ્છીએ કે ભવીશયમાં એવાં ઘણું ઘણું માનપાન મેલવવાને ભાગયશાળી થાય આમીન.

આલમપનાહ પાદશાહે આ માનવંત ગ્રહસ્થને આ મોટા માનથી નવાજી લાયક નરની લાયક કદર બુજી એવણની લાંબી ખાનગી તથા જાહેર સેવાઓની વાજબી કદરશનાશી કરી છે. સર હોરમજીને મલેલું નાઇટ હુડનું માન પારસી કોમે વખાણ વહાલ અને મગરૂરી સાથે વધાવી લીધુ છે. એવો શેઠ પોતાના વડીલોની કીર્તીને વધારે ઝળકાવવાને દીરધાયુશ ભોગવે, અને એમણે પોતે મેલવેલી કીરતીમાં વધારે ઉમરો કરવાને તેમજ પોતાનો સખાવતી હાથ ચાલુ રાખવાને લાંબી જીંદગી ભોગવે એવી દુવા ચાહીએ છીએ.

સર હોરમજીનું કુટંબ.

સર હોરમજીના પીતા મરહુમ શેઠ કાવશજી દીનશાહ ગરીબ મા બાપના ફરઝંદ હતા અને પંદર વરસની નાધન્ની વયે મુંબઇમાં નોકરીએ રહયા હતા. તે વખતે એવણના પીતાજી શેઠ દીનશાજી એડનમાં સોપારીવાલાની કંપનીમાં વેલાતી માલની દુકાનમાં મેનેજર તરીકે કામ કરતા હતા. શેઠ કાવશજી અઢાર વરસની વયે એડન જઇ પોતાના પીતાજીના હાથ હેઠલ દુકાનમાં રહયા હતા. ત્યા એવણની કામ કરવાની ઝડપ, ચપલાઇ તથા ઉમંગ જોઇ માલ લેવા આવનારા ઘણા ખુશ થતા હતા. એવણની આવી હોશીયારીને લીધે કપતાન લુક થોમસ (Luke Thomas) નામના ઇગ્રેજે પોતાની સાથે ધંધામાં શેઠ કાવશજીને ભાગયા તરીકે જોડી એડનમાં સ્ટીમરોને કોલસો અને પાણી પુરૂ પાડલાનું બીઝનેસ શરૂ કીધું હતું. કપતાન લુક થોમસ મોટી ઉમરે રીટાયરડ થવા પછી શેઠ કાવજીના ભરૂસા ઉપર પોતાનુ ખાનગી બીઝનેસ

ચાલુ રાખ્યું હતું. એ પછી આ ખાનગી બીઝનેસ Messrs Luke Thomas & Co., Ltd. ને નામે ફેરવી આજ સુધી મરહુમ શેઠ કાવશજીના વારેસો તેના વહીવટમાં ભાગ લીયે છે.

મરહુમ શેઠ કાવશજીના વખતમાં એડન ઘણો ઉજાડ અને ગરમ મુલક હતો તેમજ ત્યા પાણીની ઘણી તંગી તથા પાક્કી સડક વગેરેની મુદ્દત સગવડ નહી હતી. આવી મુશકેલી છતાં એવણે એડનની ખીલવણી માટે તનમન સાથે ધનને ભોગે બહુ જેહમત ઉઠાવીને કામ કીધું હતું અને ધંધો રોજગાર બોહલા વીસતારમાં વધારી દીધો હતો. એવણની ઓફીશનું ઘર અસલ પેહલા ઘણું નાધલું હતું તેજ ભાગયશાળી બખતાવર મકાનમાં આજદીન સુધી એવણના બેટાઓ દર રોજ હજારો બલકે લખો રૂપ્યાની ઉઠળપાઠળ કરી બોહલા પ્રમાનમાં ધંધો કરે છે. શેઠ કાવશજીએ પોતાનો ધંધો મોટા ધીકતા પાયા ઉપર લાવવા માટે જે શ્રમ અને જોખમ ઉપાડયો તે માટે એવણની હીમત અને કુનેહ સ્તુતીને પાત્ર છે. નામદાર સરકાર તેમજ જાહેર પ્રજાની બજાવેલી અમુલ્ય સેવાઓની પીછાનમાં ઇસ્વી સને ૧૮૯૪ માં એવણને સી. આઈ. ઈ. ના નામીચા ખેતાબથી નવાજવામાં આવ્યા હતા. લોરડ મેઓ હીંદના વાઈસરોય તરીકે આવ્યા ત્યારે એડનની પ્રજા તરફનું માનપત્ર વાંચવાનું માન શેઠ કાવશજીને ફાળે આવયું હતું, જે હક આજ દીન સુધી એવણના કુટંબમાં જલવાઈ રહયો છે. એડનમાં હાલમાં ધંધા રોજગારના સાંધનની જે આબાદી જોવામાં આવે છે તથા વેપાર વણજ માટે સેહલાઇથી જે સવગતા મલે છે તેમજ જરથોસ્તીઓને હરેક કીસમની જે સુખ સગવડ મળે છે એ સરવે શેઠ કાવશજી અને એવણના બાહોશ બેટાઓની કુનેહ તથા દીલસોજીનેજ આભારી છે.

શેઠ કાવશજી બહુ ભલા ધરમી તથા દીન ચુસ્ટ હતા અને પોતાની કોમના લાભ માટે હમેશા તતપર રહેતા હતા. એવણનો દીલ ગુરડો ઘણો સખાવતી હતો તેથી જરથોસતીઓ તેમજ બીજી કોમો માટે એવણે ઘણા ધરમી સખાવતી ખાતાંઓ સ્થાપી બંધાવી ખુલ્લાં મુકયાં છે. એમણે એડનમાં શેહેનશાહી રોજ ૨૦ મો માહા ૧ લો યઝદેજરદી સને ૧૨૫૩ ને દીને એક દરેહમેહર તેમજ લાનોલીમાં બીજી દરેહમેહર રોજ ૨૨ મો માહા ૯ મો ય. સને ૧૨૬૮ ને દીને પરથાવી ખુલ્લી મુકી હતી. એડનમાં સ્ટીમર પોઇંટ ઉપર ૧૮૯૫ થી બાઈ જરબાઈ ચેરીટેબલ ડીસપેનસરીને નામે ધરમનું દવાખાનું ચાલુ કરી એડન કેમ્પની સીવીલ હાસપીટલ તથા કીંગ એડવર્ડ ચેરીટેબલ (આગળ પ્રીનસ ઓફ વેલસ) ડીસપેનસરી વગેરે જાહેર સંસ્થાઓને મદદ આપી પોતાનું નામ એડનમાં અમર કરી ગયા છે. એ ઉપરાંત રાજકોટ ખાતે અંજુમનની સાથે મલી એક દોખમું બંધાવ્યું છે તે રોજ ૧૨ મો માહા ૯ મો ય. સને ૧૨૭૦ ને દીને ઇજી ખુલ્લું મુકવામાં આવ્યું હતું. મુંબઈ ખાતે વરસો અગાઉ કાવશજી દીનશાહ લાયબ્રેરી સ્થાપી હતી જે પછવાડેથી પુણે લઇ જવામાં આવી હતી તે સને ૧૯૦૧ માં આલબરત એડવરડ ઇનસ્ટીટયુટ સાથે

જોડી નાખી છે અને તેને માટે ઇ. સને ૧૯૦૬ માં એવણુના છોકરાઓએ એક મકાન "કાવશજી દીનશાહ હોલ" ને નામે બંધાવી આપ્યું છે. એવણે પોતાના હમદીનોના તથા પરકોમના લાભ માટે બંધાવી આપેલા ધરમ ખાતાંઓ સારૂ સારી રકમ નીભાવ માટે કાઢી આપેલી છે. શેઠ કાવશજી પોતાની હૈયાતીમા ઘણી છુપી સખાવતો નાત જાતના તફાવત રાખ્યા વગર કરતા હતા અને પોતાના ગરીબ તેમજ હાજતમંદ હમદીનો તરફ હમેશા માયાથી વરતી તેઓને મદદ આપી સાહે થતા હતા. એવણુ સાહેબની જાહેર તેમજ ખાનગી સખાવતનો આંકડો લખો રૂપ્યાનો થવા ગયો છે. એવણુ શેઠ એટલા બધાતો ભલા હતા કે કોઈનુંબી ભલું થતું હોય તે કરવાને ચુકતા નહી તેમજ પોતે સાદાઈમાં રહી ઉદ્યોગી જીંદગી ગુજારતા હતા, જે એવણુની અતી શાનત નેકી નીતીમાન જીંદગીની મુળ નેમ હતી. શેઠ કાવશજી પોતા પાછલ ચાર બેટાઓ સર હોરમજી અને શેઠો કેકોબાદ, સોરાબજી તથા શીયાવક્ષ:ને મેલી ગયા છે જેઓ હાલ સરવે એવણુના ધીકતા ધંધામાં ભાગીદારીમાં કામ કરે છે. આ ચારો માનવંત ભાઇઓએ પોતાના ફરજંદોને વેલાત ખાતે રાખી ત્યા પશ્ચીમની ઉંચી કેળવણીનો પુરતો લાભ આપી સારો અભયાસ કરાવી ઘણી સરસ રીતે કેળવી વેપાર ધંધા સંબધી સારી તાલીમ આપી સંસાર સોભવતા ફરજંદો તરીકે ઉધારયા છે. આ છોકરાંઓ પોતાના કુટંબી રેવાજ મુજબ ઘણા સાડા અને સાલેસાઈ ભરેલાં છે અને ઘર સંસારી સારી તાલીમ મેલવી પોતાના કુટંબને જેબ આપે તેવાં છે. મરહુમ શેઠ કાવશજીના ચાર છોકરાવો ઉપરાંત એવણુની ત્રણ છોકરીયો છે, તેમાં બાઈ કુવરબાઈ રતનજી દોરાબજી જેવણુ બે વરસ થયાં ગુજર પામીયાં છે, બીજાં બેટી બાઇ બાઈમાય રૂશતમજી દોરાબજી જેવણુ હાલ પોતાના કુંતુંબ સાથ વેલાતની શફર કરે છે અને ત્રીજા બેટી બાઈ શીરીનબાઇ દારબશા પેશતનજી જેવણુ હાલ વીધવા છે.

સર હોરમજી કાવશજી દીનશાહની જીંદગીનો ટુંક હેવાલ.

હમદીનોના એક ભલા રાહબર તરીકે આજે પારસી શેઠયાઓના અંતઃકરણમાં "મારી કોમ અને મારો ધરમ" એ મુદ્રા લેખ કોતરાયલો છે તેઓમાં આ માનવંત શેઠયા સર હોરમસજી આગેવાન જગા લેય છે. પોતાના સ્વરગવાસી મુરંબીઓની નામના જાળવીને તેમને પગલે ચાલવાથી આ શાહ સોદાગર સર હોરમજી કાવસજી દીનશાહનું મુબારક નામ અને કીરતીવંત કામ એમના અતી ઉતમ ગુણુ અને લક્ષણુથી પારસી કીરતીની તવારીખમાં પહેલી પંકતીનો યાદગાર સફો રોકે છે, જે ઉતમ ગુણુ ને ખસલતને આધારે વધેલી વડીલ પીતા કાવશજીની કારકીરદી એવણુથી વધુ ઝલકતી થઇ છે. એવણુ ખવાસે ઘણાજ સાડા અને સભાવે ઘણા રાંક છે તેમજ કોઇનો પણુ ચાહ જીતી લેય તેવા નેક ને ભલા છે. એમનો ધંધાનો પાકટ અનુભવ અતી ફળદદુપ અને ઉંચ પ્રકારનો છે, એમનો ધારમીક જુસ્સો, પારસીપણુ જાળવવાની ઉંચ નેમ, અને કોમ હીતકારી થવાની ફરજનો ખ્યાલ, એવા તો ઉતમ અને નેકી ભરેલા નીરમળ છે કે એક શેઠયાના બુલંદ નામને જેબ આપે તેવું એવણુની

જીંદગીનું વરતણુ છે. દેશના ઉદ્યોગ હુનર અને વ્યાપાર ધંધાને ફળદરૂપ બનાવી પોતાના કુટંબની કારકીરદી જવાહા ઝળકતી કરી પોતાની નેકી નીતીમાન જીંદગી ગુજારી તેમાં વધારો કરયો છે. એવણુની પોતાની રેહણી કરણીથી તેમજ જાહેર તથા કોમી સેવાથી આ માનવંત નર એડનમાં પારસી કોમના મુખી (શરનશીન) ને સઘળી દેશી કોમના એક અવાજે સ્વીકારાયલા વડા છે અને સરકાર દરબારમાં માન પામેલા નામીચા ગ્રહસ્થ છે. એવણુ સાહેબ પોતાના મુરબીજીને પગલે ચાલીને એડનના વેપાર વણજની ખીલવણી માટે ભારે કાલજી રાખે છે અને તેના સુધારા વધારા માટે હરહમેશ આગેવાની ભરયો ભાગ લે છે. વળી એડનના બારાને આજની ચઢતી હાલતમાં મુકવા માટે એવણે મોટો હીસ્સો આપ્યો છે.

સર હોરમજીનો જન્મ મુંબઈમાં રોજ ૧૨ મો મોહર માહ ૭ મો મેહર ય૦ સને ૧૨૨૭ યાને તા૦ ૪ થી એપ્રીલ ૧૮૫૭ ને દીને થયો હતો. એવણુની શેહાડી એવણુના માસીના દીકરી બાઈ માણેકબાઈ નશરવાનજી આરસીકન સાથે તા૦ ૨૦ મી જાનેવારી ૧૮૭૫ ને દીવસે થઈ હતી. એવણુ સાહેબને ત્રણ બેટાઓ ભાઇઓ ફ્રામરોજ, નશરવાનજી તથા દીનશાહ અને એકપુરા બેટી બાઇ આવાબાઈ મલી ૪ ફરજંદોની વૃધી થઈ છે. સરવે બચ્ચાંઓની શેહાડી કરી તેઓને સંસારી જીંદગીમાં સારી રવેશે ગોઠવેલા છે. સર હોરમજીના નેક બખત અને અશરાફ ધણીયાણી બાઈ માણેકબાઈ ઇ૦ સને ૧૯૧૫ ના અકટોબરમાં લેનોલી ખાતે બેહસ્ત મુકામ પામ્યા છે. આ સખી અને દયાલુ બાનુના મરણથી ઘણાઓને દયા દીલસોજી માટે હમેશની મોટી ખોટ ગઇ છે. મરહુમ બાનુ ઘણા ભલાં ને નેક હતાં અને પોતાના ખાવીંદ સાથે મુસાફરીએ ગયાં હતાં. એવણુના વડા દીકરા શેઠ ફ્રામરોજના નેક ધણીયાણી બાઇ પીરોજબાઈનું મરણ એડન ખાતે રોજ ૧૪ મો માહા ૭ મો ય૦ સને ૧૨૯૧ દીને નીપજયું છે. એવણુ શેઠે પોતાના બેટાઓ શેઠો ફ્રામરોજ, નશરવાનજી, અને દીનશાહને થોડા વરસો સુધી ઇંગલાંડમાં રાખી ધંધાને લગતી પુરતી કેળવણી આપી છે અને પોતાની પેહડીમાં પોતા સાથ જોડયા છે. એવણુના એક પુરા બેટી બાઈ આવાબાઈ એદલજી સકલાતવાલાને પણ મુંબઈમાં શરૂઆતની કેળવણી આપી યુરોપમાં રાખી સારો અભ્યાસ કરાવ્યો હતો.

સર હોરમજી પોતાના મરહુમ ધણીયાણી બાઈ માણેકબાઈ અને ફરંઝદો સાથે યુરોપ, જરમની, ઓસ્ત્રીઆ, ઇટાલી, બેલજીઅમ, ટરકી, એબીસીનીઆ, વગેરે ઠેકાણે ૭ વખત મુસાફરીએ ગયા હતા. પોતાની મુસાફરી દરમયાન ઘણા શેહેરો તથા મુલકોની મુલાકાત લઈ જોવા લાયક ઠેકાણે ફરી હરી સારો અનુભવ મેલવ્યો છે.

સર હોરમજીએ લીધેલી કેલવણી.

એવણે બાળવયમાં કોટની શાપુર શેઠના ચકલાપર આવેલી મધુરામ મેહતાજીની નીશાળે જઇ કેળવણીની શરૂઆત કીધી હતી. એ પછી મી૦ મનચેરજી ભતુસાની ફ્રોર્ટ હાઇ સ્કુલમા અને એલફીનસ્ટન હાઇ સ્કુલમાં કેળવણી લઈ ૧૮૭૫ ના સાલમાં ૧૮ વરસની વયે મેટ્રીકયુલેશનની

પરીક્ષા પસાર કરી ૧૮૭૬ માં એલફીનસ્ટન કોલેજમાં વધુ અભયાસ માટે જોડાયા હતા. મુંબઇમાં અંગ્રેજીનો સારો અભયાસ કરેલો હોવાથી અને વેપાર ધંધાને લગતી કેળવણીની વધુ જરૂર જણાવવાથી સને ૧૮૭૭ માં મુંબઇથી વેલાત ગયા હતા. લંડનની જાણીતી વેપારી પેઢી Messrs James Barber Son & Co., માં વેપારી કામની માહીતી સારૂ એક એપ્રેનટીશ દાખલ દોઢ વરસ રહીયા પછી પેરીસમાં Messrs. Leopold Bing Fils & Gans નામની ફ્રેનચ પેઢીમાં જોડાઈ ૬ માસ સુધી કામ કરી ફ્રેનચ ભાષા પણ શીખ્યા હતા. વેપાર ધંધાને લગતી વધુ માહીતી મેલવવાની એઓની ખાહેસ હોવાથી વેલાતની King's College Evening Class માં દાખલ થઈ ઇંગ્રેજી તથા ફ્રેનચ ભાષાનો વધુ અભયાસ કરી ધંધા હુનરને લગતી સારી તાલીમ મેલવી દરેક બાબદમાં પુરતા પ્રાવીન થયા હતા. એવણનું ફરેનચ ભાષાનું જ્ઞાન ઘણુ સંગીત છે અને એ ભાષા ઉપર એવણનો એટલો બધો કાબુ છે કે એવણ સાહેબ ઘણી છટાદાર રીતે બોલી લખી શકે છે.

સર હોરમજીએ પોતાના બાવાની પેહેડીમાં જોડાઇ શરૂ કીધેલો ધંધો

સર હોરમજી ૧૮૭૯ ના સાલમાં વેલાતથી એડન આવી ૨૨ વરસની જવાન વયે પોતાના પીતાજી શેઠ કાવશજી સાથ ધંધામાં જોડાયા હતા. સને ૧૮૯૨ ના સાલમાં એવણના પીતાજીએ પોતાની સાથે પેહેડીમાં એક ભાગયા તરીકે રાખી એવણને આ પ્રખ્યાત પહેડીનો સરવે કારોબાર સોંપયો હતો. પોતાની બાહોશી તથા ચાલાકીથી આ ધીકતો ધંધો વધારવા માટે ભારે શ્રમ તથા ઉમંગથી કામ કરી સખત જેહમત ખેંચી પોતાની પેહડીને આજની માનવંત હાલતપર મુકી છે. એવણના નેક પીતાજી શેઠ કાવશજી ૧૯૦૦ ના સાલમાં બેહેસતનશીન થયા પછી પેહેડીના વડા તરીકે સર હોરમજીની નેમણુક થઈ હતી અને એવણ સાથે બીજા ભાગયાઓ તરીકે એમના ભાઇઓ શેઠો કેકોબાદ, સોહરાબજી અને શયાંવક્ષા તથા એવણના કાકાજી શેઠ દોરાબજી તથા તેમના સાહેબજાદાઓ આ નામાકીત પેહેડીમાં જોડાયલા છે.

મરહુમ શેઠ કાવશજી તેમજ એવણના મરહુમ ભાઈ શેઠ દોરાબજીના બેટાઓ અને તેમાના બેટાઓ તથા બેટીઓના બેટાઓ, એવો સરવે એડનવાળા કુટંબીઓ ઘરની પેહેડીપર સાથે મલી એકસંપીથી "કાવશજી દીનશાહ એન્ડ બ્રધરસ" ને નામે અતી બોહલા પાયા ઉપર હીંદ તેમજ દુર દરાજના બીજા દેશોમાં બહુ બોહોલા વીસતારમાં ધંધો ચલાવી લખોની ઉઠળપાઠળ કરે છે. આ પણોતી પેહેડી હીંદુસ્થાનમાની બીજી અનેક દેશી પેહડીઓમાં મોટી આંટ ધરાવતી એક આગેવાન પેહેડી તરીકે ગણાય છે. ૧૯૧૪ ની જરમની સાથની માહાભારત લડાઇ વેલાએ એડનવાલા ભાઇઓની જાણીતી પેહેડીએ નામદાર બ્રીટીશ સરકારની તેમજ વેપારીઓની ઘણી અમુલ્ય સેવાઓ બજાવી હતી તેથી સત્તાધીશોએ એ સેવાઓની સ્તુતી કરી શાબાસી આપી હતી. એજ મુજબ આગલી

લડાઇઓ એબીસીનીયન વોર, સુડાન, અને બરબરા એકસપીડીશન ૧૯૦૨ માં તથા ૧૯૦૯ માં થઇ હતી, તે વખતે પણ એવણુની પેહેડી તરફથી વેપાર વનજમાં કીમતી મદદ આપવામાં આવી હતી.

શેઠો એડનવાલા ભાઇઓ તરફથી બાહુ મોટા પાયા ઉપર ધંધો ચલાવવામાં આવે છે તેની સાબેતી એ છે કે દુન્યાના ઘણા મુલકો જેવાં કે આફ્રીકા, અરેબીઆ, ઓસ્ટ્રેલીઆ, યુરોપ, અમેરીકા વગેરે દુરના દેશાવરો સાથે એવણુની પેહેડીને વ્યાપારનો સંબંધ છે. એક ડજન કરતાં વધુ જાણીતી કંપનીઓની એજંસીઓ તેઓના હાથમાં છે. પોતાની ધણીયાતી ૬ સ્ટીમરો ધંધા માટે બાંધી વપડાસમાં ચાલુ રાખી છે અને સ્ટીમરો દરૂસત કરવા એક તરતી ગોડી બાંધી છે. મેસરસ કાવશજી દીનશાહ એંડ બ્રધરસની પેહેડીની પોતાની એડનમાં હેડ હાફીશ સીવાય બીજી શાખાઓ મુંબઇ, હોડેડા, બરબરા (સોમાલી કોસ્ટ), જીબુટી, ઝંઝીબાર, બીનાડીર અને કીશામાયુમાં છે. એ ઉપરાંત પેરીશ, લંડન, મારસેલસ, જીનોવા, ટ્રએસ્ટ, એમસટરડામ, રોટરડામ, ન્યુયોરક, કોલંબો, હોંગકોંગ, જાપાન, કોબે, મોરીશીઅસ, સ્ટોકહોમ, કલકતા, અને રંગુન સાથે વેપાર સંબંધી વહીવટ કરે છે. બ્રીટીશ ઇનડીયા સ્ટીમ નેવીગેશન કંપની તથા બોમબે પરશીયા સ્ટીમ નેવીગેશન કંપનીની એજંનસીઓ ઉપરાંત બીજી અંગ્રેજી, ઇટાલયન, વલનડા, અને નોરવેજીઅન કંપનીઓના પણ તેઓ એજન્ટ છે. તેમજ બ્રીટીશ નેવલ એજનટસ છે.

શેઠો એડનવાલા ભાઇઓની પેહેડીમાં નોકરીએ રહેલા જરથોસ્તીઓને નોકરીનું તેમજ મુફ્ત રહેવા ખાવાનું જે સુખ મળે છે તેવી સગવડ બીજે ઠેકાણે થોડીજ મલતી હુશે. આ ભાગયસાલી પેહેડીપર લગભગ એકસો કરતા વધુ જરથોસ્તીઓ તથા બીજી જ્ઞાતના મલી લગભગ ૨૦૦ જણાઓ કલારીકલ કામ કરે છે અને તેઓને રૂ. ૫૦ થી રૂ. ૩૦૦ સુધીનો દરમાયો મલે છે. પોતાના જરથોસ્તી મદદનીસો સાથે એડનવાળા કુટુંબના એક નબીરા સારા પ્રસંગો ઉપર જમે છે. આ પેહેડીપરના ઘણા માણસો સુખી હાલતે પુગી બુઢાપામાં નોકરી છોડી ગયા છે અને હાલનો મોટો સ્ટાફ બહુ સંતોષી હાલતે શેઠોની તાબેદારીમાં પોતાની ફરજ અદા કરે છે.

સર હોરમજીને મલેલા ખેતાબો તથા માનપાનો.

સર હોરમજીને નામદાર બ્રીટીશ સરકાર તરફથી એમ. વી. ઓ. યાને મેમબર ઓફ ધી રોયલ વીકટોરીયન ઓરડરનો ખેતાબ સને ૧૯૧૧ માં; ઓ. બી. ઈ. યાને ઓફીસરસ ઓફ ધી ઓરડર ઓફ ધી બ્રીટીશ એમપાયરનો ખેતાબ સને ૧૯૧૮ માં અને સર નાઇટનો નામીચો ખેતાબ નામદાર શેહેનશાહ જયોરજ પાંચમાની ૫૮ મી સાલગ્રહની ખુશાલીમાં સને ૧૯૨૨ માં એનાયત કરવામાં આવ્યો હતો.

નામદાર પોરચુગીઝ સરકાર તરફથી ધી કવાલીયર ઓફ ધી રોયલ મીલીટરી ઓરડર ઓફ અવર લેડી ઓફ કનસેપશન ઓફ વીલાવીકાઝોનો ખેતાબ સને

૧૮૯૨ ના સાલમાં એનાયત કરવામાં આવ્યો હતો. એજ ખેતાબ એવણુના મરહુમ કાકા શેઠ હોરાબજી દીનશાહ એડનવાલાને સને ૧૮૯૨ માં એનાયત થયો હતો. બેઉ માનવંત કાકા ભતરીજાને આ ખેતાબ ચાંદ સાથે એકજ વખતે સાથે મલ્યો હતો.

પોરટુગીઝ સરકારના એવણુ એડન ખાતેના કોનસલ તરીકે કામ કરે છે અને પોરટુગીઝ મનવારોની આમદ વખતે એડન ખાતે કોનસલ તરીકે મનવારોની મુલાકાત લેય છે ત્યારે સર હોરમજીને ૯ તોપોની સલામતીનું માન આપવામાં આવે છે. એવણુની આગમજ એવણુના કાકા શેઠ હોરાબજી દીનશાહ એડનના પોરટુગીઝ કોનસલ હતા.

રાજવંશી કુટંબોને હીંદુસતાન તરફ જતાં એડનની ભુમીપર આવકાર આપવાનું તેમજ તેઓ નામદાર તરફથી ત્યા થતાં બાદશાહી ખાણુના મેલાવડામાં બીરાજવાનું અનુપ માન સર હોરમજીએ ભોગવ્યું છે. એવણુના પીતાજી શેઠ કાવશજીના મરણ પછી નામદાર રાજા તથા તેમના પ્રતીનીધીઓને આપવામા આવેલા માનપત્રો એવણે વાંચી સભલાવ્યાં છે. નામદાર શેહેનશાહ એડવડ Duke of York & Lancaster તરીકે ૧૯૦૧ ના સાલમાં શેહેનશાહ બાનુ સાથે આસતરેલીયાની સફરે ગયા તે વખતે, નામદાર શેહેનશાહ જયોરજ તથા નામદાર શેહેનશાહ બાનું સને ૧૯૧૧ માં હીંદમાં તાજપોશીની ક્રીયા માટે પધારયા ત્યારે અને નામદાર શાહજાદા પ્રીનસ ઓફ વેલસ સને ૧૯૨૨ માં હીંદના પ્રવાસે આવ્યા હતા તે ટાંકણે એ નામદારોને આવકાર દેવાની ગોઠવણો કરવામાં તથા તેમને ફતેહમંદીથી પાર ઉતારવામાં એવણે પોતાનો મોટો હીસ્સો આપ્યો હતો અને એડનની સઘળી પ્રજા તરફથી માનપત્રો વાંચી સભલાવ્યાં હતાં. એક વખત એડન ખાતે નામદાર શેહેનશાહ સાથે અને તે પછી બીજી વખત નામદાર પ્રીનસ ઓફ વેલસ સાથ ખાણુ લેવાનું અનુપમાન એવણુને આપવામાં આવ્યું હતું. એ ઉપરાંત નામદાર ડયુક ઓફ કોનાટને તેમજ હીંદના વાઈસરાયો અને ગવરનરોને પોતાને દેશ જતી વખતે માનપત્રો આપવાનું માન અનેકવાર મલ્યું છે.

વડોદરાના નામદાર ગાયકવાડ તેમજ હીંદના બીજા ઘણાં રાજવંશીઓ, સરદારો, વીહવાનો ને જાગીરદારો, તેમજ બીજા ઘણા ગ્રહસ્થોએ યુરોપ જતાં આવતાં એ માનવંત નરની પરોણાગત ચાખી છે. યુરોપ જતાં કે ત્યાથી આવતા અદના કે આલા જરથોસ્તીને એવણુની પેહેડી તરફથી સારો આવકાર આપી આદરમાન આપવામાં આવે છે.

સને ૧૯૧૨ ના સાલમાં અમેરીકા ખાતે ભરાયલી Boston Congress of Chamber of Commerce નાં એડનના વેપારી મંડળના પ્રતીનીધી તરીકે સર હોરમજીની નેમણુક કરવામાં આવી હતી તેથી પોતાના કુટંબ સાથે અમેરીકા ગયા હતા.

એડનના પોરટ ટ્રસ્ટના એક ટરસ્ટી તરીકે સને ૧૮૯૦ થી આજ દીન સુધી એવણુની આહુ નેમણુક થતી રહી છે અને એવણુની ગેરહાજરીમાં એવણુના વડા

દીકરા શેઠ ફરામરોજને નેમવામાં આવે છે; વળી એડનની ચેમબર ઓફ કોમર્સ, ડીસપેનસરીઓ, વીગેરે સરકારી તેમજ જાહેર ખાતાઓમાં એવણુની નેમણુક કરવામાં આવે છે અને એવો શેઠ પોતાના કીમતી વખતના ભોગે દરેક કામમાં આગેવાની ભરયો ભાગ લઇ પોતાની શહલા તથા મદદ આપતા રહયા છે એ ઘણું શોભા તથા માન ભરેલું છે.

મુંબઇની ઘણી મંડળીઓ, સોસાયટીઓ, કંપનીઓ તથા ધરમખાતાઓના ટ્રસ્ટી યા મેમબર છે અને આ સંસ્થાઓને એમની શહલા ઘણી કીમતી થઇ પડે છે. એ ઉપરાંત જરથોસ્તીભાઈ મંડલીના પ્રમુખ, ઝોરાશતરીયન એશોશીએશનના ઉપ-પ્રમુખ, પારસી સેંત્રલ એશોસીએશનની હાઉસીંગ સોસાયટીના ઉપ-પ્રમુખ છે અને સીડનહેમ કોલેજ ઓફ કોમરસના યુનીયનના આ સાલ માટે પ્રમુખ તરીકે નેમણુક થઇ છે.

સર હોરમજીએ કરેલી સખાવતો

સર હોરમજીની સખાવત ઘણી દુર અંદેશીભરી અને પારસી કોમને ધંધા વ્યાપારમાં ઉતેજન તથા લાભ આપનારી છે. કેટલીક સખાવતો એવણુની પેહેડીને નામે થાય છે અને બીજી કેટલીક સખાવતો એવો શેઠ પોતાની ખાનગી પુંજીમાંથી કરે છે જેમાં નીચલી મુખ્ય છે.

છેલ્લા સતર વરસ થયા દર સાલ એવણુની સાલગ્રેહના મુબારક દીવસે પોતાની ગીરોથી પોતાની પેહેડીના સટાફના પ્રમાણીક જરથોસ્તીઓ તેમજ બીજા કોમના કારભારીઓને રૂપ્યા પાંચ હજારથી નવ હજાર સુધીની બક્ષેશ આપે છે, જે રકમ આજદીન સુધીમાં એક લાખ રૂપ્યા કરતાં વધુની થવા ગઇ છે.

એડનની જરથોસ્તી અંજુમનના ફંડમાં સર અવસરે વારનવાર આપેલા રૂ૩૦૦૦૦, એડન ખાતે એંગલો વરનેકયુલર સ્કુલ સ્થાપવા માટે આપેલા રૂ૨૫૦૦૦, (એ સ્કુલ સ્થાપી તેનો ચાલુ નીભાવ એવણુ કરે છે), મુંબઇના જરથોસ્તી કોમના લાભ સાચવનારી મંડળીને સંપુર્ણ દીલસોજીથી સંગીન મદદ આપી આ મંડળીના કોમી લાભ સાચવનારાં કામમાં ઘણું વાજબી ઉતેજન આપ્યું છે. આ મંડળી હસ્તક ગરીબ બેકાર હમદીનોને ધંધે રોજગારે લગાડવા માટે મદદ કરવા આપેલા રૂ૨૫૦૦૦, ગવાલીયર સ્ટેટમાં જરથોસતી છોકરાઓને ખેતીના કામપર રોકવા માટે મદદ કરવા આપેલા રૂ૧૦૦૦૦ અને બીજા ધરમ ખાતાંઓ તથા ફંડોમાં એવણુ શેઠે પોતાની ગીરોથી આપેલી નાધલી મોટી રકમો મલી કુલે રૂપ્યા ૩ લાખને સુમારે થાય છે. એ ઉપરાંત એવણુની નામીચી પેહેડી "કાવશજી દીનશાહ એંડ બ્રધરસ"ને નામે મુંબઈ તેમજ બીજા દેશાવરો, શેહરો વગેરે મઠકોના ધરમ ખાતાઓ, ફંડો વગેરેને દર સાલ લગભગ રૂપ્યા ચાલીસ હજાર જેટલી રકમ વરસો થયાં સખાવતમાં આપવામાં આવે છે તે સાથે ગણુતા એડનવાલા કુટંબ તરફની સખાવત કુલે વીસથી પચીસ લાખ રૂપ્યાની બાદશાહી રકમની થવા જાય છે.

સર હોરમજીની કોમી સેવાઓ કાંઇ થોડી નથી તે મુગે મોઢે કાંઈબી બડબડ કરયા વગર બજાવવામાં આવી છે જેની કીમત તથા કદર માત્ર તેમન સમાગમમાં આવેલા હમદીનોજ આંકી યા બુજી શકે એમ છે. પોતાની કોમના ગરીબ બચ્ચાંઓને કેળવીને ધંધામાં રોકવાનો એમનો હેતું ઉમદા છે અને તેઓ નફ્ટ નોકરી કરતાં સ્વતંત્ર ધંધા વેપાર તરફ ઢલતા રહે તે જોવા એવણ આતુર છે ને તેવા સાહસીક જવાનોને મદદ કરવા હમેશા તૈયાર રહે છે. તેમજ પારસી ધરમ તથા તવારીખની ખીલવણી માટે પણ એવણ સદા ઉતેજન આપતા આવ્યા છે. મધ્યમ વરગના જરથોસ્તીઓ માટે રહેઠાણ પુરા પાડવાના કામમાં વગર માગવે પોતાના દીલની લાગણીથી હમદીનોની સેવા બજાવવા ખાતર તન મન સાથ ધનનો ભોગ આપીને અથાગ શ્રમ ઉઠાવ્યા જઈ પારસી કોઓપરેટીવ હાઉસીંગ સોસાયટીના ફરેનડ, ફીલોસોફર અને તે સાથ નાણાવતી શરોફ તરીકે મદદ આપતા રહયા છે. એહનની જરથોસ્તી અંજુમનનો આજનો સંપ એવો શેઠને તથા એવણના ખાનદાનને આભારી છે અને અંજુમનના સુખ દુઃખમાં એવણની પેહેડી હંમેશા મદદ કરતી આવી છે.

સર હોરમજીની ઉતમ પ્રકારની ઝળકતી કારકીરદી, ઉતમ પ્રકારની સંસારી જીંદગી, સંસાર વહેવાર અને ધંધા રોજગારમાં સાચવેલા ઉતમ નીયમ. ફરજંદોને રૂડી તરબીયત, રંક કે રાય દરેકે દરેક સાથે એક સરખી નમનટાઇ, એવાં તો શ્રેષ્ટ અને સંપુર્ણ છે કે સર હોરમજી એક શેઠયાના મુબારક નામને ઇંચે ઇંચ લાયકના છે અને પારસી કોમને એવણ જેવા શેઠયાની દીલસોજીની બહુ જરૂર છે.

એડનવાળા કુટંબની તમામ દીલસોજી પોતાના હમદીનો તરફ હમેશા દેખાડવામાં આવે છે અને ચોમેર ધીકતા ધંધાઓ ચલાવી મોટી નામના મેળવી માનપાન ભરી જાહોજલાલી ભોગવવા છતા તેઓની અસલની સાદાઈ સાલેઆઈ અને નમનતાઈ તેના અખંડ રંગ-રૂપમાં સંપુર્ણ રીતે સચવાયલી છે. કુટંબનું દુન્યામાં ચોમેર પંકાળલું મુબારક નામ અને સખાવતી કામો દુન્યાની સપાટી ઉપર હજી વધુ વીખ્યાતી મેળવતા રહે અને એવોનો બહુ બોહુલો વ્યાપાર પુથવી ઉપર વધુ ઝળકાવતો રહે. આમીન.


સર હોરમજીને મલેલા માનપત્રો.

સર હોરમજીને મલેલા નાઇટ હુડના ખેતાબ માટે એવણને મુબારકબાદી આપી માનપત્ર એનાયત કરવા માટે એક મેલાવડો તા૦ ૨૭ મી જુલાઇને દીને તારદેવ ઉપરના એવણના એડનવાળા બાગમાં કરવામાં આવયો હતો. એ માનપત્ર :બરહાનપુર તાપતી મીલના સેલીંગ અને પરચેસીંગ એજંટો અને: હાપ્રીશ સટાફના સભાસદો તેમજ મેસરસ કાવસજી દીનશાહ એંડ બ્રધરશના સટાફ તરફથી શેઠ રામદાસ નારાયણદાસના પ્રમુખપણા હેઠળ આપવામાં આવ્યું હતું. શેઠ રામદાસે સર હોરમજીની ઘટા। શબદોમાં સ્તુતી

કરવા પછી બુરાનપુર મીલના સેક્રેટરી શેઠ પીરોશાહ કાવશજી બામજીએ માનપત્ર વાંચી સંભલાવ્યું હતું અને એ માનપત્ર એક સુંદર કાસકેટ સાથ સર હોરમજીને એનાયત કીધું હતું. સર હોરમજીએ પોતાને આપેલા માન માટે સરવેનો ઉપકાર માની જણાવયું કે તમો સઘળાઓને મીત્ર તરીકે ગણ્યા છે અને મીત્રો તરીકેની મદદ તમો તરફથી મલી છે. એ પછી હાજર રહેલાઓએ રીફ્રેશમેંટ લેવા બાદ મેળાવડો વીસરજન થયો હતો.

બ્રીટીશ ઇસ્ટ આફ્રીકાના મોમબાસામાં વસ્તા જરથોસ્તીઓ ઉપર સર હોરમજીએ કરેલા બેહદ ઉપકાર માટે ત્યા વસ્તા કેટલાક જરથોસ્તી ભાઇઓએ તા૦ ૧ લી સપટેમબર ૧૯૨૨ ને દીને સવારના ૯—૩૦ અમલે સર હોરમજીના તારદેવ ખાતેના બંગલામાં એવણુ શેઠને એક માનપત્ર ચાંદીના કાસકેટ સાથે એનાયત કીધું હતું. આ માનપત્ર મોમબાસામા વસ્તા પારસી અંજુમનના સરવે બીરાદરોની સમતીથી આપવામાં આવ્યું છે. સર હોરમજીએ હાજર રહેલાઓનો ઉપકાર માંની જણાવ્યું કે આજના જુવાન છોકરાઓ મુંબઇ જેવાં ગીચ શેહેરમાં ટુંક પગારે પડી રહે છે તેના કરતાં દુર દરાઝ મુલકમાં જવાને આગ્રહ કરયો હતો અને ત્યા જઈ આબાદ રહે એવુ ઇચ્છયું હતું.

પારસી કોમના સખાવતી સખી વજુદ બાનુ
લેડી ફ્રેની ધનજીભાઈ બમનજી.



એવણ પોતાના પતીના પરમાર્થી કામોમાં દીલસોઝ ભાગ હમેશા લે છે.

પારસી કોમના લખેશરી શેહેરી અને મોટા વેપારી
સર ધનજીભાઈ બમનજી, નાઈટ.



રાજ કરતી કોમના નવા વરસની ખુશાલીમાં સર નાઈટનો નામીચો ખેતાબ મેળવનાર માનવંત સખી અગ્રેસર.

પારસી કોમના લખેશરી શેહેરી અને મોટા વેપારી

સર ધનજીભાઈ બમનજી નાઇટ,

એવણની કીરતીવન જીંદગીની ટુંક નોંધ.

પારસી કોમના નામીચા સપુત, શાહુ સોદાગર તથા મોટા વેપારી અને માનવંત સખાવતી શેઠયા શેઠ ધનજીભાઈ બમનજી ઉપર નાઇટ હુડના ઉંચા ખેતાબની લાયક નવાજેસ આપણી રાજ કરતી બ્રીટીશ કોમના નવા વરસની ખુશાલીમાં માનવંત શેહેનશાહ જ્યોરજ પાંચમા તરફથી કરવામાં આવી છે. એ ખેતાબની સનદ નામદાર શેહેનશાહે પોતાના હાથે ફેબરવારી ૧૯૨૨ માં લંડન ખાતે એવણને એનાયત કરી હતી. સર નાઇટનો માનવંત ખેતાબ મેલવનાર શેઠ ધનજીભાઈ બમનજીને મલેલા આ માન માટે મુબારકબાદી આપી ઇચ્છીએ કે ભવીશયમાં એથી જાદા માન મેલવવાને ભાગયશાલી થાય.

સર ધનજીભાઈનું માનવંત નામ, એવણની નમુનેદાર જીંદગી, વેપારી તરીકેની કુનેહ અને મોટી સખાવતોને લીધે આપણી કોમમાં તેમજ પરકોમમાં મોટું માન ધરાવે છે, તેવોજ એવણનો સરકાર દરબારમાં વગ વસીલો બહુ મોટો અને ઓહોલો છે. માનવંત શેહેનશાહે જે મોટું માન આ સખી શેઠયાને આપ્યું તેથી લાયક નરની વાજબી કદર બુજેલી કહેવાશે અને પારસી કોમે એવણને મલેલા આ મોટા માનને પોતાનું ઘણી ઘણા વાહાલ અને માનથી વધાવી લીધું છે. આપ બળથી આગળ વધીને આવા ઉંચ દરજાએ પોહોચેલા આ સખી વજુદ શેઠયાના પરમારથની આવી કદર બુજાયલી જોઈ આપણને સંતોષ ઉપજે છે. સર ધનજીભાઈ અને એવણના નેક મોહરદાર લેડી ફ્રેનીને મુબારકબાદી આપ્યે છીએ અને આ કરતા વધારે માન સાથ જાહોઝલાલી ભોગવી એવોએ મેલવેલી કીરતીમાં વધારો કરવાને અને પોતાનો સખાવતી દસ્ત લંબાવતા રહી, પોતાના અમીરી દીલ ગુરદાનો લાભ કોમને આપતા રહી, કોમનું ભલુ કરવાને લાંબી જીંદગી, સુખવાસી તંદરોસ્તી ભોગવે એવી દુવા ચાહીએ છે તે આમીન હોજો.

સર ધનજીભાઈની શેહાડી પુણાના જાણીતા શેહેરી શેઠ કુંવરજી અરદેશર કન્ટ્રાકટરના સખી દીકરી બાઈ ફ્રેની સાથે ઇસ્વી સને ૧૯૧૪ ના સાલમાં બીજી વાર થઈ હતી.

સર ધનજીભાઇને મળેલું માનપાન.

સર ધનજીભાઇને વેલાતની વીંડસર ખાતેની બ્રીટીશ લીજનના વાઇસ પ્રેસીડંટ તરીકે આ વરસે નેમી માન આપ્યું છે.

મુંબઈના નામદાર ગવરનરની લેવીમાં હાજર થવાનું માન આજ વરસો થયા એવણ ભોગવતા આવ્યા છે.

નામદાર પ્રીનસ ઓફ વેલસ હીંદની મુસાફરીએ નીકલેલા મુંબઈમાં તા૦ ૧૭ મી નવેમબર ૧૯૨૧ ને દીને પધારયા હતા ત્યારે બીજે દીવસે થયલા બાદશાહી ખાણાના મેલાવડામાં પારસીઓમાં સર ધનજીભાઇ અને લેડી ફ્રેનીને હાજર થવાનું માન મલ્યું હતું અને લેડી ફ્રેની નામદાર શાહાજાદાના દાબા હાથ ઉપર બીરાજ્યાં હતાં.

સર ધનજીભાઇ અને લેડી ફ્રેનીની યુરોપ ખાતેની મુસાફરી દરમ્યાન જુન ૧૯૨૨ માં લંડન ખાતે ભરાયલી લેવી હીઝ મેજેસટીક કોરટમાં લેડી ફ્રેનીને હાજર થવાનું માન મલ્યું હતું જ્યાં બધા લેડીસો હાજર થાય છે. તેમજ નામદાર મહારાણીના ભાઈ ડયુ ઓફ એથલોન (Athlon) ને ત્યાં ટી પારટી ઉપર સર ધનજીભાઈ તથા લેડી ફ્રેનીને નોતરવામાં આવ્યાં હતાં.

પુણા અને ખડકીના જરથોસ્તીઓની એક જાહેર સભા તા૦ ૪ ઠી જાનેવારી ૧૯૨૨ ને દીને સર દીનશાહ માણેકજી પીટીટ પુણા પારસી જીમખાના હોલમાં સરદાર દસ્તુર કેકોબાદ આદરબાદ દસ્તુર નોશીરવાનના પ્રમુખપણા હેઠળ મલી હતી. એ વખતે હાજર રહેલા ગ્રહસ્થોએ સર ધનજીભાઈને મલેલા ખેતાબ માટે પોતાની ખુશાલી દરશાવી એક માનપત્ર ચાંદીના કાસકેટ સાથે એવણને આપવાનો ઠરાવ કીધો હતો. આ માનપત્ર સર ધનજીભાઈને એવણની પુણાની મુલાકાત દરમ્યાન એનાયત કરવામાં આવ્યું હતું જેનો એવો શેઠે માયાકુલ શબ્દોમાં જવાબ વાળયો હતો.

સુવાલી ગામના જરથોસ્તીઓની એક સભા તા૦ ૮ મી જાનેવારી ૧૯૨૨ ને દીને સહવારે ત્યાની અગીયારીમાં શેઠ રતનજી ભીખાજી જીજીનાના પ્રમુખપણા હેઠળ મલી હતી. શરૂઆતમાં જશન કરવા પછી સર ધનજીભાઇને મુબારકબાદી આપનારૂ માનપત્ર વાંચવામાં આવ્યું હતું જે એવણ સાહેબ ઉપર મુંબઇ મોકલી આપવામાં આવ્યું છે.

ભરૂચની જરથોસ્તી અનજુમન તરફથી માનપત્ર આપવાનો એક મેળાવડો તા૦ ૧૨ મી જાનેવારી ઈસ્વી સને ૧૯૨૨ ને દીને સાંજે સર ધનજીભાઈની કોટની આફીસમાં કરી એવણને માનપત્ર એનાયત કરવામાં આવ્યું હતું. એ વેળા ભરૂચની જરથોસ્તી અંજુમનના અકાબર ખાનબહાદુર આદરજી મનચેરજી દલાલ અને અંજુમનના બીજા ત્રસ્ટીઓના એક ડેપ્યુટેશને એવણની મુલાકાત લઇ માનપત્ર વાંચી સંભળાવ્યું હતું.

એવણ શેઠને મુબારકબાદી આપનારા તારના સંખ્યાબંધ સંદેશાઓ, કાગળો જુદા જુદા શાહેરો ખાતેથી આવ્યા હતા, તેમાં નામદાર પ્રીનસ ઓફ વેલ્સ, નામદાર વાઈસરાય લોરડ રેડીંગ, મદરાસના નામદાર ગવરનર લોરડ વીલીંગડન, નામદાર ગાયકવાડ મહારાજા, બીકાનેરના નામદાર મહારાજા, અને પતીયાલાના નામદાર મહારાજા તેમજ ઉદવાડા, પુણા, ભરૂચ, સકર, કરાંચી વગેરે શેહરોની જરથોસ્તી અંનજુમન તરફથી હતા.

સખી વજુદ શેઠયા સર ધનજીભાઇ બમનજી અને એવણુના ધણીયાણી લેડી ફ્રેની તા૦ ૧૪ મી જાનેવારી ૧૯૨૨ ને દીવસે પી. એંડ ઓ. કંપનીની મેલ સ્ટીમર કયસરે હીંદમાં યુરોપની સફરે ગયાં હતાં. આ ભાગયશાળી જોડાને વીદયાગીરીનું માન આપવાને અને એવોએ મુંબઇના છેલા હુલડ વેળાએ જે કીમતી મદદ પોતાની કોમને આપી હતી તેની કદરસનાસીમાં પારસી બાનુઓ અને ગ્રહસ્થો ઘણી મોટી સંખ્યામાં બેલારડ પીયર ઉપર હાજર થયાં હતાં, જેઓએ પોતાના આ માનીતા સખી શેઠયા અને એવણુના બાનુને ફુલોના ગજરા અને તોરાઓથી વધાવી લઈ સફર સફળ ઈચ્છી ખુશાલીના જોશબંદ અવાજોથી બારાને ગજાવી મુક્યું હતું. પોતાને આપવામાં આવેલા આવા અસાધરણ મોટાં માન માટે સર ધનજીભાઇએ અને લેડી ફ્રેનીએ હસ્તે મુખડે સરવેનો આભાર માન્યો હતો અને પારસી કોમની વધુ ઉપયોગી અને સંગીન સેવાઓ બજાવવાની પોતાની ઉમેદ દરશાવી હતી. સેંકડો જરથોસ્તીઓના હુરરેના અવાજોની ચાલુ ગરજનાઓ વચે એઓ મુંબઇનો કીનારો છોડી ગયાં હતાં.

સર ધનજીભાઈ અને લેડી ફ્રેની મુંબઈથી ઉપડેલા ઈંગલંડમાં વીંડસર ખાતેની "ધી વીલોજ" વાલી પોતાની એસટેટ ઉપર તા૦ ૨૯ મી જાનેવારીએ જઈ પુગતાં ત્યાં તેઓને દીલોજાન આવકાર મલ્યો હતો. લંડનમા તેઓ સાંજે સાડા ચાર વાગતે જઈ પહોંચતાં તેઓને સંખયાબંધ મીત્રો અને પારસી કોમ તરફનાં ડેપયુટેશને આવકાર આપયો હતો. તે પછી તેઓ મોટરમાં બેસી "ધી વીલોઝ" વાળાં પોતાના મકાનમાં સાંજે જઇ પોહોંચયાં હતાં. મીલકતને મોખરે વીજળીક રોશની સાથનું આરકુ ઉભું કરવામાં આવ્યું હતું, જયાં તયાંનાં લોકોનું મોટું ટોલું તેઓને આવકાર આપવાને ભેગું મળયું હતું. મકાનના હોલમાં ઘર ખટલાનો સ્તાફ ભેગો મળયો હતો જેણે તેઓને આવકાર આપયો હતો અને સર ધનજીભાઇ અને લેડી ફ્રેનીએ તેઓ સાથે શેકહેંડ કીધી હતી. વળી બહાર ભેગાં મળેલાઓને ચા પુરી પાડવામાં આવી હતી, તથા દરેક પરોણાને દશ શીલીંગની નોટ ભેટ આપવામાં આવી હતી.

લંડન ખાતે યુરોપના પારસી એસોસીએશન તરફથી રીઝ હોટલમાં જમશેદી નવરોઝે સર મનચેરજી મે૦ ભાવનગરીના પ્રમુખપણા હેઠળ કરવામાં આવેલા ખાણાના મેલાવડામાં એસોસીએશન તરફથી સર મનચેરજીએ સર ધનજીભાઈ અને લેડી ફ્રેનીને હુલડવેલા મદદ આપવા માટે ઉપકાર માનનારો તથા નાઇટ હુડના ખેતાબ માટે મુબારકબાદી દરશાવનારો એક "એનગ્રોસ" કીધેલો ઠરાવ ભેટ આપ્યો હતો. તેમજ. ફીલડ મારશલ અરલ હેગે મુંબઈમાંથી હીંદીઓને દક્ષીણ આફરીકા ખાતે તથા મહાન લડાઇ માટે તઇયાર કરીને મોકલાવવામાં સર ધનજીભાઇએ બજાવેલી ઘણી કીમતી સેવાઓની તારીફ કરી હતી. લેડી ફ્રેનીએ પોતાની તથા પોતાના ધણી તરફથી જવાબ આપતાં જણાવ્યું કે અમોં ફક્ત હમારી ફરજ બજાવ્યે છીએ.

સર ધનજીભાઇએ કરેલો ધંધો.

સર ધનજીભાઇએ પોતાના આપ બળથી અને જાતી મહેનતથી આગળ વધી મુંબઈ નગરીમાં પોતાનો ધંધો ચલાવી ઘણી નામના અને કીરતી મેળવી વેપારી વરગમાં સારી આંટ ધરાવે છે. એવણના મરહુમ પીતાજી શેઠ બમનજી ધનજીભાઈએ સને ૧૮૫૨ ના સાલથી ધંધો ચલાવવાનો શરૂ કીધો હતો તેમાં સર ધનજીભાઈએ વરસો થયાં જોડાઈ પોતાની બાહોશીથી પોતાનું બીઝનેસ મોટા પાયા ઉપર વધારી મેલ્યું છે. મુંબઈની સુકી ગોદીનું કંત્રાકટ એવણ શેઠ હસ્તક ચાલે છે અને બ્રીટીશ ઇંડયા કંપનીની તેમજ બીજી ઘણી કંપનીઓની આગબોટને ખોરાકી કોલસો વગેરે દરેક ચીજો મોટા જથામાં પુરી પાડે છે. સ્ટીમરોને રંગવાનું કામ ઘણા બહોલા પાયા ઉપર ચલાવવામાં આવે છે. હરરોજ દોઢથી બે હજાર કામદારો એવણ હસ્તકથી રોજી મેળવે છે અને પોતાના કામકાજ ઉપર દેખરેખ રાખવા માટે એવણની કોટની હેડ આફીશ ઉપરાંત મુંબઇમાં બીજી પાંચ આફીસો રાખી છે તેથી દરેક જગાઓનું કામકાજ ઘણી સહેલાઇથી તેમજ ચોકસાઈથી બજાવી શકાય. એવો શેઠની આફીસોમાં લગભગ દોઢસો જરથોસ્તીઓ કામ કરે છે અને સારી રોજી મેળવે છે. એવણે જરમન તથા બોયર લડાઈઓ વખતે તથા બીજી જુદી જુદી લડાઇઓ વખતે નામદાર સરકારની ઘણી કીમતી સેવાઓ બજાવી સારી મદદ આપી છે. એવણે જરમન મહાન લડાઈ વખતે તેમજ દક્ષીણ આફ્રીકા ખાતે ઘણા હીંદીવાનોને તઇયાર કરી મુંબઇથી મોકલી આપી સરકારની સારી સેવા બજાવી છે.

સર ધનજીભાઇએ કરેલી સખાવત.

સર ધનજીભાઇએ યુરોપ ખાતેના જાહેર ધરમ ખાતાઓને, લશકરી સંસ્થાઓને તેમજ દુખ નીવારણ ફંડોમાં હજારો પાંઉડની બખશેસ કરી પોતાની ઉદારતા બતાવી આપી છે, તેમજ આ દેશમાં પણ કોમી તથા પરકોમી ફંડો અને ધરમ ખાતાંઓને દુલ્લાં દીલથી ઘણી સારી મદદ કરી છે. એવણ શેઠની કોમી સેવાઓ પણ બહુ બહોલા પ્રમાણમાં થયલી છે. આ સખી શેઠયાએ કેળવણીનો ફેલાવો કરનારા ખાતાઓ તથા અંગ બળની ખીલવણી કરનારી સંસ્થાઓને તથા બીજા અનેક ખાતાઓને હાતમ દીલથી નાણાની મદદ આપી છે. વળી એ પરોપકારી શેઠયાએ ૧૯૨૧ માં મુંબઈમાં થયલાં છેલ્લાં હુલડ દરમ્યાન કટોકટ વખતે પોતાના હમદીનોની મદદે હીમતથી બહાર પડી નાણાની મદદ કરી કોમની જે અમુલ્ય સેવાઓ બજાવી હતી તે કદી વીસરાઈ શકાશે નહી.

પારસી કોમનાં મધ્યમ વરગના છોકરાઓને ધરમ કેળવણી આપી તેઓનું પાલન પોશન કરી ઉદયોગ હુનર શીખવવા માટે એક કરોડ રૂપ્યાની બાદશાહી રકમ સખાવતમાં આ વરસે આપવાનો એવણ શેઠનો વીચાર છે એમ જાહેર કરવામાં આવ્યું હતું જેને લગતી સંપુણ વીગતો હજી બહાર પાડવામાં આવી નથી.

નામદાર પ્રીનસ ઓફ વેલસને મુંબઈમાં આવકાર આપવાના ફંડમાં રૂ૩૫૦૦૦ આપ્યા હતા અને એ નામદારને લઇને હીંદુસ્તાન ખાતે આવેલી બાદશાહી મનવાર રીનાઉડના હાફીસરો તથા સેલરોને હીંદના જુદાં જુદાં શેહરો જોવાની ગોઠવણ સર ધનજીભાઇની ઉદારતાના પરીણામે કરવામાં આવી હતી. લગભગ

૧૧૬૦ જણાઓને મુંબઇથી સ્પેશીયલ ત્રેનોમાં મોકલી દીલ્હી વગેરે ઠેકાણે ફેરવ્યા હતા અને એવોની મુસાફરી પાછલ સુમારે એક લાખ રૂપ્યાનો થયલો ખરચ એવણે આપ્યો હતો. એવણુની આ ઉદ્દારતા માટે નામદાર પ્રીનસ ઓફ વેલસ હીંદની મુસાફરી પુરી કરી પોતાને વતન યુરોપ ગયા ત્યારે લંડનના સ્ટેશન ઉપર હાજર થવાનું તેડુ સર ધનજીભાઇને કીધું હતું અને ત્યા એવણુનો નામદાર પ્રીનસે આભાર માન્યો હતો.

પુણાની સરદાર દસ્તુર હોશંગ બોયઝ હાઈસ્કુલ માટે મકાન બાંધવા સારૂ રૂ૫૦૦૦૦ અને સ્કોલરશીપો માટે રૂ૧૦૦૦૦ તેમજ પુણાની સરદાર દસતુર નોશેરવાન ગરલસ હાઈસ્કુલના હોસટલ માટે રૂ૨૫૦૦૦ અને પુણાના સર દીનશાહ માણેકજી પીટીટ પારસી જીમખાના માટે એક મોટો હોલ તથા બેડમીટંન માટે રૂ૧૦૦૦૦ આપ્યા છે. તેમજ માહાબલેસ્વર ખાતેની અંગરેજોની કલબના મકાન ઉપર એક માલ ચડાવી તેની અંદર સુધારો વધારો લગભગ લાખ રૂપ્યાને ખરચે કરી આપવા સર ધનજીભાઇએ જણાવ્યું છે.

સુરત જીલ્લાના સુવાલી ગામમાં એક ધરમનુ દવાખાનું ઇસ્વી સને ૧૯૨૦ ના સાલમાં સર ધનજીભાઈએ બંધાવી જાહેર વપરાસ માટે ખુલ્લું મુકયું છે.

સર ધનજીભાઈએ યુરોપ ખાતેની પોતાની મુસાફરી દરમ્યાન મારચ ૧૯૨૨માં વીંડસર ખાતેની બ્રીટીશ લીજન કલબ સ્થાપવા માટે ૫૦૦૦ પાઉંડ તથા તેના જનરલ ફંડમાં ૫૦૦૦ પાઉડ અને વીંડસરની કીંગ એડવરડ હાસપીટલમાં ૫૦૦૦ પાઉંડ બક્ષેશ આપ્યા છે.

આપણી કોમના અરધો દજન સભાસદોને પાછા હીંદ ખાતે મોકલાવવા માટેનો લગભગ ૨૦૦ પાઉંડ જેટલો ખરચ લંડન ખાતેની યુરોપની પારસી એસોસીએશને કીધો હતો તેથી એવણે એ એસોસીએશનને ડોનેશન તરીકે આ વરસે ૨૦૦ પાઉંડ આપ્યા હતા તેમજ એ ખાતાને અગાઉ ૫૦૦૦ પાઉંડની તથા બીજી નાણાની ઘણી ધરખમ મદદ કીધી હતી.

છેલ્લી લડાઈ વેળાએ ફ્રાનસમાંના બ્રીટીશ લશકરના એક વેળાના વડા ફીલ્ડ મારશલ હેગને ઘોડા ઉપર બેઠેલા બતાવનારૂં પુતલુ એડીનબરગ શહેરને સર ધનજીભાઈ ભેટ આપનાર છે તે તઇયાર કરવાનું કામ મી૰ જી. ઇ. વાડીને સોંપવામાં આવ્યું છે, જેમણે બાદશાહી કુટંબનાં ઘણાં નામાંકીત લડવઇયા અને રાજદવારીઓનાં પુતલાં તઇયાર કીધાં છે. આ બાવલુ કાંસાંનું બનાવવામાં આવશે અને તેની બેઠક સંગે મરમરની રહેશે. સર ધનજીભાઈ ફીલ્ડ મારશલ હેગના ભારે વખાણનાર છે.

સર ધનજીભાઈનો ઉતમ પ્રકારની ઝળકતી કારકીરદી, સંસાર વેહવાર અને ધંધા રોજગારમાં સાચવેલા ઉતમ નીયમ, રંક કે રાય દરેકે દરેક સાથે એક સરખી નમનટાઈ, એવાં તો સરેષ્ટ છે કે સર ધનજીભાઈ એક શેઠયાના મુબારક નામને લાયકના છે અને પારસી કોમને એવણ જેવા સખી શેઠયાની દીલસોજીની ઘણી જરૂર છે. એવણ શેઠ તથા એવણના નેક ધણીયાણી લેડી ફરેની પોતાની હમદીન કોમ તરફ હમેશા દીલસોજી દેખાડી સદા મદદ કરતાં આવ્યાં છે. એવોનું દુન્યામાં ચોમેર પંકાયલું મુબારક નામ અને સખાવતી કામો દુન્યાની સપાટી ઉપર હજી વધુ વીખ્યાતી મેળવતા રહે અને એવોનો બહુ બોહોળો વ્યાપાર પુરથવી ઉપર વધુ ઝળકાવતો રહે આમીન !

પારસી કોમના માનવંત સખાવતી શેઠયા
શેઠ મેરવાનજી મનચેરજી કામા.



મનચેરજી ફરામજી કામા અથોરનાન ઇનસ્ટીટયુટ સ્થાપવા માટે પચીસ લાખ રૂપીયાની બાદશાહી રકમ સખાવતમાં આપનાર સખી શેઠયા.

પારસી કોમના માન પામેલા સખી વજુદ શેહયા
મરહુમ શેઠ મનચેરજી ફરામજી કામા.



જન્મ—રોજ ૬ઠો, માહા ૬ઠો, કદમી સને ૧૧૮૦ યઝદેજરદી,
તારીખ ૯મી ફેબ્રુવારી ઇ. સને ૧૮૧૧.

મરણ—રોજ ૮મો, માહા ૮મો, કદમી સને ૧૨૬૩ યઝદેજરદી.
તારીખ ૨૨મી માર્ચ ઇ. સને ૧૮૯૪.

પારસી કોમના માનવંત સખાવતી શેઠયા

શેઠ મેરવાનજી મનચેરજી કામા

એવણની જીંદગીની ટુંક વીગત.

પારસી કોમના સખી વજુદ શેહેરી અને સખાવતી શેઠયા શેઠ મેરવાનજી મનચેરજી કામાએ પોતાના મરહુમ મુરબીજી બાવાજી શેઠ મનચેરજી ફરામજી કામાની યાદગારી સદાકાળ જાલવી રાખવા માટે શેઠ મનચેરજીને નામે અથોરનાન જાદાઓના લાભ માટે મોટા પાયા ઉપર એક ઈનસ્ટીટયુટ સ્થાપી તે માટે આ વરસે સખાવતમાં એકી વખતે પચીસ લાખ રૂપ્યાની રકમ આપી છે. શેઠ મેરવાનજીએ કરેલી હાતમદીલ બક્ષેશમાંથી આ કોમ ઉપયોગી મોટું ધરમ ખાતું "મનચેરજી ફરામજી કામા અથોરનાન ઇનસ્ટીટયુટ" ને નામે ઓલખાશે અને એની સ્થાપના કરી તે માટેનું ટ્રસ્ટડીડ તા૦ ૩૦ મી મારચ ૧૯૨૨ ને દીને કરી રેજીસ્ટર કરાવવામાં આવ્યું છે. આ નમુનેદાર ખાતાથી સખી શેઠ મેરવાનજીનું તેમજ એવોના પીતાજી શેઠ મનચેરજીનું નામ તેમજ કામ સદાકાલ યાદ રહી જશે અને એનો લાભ મેલવી બહાર પડેલા અથોરનાન સાહેબો સદાના એવો સાહેબના આભારમાં રહેશે.

આ કોમ ઉપયોગી ધરમખાતું બરપા કરનાર સખી વજુદ શેઠયા શેઠ મેરવાનજી મનચેરજી કામા જેવણનો જન્મ રોજ ૧૭ મો માહા ૨ જો કદમી સને ૧૨૧૯ યઝદેજરદી, તારીખ ૧૩ મી અકટોબર ૧૮૪૯ ઈસ્વીને દીને મુંબઈમાં થયો હતો.

શેઠ મેરવાનજીએ શરૂઆતમાં કેળવણી રૂસ્તમદારૂ દાદાચાનજીની નીશાળમાં લીધી હતી. તે પછી ફોરટ બ્રાનચ સ્કુલમાં થોડો વખત અભ્યાસ કરી એલફીનસ્ટન હાઇ સ્કુલમાં જોડાઈ ઇસવી સને ૧૮૬૮ ના સાલમાં મેત્રીકયુલેશનની પરીક્ષામાં એવણ પસાર થયા હતા. વધુ અભ્યાસ માટે એલફીનસ્ટન કોલેજમાં દાખલ થઇ ઈસ્વી સને ૧૮૭૨ માં બી. એ. ની પરીક્ષા પસાર કરવા પછી ૧૮૭૩ માં બી. એ. ની ડીગરી એવણને મળી હતી. શેઠ મેરવાનજીની શેહાડી એવણના કાકા શેઠ પેસતનજી કામાના બેટી બાઇ આઇમાય સાથે ઈસ્વી સને ૧૮૭૧માં થઈ હતી અને એવો શેઠને ત્યા ફરઝંદની વૃદ્ધી થઈ નથી.

શેઠ મેરવાનજીનું કુટુંબ.

શેઠ મેરવાનજીનું કુટુંબ અસલ શેઠ કામાજી કુંવરજીના નામથી શરૂ થાય છે. કામાજી સુરતની પશચીમે પેલેપાર આવેલા ટેણા ગામના રહેવાસી હતા. તેવણ આજ ૧૮૭ વરસ ઉપર વાડીયા ખાનદાનના વડા શેઠ લવજી સાથે પોતાના ખાનગી કારણે

વતન છોડી મુંબઇ આવ્યા હુતા અને મુંબઈમાં સરકારી તીજોરી ખાતામાં નોકરીએ રહયા હતા. શેઠ કામાજીને બે દીકરાઓ શેઠો એદલજી અને મનચેરજી કરીને હતા. શેઠ મનચેરજી ચીન સાથ મોટા પાયા ઉપર વેપાર ચલાવતા અને એવણને બી ત્રણ દીકરાઓ શેઠો ફરામજી, હોરમજી તથા નશરવાનજી કરીને હતા. શેઠ ફરામજી મનચેરજી કામા તા૦ ૧૪ મી જુન ૧૮૨૩ ને દીને ૪૩ વરસની વયે ગુજરયા હતા. એવણે સને ૧૮૦૦ ના સાલની આગમજ ચીન ખાતે બએવાર સફર કરી મુંબઇ આવી ચીનનો વેપાર તથા આદતનું કામ બોહુળા પાયા ઉપર ચલાવવા માંડયું હતું. શેઠ ફરામજીના પુણ માટે એવણના બેટા શેઠ મનચેરજીએ તે શેઠ મેરવાનજીના બાવાએ મુંબઇની પારસી પંચાયતને દોખમાની જમીનની લગોલગ ૮૩૫૯ વાર જમીનનો ટુકડો તથા રૂ૩૦૦૦ ની સરકારી લોન સને ૧૮૮૪ ના સાલમાં આપી હતી.

શેઠ ફરામજીને ચાર દીકરાઓ, શેઠો મંચેરજી, પેસતનજી, બમનજી તથા ડોસાભાઇ કરીને હતા. તેઓ મધેના વડા શેઠ મંચેરજીનાં બે દીકરાઓ શેઠ મહેરવાનજી તથા મરહુમ શેઠ હોરમજજી હતા.

શેઠ મનચેરજીએ ૧૮૩૨ નાં સાલમાં "મનચેરજી ફરામજી કામાને" નામે વેપારી પેહેડી સ્થાપી હતી. એવણે ૧૮૮૨ ના સાલમાં પોતાના બાવાની યાદમાં ફરામજી મનચેરજી કામાંના ધરમખાતાના નામથી એક પકકુ ટ્રસ્ટ કરી પોતાની બે કીમતી જમીન જેનું ફરજનદારીનું વારસીક ભાડું રૂ૬૯૦૦ ઉપજતું હતું અને હાલબી ઉપજે છે તે ટ્રસ્ટીઓને સ્વાધીન કીધી હતી તેનાં ટ્રસ્ટીઓ તરીકે શેઠ મનચેરજી પોતે, શેઠો રૂસતમજી પેસતનજી કામાં તથા મરહુમ શેઠ હોરમજી બેહરામજી કામા ઉપરાંત તેવોનાં બેટાઓ શેઠ મેરવાનજી તથા મરહુમ શેઠ હોરમજી પણ હતા. એ ફંડનો વહીવટ મુખ્ય કરીને એ બે ભાઇઓ કરતા હતા. આ ફરામજી મનચેરજી કામાના ધરમાદા ખાતાનાં ફંડમાંથી સરવ જ્ઞાતના ગરીબોને મદદ કરવા ધરમના મકાનોને આશરો આપવા તથા ગરીબના નાવારેસ જરથોસ્તીઓને નવજોત, લગન અને મરણ વખતે મદદ કરવાનું ફરમાવ્યું હતું. એ ફંડની નેમ કોઇબી જરથોસ્તી જમાનાની ગીરદેશીથી દગાણમાં આવી ગયો હોય તેને નાણાંની તથા બીજી હર કોઇ મદદ આપવાની વીગેરે છે, પણ તેની મુખ્ય ખુબી એ છે કે તેનો હીસાબ જે ઓછામાં ઓછા પાંચ વરસે તુલોતવીલ છાપવાને ફરમાવ્યું છે તેમાં મદદ લેનારાઓના નામ આપવા નહી એવી ફરમાસ કીધી છે.

શેઠ મેરવાનજીએ પોતાના મરહુમ ભાઇ શેઠ હોરમજી સાથે કરેલો ધંધો.

શેઠ મેરવાનજીએ ગ્રેડયુએટ થયા પછી શરૂઆતમાં વાંદરા ખાતેની શેઠ ફરામજી ભરૂચા હસ્તક ચાલતી બોરડીંગ સ્કુલમાં હેડ માસ્તર તરીકે નોકરીએ રહયા હતા. થોડા વખત પછી મુંબઇમા કોટમા આવેલી મેસરસ વીલીયમ બેલની કંપનીમાં જોડાઈ સેલ્સમેન તરીકે કામ કીધું હતું.

એવણનું ધ્યાન ધંધા તરફ વધુ લાગવાથી ઇસ્વી સને ૧૮૭૭ ના સાલમાં પોતાના મરહુમ ભાઈ શેઠ હોરમજી સાથે મલી ભાગમાં શરાફી ધંધો તેમજ મીલકતોનો વહીવત કરવાનું શરૂ કીધું હતું.

શેઠ મેરવાનજી તથા એવણના ભાઈ મરહુમ શેઠ હોરમજી, એ બંને બીરાદરો વચેનો સંપ ઘણોજ વખાણવા જોગ હતો. એઓ બંને ભાઈઓ સાથેજ ધંધો રોજગાર કરતા હતા અને એકમેકના મતને ટેકો આપતા તેમજ દરેક કામમાં બંને બીરાદરો હમશરીક હતા. એ બંને ભાઈઓને પોતાના પીતાની મોટી મીલકતોનો વારસો મલ્યો હતો જે પોતાના કરકસરીયા કારભારથી તેમાં ઘણો સારો વધારો થયો છે. આ કામા બીરાદરો શેઠો મેરવાનજી તથા હોરમજીએ વેપાર ઉદ્યોગને ઉતેજન આપવા ખાતર ઘણાક દેશોઉપયોગી સાહાશો માટે મદદ તરીકે હજારો રૂપયાની રકમ ધીરી તેઓને હાર પાડયા હતા. એવો સાહેઓ જેનેબી નાણા ધીરતા હતા, તેઓને બનતા સુધી નાણા પાછા વસુલ કરવા માટે કદીબી દુખ દેતા નહી જે એવોના સખી દીલગુરદાની સાબેતી પુરી પાડે છે. મુંબઈની નજદીક કુરલા ભણી પવાઈ બાજુ તરફ અગાવે (agave) ફાઇબરની ખેતીની અજમાયશ કરવા અને આપણી તરફ એ રેશાનો ઉપયોગ થાય તે માટે તેને ઉતેજન આપવા સારૂં એક યુરોપીયનને ઘણી મોટી રકમ એક દાહેકાની વાત ઉપર ધીરી હતી. એ સાહાસમાં તે ઘણી ફતેહમંદ નહી થવાથી કામા બીરાદરોએ પોતે કીફાયત સરતોએ આપેલી રકમનો મોટો ભાગ ખોહવો પડયો હતો.

ઈસ્વી સને ૧૯૧૬ મા શેઠ હોરમજી બેહેસતનશીન થયા ત્યા સુધી બંને ભાઈઓએ ભાગીદારીમાં વહીવટ કરયો હતો અને પોતાનું શરાફી બીઝનેસ બહુ વધારી મેલીને વેપારી વરગમાં ઘણી સારી આંત મેલવી છે. એવણના ભાઇ શેઠ હોરમજીના મરણ પછી શેઠ મેરવાનજી એખલા મોટા પાયા ઉપર મીલકતોનો વહીવટ તથા શરાફી ધંધો ચલાવે છે અને પોતાની સાથે પોતાના મરહુમ ભાઈ શેઠ હોરમજીના બે સાહેબજાદાઓ શેઠો જાહાંગીરજી તથા કેખશરૂને મદદ કરવા જોડયા છે જેઓ પોતાના મુરબીજી કાકાજી શેઠ મેરવાનજીને એવણના કામમાં ઘણા મદદગાર થઈ પડયા છે. એવણ સાહેબ ઇસ્ટેટો વગેરે પોતાને હસ્તક મોરગેજ રાખી વ્યાજે નાણા ધીરે છે અને વરસો થયા ઘણી આબરૂ ઈજતથી પોતાનું બીઝનેસ ચલાવી પોતાની પેહેડીની નામના વધારી મુકી છે.

કામા બીરાદરોએ કરેલી બોહોલી સખાવત.

આ બંને માનવત ભાઇઓ શેઠ મેરવાનજી તથા મરહુમ શેઠ હોરમજીએ મુંબઈ તેમજ હીંદના જુદા જુદા દેશાવરો ખાતેનાં સંખ્યાબંધ ધરમખાતાંઓમાં અને સખાવતી ફંડોમાં સેંકડો બલકે હજારો રૂપ્યાની રકમ કાઢી આપી છે. એ દરેક રકમ બંને ભાઇઓના ભેગા નામેજ આપવામાં આવી છે તેથી જેબી નાણા સખાવતમાં આપ્યા હતા તે બંને ભાઇઓની સામટી સખાવત કહી શકાય. એવો શેઠોની

સખાવતના ઝરાનો લાભ સેંકડો ખાતાંઓને મલ્યો છે પણ તેમાની મુખ્ય સખાવતોની વીગત હેઠળ આપવામાં આવી છે. એવો સાહેબોએ દર વરસે નાખલી મોટી રકમો મલી હજારો રૂપયા જાહેર ધરમખાતાંઓમાં આપ્યા હતા તેમજ એઓ સાહેબોની ખાનગી સખાવતનો લાભ સંકડો આશામીઓને મલ્યો હતો જેનો આંકડો બી મોટી રકમનો થવા જાય છે.

૧૮૯૬ ના સાલની આખેરીએ મુંબઈ ખાતે ગાંઠયા મરકીએ પગપેસારો કીધો તે વેળા મરહુમ ડા૦ કેખશરો ન. બહાદુરજીની માંગણી ઉપરથી પારસીઓએ પહેલી હાસ્પીટલ જે વીકટોરીયા ગારડનસની સામેના કુશાદે બંગલામાં ઉઘાડી હતી તે શેઠ મેરવાનજી તથા મરહુમ શેઠ હોરમસજી કામાની માલેકીનો હતો. પહેલાં થોડાક મહીના એ બંગલો પંચાયતે ભાડે રાખયા પછી મજકુર કામા બીરાદરોએ તેનો મુફત ઉપયોગ કરવા પોતાની કોમને આપયો હતો. એજ મીસાલ બીજે વરસ ૧૮૯૭ ના સાલમાં મુંબઈની પારસી પંચાયતના ફંડના ત્રસ્ટી સાહેબોએ પરેલ મધેની પારસી હોસપીટલ તા૦ ૧૭ મી ડીસેમ્બર ૧૮૯૭ થી ચાલુ કીધી અને તે માટે શેઠો મહેરવાનજી તથા હોરમસજી મનચેરજી કામાજીએ પોતાનો પરેલનો કુશાદે બંગલો મુફત વાપરવા આપયો હતો. એ રીતે શેઠો મહેરવાનજી અને હોરમશજીએ પોતાનો પરેલનો મોટો બંગલો પારસી ફીવર હાસ્પીટલ માટે મરકી વેળા જયાં સુધી તે બંગલો સરકારે લીધો ત્યાં સુધી એટલે કુલ્લે ૭ વરસ અને ૯ મહીના સુધી મહેરબાની કરી મુફત વાપરવા આપી પારસી કોમ ઉપર મોટો આભાર કરવા વીશેની નોંધ તેના રીપોરટમાં પંચાયતના ત્રસ્ટીઓ તરફથી લેવામાં આવી છે. શરૂઆતમાં થોડાજ મહીના એ બંગલાનું ભાડું રૂ૨૭૫ આપવામાં આવયું હતું તે મુજબ ગણતાં એ બંને સાહેબોએ એ ભલાં કામમાં રૂ૨૫૫૭૫ ની બક્ષેશ કરેલી ગણાય અને તે ઉગાલા ઉપરાંત વધુ એ હતું કે એ કુશાદે અને ખુલ્લાં મકાનથી હાસ્પીટલનાં કામમાં અતી સગવડ મલી હતી.

ડા૦ ડાજી હસ્તકની ઝોરાસ્ટ્રીયન બીલડીંગ સોસાયટીના દર રૂ. ૧૦૦ ની કીંમતના રૂ. ૨૫૦૦૦ ની કીંમતના ૨૫૦ શેરો એવો સાહેબોએ ખરીડયા હતા. આ શેરોમાના રૂપ્યા વીસ હજારની કીંમતના ૨૦૦ શેરો ય૦ સને ૧૨૭૭ ના સાલમાં મુંબઈની પારસી પંચાયતને એવી સરતે આપ્યા હતા કે એની વારસીક આવક શેઠ બમનજી દીનશાહ પીટીટ પારસી જનરલ હાસપીટલમાં દર વરસ આપ્યા જવી તેમજ બીજી વધુ રૂ૫૦૦૦ ની કીમતની જામીનગીઓ પણ ઈસ્વી સને ૧૯૦૫ માં પારસી પંચાયતને આપી હતી કે તેનું વ્યાજ દર વરસે હાસપીટલમાં આપવું.

આ બંને કામા બીરાદરોએ રૂ૫૬૦૦૦ ની નાદર રકમ ગરીબ જરથોસ્તીઓને માટે સસતાં ભાડાનાં મકાન બાંધવા માટે ગરીબ જરથોસ્તીઓના રહેઠાણોનાં ફંડની કારોબાર મંડળીને ૧૮૯૫ ના સાલમાં કદમો સુકતાદ ટાંકણે આપી હતી, એમાંથી એ મંડળી હસ્તક એવણના મરહુમ માત પીતાજી શેઠ મનચેરજી ફરામજી કામા તથા તેવણના વીધવા બાઈ આવાંબાઈના નામથી બંધાયલું મકાન તા૦ ૨૭ મી નવેમ્બર ૧૮૯૮ ને દીને જાહેર વપડાસ માટે ખુલ્લું મુકવામાં આવ્યું હતું.

બાઇ શીરીનબાઈ મનચેરજી કામા હસ્તકના વાંદરેના કોનવેલેસંટ હોમમાં વરસો થયાં એક બીછાનાના નીભાવ માટે રૂ૩૬૦ દર સાલ આપવામાં આવે છે. એજ પરમાણે ડા૦ માસીના હાસપીટલને દર સાલ રૂ૫૦૦ અને મરહુમ શેઠ ફરામજી મનચેરજી કામાનાં ધરમખાતાના ફંડમાંથી દર સાલ રૂ૧૦૦ની મદદ વરસો થયા મલે છે.

શેઠ મેરવાનજી બહુ મોટો સખાવતી દીલ ગુરદો ધરાવે છે અને પોતાના હમદીન ભાઈઓનું ભલુ કરવા હમેશા રાજી હોય છે. એવણે પોતાના ભાઈ શેઠ હોરમજીના બેહેસતનશીન થયા પછી મુંબઇ તેમજ જુદા જુદા દેશાવરો ખાતેના ઘણા ધરમખાતાઓમાં પોતાને જેમ વાજબી લાગે તેમ નાધલી મોટી રકમ દર સાલે સખાવતમાં આપ્યા જાય છે તેથી આ નામીચા શેઠયાની ખાનગી તેમજ જાહેર સખાવતોનો આંકડો બહુ મોટી રકમનો થવા જશે, તેમાં આ વરસે આ સખી શેઠે બોરડીંગ મદરેસા સારૂ આપેલી પચીસ લાખ રૂપ્યાની નાદર રકમનો વધારો થશે.

શેઠ મેરવાનજીનો સખાવતી ખાતાઓ સાથનો સંબંધ.

શેઠ મેરવાનજી એટલા બધા તો ધરમી તથા પ્રગજુ અને સખાવતી દીલના છે કે એવણે પોતાની આખી જીંદગીમાં જાહેર મંડલીઓ તથા કંપનીઓ સાથ જાજો સંબંધ નહી રાખતા પોતાની હમદીન કોમના લાભ માટેના સખાવતી, ધરમી તેમજ બીજા એવા ઘણા મંડળો સાથ સંબંધ ધરાવી પોતાનો કીમતી વખત રોકી મદદ આપી પોતાની સહલાનો લાભ આપે છે.

નીચલા જુદા જુદા જરથોસ્તી કોમને લગતાં સખાવતી ખાતાના ટરસ્ટી તેમજ તેની કારોબારી કમીટીના મેમબર છેઃ—શેઠ ફરામજી મનચેરજી કામા ચેરીટી ફંડના, શેઠ ફરામજી મનચેરજી કામાએ ઉભા કીધેલાં દરેહમેહરોને લગતાં ફંડોના, શેઠ નશરવાનજી મનચેરજી કામા ચેરીતી ફંડના, કદમી ગહમબાર ફંડના, કદમી અહુંકાર ફંડના, શેઠ નશરવાનજી માણેકજી પીટીટ ચેરીટી ફંડના, સર રતન તાતા પારસી માથેરાન કોનવેલેસંટ હોમના, બાઈ શીરીનબાઈ મ. કામાવાળા કોનવેલેસંટ હોમના, બાઈ આવાબાઈ ફરામજી પીટીટ ગરલસ આરફનેજના, શેઠ રૂશતમજી જમશેજી જીજીભાઈ સ્કુલ ફંડના, શેઠ મરઝબાનવાળા ગરીબ જરથોસ્તીઓના રહેઠાન ફંડના, ડા૦ સર તેમુલજીવાળા સુવાવડ ખાતાના, મુંબઇના પાંજરાપોલ ફંડના, અને સુરત ચેરીતી ફંડના. જયારે મુંબઈની પારસી પંચાયતના ધરમ ખાતાના ૧૧ વરસ સુધી ટરસ્ટી હતા. વળી બીજા ઘણા સખાવતી ખાતાઓ સાથે પોતાનો સંબંધ કારોબારી તરીકેનો હજી ચાલુ રાખ્યો છે અને તેઓની સારી સેવા બજાવતા રહે છે. એ ઉપરાંત પારસીઓના ખાનગી ટરસ્ટોના તેમજ કુટંબી મીલકતો તથા વીલો વગેરેના ટરસ્ટીયા વાળી તરીકે નેમાયલા છે. આપણી કોમનો એવણ ઉપર પુર વીસવાસ ને ઇતબાર હોવાથી પોતાના ખાનગી ટરસ્ટ તથા વીલના એકઝીકયુટર તરીકે એવણ શેઠને નેમી એવણની રૂડી સહલાહનો લાભ હમેશા લેય છે.

એવણે પોતાની આખી જીંદગી ઘણી ઉદ્યોગી કારકીરદીમાં કાઢી છે અને પોતાના લાયકી ભરયા સ્વભાવથી સરવે કોમમાં માન તથા ઇજત પામ્યા છે.

શેઠ મનચેરજી ફરામજી કામા અથોરનાન ઇનસ્ટીટયુટ

ઘણાં વરસો થયાં શેઠ મેરવાનજી મંચેરજી કામાએ પોતાની કોમના ધરમગુરૂ વરગની બહેતરી માટે પુખત વીચાર કરી એક સુચનારૂપી ખરદો તઈયાર કીધો હતો જે ખરદો ઘણાક આગેવાન જરથોસ્તીઓ સનમુખ રજુ કરીને એ સવાલની ચારવણી ચાલુ રાખી કોમનાં ફંડો કે આગેવાન સાહેબો એ બાબતની કાંઇ પેરવી કરે એ વીષે ઘણા આરજુમંદ હતા તેથી એવણે તા૦ ૧૨ મી આગસ્ટ ૧૯૧૨ ને દીને મરહુમ શેઠ નવરોજી માણેકજી વાહાડયા સી. આઈ. ઈ. ના ચેરીતી ફંડના શરનશીન નામદાર સર જમશેદજી જીજીભાઈ બારોનેટ ઉપર એક કાગલ લખી જણાવ્યું હતું કે "મરહુમ શેઠ નવરોજી માણેકજી વાહાડયા હસ્તકમાં ઉઠમણામાં ભરાયલા લગભગ ત્રણ લાખ રૂપ્યા હતા તે કોરટની પરવાનગીથી અથોરનાન સાહેબોના ઉપયોગમાં લેવી" પણ તે વખતે કાંઇબી કરવામાં આવ્યું હતું નહી.

આખરે એ કામ માટે પોતાની પુંજીનો એક ભાગ કહાડી આપી અથોરનાનોની બહેતરી માટેનું એક આગેવાન ખાતું સ્થાપી એક ત્રસ્ટ તા૦ ૩૦ મી મારચ ૧૯૨૨ ને દીને કીધું છે. એ ખાતાનું નામ પોતાના મરહુમ પીતાશ્રીનાં નામ ઉપરથી રાખવામાં આવ્યું છે.

એ ખાતાનાં પહેલા ત્રસ્ટીઓ તરીકે નીચલા સાહેબોને નેમવામાં આવ્યા છેઃ— શેઠ મેરવાનજી મનચેરજી કામા, શેઠ કાવસજી જાલભાઈ શેઠ, શેઠ હીરાજી કાવસજી કોલા, શેઠ ખરશેદજી ધનજીભાઇ શરોફ, શેઠ જહાંગીર હોરમસજી કામા, શેઠ કેખશરૂ હોરમસજી કામા અને શેઠ જેહાંગીર નવરોજી ગામડીઆ.

આએ સખાવતી ખાતાંની મુળ નેમ ત્રસ્ટ દીદમાં નીચે મુજબ જાહેર કરવામાં આવી છેઃ—

"Primarily the ameliorating and raising the status and condition of the Zoroastrian clergy (1) by establishing and maintaining an educational Institution for promoting, encouraging and imparting religious, moral and other education to the youthful members of the Athornan Community so as to train up and bring out a more educated enlightened and better class of Athornans than is now existing and (2) by payment of honoraria and establishing and maintaining scholarships or monthly or other stipends or allowances to such of the said members as might take the benefits of the Institution established by these presents after their completing their course of studies so as to enable them to follow thereafter the priestly calling."

ટ્રસ્ટડીડમાં આગળ ચાલતાં વધારે ખુલાસેવાર એ ખાતાંની નેમ નીચે મુજબ સમજાવી છે.

The principal and primary objects of the said Institution shall be:—(a) To impart religious and moral education (including instruction in the performance of the several rites and ceremonies laid down by the Zoroastrian religion) and so far as may be necessary or expedient for that purpose, general education, to Parsee boys of the Athornan (priestly) class professing the Zoroastrian religion who may be desirous of being initiated as priests according to the rituals prescribed by the Zoroastrian religion and of following the same calling thereafter and to prepare and train them up in manner intended to turn out an enlightened and educated body of Zoroastrian priests. (b) To support and maintain at the discretion of the Trustees such of the said boys as shall have taken the benefits of the said Institution and shall thereafter follow the priestly calling by giving them honoraria or monthly or other stipends or allowances, and (c) To improve the position and status of deserving Athornans who follow the priestly profession so as to make them useful and educated members in their said profession and lend dignity to their position as such.

And the secondary objects of the said Institution shall be the general advancement and spread of the knowledge of the Zoroastrian religion by providing or arranging for public or private lectures, sermons, discourses, or debates on matters connected with the Zoroastrian religion by duly qualified persons, by providing libraries and reading rooms, by the promulgation or suppression of particular religious or quasi-religious doctrines or customs; by establishing and supporting Madressas and the improvement of the position and status of Athornan priests by providing homes or asylums for Parsi Zoroastrian priests and their families, by establishing elementary or advanced schools for imparting religious education to their children or otherwise in such manner as the Trustees may in their absolute discretion think fit.

આ સખાવતને લગતી તમામ અસ્કયામત ટ્રસ્ટડીડને છેડે અસ્કયામતને લગતાં 'શીડયુલ' જોડવામાં આવયાં છે તે પ્રમાણે આપી દેવામાં આવનારી મીલકત નીચે મુજબ છે:—

(૧) શેઠ મેરવાનજી મનચેરજી કામાના હાલના વપરાસમાં પેડર રોડ ઉપર જે મીલકત અને બંગલો છે તે શેઠ મેરવાનજી અને તેવણુનાં ધણીઆણી બાઈ

પીરોજા તેઓની જીંદગી દરમયાન વાપરશે. અને તેઓની જીંદગી બાદ એ મીલ્કત ત્રસ્ટમાં જશે.

(૨) ૧૫૯૨ ચોરસવારની એક ખાલી જમીનનો ટુકડો આરથર રોડપર આવેલો, ૪૨૫૪ ચોરસવારનો ખાલી જમીનનો બીજો ટુકડો આરથર રોડની પુરવે આવેલો, ૬૪૩૬ ચોરસવારનો ખાલી જમીનનો ત્રીજો ટુકડો ગોવાળીઆ ટેંક રોડની ઉતરે આવેલો, ૧૩૩ ચોરસવારનો એક ચોથો ટુકડો ગોવાલીઆ ટેંક રોડની ઉતરે આવેલો, અને એક ૧૬૭૭૫ ચોરસવારનો ખાલી જમીનનો ટુકડો જે ગીલ્ડર સ્ટ્રીટમાં આવેલો છે તેનો અરધો ભાગ. (૩) રૂ૮,૪૫,૦૦૦ ના ત્રણ મોરગેજ. (૪) રૂ૧,૨૫,૦૦૦ ના સરકારી જામીનગીરીનાં કાગજયાં. (૫) રૂ૫૪,૫૦૦ ના બીજી લીમીટેડ કંપનીઓના શેરો. (૬) રૂ૩,૪૬,૫૦૦ ની એક રોકડ રકમ જે જગયા અને ઈમારત માટે અનામત રાખવામાં આવશે. ઉપર કહેલી સઘળી જામીનગીરીઓ ઈમપીરીઅલ બેંક ઓફ ઇનડીઆના "અનામત ખાતા" માં જયાં સુધી તે વેચવામાં આવે ત્યાં સુધી રાખવામાં આવશે.

ઉપર કહેલી સઘળી મીલકતોની ઉપજમાંથી દર વરષે રૂ ૩૦૦૦ ઉપાડી જુદા કહાડી રૂ ૨૫૦૦૦ ની એક રકમ બનાવી એક "રીઝરવ ફંડ" કરવામાં આવશે કે જે રકમ જયારે પણ વપરાસથી ઓછી થાય ત્યારે પાછી એ રૂ ૨૫૦૦૦ ના આંકડા ઉપર લાવવામાં આવશે. જયારેબી કાંઇ સમારકામના કે બીજા ભારે ખરચ કરવા પડે ત્યારે એ રકમનો ઉપયોગ કરવામાં આવશે.

આ ત્રસ્ટદીદના કારોબાર માટે ત્રસ્ટદીદની કલમ નવમીની રૂયે એક કારોબારી કમીટી નેમવામાં આવનાર છે જે કમીટીમાં ટરસ્ટીઓ 'એકસ-ઓફીશીઓ' સભાસદો રહેશે અને તે કમીટી સઘળો કારોબાર ચલાવશે. એ કમીટીના સભાસદો ઓછામાં ઓછા પંદર અને વધતામાં વધતા એકવીસ રહેશે. ટરસ્ટ કરનાર શેઠ મેરવાનજીની હયાતી બાદ કારોબારી કમીટી પોતાને પસંદ પડે તેવા સભાસદો પોતાને વાજબી લાગે તેટલી મુદત માટે અને તેવી શરતોએ પોતાની સાથે સામેલ કરી શકશે. આ ટરસ્ટદીદની કલમ દસમીની રૂયે ટરસ્ટની મીલકતનો એક ભાગ નવાણું વરસને પટે એક મીલકત ખરીદવા અથવા મેલવવાને મુખતયાર છે અને તે ભાગ મીલકતના એક તરૂતયાંસ ભાગથી વધારે નહી થવો જોઈએ. જો કોઇ સાહેબ એવી મીલકત બક્ષેસ તરીકે આપે તો ખરીદીની જરૂર રહેશે નહી. એ મીલકત ખાતામાં દાખલ કરવામાં આવેલા ચેલાઓનાં રહેઠાણ અને ખાણીપીણી માટેનાં તેમજ તેઓની કેળવણીનાં મકાન તરીકે વપરાશે. એવું મકાન ખરીદાય કે બંધાય તે આગમજ કારોબાર મંડળી કોઈ મકાન ભાડે અથવા પટે લઇ છોકરાઓનાં રહેવાસ વીગેરેની ગોઠવણ કરશે અથવા તો શેઠ જમશેદજી નશરવાનજી પીટીટ પારસી ઓરફનેજ અથવા અથોરનાન મંડળ અથવા એવાં બીજાં મંડળ સાથે ગોઠવણ કરી લેશે. કારોબાર મંડળીને સોંપવામાં આવનારાં અનેક કારયોમાં નીચલાં કારયો આપણું ધયાન ખેંચવાજોગ છે.

(I) The establishing and maintaining honoraria, scholarships or monthly or other stipends or allowances to be given to any Athornan Priest or to the students on or at any time after their completing their course of studies for such time continuous or interrupted and subject to such conditions as the Managing Committee may think fit in order to enable them to follow thereafter the priestly calling as an independent profession and maintain themselves and their families decently with liberty to the Managing Committee to send at the expense of the trust property such deserving Athornan Priests or students as they may at their absolute discretion think fit to any part of the world for the attainment of higher qualifications.

(k) The application of any portion of the income of the trust property to the bestowal of prizes or rewards for original essays on any religious or other subjects and to the printing and publishing for the general benefit and advancement of the Zoroastrian religion such of the pamphlets and essays as in the opinion of the Trustees deserve to be printed and published.

(L) The grant of such sum or sums of money in lump or by periodical instalments to worthy applicants for the purposes of carrying on original research work in pursuance of the general objects of the said charity.

(u)...........The Managing Committee shall at all times have full power to make, repeal, alter, rescind or add to any of the rules or regulations herein contained or framed by the Managing Committee under the power hereinabove contained as they may from time to time think fit or expedient so to do for securing and advancing the objects and purposes of these presents Provided However that such rules or regulations shall be consistent with the trusts hereby created and declared and Provided Further that no rules or regulations after being once made and incorporated herewith shall be altered or varied or cancelled or anulled except by a majority of not less than two thirds of the members of the Managing Committee present at a meeting especially convened for that purpose after due notice.

ઉપર આપેલી કલમો ઉપરથી દેખાશે કે ત્રસ્ટડીદમાં જયારે પણ વાજબી સુધારાની જરૂર જણાય તયારે શેઠ મેરવાનજી કામાની જીંદગી દરમયાન તેઓ પોતે અને તેવણની જીંદગી બાદ કારોબાર મંડળી વાજબી ફેરફારો કરવાને મુખતયાર છે. આ ખાતાંમાં લેવા ધારેલા જવાનોની ઉમરની હદ ઠેરવી નથી. ત્રસ્ટડીદની કલમ ૩૩ મી મુજબ જો ત્રસ્ટડીદ કરનારની હયાતી બાદ ટરસ્ટીઓને માલુમ પડે કે બરપા કરવામાં આવેલું ખાતું જેઓના લાભ માટે ઉઘાડવામાં આવ્યું છે તેઓને માટે ફાયદાકારક રીતે ચલાવી શકાય એમ નથી અથવા તો તેવ ખાતાંની જરૂર રહી નથી તો તે વેલાના ત્રસ્ટીઓ પારસી કોમના ફાયદા માટેના સખાવત ખાતાંઓમાં જેમ તેઓને વાજબી લાગે તેમ આ ખાતાંના ફંડો આપી દેશે.

The progress of mechanical knowledge among the criminal population has acted as a great stimulus to the inventors of locks of every kind, and the result, especially in Europe and America, has been a marvellous development of much mechanical skill and ingenuity. As the most successful thieves were often trained lock-smiths, the competition between the lock-maker and the lock-braker resembled, on a small scale, that between the makers of heavy guns and of armour plate. The illustration herewith represents a new type of lock recently invented by Mr. E B. Daroowalla an enterprising young Parsi merchant of Bombay, in which the security of two locks is combined in one, although controlled by one key. Our illustration shows the application of the invention applied to a padlock and a door or drawer lock The padlock has a novel feature in the bow that is split and hinged upon both sides as shown. When closed, the halves cross each other, and the notch in the boss of the right-hand bow comes in line with the bolt beneath, that locks it. This bolt is operated by the upper tongue of the key shown beside it. The lower tongue of the key passes through a plate that divides the lock into two parallel divisions. Behind this plate is the second lock which acts upon the second bow when closed. The two tongues of the key, which is turned clockwise, act in succession on the two locks, beginning with the one in front. Two sets of levers aid in giving security to this lock, which is thus much more difficult to tamper with than an ordinary one. The second lock is made on the same principle with necessary modifications. The bolt is shot by one tongue of the key acting through levers and the second tongue shoots a second bolt that locks the first one.

અલીગઢની જાણીતી સ્પારલીંગ પેટન્ટ લોક વર્કસના મુંબઈના એકલા એજંટો તરીકે અમને નેમવામાં આવ્યા છે. એ કમ્પની મીલીટરી સામાનો, હરેક જાતની પીટલની ચીજો, તાલા તથા કલો ઇંગ્લીશ મેકીંગની બરાબર બનાવે છે. લગભગ આખા હીંદુસ્તાનની પોસ્ટ ઓફીસો, રેલવે વગેરેમાં આ તાલાઓ ખપે છે. એ તાલાઓ મજબુતાઇમાં તેમજ સફાઈમાં ઘણાં ચડીયાતા છે. જેને સારૂ ગવરમેન્ટ ઓફ ઇંડીઆ હર વરસ રોયલતીની ગ્રાંટ (બખશેશ) આપે છે અને જેમ વીશે રૂડીનાં જાણીતા કેનાલ ફાઉનડરી અને વરકસોપનાં સુપ્રીનટેનડન્ડ બી. હી. શાઉતર રોબરટસને કેનાલ ફેકટરીમાં તા૦ ૨૧ મી ડીસેમબર ૧૯૦૪ ને દીને એ તાલાંઓ તપાસી તે વીશે રીપોર્ટ કીધો છે જે નીચે મુજબ છે:—

Result of the Test and Report on Mr. Sparling's Patent Lock.

Tested in Canal Foundry, on 21st December 1904.

The padlock tested was one of 3 inch size, and was well and strongly made in every respect. It is almost impossible to pick one of these locks, the levers being specially designed to prevent this, and it would take a burglar of more than ordinary skill to accomplish it. The staple of lock, too, is very strongly made and could not easily be broken or cut. I tried for three days to pick this lock and was unable to do so.

The first test was that of a direct pull on the staple of padlock, and the strain was applied by hydraulic power. A direct pull of 500 lbs. was first applied, equivalent to 2 tons per square inch of minimum sectional area of staple. The lock stood this perfectly well and was not injured in any way, externally or internally. The strain was increased gradually until a maximum of 1200 lbs. was on the lock, equivalent to 5 tons per square inch of minimum sectional area of staple. On examination the padlock proved to be in perfect condition; it was not damaged in the slightest.

The next test was that of a powerful blow, and this was applied by means of a steam hammer. A blow of 25 cwts. was given, but this proved to be too much for the lock, the rivets starting and the levers and inside fitting being damaged. Even then it was impossible to withdraw the staple, and so open the padlock, *and a door would be just as safe from opening with this battered lock as with a lock in perfect condition.*

I consider this last test an excessively heavy one and expected the lock to be very badly damaged, but I still was unable to remove the staple. It speaks very highly for the lock that, although battered and damaged. It still remained locked and fast, it was not completely burst open.

I consider this padlock one of the best I have seen on market.

ROORKEE, (Sd.) D. SOUTER ROBERTSON,

22nd December 1904.

Superintendent Canal Foundry & Workshop.

ગોવાલીઅરના નામદાર મહારાજા સીંધ્યાના ખાસ નેમેલા હકીમ.

ડા૦ રૂ. એ. હકીમના અકસીર ઇલાજો.

શીરપ ઉશબા.

સુધ દેશી વનસપતીમાંથી બનાવેલો જેને માટે સરકારી વડા રસાયણ શાસ્ત્રીએ સરટીફીકેટ આપી છે.

લોહી સુધારનાર, પેટની કબજીઆત દુર કરનાર, ભુખ વધારનાર, ધાતુપુષ્ટ અને ખોરાક હજમ કરનારી દવા છે. લાંબી માંદગીથી ગયલી શકતી પાછી લાવે છે. લોહીના બીગાડથી અનેક દરદો લાગુ પડે છે, જેવાં કે ફુલ્લાં, કદરૂપી ચાથાં શરીર ઉપર ફુટી નીકળે છે તે, કંથમાલા, નાસુર, ગાંથ, ખુજલી તથા સરવે પ્રકારનાં ગરમીનાં જખમ તથા એને લગતાં દરદો સાંધાનુ રહી જવું કલતર લીવરને લગતાં દરદો, ચાલુ બદહજમી, ઓરતોનાં દરદો, મગજની થાકથી થતી નબળાઈ એ સરવે બીમારી માટે **શીરપ ઉશબા** રામબાણ ઇલાજ છે. વાપરવાની રીત શીશી સાથે છે.

બાટલીની કીમત રૂ. ૧

જવારીશે રૂશતમી.

વીરય વરધક તથા શકતીને માટે અકસીર ઈલાજ.

કોઇ પણ રીતની નબળાઇથી ધાતુનું જવું, કમતાકાતી, ગુરડા તથા છાતીના દરદો. કલવાનું દરદો, માથાંનો ચાલુ દુખાવો, ચક્કરી, અભ્યાસ કરવાથી આંખની નબળાઈ, પીશાબનું વારંવાર થવુ, પાચનશકતીમાં થતો બીગાડો, ગરમીના દરદથી થતો લોહીનો બીગાડો, સાંધાનો દુખાવો કળતર નજળો, સંધીવા, કંમરનો દુખાવો વગેરે મરદ તથા ઓરતનો એક સરખો ફાયદો કરે છે. એ પાખ **નબળા** માણસોને માટે એક ઉત્તમ ચીજ છે. દરેક પ્રકારની નબળાઇ માટે રામબાણ ઇલાજ છે. સેંકડો બીમારોને ફાયદો થયો છે. ખાવાની રીત પાખની ડબી સાથે છે **કીંમત રૂ. ૧ તથા ૨.**

હકીમની ગરમીના રોગની દવા.

પીશાબના કોઇપણ જાતના દરદ તેમજ ગરમીના રોગથી અથવા તો ખરાબ સંગતથી તથા વેહેતાં દરદને તથા તેમાં થતી અનેક વેદનાઓ ફકત સેહેજ વખતમાં નાબુદ કરે છે અને એ દવા મરદ તથા ઓરતને બંનેને એક સરખો ફાયદો કરે છે. કીમત શીશી એકનો રૂ. ૧.

હરસ તથા મસાને માટે ખાસ થંડો મલમ.

આએ મલમથી હરસ તથા મસામાંથી પડતું લોહી બંધ કરી, સફરામાં પડેલા ચીરાને રૂઝવી અકરસાત તથા સોજો નરમ પાડી હરસ તથા મસાને જડથી નાબુદ કરે છે કીંમત શીશી ૧ના રૂ. ૩.

ડા૦ આર. ઇ. હકીમસ નરવાઇન ટોનીક પીલ્સ, ધાતુ પુષ્ટની ગોળીઓ.

આ પ્રખ્યાત બીન હરીફાઇથી વખણાતી ટોનીક પીલ્સ જલદી વીજળીની માફક તન તથા મનને શકતી આપે છે એના ગુણો અદભુત છે નબળી થયલી પાચનશકતીને તેજસ્વી કરે છે, સારી ભુખ લગાડે છે લોહી સુધારે છે હરકોઇ કીશમની નબલાઈને દુર કરે છે. કુટેવથી કે બુરા રોગથી થયલી નાકઉતીને હાંકી કહાડે છે ધાતુને પુષ્ટ બનાવી સુધારે છે અને ગયલી શકતી પાછી આપીને દરદીને નીરોગી અને શકતીવાલો ટુંક સમયમાં બનાવે છે વાપરવાની રીત ડબી સાથે આપેલી છે.

૪૦ ગોળીની ડબીની કીંમત રૂ. ૧.

દરાજ તથા કીડને માટે અકસીર મલમ.

દરાજ, કીડ, ખરપસુ તથા એવાજ ચાંગડીના દરદોને જડમુલથી નાબુદ કરે છે. **કીંમત શીશી ૧ ના આના ૪.**

હકીમ "ડેનટીફ્રીસ" સુગંધી દાંતનું મંજન.

દાંતને મોતી જેવા સાફ કરી, થતો દુખાવો નરમ પાડી મજબુતી આપે છે જે વાપરવાથી ખાત્રી થશે. કીંમત ૮ આના.

હરસ, મસા, નાસુર, ભગંદર, પાથા, કંથમાલા તથા શરીર ઉપરના બીકટ દરદો ફકત ચુનાની ઇલાજોથી સારા કરવામાં આવે છે.

ઝરીના

હેર ઓઇલ જે વરસો થયાં લોક પસંદગી પામતાં રહયાં છે અને તેઓમાં કુદરતી પુશપોને **સુવાસ** તેની અસલ ખાલેસીમાં એવો પ્રગટી રહેલો છે કે તે એકવાર વાપરતાંજ મોહી પડી જવાય છે. તે તેલોના આલા ખેચાણને લીધે તથા બાલ વધારવાની તથા તેને ચલકતા સુવાળા અને નરમ રાખવાના ખાસ ગુણોને લીધે શોખીન બાનુઓમાં એક જાતની મોહીની ઉતપન કરી છે અને એજ કારણસર **ઝરીના હેર ઓઇલ** જગ જાહેરાત પામયાં છે. લોકમાં તેનો ખપ વધી ગયો છે તેથીજ કરીને પારકી માસાલ પોતાની કરી કહેનાર **નકલીયાઓ** તુટાતુટ કરી રહયા છે. ઝરીના હેર ઓઇલની સ્તુતી પ્રજામાં જાણીતાં અને માનીતા વરતમાનપત્રોમાં વાંચવાથી તે ખરીદવાં જતાં ભલતાંજ નકલી તેલો ખરીદી લોક નીરાશી પામતા હોય તેમાં નવાઇ નથી. એ તેલો એક કરતાં વધુ સુગંધના બનાવેલાં છે જેમકે

ઝરીના રેડ રોઝ

ઓઇલ પ્રથમમાં જાહેરમાં લાવનાર **માદન સનસની કુંપની,** અસલ માદનનાં દવાખાના વાળાજ છે. એનો ખુશનુમા ગુલાબી દેખાવ જે **આંખને મજાહ** આપે છે તેમજ તેના રાતા ગુલાબનો ખાલેસ સુગંધ એવો આબેહુબ છે કે આપણી દેશી અબળા અને પારસી બાનુઓમાં એજ વાપવાનું ચેતક લાગુ છે !

ઝરીના વાહીટ રોઝ

હેર ઓઇલ ઉપલાં જેવુંજ સુગંધી અને ગુણ વાળું છે. તે યુરોપીયન બાનુઓ હોંસથી વાપરે છે. વળી કેટલીક બાનુઓને રંગદાર કોઈબી તેલ માટે અભાવ હોય છે પણ

ઝરીના જેસમીન

હેર ઓઇલો તો આપણી હીંદી અને મોહોમેદન બાનુઓમાં એવો ચાસટો લગાડયો છે કે બોલ-વાની વાત નહી. કારણ કે એમાં બટ મોગરા અને ચંપેલીનો ખુશ સુવાસ એવો તો બેહેકી રહેલો છે કે બાનુઓ કુરબાન રહે એ કુદરતી છે.

ઝરીના વાહીટ વાયોલેટ

શોખીન ઇંગ્રેજ અને પારસી બાઇઓ જેઓ કુદરતી ફુલોના પુંજારી છે તેઓ વાયોલેટની લં-પટવાળા ઉપલાં તેલનો ઘણીજ મજાહથી ઉપયોગ કરે છે. હવે બાલ વધારવાના ખાસ ગુણોવાળું

ઝરીના કેનથરેદીન

હેર ટોનીક ઓઇલ તો દરેક ઠેકાણેથી અને સરવે જ્ઞાતીની પતનીઓ તરફથી વાખવાખીના સરદથી વધાવી લેવામાં આવ્યું છે, કારણ કે ટુંકા, આછા અને હુમકા બાલ વધારવાને અધીરી પડેલી બાઇ-ઓમાં એના પ્રતાપે ધીરજ આવી છે. એ વાપરવા પછી તેઓનાં માથાં સુંદર રૂપાળાં લાંબા અને પેચદાર બાલની લટોથી શોભા પામી રહયા છે.

ફલોરલ હેર ફુશ

ભુગ્રશો ના માથા અને તાળવાને ઠંડક વાળવા સાંથ ઉપલાં તેલો ભેળવાં પડવાથી બાલ છુટા રહે છે અને તેના વધને પુશકલ ઠેકો મલે છે. પણ એનો સુગંધ તો એવો છે કે આખો ઓરડો બાગે બહેસત જેવો પમરી રહે છે. એની તારીફ લાનસેંટ જેવાં પત્રે કીધી છે અને તે વાપરવાને ભલામણ કરવા ચુકયું નથી.

ઉપલાં તેલો સરવે ઠેકાણે મળે છે.

નકલ નીકળી છે તેથી ઝરીના નામવાલુંજ લેજો.

માદન સનસંની કુંપની,

ફરાફૂત મારકીટ આગલ—મુંબઇ.

વાંચવા લાયક તથા લાયબ્રેરીમાં રાખવા લાયક પુસ્તકો.

	રૂ. આ
ધર્મોન્ય અતી રસીલી વારતા ...	૭– ૦
કાકાનો વારસો.	૪– ૦
એલાર્ડ પીઅરથી બ્રીટન... ...	૫– ૦
ફોલડ એક ચીત્રો સાથે... ...	૩– ૦
નશીબનો નાઝ...	૩– ૦
જીવતું દોજખ...	૨– ૦
દસાતીર ફકત એકજ નકલ છે ...	૭૫– ૦
મોહન મહાલ...	૨– ૮
કેહવત માલા ૨ ભાગમાં ...	૧૫– ૦
માહારાણી વિકટોરીયાએ હાયલંડમાં ગુજારેલી જીંદગાનો હેવાલ ...	૭– ૦
મારી મજેહ...	૭– ૦
મનસુખી ગંજનામુ	૨૦– ૦
સહનસીલ સુંદરી ૨) ભાગમાં કંપલીટ	૧૦– ૦
ગુણુ લક્ષ્મી	૧– ૪
સુખશાંતી કોષ	૪– ૦
ચંચલ ગ્રંહથ...	૦–૧૨
સીતમગર	૪– ૦
જગતનો ફાંસો	૪– ૦
દાસતાને દસતાર	૦– ૮
પતેતીની હમાજોર	૦– ૪
દુખ્યારી દુઃખતર	૧– ૪
પેટે બોલું પંચી ૨) ભાગમાં ...	૧– ૮
અરેબીયન તેલસ ૨) ભાગમાં ...	૧૨– ૦
જ્ઞાન ગમતના ગોહરો... ...	૨–૧૨
હીંદુસ્તાનની ખુબસુરત બેગમો ...	૨– ૮
એમના માહાત	૩– ૦
જેહાંગીર નામું	૩– ૦
નસીબની કીસતી	૧– ૮
નાસતીક નવલ	૬– ૦
જેપાનીસ ભાશાનો ભોમ્યો ...	૨– ૦
નીલીની કાંનત	૧– ૪
થણુ થણુ ચરીત્ર	૦–૧૨
બસો વરસનું પંચાંગ	૭– ૦
જ્યોતીષ વિદ્યા	૬– ૦
માશુકનો ઇસારો	૫– ૦
કુદરતનો કેહેર...	૪– ૦
બાલોરનો બુચ...	૨– ૦
જાન કે જીગર...	૨– ૦
ખુબસુરત મહકાર	૨– ૦
નીતા (એક વારતા)	૨– ૦
ગુલબાનું	૦–૧૨
ભુંડાનો ભેદ...	૩– ૦
સોનારણુ	૩– ૦
તડકામા વાદલી (ફકત ૪ નકલો બાકી છે)	૧૦ ૦
કાલા મેંઢા ૨)ભાગમાં જુજ નકલો બાકી	૧૦ ૦
ઓમ્લુ	૬– ૦
ચંદ્રમલ	૬– ૦
શિશારી વનીતા	૧૦– ૦
લોકપ્રીય દોકતર બહાદુરજીની જીંદગીનો હેવાલ	૧– ૦
મરહુમ મી. મનસુખની જીંદગીનો હેવાલ	૪– ૦
હોમલીબાઇની વાયજ... ...	૪– ૦
ગેર ગોસસ્પ અને બેજન મનીજેહનો કીસ્સો	૧– ૮
ઇંદિરાવતી	૧– ૮
ઝેહેરે કાતીલ...	૨– ૦
મેરાતુલ અરૂસ	૩– ૦
હોશન આરા...	૩– ૦
સુરજ માહાલની રેહાણી વધારેલી કીંમત	૬– ૦
સેતાનનો સાથી	૩– ૦
દોલતે દુન્યા...	૧– ૮
ગુલવાડીનું ગુલાબ	૫– ૦
નખરાબાજ નરનાણ	૫– ૦
બચપણનો બહાર	૨– ૦
ગુલેસતાનનું ગુલ	૫– ૦
દાદી શેઠનો દીકરો	૩– ૦
ગોરૂ વીલાયત	૫– ૦

☞ એ ઉપ્રાંત દરેક સ્કુલોમાં ચાલતી ચોપડીઓ, તરેહવાર જાતની ઈંગ્રેજી તથા ગુજરાતી વારતાની ચોપડીઓ, રાઇટીંગ કેસીસો, એકસર સાઇઝ બુકો, મીનીંગ બુકો, તેમજ વિદ્યા, હુન્નર, તવારીખ, ગણીત, ગાયન વિગેરે વિગેરે જાતનાં પુસ્તકો અમારે ત્યાંથી કીફાયત ભાવે મલી શકશે.

પીરોજશાહ દીનશાહ મુકાદમ,

ચોપડીઓ વેચનાર તથા બાઇંડ કરનાર, ચરચગેટ સ્ટ્રીટ, કોટ–મુંબઇ.

રાત્રીની સ્વદેશી મીણબતીઓ.

કલાક ૪-૬ અને ૮ ચાલે તેવી શુદ્ધ મીણમાંથી બનાવેલી

સહેલી સાફ અને સસતી.

છુટક, એજન્ટોને ત્યાંથી મલશે.

એજન્ટોનું ઠેકાણું.

૧ જેઠા રાઘવજી ૨ હંસરાજ ખેતસી	વડગાદી માંડવી.	૧ ધી હીંદ કોઓપરેટી સ્ટોર	કાલબાદેવી રોડ.
૧ મહમદઅલી શીદાઅલી ૨ મોરારજી રણછોડદાસ કું ૩ ગોવીંદલાલ જુગલદાસ કું ૪ મોસીનભાઇ અબદુલકાદર ૫ તૈયબઅલી હાફિદખાન	જુમા મસીદ.	૧ નરશી ઊમરશી ૨ હરગોવીંદ જસરાજ	ભુલેશ્વર.
		૧ બોમ્બે સ્વદેશી કોઓપરેટી સ્ટોરસ ૨ શ્રી કૃષ્ણ સ્ટોરસ	બોરીબંદર

મોટરનો સામાન.

આ શીવાય અમારે ત્યાંથી મોટરને લગતો બધો સામન એટલે કે ટાયરસો, ટયુબો, ઓઇલો, એકસેસરીઝ વગેરે નાનો મોટો જે સામન જોઇતા હશે તે છુટક તથા જથાબંધ મલી શકશે.

ગોવિંદજી માધવજીની કંપની લીમીટેડ,

૨, રેમપારટ રો, કોટ, **મુંબઈ.**

જાહેર ખબરો.

મીલ જીન એંડ રેલ્વે

સ્ટોર સપલાયરશ

સર્વે જાતના પાઇપો

તેમજ

કાસ્ટ આયરન

પાઇપો

અને

તેને લગતાં

ફીટીંગશ મોટા


સ્ટોકમાં રાખ્યે છે.

કાસીમભાઇ ગુલામહુસેન એન્ડ બ્રધર્સ,

નં. ૧૧૯, ૧૨૨ નાગદેવી સ્ટ્રીટ, મુંબઇ.

TELEGRAPHIC ADDRESS—**FITTING BOMBAY.**

Telephone No. 752.



ગોદરેજના સાબુ

શુદ્ધ તેલના—જરાએ ચરબી વીનાના

સરકારી રસાયણીની સરટીફીકેટ તા૰ ૨૬ મી સપટેમબર ૧૯૧૪

ગોદરેજનો નાહવાનો સાબુ મે બારીકીથી તપાસી જોયો છે અને મારા મત મુજબ એ સાબુ બહું ઉંચી જાતનો છે અને સારા સાબુમાં જે જે ગુણ જોઇએ તે બધા એમાં છે.

એ સાબુ ફકત શુદ્ધ તેલનો બનેલો છે, ફીણ બહુ વળે છે, ટકવામાં ઘણો સારો છે અને નાજુક ચામડી માટે પુરતો લાયક છે.

લી૰ મેજર ડીકીનસન, આઇ. એમ. એસ.,
ગવરમેંટ એનેલાઇઝર.

ઉપલી સરટીફીકેટની તારીખ જોતાં વાંચનાર સમજી શકશે કે ફકત સાબુ વેચવાની ગોદરેજની મતલબ હતે તો સાત વરસ ઉપર વેચવા માંડતે. મુંબઇમાં હજારોને ખબર છે કે ગોદરેજ પોતાનો સાબુ સંપુરણ બનાવવા માટે ઘણા વરસથી મહેનત કરે છે. રસાયણીની ઉંચી સરટીફીકેટ છતાં પોતાના સાબુ સઉમાં ઉતમ હોવાથી ગોદરેજની પાકી ખાતરી નહી થયલી હોવાથી ઉતાવલે બજારમાં નહી મેળતાં સાત સાત વરસ મોટે ખરચે ગોદરેજે મહેનત ચાલુ રાખી અને હાલમાં વેચવા માંડયો છે એવી ખાતરી થવાથી કે [illegible]ટલા ઉતમ પરદેશી સબુ હીંદુસ્તાનમાં જુજજ આવે છે અને ત્રણ ગોટીનો બાકસ ત્રણથી ચાર [illegible]મે વેચાય છે.

યુરોપમાં [illegible]ની પેદાસ નહીં જેવી હોય છે ત્યાના સાબુ મોટે ભાગે ચરબીના હોય છે. ત્યાંના દેશોમાં સારાં ઢોરોની ચરબી ખોરાક તરીકે વપરાય છે. એવી ચરબી તેલ સાથે મેળવીને માખણને બદલે વાપરવામાં આવે છે.

ત્યાંના સાબુમાં જે ચરબી વપરાય છે તે મોટે ભાગે રોગવાલાં મરેલાં ઢોરની હોય છે. એવી ચરબી ત્યાં બહુ સસ્તી મળે છે છતા સસ્તી કીમતે વેચવા માટે સાબુમાં ખાંડ, આટો, ખારો અને માટી જેવી ચીજો ભેળવવામાં આવે છે.

આવી વસ્તુઓ જાણીતે નામે વેચાતા યુરોપીયન સાબુઓમાં પણ હોય છે જેઓ યુરોપ ગયા છે તેઓ જાણે છે કે એકજ મેકરના ત્યાં વેચાતા અને આ દેશમાં આવે છે તે માલમા મોટો ફેર હોય છે. સાબુ તેમજ બીજો માલ બનાવનારાઓ હીંદુસ્થાન માટે ખાસ હલકો માલ બનાવે છે એ ઘણા વેપારીઓ જાણે છે.

ગોદરેજના સાબુમાં કોઇપણ જાતના જરાએ ભેળ ન હોવાથી ટકવામાં યુરોપીયન સાબુઓથી બહુ વધી જાય છે

ગોદરેજના સાબુ લંડનના કેટલાક દુકાનદારોએ જોયા છે અને હીંદુસ્તાનની બનાવટ છતાં અહીંથી લગભગ બેવડી કીંમતે ત્યાં વેચી શકાય એવો તેઓનો અભીપ્રાય છે.

કારખાનું—સાંકલી સ્ત્રીટ, ભાયખલા,
મુંબઇ.

Printed by Sorabji Muncherji Jagosh at the Bombay Vartman Press, Moolji Jetha Market, Ganesvadi, Bombay, and edited & published by Sorabji & Hormasji Muncherji Jagosh from White House, near Fire Brigade Station, Chinchpoogly & Esufally Building opposite Alliance Mill, Tardev, respectively, Bombay